Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

Gujrati
2002

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માં આનન્દમયી

અમૃત વાર્તા

VOL.-6 JANUARY, 2002 NO.1

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhati , Calcutta-700058 (Tel : 033-5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound, P.O. Agartala-799001. West Tripura (Tel : 0381-208618)
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, (Tel : 05962-33120)
4. ALMORA : Shree Shree Ma Anaudamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, (Tel : 05962-62013)
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 02663-833208
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 0755-521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 (Phone : 0135-734271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, (Phone : 0135-734471)
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram. P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun,
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Kankhal, Hardwar-249408, (Tel : 0133-416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445,
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
તથા
દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૬ જાન્યુઆરી, ૨૦૦૨ સં - ૧

-: સંપાદક સમિતિ :-

સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-

શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂ. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડૉલર ૧૨/-
એક અંકની છૂટક કિંમત	રૂ. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિંટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છ વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૦૧. માતૃવાણી ૧

૦૨. આનન્દમયી સ્મૃતિ (માની સાથે ૨૪ કલાક) .. બ્ર. ચિત્રા ઘોષ ૪

૦૩. ગુજરાતમાં માની લીલા ૧૨

૦૪. નર્મદાતટે વ્યાસદ્વીપની મહિમા ૧૯

૦૫. પાંચ વિશેષ પ્રસંગો ૨૧

૦૬. તંત્રોક્ત રાત્રિસૂક્ત ૨૫

૦૭. અદ્વૈત પંચરત્નમ્ ૨૬

૦૮. માનાં દર્શનાર્થે નેતાજી સુભાષચંદ્ર બોસ ..... અમૂલ્યકુમાર દત્તગુપ્ત ૨૭

૦૯. ગંગા-માહાત્મ્ય ૩૨

૧૦. મહાત્મા શ્યામદાસ બાબાજી ૩૬

૧૧. પરમ રહસ્ય ૩૮

૧૨. વિશેષ સમાચાર ૪૦

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

प्रकाशन-सूची

श्री श्री आनन्दमयी संघ द्वारा प्रकाशित श्री श्री माँ से सम्बन्धित हिन्दी भाषा में कुछ अमूल्य प्रकाशन संघ के प्रायः सभी शाखा आश्रमों में उपलब्ध हैं ।

१. **आनन्दज्योति (शताब्दी स्मारिका)–** यह एक उच्च कोटि का संस्करण है, जिसमें विभिन्न भाषाओं – संस्कृत, हिन्दी तथा अंग्रेजी में श्री श्री माँ की पवित्र जीवनानुक्रमणिका (१८९६ से १९८२), १०० अमूल्य वाणियों एवं श्री श्री माँ के विभिन्न आश्रम एवं संस्थाओं का इतिहास, साथ ही स्वनामधन्य विद्वानों के लेख, श्रद्धाञ्जलि सहित श्री श्री माँ के कतिपय मूल्यवान चित्रों का संकलन है । अति उत्तम कागज पर छपा है । मूल्य रु. १००/- केवल हिन्दी खंड – मूल्य रु. ३०/-

२. **श्री श्री माँ आनन्दमयी–** परम श्रद्धेया दीदी गुरुप्रिया द्वारा लिखित श्री श्री माँ की अपूर्व लीला कहानी । २० भागों में सम्पूर्ण । प्रथम भाग पुनर्मुद्रित । पेपर बैक, मूल्य रु. ४०/-

३. **मातृ दर्शन–** श्रद्धेय ज्योतिष चन्द्र राय (भाईजी) द्वारा मूल बंगला में लिखित श्री श्री माँ के ऊपर अतुलनीय पुस्तक । हिन्दी संस्करण, पेपर बैक, मूल्य रु. २५/-

४. **माँ आनन्दमयी–** डॉ. पन्नालाल, आई. सी.एस. (रिटायर्ड) द्वारा लिखित श्री श्री माँ का अपूर्व जीवन चरित । पेपर बैक, मूल्य रु. ३०/-

५. **सद्वाणी–** हिन्दी में अनूदित श्री श्री माँ की मूल्यवान वाणियों का संग्रह । श्री ज्योतिषचन्द्र राय द्वारा संकलित । पेपर बैक, मूल्य रु. १५ ।

६. **माँ आनन्दमयी दिव्यालोक वार्ता–** ब्र. गुणीता द्वारा लिखित श्री श्री माँ की जीवन-कथा का संक्षिप्त चित्रण तथा शतवाणी । पेपर बैक, मूल्य १०/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

કલ્પિત રાજ્યના જે અવલંબનમાં તમારા લોકોનું શરીર છે, તેનો જ એક ભાગ અંતરાલની ક્રિયા છે. તમે જ તો જાતજાતનાં રૂપો, જાતજાતના આકારો, જાતજાતના ભાવોમાં પ્રકાશિત. અક્કેક આકારના, અક્કેક ભાવના, અભાવ- ભંજનનાં રૂપો - બીજું શું ? વિશ્વ બ્રહ્માંડ તમારું જ આદાન-પ્રદાન. તમે જ સર્વ અભાવ, તમે જ તો સ્વભાવ છો, તમારી જ આ ક્રિયા છે.

●

સત્ત્વ, રજ, તમ - આ ક્રિયાઓનું જે મૂળ છે તરંગને રૂપે તે જ છે પ્રાણ. એક જીવમાંથી ઘણા જીવો, આ થઈ જીવધારા. એક ઈશ્વર જ બધા જ જીવરૂપમાં છે. એટલા માટે જ કહે છે - યત્ર જીવ તત્ર શિવ.

●

તમે લોકો સમવેત રૂપે આધ્યાત્મિક માર્ગ પ્રત્યે અગ્રસર થવાનો પ્રયત્ન કરો. જેમ ભેગા મળીને ભોજન કરો છો, ભેગા મળીને સત્સંગમાં બેસો છો, તે જ રીતે એકત્રિત થઈને આધ્યાત્મિક કર્મ કરી શકાય.

●

આસન કરવું અને આસન થવું બન્ને જુદું છે. જ્યારે બરાબર આસન લાગી જાય ત્યારે ઘડા ઉપર ઘડો બેસે ત્યારે નીચેનો ઘડો બરાબર બેસી જાય તો ઉપરના બેસી જાય છે, બરોબર તે જ પ્રમાણે મેરુદંડના 'જૉઈન્ટ' 'સ્ક્રૂ' લાગવાની માફક હાલ્યા-ચાલ્યા વગર બેસી જાય છે. તે વખતે હાલવાનો સવાલ જ પેદા નથી થતો.

●

(એક માણસને ધ્યાનમાં દેખાયું શ્રીકૃષ્ણ અર્જુનને ગીતા સંભળાવે છે. અનેક જાતનાં દર્શન થતાં. એને લીધે એની આંખોમાંથી આંસૂ નીકળ્યા કરતાં.) માએ કહ્યું, "સંયમ ખોશો નહીં. સત્યના અન્વેષકે કદાપિ કશાથી પણ વશીભૂત ન થવું જોઈએ. પૂર્ણરૂપે સચેત અને પૂર્ણ જાગૃત રહીને સાક્ષી ભાવે જે કંઈ બને તે જોયા કરવું."

●

(કીર્તનમાં એક મહિલાએ કહ્યું કે એને ભાવ સમાધિ થાય છે.) માએ કહ્યું, "એ પોતે સ્વીકાર કરે છે કે ભાવદશામાં એને ઘણો આનંદ મળે છે. એટલે એ દેખીતી વાત છે કે અન્ય સમયે એની સ્થિતિ જુદી હોય છે." (અર્થાત્ આવવું ને જવું, સમાધિ નહીં.)

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(કોઈએ કહ્યું કે બંગાળીઓ બહુ ભાવુક હોય છે. ક્યારેક કીર્તન કરે, ભાવમાં આવીને નાચે, અને ક્યારેક નિરાશામાં ડૂબી જાય. આવા ક્ષણિક ભાવનો શો અર્થ?) માએ કહ્યું, ''સાચી વાત છે કે ક્ષણિક ભાવુકતાનું ખાસ મૂલ્ય નથી. તેમ છતાં એમને એ રીતે કરવા દો, ક્ષણિક વાર માટે તો 'એમની' દિશામાં જાય છે ને ?''

●

મા : ગમે તે ધર્મ કે સંપ્રદાયનો હોય, આ શરીર (અર્થાત્ મા) દ્વારા એને એના માર્ગમાં ચાલવા માટેની સહાય મળે છે. એનો પોતાનો જ આત્મા એને સહાય કરે છે, જો એનામાં એ સહાય ગ્રહણ કરવાની યોગ્યતા હોય તો.''

●

મા : ભગવાનનું નામ આમલી જેવું છે. જેટલું વધારે નામ લેશો એટલું મન શુદ્ધ થશે. આમલીથી ગંદકી જાય છે. વાસણ જ્યારે સાફ થાય ત્યારે એનું સાચું રૂપ દેખાય છે. નામ લેવું એટલે માજવું. માજવાથી તમારું સાચું રૂપ પ્રગટ થશે, એ જ જ્ઞાન છે. જ્ઞાનના પ્રવાહમાં બધાં કર્મો ધોવાઈ જશે.''

●

સત્ કર્મનું ફળ લેવું જોઈએ, જે ક્રિયા કરે, સત્ત્વગુણ. નિત્ય શુદ્ધ, મુક્ત, તમે જ 'એ' જ તો, સ્વયમ્ નિત્ય-પ્રકાશ. કંઈક કરવાથી કંઈક ફળ થાય. ક્રિયા વિના નથી રહી શકતા, તો સત્ ક્રિયા કરો. 'હું' કોણ છે - આ રસ્તો ખુલે તે માટે ભગવત્ કર્મ જે છે. (તે) સ્વયમ્ પ્રકાશને માટે રસ્તો ખોલવો પડશે. બધાંએ લેવું જોઈએ - પોતાને મેળવવા માટે. ક્રિયા કરો પોતાને મેળવવા માટે, ભગવાનને જાણવા માટે.

●

ગુરુને શોધવાનું મનમાં આવે છે. ગુરુને મેળવવા. તમારે એમ. એ., બી.એ., પાસ કરવાં પડશે. જે ભણશે (તે) પોતે શોધી લે છે. આ જે ગુરુ છે, અસલ ગુરુ, તમારી અંદર બેઠા છે. એ અંતર ગુરુને પ્રગટ થવા માટે. બહારના ગુરુને અંદરથી ચાહે છે. ભગવાન તો રૂપમાં એ જ છે, અરૂપમાં પણ એ જ છે. એ રૂપમાં પ્રગટ થઈને આવી જશે.

●

જેમ મા-બાપ કહે છે પતિની ચિંતામાં (ચિંતનમાં) રહેજો. બીજા પુરુષની ચિંતા કરવી પાપ છે, માટે ભગવાન સિવાય કોઈની ચિંતા ન કરવી જોઈએ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભગવત્ ચિંતન - ભગવાન, ભાગવત અને ભક્ત એક થઈ જાય. વાણિયાગીરી ન કરવી જોઈએ. જપ કરીને એમ ન વિચારવું - મેં આટલું કર્યું, મને કંઈ ન મળ્યું. આશા રાખો, સારું છે, પણ વાણિયાગીરી નહીં. પૈસા કમાવવાની ઈચ્છા થાય, પૈસા ખરચવાની ઈચ્છા. આમાં રહેવું આ વિષ્ઠા છે, વિષ ભર્યું છે. દાન કરજો - સારા કામમાં લેવું એ પુણ્ય છે. સુફલ છે.

●

ગુરુમાં ઈશ્વરબુદ્ધિ. ઈશ્વરમાં તો પ્રેમ હોવો જ જોઈએ. આવા ગુરુ કૃપાથી જ થાય છે. ગુરુ જો કૃપા કરે તો તમે સ્વયમ્ શિષ્ય બન્યા વગર રહી ન શકો. ગુરુ-શિષ્ય જે સંબંધ છે, તે કૃપા જ છે. ગુરુ શક્તિથી પાર લઈ જશે.

●

સાથી એકમાત્ર ભગવાન. સાધુઓએ 'એમનો' સંગ કર્યો છે એમ જાણીને એનો (સાધુનો) સંગ કરવો (તે) ઉંચિત છે.

●

જ્ઞાનમાર્ગનું 'હું', અને ભક્તિમાર્ગનું 'તમે', તથા યોગ અને કર્મ-માર્ગનાં 'હું અને તમે'માં મૂળમાં કંઈ ભેદ નથી. પરમ તત્ત્વ માત્ર એક છે, સત્ય ભાવ પણ એક છે.

●

જેમ અર્થશૂન્ય કોષાગારનું કંઈ માહાત્મ્ય નથી, તેમ ધર્મહીન મનુષ્યનું કંઈ મૂલ્ય નથી.

●

નામ કરતાં કરતાં નામમાં અનુરાગ. જેમ પત્થર ખોદતાં ખોદતાં પાણી નીકળી પડે અને ઘસતાં ઘસતાં આગ નીકળે છે. જ્યાં સુધી અનુરાગ ના થાય, સમજો (કે) અમારું નામ હજી સુધી થયું નથી.

●

गातानन्दमयीं वन्दे नित्यां पूर्णां शिवात्मिकाम्।
सत्यरूपां जगद्वन्द्यां भूयो भूयो नमाम्यहम्॥
નિત્યા, પૂર્ણા, શિવાત્મિકા, સત્યરૂપા, જગદ્વંદ્યા માતા
આનન્દમયીને હું વંદન કરું છું, વારંવાર નમન કરું છું.
- બ્ર. ગીતા બૅનર્જી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આનન્દમયી સ્મૃતિ
(માની સાથે ૨૪ કલાક)

- બ્રહ્મચારિણી ચિત્રા ઘોષ

૩-ઑક્ટોબર, ૧૯૫૨ની વાત છે. લક્ષ્મીપૂજા (શરદ પૂર્ણિમા) ને બીજે દિવસે ઝાઝરિયાને ઘરે રાસલીલા-કીર્તન સાંભળતાં હતાં. પ્રાતઃકાળે ઊભાં થઈને લક્ષ્મીપૂજાનો પ્રસાદ લઈને સીધાં ૧૨-'સની પાર્ક'માં પહોંચ્યાં. મા આવીને શેતરંજી ઉપર પાથરેલા આસન પર બેઠાં છે. અમે લોકો માની પાસે જ હતાં. માની દૃષ્ટિ અમારા પર પડવા છતાં માનો "ખ્યાલ" એમાં નહોતો, તે હું સમજી ગઈ. મારા મનમાં એક અભિલાષા હતી કે જો નવદ્વીપ (શ્રી ચૈતન્ય મહાપ્રભુની લીલાભૂમિ) જવાય તો સારું, પણ મા જો એમના "ખ્યાલ"થી કહે તો જ. અંતર્યામી છે, બધું જાણી લે છે, જરૂર કહેશે જ.

રાસલીલા સમાપ્ત થયે મા તડકામાં ચાલતાં હતાં. તે જોઈને હું છત્રી લઈને માની સાથે મોટર સુધી ગઈ. માએ ફરીને જોયું નહીં. પાછી આવીને હું એક બાજુ ઊભી હતી. અચાનક જોયું કે ઉત્પલા કહે છે, "ચિત્રાને મા બોલાવે છે." ગાડી પાસે પહોંચતાં જ મને માએ કહ્યું, "હું અત્યારે હાજરા રોડ જઉં છું. પાંચ વાગ્યા સુધી (ત્યાં) છું." મેં પૂછ્યું, "હું ત્યાં આવું ?" મા : "તારી મરજી." હું : "મા, આપ નવદ્વીપ જવાનાં છો ?" મા : "તું તો પુરી ન ગઈ." હું : "નવદ્વીપ લઈ જાઓ." મા : "પરમાનંદ, ગાડીમાં જગા હશે કે ?" સ્વામીજીએ કહ્યું કે બે ગાડીઓ જશે, જો એક ગાડી વધારે મળે તો જોઈશું. માએ મને દીદીને જણાવવાનું કહ્યું, તેમ જ સાંજે ૪.૩૦ કલાકે હાજરા રોડ આવવાનો નિર્દેશ આપતાં કહ્યું કે તે જ વખતે જણાવવામાં આવશે કે નવદ્વીપ જવાશે કે નહીં.

હું રેણુમાશીની ગાડીમાં ઘેર જતી હતી, એટલામાં બે વિધવા મહિલાઓએ ગાડીમાં જગ્યા માગી. એમાંની એક મહિલા હાજરા રોડ જવાની હતી. એમની સાથે અમે પણ ત્યાં ઊતરી ગયાં. મારાં માએ કહ્યું, "તું ઉત્પલા સેનને પૂછ, કદાચ માએ તને પ્રસાદ લઈ જવાનું કહ્યું હોય." મેં ઉત્પલા સાથે વાત કરીને નક્કી કર્યું કે હું ઘેરથી પાછી આવીને અહીં જ પ્રસાદ લઈને અહીં જ રોકાઈ જઈશ. માએ સાંજે ૪.૩૦ વાગ્યાનો સમય મુલાકાત માટે આપ્યો છે.

એકાએક રેણુમાશી (ઝર્ણાનાં માતા), માસા (ઝર્ણાના પિતા ડૉ. સર્વાધિકારી)ની મુલાકાતની વ્યવસ્થા માટે ડૉ. સુધીર મજમૂદારને લઈને માને ભોગ અપાઈ ગયા બાદ માના કક્ષમાં ગયાં. હું પણ અંદર ઘુસી ગઈ. ઉત્પલાએ મારા વતી માને પૂછ્યું તો માએ કહ્યું, "એને તો સાડા ચાર વાગે આવવાનું કહેવામાં આવેલું, પણ બે વાત હતી, અત્યારે જ થઈ જાય."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રેણુમાશી દ્વારા માને કંઈક પ્રશ્ન પૂછાવાથી મને કક્ષમાંથી બહાર નીકળતી જોઈને માએ મને ત્યાં જ બેસવાનું કહ્યું. જ્યારે બધાં ઓરડામાંથી બહાર ગયાં, ત્યારે માએ મારાં માતાને કહ્યું, "ચિત્રાની મા, તમારી ચિત્રાને હું જરા રાખું છું. બરાબર તો છે ને ?" બધાં જ કક્ષમાંથી નીકળી ગયાં ત્યારે ફક્ત એક મહિલા રહી ગયાં. એમના પણ ચાલી ગયા પછી માએ દીદીને કહ્યું, "દીદી, ચિત્રાને થોડોક પ્રસાદ આપી શકશો ? એની સાથે થોડી વાત કરીને એને મોકલી દઉં છું, તમે જાઓ."

દીદીના ગયા પછી મેં બારણું બંધ કરી દીધું. મને ત્યારે સહેજ બીક લાગતી હતી. મારે તો એક્કે પ્રશ્ન નહોતો. હું વિચાર કરતી હતી કે મા શું એમનું ષડૈશ્વર્ય બતાવશે ? શું કરશે શી ખબર !

મા પાટ ઉપર સૂતાં હતાં. પાસું ફેરવીને માથા નીચે હાથ ટેકવીને સૂતાં. હું માથા બાજુ બેઠી.

મા : તારા સાધન-ભજનની વાત કહે. તું કૃષ્ણમંત્રનો જપ કરે છે ને ? પ્રણવ કરે છે ? ધ્યાન કરે છે ? કેટલા પ્રકારનાં આસનો કરે છે ?

મેં ઉત્તરમાં ધ્યાન વિષે કહીને જિજ્ઞાસા કરી, "ભગવાનને કેવી રીતે મેળવી શકાય ?"

માનો ટૂંકો જવા હતો : "મેળવ્યા તો છે."

તે પછી મારે કેટલાં ભાઈ-બહેન છે તે માએ પૂછ્યું.

મેં કહ્યું, "હું લગ્ન કરવા નથી માગતી. જો ઠાકોરજી કરાવી દે તો મને વાંધો પણ નથી."

મા : જો, જો આખું જીવન ઠાકોરજીની સેવામાં વ્યતીત કરી શકે, એમને પતિરૂપે સ્વીકારી શકે તો લગ્ન કર્યા વિના પણ રહી શકીશ, પણ તારી સાથે લગ્નની ચર્ચા કરીશ એટલા માટે નહોતી બોલાવી.

મેં આવેશપૂર્ણ ભાવે માને એક સ્વપ્નની વાત કરી, કે જે થોડા દિવસ પહેલાં જ જોયું હતું - મા આનન્દમયી અને ઠાકુર પરમહંસદેવની સાથેના સ્વપ્નનું વિવરણ સાંભળતાં જ માએ કહ્યું, "એટલા માટે જ તને બોલાવવામાં આવી." પછી સ્વપ્ન ક્યારે, ક્યે સમયે જોયું તેનું વિસ્તૃત વિવરણ માએ પૂછ્યું, કહ્યું, "જો, કોઈ પણ પ્રયાસ વગર આ ઘટના ઘટી છે." એમ કહીને ખડખડાટ હસ્યાં. મને બીજો નિર્દેશ આપતાં કહ્યું, "તું સર્વદા દિવસમાં ચાર વાર આ પ્રસંગનું સ્મરણ કરજે, સાથોસાથ આ ભાવ જાગૃત રાખજે."

ત્યાર બાદ માએ આસન વિષે પૂછ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : તને સિદ્ધાસન આવડે છે ? પદ્માસન કેવી રીતે કરે છે, બતાવ તો. જો બરોબર સિદ્ધાસન કરી શકે તો આસનસિદ્ધ થઈ જઈશ. અનેક સાધુ-સંતો કહે છે તેઓ સિદ્ધાસન કરી શકે છે. જો કોઈ બરોબર સિદ્ધાસન કરી શકે તો તે આસનસિદ્ધ થઈ જાય. તને કેટલાંક આસનો શીખવાડવામાં આવશે, જો તમારા લોકોના ગુરુદેવની સમ્મતિ હોય તો જ.'' (એમનાં માતા-પિતા વિગેરે બંગાળના પ્રસિદ્ધ સંત બાલાનંદ બ્રહ્મચારીની શિષ્ય-પરંપરામાં દીક્ષિત હતાં.)

માએ આગળ કહ્યું, ''નિશ્વાસ-પ્રશ્વાસમાં જપ આવડે છે ? એ શીખવાડી શકત, પણ એ તો ગુરુને જણાવી નહીં શકાય. તેથી નહીં બની શકે. સાંભળ, અઠવાડિયામાં બે દિવસ તું શાકાહારી રહેજે. જો માછલીના રસોડામાં પણ બને તો પણ ચાલે, નહીં તો ઘરમાં ગરબડ થવાની શક્યતા રહેશે. ધીમે ધીમે બરોબર થશે.''

માએ મને પુષ્પા (ભજનાનંદ)ને બોલાવવાનું કહ્યું. એ આવી એટલે એને સિદ્ધાસન કરવા કહ્યું. એને નહોતું આવડતું એટલે માએ દીદીને બોલાવડાવ્યાં. દીદીએ કહ્યું કે પહેલાં તેઓ ત્રણ કલાક બેસતાં, પણ અત્યારે દીદીથી બરાબર ન થઈ શક્યું. ત્યારે માએ સ્વયં સિદ્ધાસનમાં બેસીને બતાવ્યું. દીદીને માએ બધું કહ્યું, દીદીએ મને કહ્યું, ''માત્ર કાનમાં મંત્ર આપવાથી જ ગુરુ નથી બનાતું. મા પાસેથી જે મેળવ્યું છે તે ભાગ્યબળે મેળવ્યું છે.''

મા : ''દીદી, મેં કહ્યું હતું ને, છોકરીનો ભાવ સારો છે. વિલાયત જતી રહેશે.

હું : એટલે આપે મારું જવાનું બંધ કરી દીધું. (પછીથી થોડાં વર્ષો માટે તેઓ અમેરિકામાં રહ્યાં હતાં.)

મા ખડખડાટ હસ્યાં, કંઈ બોલ્યાં નહીં.

તે પછી નવદ્વીપ જવાનો પ્રસંગ ચર્ચાયો. માએ દીદીને કહ્યું, ''દીદી, ચિત્રાની નવદ્વીપ જવાની બહુ ઈચ્છા છે. પણ છોકરીઓ (આશ્રમની) તો જગન્નાથપુરી જઈ રહી છે. સાધુઓ સાથે એ એકલી કેવી રીતે જશે.''

માએ મને કહ્યું, ''તું તારી મા કે માશીને લઈને ચાલી જા. અમે લોકો જઈને તપાસ કરી લઈશું (શોધી કાઢીશું.)''

હું : એ લોકોને તો ગૃહસ્થીનું કામ છે. કદાચ કાલે સવારે ન જઈ શકીએ. તે ઉપરાંત આપના કહ્યા વિના તેઓ જશે પણ નહીં.

મા : જા, ખાસ્સું મોડું થઈ ગયું છે. પ્રસાદ લઈને આવ.

માને અભિવાદન કરીને હું ગઈ. પ્રસાદ લઈને જેવો મેં ઝાંપા બહાર પર મૂક્યો કે દીદીએ પાછળથી બૂમ પાડી, ''ચિત્રા, તને મા બોલાવે છે.''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા પાસે ગઈ, માએ કહ્યું, "જો, તારું નવદ્વીપ જવાનું બહુ મન છે તેથી છોકરીઓનું જગન્નાથપુરી જવાનું રદ કરીને એમને નવદ્વીપ મોકલવામાં આવે છે, તો તું પણ એમની સાથે જઈ શકીશ."

માની કરુણાથી હું હતપ્રભ થઈ ગઈ ! મારા મોઢામાંથી નીકળી પડ્યું, "મા, મારું તો કંઈ જ નથી (પુણ્યકર્મ), છતાં પણ આપ મારા પર આટલો સ્નેહ કરો છો."

"કંઈ છે નહીં માટે જ તો કરું છું."

સ્વામીજી પાસેથી ટ્રેનનો નિશ્ચિત સમય જાણી લેવા માટે દીદીએ મને બહાર થોડી પ્રતીક્ષા કરવાનું કહ્યું. તરત સ્વામીજીએ પોણા ચારનો સમય કહ્યો. માના કક્ષમાં પ્રવેશ કરતી વખતે મારું મન થોડો ઊહાપોહ કરતું હતું. મારી આવી અનિશ્ચિતતાની સ્થિતિ જોઈને માએ કહ્યું -

"જો, તું જો આમ અહીં-તહીં કરે તો થશે નહીં. (ચાલે નહીં). તારે માટે જ મેં બધું ગોઠવ્યું. દસ મિનિટમાં ઘેરથી તૈયાર થઈને આવ."

●

અગિયાર વાગ્યાની આસપાસ નીચે કોલાહલ સંભળાયો. જઈને જોયું તો શ્રી શ્રી મા આવી ગયાં છે. અમે બહુ જ ખુશ થયાં. અવધૂતજી (શ્રી કૃષ્ણાનંદ અવધૂત) ને સાથે લઈને માતાજીએ પ્રવેશ કર્યો અને નાટમંદિરમાં બેઠાં. અવધૂતજીની અમને લોકોને ઘણી બીક લાગે છે, તેથી છોકરીઓ નીચે જ ન ઊતરી. હું હિમ્મત કરીને નીચે ગઈ અને નાટમંદિરના બારણા પાસે બેઠી. કાલે સાંજે માને જોયાં હતાં. અત્યાર સુધી આંખો તલસતી હતી એ મધુર મૂર્તિના દર્શન કરવા, એટલે એકીટસે માને તાકી રહી. મા મારી સામે જોતાં હતાં પણ એવું લાગતું હતું કે દૃષ્ટિ અને 'ખ્યાલ' બીજી બાજુ છે. પછીથી માએ મને બોલાવી. મા તો કહે છે, "બધાંને જ ઓળખું છું પણ 'બાબા લોકો' સામે ઓળખવાનો વ્યવહાર નથી કરી શકતી."

મા અવધૂતજીને અહીંયાના મંદિર વિષે સમજાવતાં હતાં, પછી મંદિરના પૂજારીને બોલાવીને કહ્યું, "બાબાને બધું સમજાવો." માની દૃષ્ટિ આસપાસના દેવી-દેવતાઓનાં ચિત્રો પર હતી એવું લાગ્યું. શ્રી શ્રી માનું દિવ્ય મુખમંડળ અલૌકિક રૂપે પ્રકાશતું હતું.

અવધૂત મહારાજ નાળિયેરનું પાણી પીવા માટે બહાર ગયા, તે દરમ્યાન માએ મને બોલાવીને પૂછ્યું, "ક્યારે આવ્યાં ? મંદિર દર્શન થયાં ?" આમ કહીને મા મધુર હસ્યાં. એટલામાં અવધૂતજી પાછા આવ્યા. મા અવધૂતજીની વિદાય લઈને ઉપર આવી ગયાં. મહારાજજી 'શ્રીવાસ-આંગણ'માં જતા રહ્યા. હરિબાબા પણ એમના ભક્તો સાથે ત્યાં જ છે.

ઉપર આવીને માતાજી વરંડામાં ફરવા લાગ્યાં. લાંબા કાળા વાળ પીઠ ઉપર ઝૂલતા હતા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માના ભાવમાં બેચેની જણાતી હતી. હું બારણામાં ઊભી ઊભી માને જોતી હતી. અવધૂતજી ગોવિંદજીનો પ્રસાદ નહીં લે તેથી માનો આવો ભાવ છે. લગભગ દસ વાર આંટા માર્યા પછી માએ અચાનક મને પૂછ્યું, "તેં કંઈ ખાધું?" મેં જવાબ આપ્યો, "આપનાં દર્શન વગર કેવી રીતે ખાઉં ?" માએ અંદર આવીને પુષ્પાને કહ્યું, "એને પૂરી શીરો આપ." નીચે જે લોકો આવેલા એમને પુષ્પાએ નાસ્તો કરાવી દીધો હતો. શીરો વધ્યો નહોતો, એટલે એણે મને પૂરી સાથે મિઠાઈ આપી. માએ પુષ્પાને શીરો આપવાનું કહ્યું. પુષ્પાએ કહ્યું, "શીરો નથી." માએ કહ્યું, "તું કેળનું પાન ખસેડીને જો તો શીરો છે કે નહીં." આશ્ચર્યની વાત હતી. જોયું કે બરોબર મારા જેટલો શીરો થાળીમાં એક છેડે પડ્યો છે. મા ત્યારે મારી સામે જોઈને હસ્યાં, મને બહાર જઈને ખાવાનું કહ્યું અને પુષ્પાને મને પાણી આપવાનું કહ્યું.

મા થોડુંક ફરીને એમના ઓરડામાં આવ્યાં. માએ બુનિદીને અવધૂતજી માટે રસોઈ કરવા મોકલ્યાં. એકાએક અમારા ઓરડામાં આવીને માએ અમને અમારો સામાન મોટા ઓરડામાં લઈ જવાનું કહ્યું. મા અહીં સૂવાનાં છે. અમે કંઈ બોલી ન શક્યાં. જે ઓરડામાં માને માટે વ્યવસ્થા કરેલી એ ઓરડામાં માના કથનાનુસાર અમારો સામાન લાવીને મૂક્યો. મારા હાથમાં બિંદુનું પાથરણું જોઈને માએ કહ્યું, "તારું પાથરણું લાવ." એને જ મારું પાથરણું કહીને મેં મૂક્યું. હું તો પાથરણું લઈ જ નહોતી ગઈ. માએ પોતે ઊભા રહીને પાણીના કૂજાથી માંડીને બધું જ સરખી રીતે ગોઠવાવ્યું.

તરત માનો ઓરડો સાફ કરીને માની પથારી પાથરી દીધી. એટલામાં અવધૂતજી આવીને ઢીંચણ ટેકવીને ભોજન માટે બેઠા. ભોજનમાં શેકેલા બટાકા અને દ્રાક્ષ હતી. મા અને દીદીએ સામે ઊભાં રહીને ભોજન કરાવ્યું. મહારાજજીના ભોજન પછી માએ દીદીને કહ્યું, "દીદી, હું સ્નાનઘરમાં જઈશ." મા નીચે ગયાં, અમે લોકો મા માટે પાણીની ડોલ વગેરે મૂકીને પ્રસાદ લેવા ગયાં.

નાટમંદિરમાં બેસીને લગભગ પચીસ પ્રકારનાં વિવિધ વ્યંજનો સાથે ભાત અને પુલાવ વગેરે ભરપેટ પ્રસાદ ખાઈને ઉપર આવી. જોયું તો મા ભોગમાં બેઠાં છે. મને જોતાં જ મા બોલ્યાં, "જમીને આવી છો તો હવે ખાટલા પર સૂઈ જા." મા એમના કક્ષમાં વિશ્રામ માટે ગયાં. દીદી પણ સૂઈ ગયાં. દીદી પહેરેલે કપડે આવ્યાં છે, સૂટકેસ ભૂલી આવ્યાં છે. છાનેમાને દીદી માટે નવી સૂતરાઉ સાડી લાવીને પીળી માટીથી રંગીને સૂકવી દીધી છે. અમે પણ થોડો વિશ્રામ કરવા ગયાં.

ચાર વાગતા ન વાગતામાં તો માનો અવાજ સાંભળીને અમે ઊભાં થઈ ગયાં. માના ઓરડામાં જઈને જોયું તો મા પાટ પર બેસીને કમલદા, સ્વામીજી તથા અન્ય સાથે વાતો કરતાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતાં. હું બારણા પાસે ગઈ કે તરત માએ કહ્યું, "એકલું લાગે છે કે ? ચા પીશ ?" વગેરે. થોડી વારમાં મા ઊભાં થયાં, ઉઘાડે પગે જ અગાશીમાં ફરવા માંડ્યાં. પીઠ પર હંમેશની જેમ ખુલ્લા વાળ લહેરાતા હતા. અમે પણ પાછળ પાછળ ફરતાં હતાં.

એકાએક માએ કહ્યું, "પંજાબમાં સાધુસેવા બહુ સરસ રીતે થાય છે. અહીંયાં સાધુસેવા બરોબર નથી થતી" યોગીભાઈ (સોલન મહારાજા)ને આવતા જોઈને માતાજી બોલ્યાં, "યોગીરાજ, યોગીરાજ. રાજા છતાં યોગી - એક જ આવા હોઈ શકે, બધા નથી હોતા. સુંદર ભાવ છે ."

હમણાં ચર્ચા થતી હતી કે બીજે દિવસે સવારે છોકરીઓ જતી રહેશે. માતાજી સાંજે ત્રણ વાગે મોટરમાં જશે.. છોકરીઓ સવારે છ વાગ્યાની ગાડીમાં જશે અને એ જ રાત્રે જગન્નાથપુરી જશે. હું વિચાર કરતી હતી કે સવારે છ વાગે જઈશ તો માનો સંગ તો આજ પૂરતો જ રહ્યો. જાણે કે મારા મનની વાત જાણી લઈને માએ કહ્યું, "ચિત્રા એક વાગ્યાની ગાડીમાં જશે. એ તો 'પુરી' નથી જતી. (એક ભક્તને) જ્યોતિષ, તું એને મૂકી આવજે." આટલું સાંભળતાં જ મારા આનંદનો પાર ન રહ્યો. મા, આપ કેટલો સ્નેહ રાખો છો - મનોમન બોલી.

બિંદુએ મને કહેલું કે એણે સુરધુનીનાં દર્શન નથી કર્યાં. (સુરધુની ગંગાજીને કહે છે.) મેં માને કહ્યું, 'મા, અમે સુરધુનીનાં દર્શન નથી કર્યાં." મા બોલ્યાં, "અચ્છા, તમે લોકોએ સુરધુનીનાં દર્શન નથી કર્યાં. જાઓ, અત્યારે જ જઈને જોઈ આવો." આટલું કહીને એક વૃદ્ધ સજ્જનને અમારી સાથે મોકલ્યા.

એ વૃદ્ધ સાથે અમે પગપાળા જ સુરધુનીને તટે ગયાં. સુરધુનીની મહિમા અપાર છે. એને જ તટે મહાપ્રભુ શ્રી ગૌરાંગ એમની મંડળી સાથે કીર્તન કરતા. બિંદુએ અવગાહન સ્નાન કર્યું. પુષ્પા, ગંગા અને હું ન ન્હાયાં. પાછાં ફરતાં એ બધાંએ કહ્યું, "મા ચોક્કસ બાબાઓ સાથે દર્શન કરવા નીકળી ગયાં હશે." પણ ગોવિંદજીના મંદિરે પહોંચીને જોયું કે દીદી પત્રોનું બંડલ લઈને માના ઓરડામાંથી બહાર આવી રહ્યાં છે. થોડી જ વારમાં મા અમારા ઓરડામાં આવ્યાં. માને જોતાં જ મેં પૂછ્યું, "મા, આપ દર્શન માટે જાઓ છો? અમે લોકો આપની સાથે જઈએ?" માએ બન્ને હાથે "ચાલ, ચાલ, નીચે જા" કહીને માની સાથે દર્શને જવાની અમારી અભિલાષા સાર્થક કરી દીધી.

નીચે ગયા પછી થોડીક જ વારમાં મા આવી ગયાં. ત્રણ રિક્ષાઓ ભાડે લેવામાં આવી. છોકરીઓમાંથી કોણ ક્યામાં બેસશે તે બધું માએ જ નક્કી કર્યું. ગંગા-પુષ્પ એકમાં, બિંદુ-ચિત્રા બીજીમાં, મા અને દીદી (માના ચરણ પાસે) ત્રીજામાં બેઠાં. માની રિક્ષા આગળ હોવી જોઈએ, પણ આજે તો મા અભિભાવિકાની ભૂમિકા કરે છે. અલ્પવયસ્ક કન્યાઓ માની સાથે છે, જેમનાં માતા-પિતાએ મા ઉપર પૂર્ણ ભરોસો મૂકીને એમને મા સાથે મોકલી છે. માનાં બધાં જ કાર્યો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લોકશિક્ષા માટે ત્રુટિહીન હોય છે. તેથી આજે પહેલી રિક્ષામાં અમે, વચ્ચે મા, અને છેલ્લે (મોટી છોકરીઓ) ગંગા અને પુષ્પ - આ રીતે અમે નીકળ્યાં. સાથેના સાધુ-બ્રહ્મચારીઓ ચાલતા હતા. મેં એક વાર પાછળ ફરીને જોયું કે રિક્ષામાં મા કેવાં દેખાય છે ? માની બેસવાની રીત અનેરી હતી. માથા ઉપર અંબોડો હતો, મા મહારાણી જેવાં લાગતાં હતાં, માનાં નેત્રોની દૃષ્ટિ આસપાસનાં પરિદૃશ્યો પર નહોતી. કોણ જાણે ક્યા અદૃશ્ય લોકમાં વિરાજમાન્ હતાં !

સૌથી પહેલાં અમે શ્રીવાસ-આંગણમાં મહાત્માઓને લેવા ગયાં, પણ મહાત્માઓ હજી તૈયાર નહોતા થયા. વિગ્રહ-દર્શન માટે મા આગળ ચાલ્યાં. અમે પાછળ ગયાં. શ્રીવાસ-આંગણના મંદિરમાં બધા અવતારોની મૂર્તિઓ છે. બધી જ મૂર્તિઓ એક દીર્ઘામાં પાસે પાસે શણગારીને ગોઠવેલી હતી. માએ મંદિરના સેવકને બોલાવીને કહ્યું, "બધું સમજાવી દો." તેઓ પણ માને મૂર્તિઓ વિષે સમજાવવા માંડ્યા, મા પણ બાળકોની જેમ ખૂબ ધ્યાનથી સાંભળતાં હતાં. એટલામાં અવધૂતજી અને હરિબાબા ઉપસ્થિત થયા. અવધૂતજીને છોકરીઓની ઉપસ્થિતિ ગમતી નહોતી, તેથી એમને જોઈને અમે સહેજ ડઘાઈ ગયાં.

શ્રીવાસ-આંગણમાંથી અમે સોનાના ગૌરાંગના મંદિરમાં ગયાં. ત્યારે આરતી ચાલતી હતી. મંદિરમાં દાખલ થતાં પહેલાં માએ એમનાં ઊનનાં ચંપલ કાઢી નાખ્યાં. મંદિરમાં પ્રવેશીને શ્રી ગૌરાંગ મહાપ્રભુની મૂર્તિની સામે એક બાજુ પર ઊભાં રહીને આરતી જોવા લાગ્યાં. માનાં દિવ્ય નયનોની ભાવપૂર્ણ દૃષ્ટિ તથા મુખના દિવ્ય ભાવની અપૂર્વ શોભા હતી. એનું વર્ણન શબ્દો દ્વારા શક્ય નથી. જેણે જોયું એ કદાપિ ભૂલી ન શકે. સવારે અમે વિગ્રહ-દર્શન કરી ગયાં હતાં, એટલે અત્યારે શ્રી શ્રી માના દિવ્યરૂપનાં દર્શન જ મારો મુખ્ય ઉદ્દેશ્ય હતો. આથી, માને સારી રીતે જોવા માટે હું પુરુષો બાજુ જઈને ઊભી રહી. ત્યાં તો માની દૃષ્ટિ આમતેમ જાણે કોઈને ખોળવા માંડી. જેવી મારા પર દૃષ્ટિ પડી કે માએ હાથના ઈશારાથી મને એમની પાછળ આવીને ઊભા રહેવાનું કહ્યું. એટલામાં હરિબાબા અને અવધૂતજી આવી પહોંચ્યા. માની કેવી સતર્કતા !

સોનાના શ્રી ગૌરાંગ મહાપ્રભુની આરતી સમાપ્ત થઈ. હરિબાબાએ ખેંચવાના પંખાથી થોડી વાર સુધી ઠાકોરજીને પંખો નાખ્યો. આરતી પછી માએ થાંભલાને ગાલ અડકાડીને ઠાકોરજીને વહાલ કરીને બન્ને હાથની મુઠ્ઠી બાંધીને પછી ધીમે ધીમે બહાર આવી ગયાં. મા જ્યારે થાંભલાને અડકીને ઊભાં હતાં ત્યારે એમની શોભા બાલગોપાલ જેવી લાગતી હતી.

સોનાના ગૌરાંગમહાપ્રભુનાં દર્શન કરીને રસ્તા પર આવ્યા પછી માને રિક્ષામાં બેસાડીને અમે લોકો પાછળ પાછળ ચાલ્યાં. માની રિક્ષાની સાથોસાથ ચાલવાના ઉદ્દેશ્યથી અમે રિક્ષાને પકડીને દોડતાં હતાં. એવું લાગતું હતું કે જાણે મહાપ્રભુ ફરીથી નવદ્વીપમાં આવિર્ભૂત થયા છે ! દીદી પણ આ ઉંમરે અમારી સાથે પગે ચાલી રહ્યાં છે. એ આનંદની વ્યાખ્યા નથી થઈ શકતી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રસ્તાની બન્ને બાજુએ લોકો ગદ્‌ગદ્ ભાવે કહે છે, "ઢાકાનાં માતાજી આવ્યાં છે રે આવ્યાં છે."

હવે અમે જે મંદિરમાં ગયાં ત્યાં લલિતા સખી નિવાસ કરતાં. ત્યારે મંદિરમાં આરતી થતી હતી. અહીં પણ મહાપ્રભુની અને નિત્યાનંદ પ્રભુની વિશાળ દ્વૈતમૂર્તિ હતી. ખૂબ સુંદર શ્રૃંગાર હતો. હાર પણ બહુ સરસ રીતે ગૂંથેલો હતો. મહાપ્રભુના હાથમાં ખીલેલું ગંધરાજ પુષ્પ હતું અને ગળામાં ચાર પ્રકારની માળાઓ હતી. નિત્યાનંદ પ્રભુના શ્રીવિગ્રહનો વર્ણ કાચી હળદર જેવો હતો. ગૌરાંગ મહાપ્રભુનો તામ્રવર્ણ હતો. બન્નેના ખભા સુધીના વાંકડિયા વાળ હતા. આંખો મોટી મોટી હતી. માને અને મહાત્માઓને ઠાકોરજીની સામે લઈ જવામાં આવ્યાં. અમે બધાં આંગણામાં ઊભા રહીને જોતાં હતાં. વૈષ્ણવ ગણ હરિસંકીર્તન કરતા હતા. મોટા મંજીરા અને ઘંટ વગાડીને લગભગ ૧૫ મિનિટ સુધી આરતી થઈ. માનો પેલો જ એક ભાવ હતો. ફરી કરીને મા લલિતા સખીના ઓરડા બાજુ ગયાં. (લલિતા સખીનું પુરુષ શરીર હતું. રાધાભાવે કૃષ્ણની ઉપાસના કરતાં.) સખીના ઓરડાની પાસે એક વરંડો હતો જ્યાં મા અને સખીનો વાર્તાલાપ થતો. અમે એ સ્થાન જોયું. સવારે એ જગ્યા અમે જોઈ નહોતી.

વરંડામાં ગાદી ઉપર ચાદર પાથરેલી એક પથારી છે, જેની ઉપર સાડી પહેરેલાં લલિતા સખીનું ચિત્ર છે. મા હસતાં હસતાં મહાત્માઓને લલિતા સખીની વાતો કહેતાં હતાં, જાણે સખીને એમની સામે જોતાં હોય.

જ્યોતિષદાએ અમને બાજુ પર લઈ જઈને કહ્યું કે સખી માને કૃષ્ણભાવે જોતાં. એમનો મા પ્રત્યે અપૂર્વ મધુર ભાવ હતો. માને જોતાં જ સખી ઘૂમટો તાણીને સલજ્જ ભાવે વ્યવહાર કરતાં. સખીએ એક વાર અભયને કહેલું, "આ જે માને જુઓ છો એમની વાતની કદીયે અવહેલના નહીં કરતા. એ જો કહે કે ગંગામાં કૂદી પડો તો વગર વિચારે તે જ વખતે ગંગાજીમાં કૂદી પડજો."

અમે એ સાંભળતાં હતાં, અચાનક માએ પાસે આવીને મારી પીઠ પર હાથ મૂકીને એમની સાથે આવવાનું કહ્યું, પણ ભાગ્યે સાથ ન આપ્યો. પાસે જ એક 'પૅકિંગ બૉક્સ' પડેલો જેમાં મારી સાડી અટવાઈ. પરિણામે હું માનો સાથ ન લઈ શકી. સાડી છોડાવીને તરત હું મા પાસે દોડતી ગઈ. મા ત્યારે દીદીના ખભાનો ટેકો લઈને ચંપલ પહેરતાં હતાં. ત્યાર બાદ ફરી અમે રિક્ષાની સાથે દોડવા લાગ્યાં. રિક્ષા એટલી ઝડપથી આગળ વધી કે કઈ બાજુ ગઈ અમને ખબર ન પડી. અમે ફાંફાં મારવા લાગ્યા, એટલામાં જ્યોષિદાએ આવીને રસ્તો બતાવ્યો અને એક મંદિરમાં લઈ ગયા. અમે જઈને જોયું તો મા રસ્તામાં ઊભાં છે અને અમારી પ્રતીક્ષા કરી રહ્યાં છે. અમને જોઈને દૂરથી જ હાથના ઈશારાથી બોલાવ્યાં. અમે ફરી પાછાં માની સાથે મંદિરમાં ગયાં. સવારે અમે મહાપ્રભુનું આ મંદિર પણ જોયું હતું. શ્રીવિગ્રહો નાના હોવા છતાં પણ બહુ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ સુંદર હતા. મા ઘણી વાર સુધી શ્રીવિગ્રહ સામે ઊભા રહ્યાં અને ઠાકોરજીને લાડ કરીને બહાર આવ્યાં.

ફરી અમે રિક્ષામાં બેઠાં. માર્ગમાં એક વિશાળ વટવૃક્ષ જોયું. સવારે પણ એ જોયું હતું. ઘણાં વર્ષો પહેલાં ઝાડની બખોલમાં કાલીમાતાનો આવિર્ભાવ થયો હતો તેથી એ સ્થાન સીમેન્ટથી ચણી દીધેલું હતું. પાસે જ કાલીમંદિર હતું. મા કાલી પદ્માસનમાં બેઠાં છે, લાંબી જિહ્વા બહાર નીકળેલી છે.

નિત્યાનંદ મહાપ્રભુ જે મંદિરમાં સંતાયા હતા તે મંદિરમાં અમે આવ્યાં. માર્ગમાં માની રિક્ષા આગળ નીકળી ગઈ. મા વારંવાર પાછું જોઈને અમારી પ્રતીક્ષા કરતાં હતાં. આશ્રમની છોકરીઓ ઉપર માનો કેટલો 'ખ્યાલ' રહે છે તે શબ્દોમાં કહી નથી શકાતું. ક્ષણવાર માટે પણ આંખોથી દૂર ન થાય એનો ખ્યાલ રાખતાં હતાં. મંદિરની અંદર ટૉર્ચથી બધાં ચિત્રો મા બાબાઓને બતાવતાં હતાં. અવધૂતજી માની સાથે છે એટલે અમે માની પાછળ પાછળ ન ગયાં. અમે નાટ્યમંદિરમાં બેસી રહ્યાં. હવે બધાંને પાછા જવાનું છે તેથી રિક્ષામાં બેસીને પાછાં ફર્યાં.

●

वेदो वृक्षः मूलकान्यत्र विप्राः अङ्ग शाखाः धर्मकर्माणि पत्रम्।
तस्मान्मूलं यत्नतो रक्षणीयम् छिन्नेमूले नैवशाखा न वृक्षः॥

ચાર વેદો તે વટવૃક્ષ છે. એ ચારેય વેદોની અસંખ્ય શાખાઓને જાળવી રાખનારા બ્રાહ્મણો છે. શ્રૌત-સ્માર્ત-અગ્નિહોત્ર વગેરે વેદોને પોતાનામાં ગૂંથી લેનારાં ધર્મકર્મો તેનાં પત્ર-પાંદડાં છે. આ વેદોની મૂળ શાખાઓ વેદોના મૂળમાં છે, માટે આ વેદોનું અને તેના મૂળરૂપ શાખાઓનું રક્ષણ કરવું જોઈએ. મૂળ જ કપાઈ જશે તો શાખા પણ નહીં રહે અને વૃક્ષ પણ નહીં રહે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગુજરાતમાં માની લીલા

(ગતાંકથી ચાલુ)

આજે ચાંદોદના પુજારી અમારે માટે થોડી વસ્તુઓ લઈ વ્યાસબેટ આવ્યા છે. એમણે આજે સાંજે કીર્તન કર્યું. અભયે સાથ આપ્યો. હું જોઉં છું કે માની સાથોસાથ કીર્તન પણ ચાલતું રહે છે.

●

વાતવાતમાં અભયે કહ્યું, "કોઈ કોઈ જઈને ગોપીબાબુને કહે છે કે આનન્દમયી મા આટલું બધું આમતેમ ફર ફર કેમ કરે છે ? તો એના જવાબમાં તેઓ કહે છે, "મા ક્યાંય ફર ફર નથી કરતાં. તેઓ એક જ જગ્યાએ રહે છે, તમે જોયું હશે કે ભમરડો જ્યારે ગોળ ગોળ ફરે છે ત્યારે એનું મધ્ય સ્થાન સ્થિર રહે છે, એ ચારે બાજુ ફરતો પણ રહે છે. તે જ પ્રકારના સંગ સાથે માત્ર ફરે છે (ફરતાં દેખાય છે) મા સ્થિર રૂપે જ રહે છે."

મા પોતે ફર ફર કરવાનું અનુભવતાં નથી, તેઓ તો સદા એક જ સ્થાને સ્થિર છે - આ વાત જરા ધ્યાન આપવાથી સમજાશે. કારણ કંઈ નથી, કારણ ફક્ત મા છે. મા આમ સ્થિર છે તે આપણે અનુભવી નથી શકતાં. મા તો હંમેશ કહે છે, "હું ક્યાંય ફરતી નથી. હું હંમેશ એક જ જગાએ સ્થિર રહું છું. તમારી ફરતી દૃષ્ટિમાં તમે જો ઈચ્છો તો કહી શકો છો કે એક જ ઘરમાં ચાલુ છું, બેસું છું, સૂઉં છું."

આ તથ્ય માત્ર વાતચીતના માધ્યમથી નહીં, વાસ્તવમાં એમના શરીરથી પણ સ્પષ્ટ થતું રહે છે.

●

વાતવાતમાં ફળાહારી માતાજીએ કહ્યું, "અંદરની વાત રામજી જાણે," પછી માને બતાવતાં બોલી, "આ બધું જાણે છે." વળી આગળ કહ્યું, "તમે તો મારાં થઈ ગયાં છો. મારા પ્રાણ તમારી જ પાસે રહે છે, પણ મને બહાર દેખાડવાની ટેવ નથી, દેખાડીને શું કરું ? પેલે દિવસે તમે મારી અંદર શી ખબર શું કરી દીધું કે આજ સુધી હું બરાબર સમજી નથી શકી." ગંભીર થઈને કંઈક દૂર બેસીને ઉદાસ ભાવે આ બધું કહેતી વખતે એમની બધી વાતો મર્મસ્પર્શી લાગતી હતી. અહીંના લોકો એમને ઘણી શ્રદ્ધાથી જુએ છે. હંમેશ તપસ્યામાં લીન રહે છે. બોલ્યાં, "છોકરી જ મારી ગુરુ હતી. એના જ શોકમાં આજે ૪૦-૫૦ વરસથી બહાર રહીને ભગવાનની સેવા કરી રહી છું."

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આજે સવારે ઊઠતાં જ ચાંદોદ જવાનો નિર્ણય લેવાયો. મા ફળાહારી માતાજીને ત્યાં જઈ મળી આવ્યાં. અમે લોકો ૧૦ વાગે બોટમાં રવાના થયાં. જતી વખતે અમે જોયું કે એમનું દૈનિક કામકાજ-પૂજા-અર્ચના છોડીને આવા સખત તડકામાં ફળાહારી માતાજી નદી કાંઠે માને જોતાં ઊભાં છે. અમને એ દૃશ્ય અત્યંત આશ્ચર્યજનક લાગ્યું; તે એટલા માટે કે એમને આ જાતનું વર્તન કરતાં ક્યારેય નથી જોયાં.

અભયે ફરિયાદ કરી, "મને આ બધું નથી ગમતું. આનાથી શો લાભ થાય ? બિચારાં સ્થિર ભાવમાં હતાં, એમને હેરાન કરવાની શી જરૂર ?"

મા મૃદુ સ્મિત કરતાં બોલ્યાં, "એની અંદર જે જ્વાળા છે તે નીકળી જાય તો જ સારું."

આ બાજુ વૃદ્ધાના મનમાં આવો ઊહાપોહ ઉત્પન્ન કરીને ચાંદોદ બાજુ રવાના થઈ ગયાં. બે-ચાર દિવસમાં વૃદ્ધા જતાં રહેશે, પણ ત્યાં સુધી એ પ્રતીક્ષા ન કરી શક્યાં. આ ચરિત્ર જોતાં જોતાં વિસ્મયના રોમાંચથી હું સ્તંભિત થઈ જાઉં છું. એક બાજુ બધાંને આ નચાવી રહ્યાં છે, ને બીજી બાજુ સ્વયં સ્થિર-ધીર અને અવિકૃત છે ! કદાચ તેથી જ આટલા બધા લોકોને અસ્થિર કરી દે છે.

અમે વિષ્ણુમંદિરમાં આવીને ઊતર્યાં. અમને જોઈને મહંત રામરતનદાસજી ખૂબ આનંદ પામ્યા. અનેક રીતે અમારો આદરસત્કાર કર્યો. અહીંયાં મા કેટલા દિવસ રોકાશે તે ખબર નથી.

●

(વ્યાસમાં) આજે અહીંયાંની ઘણી સ્થાનીય વ્યક્તિઓ માનાં દર્શન માટે આવી. સવારે એક પ્રૌઢ સ્ત્રીએ માને પ્રણામ કરીને એમની પ્રદક્ષિણા કરી. આજ પહેલાં એ કદી દેખાઈ નથી. કંઈ બોલી નહીં.

●

આજે મળસ્કે ઊઠીને હું અભયને લઈને માની સાથે નર્મદાને કિનારે કિનારે થઈને વ્યાસદ્વીપની પ્રદક્ષિણા કરી આવી. જંગલના અંદરના રસ્તે આવ્યાં.

●

આજે સવારે હું મા સાથે હોડીમાં પેલે પાર નદી કાંઠે શુકદેવ નામક સ્થાને ગઈ અને ઘણી વાર સુધી ત્યાં રહી. ત્યાં મંદિર છે, પૂજારી છે, નિત્ય પૂજા થાય છે. પૂજારીએ માને રોકાઈ જવા વિનંતિ કરી, પરંતુ અમે લગભગ ૧૨ વાગે પાછાં ફર્યાં. એ બાજુ ખાસ્સી નીરવતા છે. પ્રાચીન મંદિરોને લીધે નિર્જનતામાં વૃદ્ધિ થઈ છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાંજે ત્રણેક વાગે અમે મા સાથે 'અનસૂયા' જોવા ગયાં. છેલ્લા બેચાર દિવસથી અમારી મંડળી ઘણી વધી ગઈ છે. સંધ્યાસમયે કીર્તન, સાધન-ભજન માટે જે સ્ત્રીઓ એકત્રિત થાય છે તે બધી સાથે હતી. આજે નૌકાયાત્રામાં ઘણા લોકો સાથે થઈ ગયા.

હું હસી, "હવે બરોબર છે. મા સાથે ફક્ત બેએક માણસના જવાથી કેમ ચાલે ?"

..... અત્યંત એકાંત સ્થાન છે. એમ કહેવાય છે કે અહીંયાંની માટી શરીરે ચોપડવાથી રક્તપિત્તનો રોગ મટી જાય છે. બહાર એક મોટું વૃક્ષ છે, જેને વિષે જણાવ્યું કે એનાં મૂળ અનસૂયા મંદિરની અંદર સુધી ગયેલાં છે, એની ઉપર જ અનસૂયા દેવી સ્થાપિત છે.

વ્યાસનો રસ્તો અહીંથી બે કલાકનો છે. શુક્લા અષ્ટમી તિથિ, ચાંદની રાતે હોડીમાં અમે કીર્તન કરતાં કરતાં પાછાં ફરી રહ્યાં હતાં. જતી વખતે પણ કીર્તન કરતાં હતાં. ગોવિંદ પાંડે અષ્ટમીનો ઉપવાસ કરે છે. એમણે હોડીમાં જ માની પૂજા કરી, સ્તોત્રપાઠ કર્યો. વ્યાસ પહોંચતાં પહેલાં મા હોડીમાં એક બાજુ જઈને બેસી ગયાં. હું પાસે જ ઊભી હતી.

મા પહેલાં તો સ્તોત્રપાઠ જેવું કંઈક બોલ્યાં, પછી હસી પડ્યાં. હું પણ હસી પડી. બાકીના લોકો થોડેક દૂર હોડીને બીજે છેડે બેઠા હતા. થોડી વાર પછી મા ભજન ગાવા માંડ્યાં - "હરે મુરારે મધુકૈટભારે ગોપાલ ગોવિંદ મુકુંદ શૌરે." આ એક જ પદને વારંવાર ફેરવી ફેરવીને ગાતાં રહ્યાં. આંખો બંધ, તન્મય ભાવે એ જ પદને ભજતાં બોલ્યાં - "હરિ બોલ, હરિ બોલ."

ઘણી વાર સુધી ગાયું. આંખોમાંથી આંસૂ પડવા લાગ્યાં. બધાં જ સ્તબ્ધ થઈને સાંભળતાં હતાં. પ્રકૃતિ પણ જાણે સ્તબ્ધ થઈ ગઈ ! એક અપૂર્વ અવર્ણનીય આનંદમાં અમે સૌ ડૂબી ગયાં.

આની થોડી વાર પહેલાં માના મુખમાંથી એકાએક નીકળ્યું - "આહ." સહેજ હસીને બોલ્યાં, "એક દિવસ ફરી આ જાતનો શબ્દ નીકળ્યો' તો ને ?"

મેં કહ્યું, "હા. વચ્ચે એક દિવસ આપને મુખેથી આ જ શબ્દ નીકળ્યો હતો."

પછી ફરી વાર "હરે મુરારે" ભજન શરૂ કર્યું.

●

આજે પણ કીર્તન થયું. પાંડેજીએ માની આરતી ઉતારી. કાઠિયાવાડ-નિવાસી એક વિધવા થોડા દિવસથી આવી છે. રામ-મંદિરના બ્રહ્મચારી બાબાની શિષ્યા છે. અહીંયાં એકાંતમાં સાધન-ભજન કરવાની ઈચ્છાથી એક મકાન બંધાવ્યું છે. ઘણી શાંત પ્રકૃતિની છે. ગુજરાત ખૂબ ધર્મ-પ્રવણ પ્રાંત છે. લોકો બહુ સરળ અને શ્રદ્ધાળુ છે. દરેક કુટુંબ ખાતું-કમાતું હોય છે માટે કોઈને અહીંયાં કંઈ અભાવ નથી. બધાં મસ્ત છે.

આ મહિલા અવારનવાર મા પાસે આવે છે. એમ સાંભળ્યું કે કાલે સ્વપ્નમાં માને દુર્ગા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રૂપે જોયાં હતાં. એ માને એની કુટીરમાં કાલે લઈ જવા માટે આગ્રહ કરી રહી છે.

●

આજે સવારે માને લઈને બધાં નર્મદા કિનારા સુધી ફરી આવ્યાં. લગભગ ૧૦ વાગે કાઠિયાવાડી મહિલા આવીને માને એની કુટિયામાં લઈ ગઈ. ત્યાં જઈને જોયું તો પૂજાનો સમસ્ત સરંજામ તૈયાર છે. વ્યાસના બધા જ લોકો ત્યાં ઉપસ્થિત છે. એણે માની પૂજા કરી. પછી થોડી વાર કીર્તન થયું. માએ પણ ભજન ગાયું, ગવડાવ્યું - ''કૃષ્ણ કન્હૈયા, વંશી બજૈયા, ગૈયા ચરૈયા હા.... રે.... રે... રે... રે.' આગળ બીજું પદ આમ શરૂ થયું, ''જય શિવ શંકર બમ બમ હર હર.''

બધાં જ બે કલાક સુધી બેસી રહ્યાં. પેલી મહિલાને હિંદી બોલતાં બરાબર નથી આવડતું. ગુજરાતીમાં કહ્યું, ''મા અહીંયાં આવવાનાં હતાં એટલે કાલે રાત્રે બે વાગ્યાથી સાફસૂફી કરવા માંડી. માને હું કેટકેટલી મૂર્તિઓમાં જોઈ ચૂકી છું, શું વર્ણન કરું ? કીર્તન કરતાં કરતાં બધું જ ભૂલાઈ રહ્યું હતું. રોજ જ આ ભજન ગાઉં છું, પછી આજે કેમ આંખમાં પાણી આવે છે ? કેમ બધું ભૂલાઈ રહ્યું છે ?''

હું હસી, ''ભુલાવવું તે જ માનું કામ છે !''

મા તરત બોલ્યાં, ''ક્યાંથી ? ભૂલ થઈ જાય તો ને. જરીક ભૂલથી શું થાય ?'' (અર્થાત્ સાચી ભૂલ તે સંસાર ભૂલાઈ જવો.)

માને કેટલાક ''ભગવતી માઈ'' કહીને પ્રણામ કરી રહ્યા છે. નિત્ય આવાં દૃશ્યો જોઉં છું, તો પણ આશ્ચર્ય થાય છે. આ નાનકડા જંગલમાં પણ દિન પ્રતિદિન માનો પ્રભાવ પ્રકાશિત થતો જાય છે, બે-એક જણ સિવાય કોઈને યે હિંદી ભાષા નથી સમજાતી કે નથી બોલતાં આવડતી તો પણ. અમે લોકો પણ ગુજરાતી નથી સમજી શકતાં કે બોલી શકતાં. મુંબઈથી શાંતિ નામની જે છોકરી આવી છે તે પણ હિંદી બરાબર નથી સમજતી, છતાં માની સેવા કરવાનો વિશેષ આગ્રહ રાખે છે. અમદાવાદમાં ફક્ત બે દિવસ મુલાકાત કરી શકેલી, અહીંયાં શી ખબર ક્યાંથી તપાસ કરીને આવી પહોંચી ! માની વાતો એ નથી સમજી શકતી અને માને એની વાતો સમજાવતાં પણ એને નથી ફાવતું. બહારી રૂપે એવું દેખાય કે આ કેવું દુઃસાધ્ય કામ છે, છતાં મા પ્રત્યેની એની ભક્તિ, વિશ્વાસ બહુ જ ઊંડાં છે. અત્યંત સરળ અને શ્રદ્ધાળુ સ્ત્રી છે.

●

આજે રામમંદિરના બ્રહ્મચારીબાબાના એક શિષ્ય (શિહોરના ચુનીલાલ શેઠ) માને રામમંદિરમાં લઈ ગયા અને પૂજા કરી. કીર્તન પણ થયું. શેઠજી એમના ગુરુજીને ત્યાં ઘણા દિવસથી આવ્યા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે, અહીંના ગૃહસ્થોમાં એક વિશેષ ખૂબી એ જોઉં છું કે આ લોકો થોડા દિવસ તીર્થસ્થાનમાં કે ગુરુસ્થાનમાં ચોક્કસ પસાર કરે છે.

અલ્મોડાના એક સાધુ જેમનું નામ છે નારાયણ સ્વામી, કાલે અહીં આવ્યા છે. આ સુપ્રસિદ્ધ નારાયણ સ્વામી (જેમના ગુજરાતમાં અસંખ્ય ભક્તો છે) મ્હૈસુરના છે. મૌન રહે છે છતાં એમના અનેક શિષ્યો છે. રૂમાદેવીના કહેવાથી આવ્યા છે. સારા સાધુ જણાય છે. ઊંચા, શરીર પર કંઈ આવરણ નથી, માત્ર કંતાનનું આવરણ છે. માને એમણે પ્રણામ કર્યાં.

માના હાથનું ફળ ખાવાની ઈચ્છા પ્રગટ કરી એટલે માએ એમના હાથમાં ફળ મૂક્યું. આજે એ લોકો (સાથે બે સેવકો છે) જવાના છે.

માને જ્યારે હું રામમંદિરમાં લઈ જતી હતી ત્યારે માએ કહ્યું, "પિતાજીને બોલાવી લાવો."

માને બેસવા માટે જરીનું આસન પાથર્યું છે. ફૂલોની માળા અને કંગન આવ્યાં છે. માના હાથોમાં ફૂલોનાં કંગન પહેરાવ્યાં. લોકો જેવા માને હાર પહેરાવવા ગયા કે તરત મા એને હાથમાં લઈને ઊભાં થઈ ગયાં અને નારાયણ સ્વામીના ગળામાં નાખીને બોલ્યાં, "હું હાથોમાં પહેરું છું અને પિતાજી ગળામાં પહેરશે."

નારાયણ સ્વામીએ હાથ જોડ્યા. મા જરીના આસન ઉપર જ બેઠાં. સ્વામીજીની પાસે બેસીને બોલ્યાં, "હું પિતાજીની પાસે બેસીશ. પિતાજીના ખોળામાં સૂઈશ."એમ બોલીને સૂઈ ગયાં.

માના બાલ સહજ-સરળ વ્યવહારથી એમને ક્ષણવાર માટે સંકોચ થયો, પણ બીજી જ ક્ષણે એ ભાવ જતો રહ્યો. માને દૂધ-ફળ આપવામાં આવ્યાં ત્યારે માએ કહ્યું, "પહેલાં પિતાજીને આપો."

સ્વામીજીને દૂધ-ફળ આદિ આપ્યું. ત્યાર પછી માએ ગ્રહણ કર્યું. માનું પ્રત્યેક કાર્ય આ પ્રકારનું હોય છે.

... જતાં પહેલાં સ્વામીજીએ માને હાથે ફળની માગણી કરી. માએ એમની ઈચ્છા પૂર્ણ કરી.

●

એક દિવસ અભયે માને પૂછ્યું, "મા, આપની પાસે જેટલા સૂક્ષ્મ શરીરવાળાઓ આવે છે, એ બધા અમારે વિષે પણ કંઈ કહે છે કે ?"

માએ કહ્યું, "વિશેષ કંઈ નથી કહેતા, પણ તદ્દન નથી કહેતા એવું નથી. કોઈ કોઈ વાર તો તેઓ હાથથી ઈશારો કરી જાય છે."

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(એક વૃદ્ધ દંડી સંન્યાસી શાસ્ત્ર ચર્ચા કર્યા પછી અભય વિષે માને કહે છે :) એમને શેની ચિંતા ? એમને આપની સંગતિ પ્રાપ્ત થઈ છે. આ પ્રકારની સંગતિ દુર્લભ, અગમ્ય અને અમોઘ છે એવું શાસ્ત્રોએ કહ્યું છે. દુર્લભ અર્થાત્ જેને મેળવવું મુશ્કેલ છે, ઘણા સદ્ભાગ્યે પ્રાપ્ત થાય છે. અગમ્ય અર્થાત્ જેને બુદ્ધિ સમજી નથી શકતી. તેથી વારંવાર સંદેહ અને સંશય ઉત્પન્ન થાય છે, અને અમોઘનો અર્થ એ કે આ સંગતિનું ફળ કદીયે વ્યર્થ નથી જતું. હું સામાન્ય રીતે કોઈની પાસે નથી જતો, પણ આપની મૂર્તિ જોતાં જ સમજી ગયો કે આપ આકર્ષણ દ્વારા પાસે બોલાવી લો છો. ગયે વરસે આપ કર્ણાલી આવ્યાં હતાં. હું પણ આ ક્ષેત્રમાં આંટો મારું છું. એ દિવસોમાં હું કર્ણાલીમાં નહોતો કદાચ ત્યારે મને દર્શનનું સદ્ભાગ્ય પ્રાપ્ત થવાનું નહીં હોય, આ વખતે થઈ ગયું. આ મારે માટે ખૂબ સદ્ભાગ્યની વાત છે કે આપની સાથે નર્મદા કિનારે બેસવાનો અવસર મળ્યો. હું ગમે તેની સાથે શાસ્ત્રની ચર્ચા નથી કરતો. આપની આજ્ઞા હતી માટે જ કરી. આ વાતોમાં શું ? અંતરમાં અનુભવ જોઈએ. ''

●

ઉત્તમ ગૃહસ્થ

કામ, ક્રોધ, મોહ, મદ્યપાન, મદ આદિ, માયા (કપટ), માત્સર્ય (ઈર્ષ્યા), પિશુનતા (ચુગલી), અવિવેક, વિચારશૂન્યતા, અંધકાર (તમોગુણ), સ્વેચ્છાચારિતા, ચપલતા (ચાંચલ્ય), લોલુપતા, સાંસારિક વસ્તુઓ માટે અત્યંત ક્લેશ થવો, અકર્મણ્યતા, પ્રમાદ, બીજા સાથે દ્રોહ કરવો, આલસ્ય, દીર્ઘસૂત્રિતા (દરેક કામમાં ખૂબ વાર કરવી), પરનારી સાથે અનુચિત સંબંધ, અત્યાહાર, નિરાહાર, શોક, ચોરી - આ સર્વ દોષોથી દૂર રહીને જે જીવે તે મનુષ્ય પૃથ્વીનું, દેશનું તથા નગરનું ભૂષણ છે. તે જ શ્રીમાન્ (ધનૈશ્વર્ય અને સદ્ગુણોથી યુક્ત) વિદ્વાન, કુલીન અને મનુષ્યોમાં શ્રેષ્ઠ છે, તથા એને સંપૂર્ણ તીર્થોમાં સ્નાન કરવાનું જે ફળ છે તે પ્રાપ્ત થાય છે.

- (સ્કંદપુરાણ - પ્રભાસખંડ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નર્મદાતટે વ્યાસદ્વીપની મહિમા

સ્કંદપુરાણના રેવાખંડમાં નર્મદાતીરનાં અનેકાનેક તીર્થોનો ઉલ્લેખ છે. જેમાંનાં ઘણાં ખરાં અત્યારે લુપ્ત થઈ ગયાં છે. મહામુનિ માર્કંડેય કહે છે : "નર્મદાની ઉત્તરે અનંતપુર નામે એક સ્થાન છે, જ્યાં સર્વ-પાપહરણ અનંતસિદ્ધિ નામે લિંગ છે. એ અનંતપુરમાં જ વૈશ્રવણતીર્થ, કૌબેરતીર્થ (કુબેર ભંડારી), ધનદતીર્થ, મણિભદ્રતીર્થ અને યજ્ઞતીર્થ છે જે પરમ પવિત્ર, સર્વલોકપ્રસિદ્ધ, મનોવાંછિત ફળ આપનારાં તથા મોક્ષદાયક છે. ત્યાં જ ઋષિઓના પવિત્ર આશ્રમો પણ છે જે સર્વદેવમય તથા શુભ છે. ત્યાં સાવર્ણિ, કૌશિક, અઘમર્ષણ, શાકલ્ય, કુશાકર્ણ્ય, શરભંગ, અગ્નિગર્ભ - આ તથા બીજા ઘણા બધા ઉત્તમવ્રતી મહર્ષિઓ હતા કે જેઓએ તપસ્યા કરીને આ નર્મદાતીર્થના માહાત્મ્યને કારણે સ્વર્ગલોક પ્રાપ્ત કર્યો. ઋષિશ્રેષ્ઠ વાલ્મીકિએ પણ આ જ તીર્થના પ્રભાવથી બ્રહ્મતેજસંપન્ન દેહ પ્રાપ્ત કર્યો. ઈક્ષ્વાકુ, કુવલયાશ્વ, દિલીપ, નહુષ, વેણુ, યયાતિ, અજપાલ અને હૈહય - આ તથા બીજા ઘણા રાજાઓએ અનંતપુરમાં નિવાસ કર્યો છે. આ અનંતપુરના ક્ષેત્રમાં જ નર્મદાતટે ભગવાન મહેશ્વર નિવાસ કરે છે, એમનું વિધિપૂર્વક પૂજન કરીને આ સર્વ રાજાઓએ સ્વર્ગલોક મેળવ્યો. અનંતપુરમાં સપ્તર્ષિતીર્થ, સપ્તસારસ્વતતીર્થ, કલ્મષાપહતીર્થ, પંચબ્રહ્મમયતીર્થ, સહસ્રશીર્ષા મહાદેવ, વારાહતીર્થ, વામનતીર્થ, યમતીર્થ (યમહાસ), સૌરભંગતીર્થ, સહસ્રાશ્વમેધતીર્થ, હિરણ્યગર્ભતીર્થ, સાવિત્રતીર્થ અને ચાતુર્વેદતીર્થ છે જે બધાં તીર્થો સંપૂર્ણ લોકોને પવિત્ર કરનારાં અને શ્રેષ્ઠ છે. પર્યંક પર્વતથી પશ્ચિમ દિશામાં જ્યાં સુધી અનંતપુરનું ક્ષેત્ર છે તે પરમ શુભ છે. એની અંદર મૃત્યુ પામનારાં દાન-ધર્મથી રહિત હોય તો પણ ચૌદ ઈન્દ્રોના સમય પર્યંત સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠિત થાય છે."

"ત્યાર પછી દ્વીપેશ્વર નામક ઉત્તમ તીર્થ છે જે વ્યાસતીર્થ કહેવાય છે. ત્યાં નર્મદામાં સ્નાન કરનાર મનુષ્યને અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે. એ ઈચ્છાનુસાર ફળ આપનારું શ્રેષ્ઠ તીર્થ છે. આ દ્વીપેશ્વરમાં સ્નાન કરીને જે વૃષભનું દાન કરે છે તે સુવર્ણના વિમાનમાં સ્વર્ગે જાય છે. જે મનુષ્ય કારતક માસના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિએ ઉપવાસ કરીને, ઈન્દ્રિયોનો સંયમ કરીને ત્યાં ભગવાન શિવને સ્નાન કરાવે છે તે સર્વ પાપોમાંથી મુક્ત થઈને રુદ્રલોકમાં સમ્માનિત થાય છે. (આ શિવમંદિર વ્યાસદ્વીપમાં આજે પણ છે.) બ્રહ્મા આદિ સંપૂર્ણ દેવતાઓ અને તપોધન ઋષિઓ વ્યાસતીર્થમાં જઈને ભાવિતાત્મા ભગવાન શંકરની સ્તુતિ કરે છે. બીજા પણ જે સિદ્ધો, ગંધર્વો, કિન્નરો અને નાગો વગેરે છે, તેઓ અન્યાન્ય ક્ષેત્રોમાંથી ભગવાન શંકરનું સ્તવન કરતાં કહે છે કે, "જેમના હાથમાં શક્તિ છે, જેમના સમાન શક્તિશાળી વીર બીજો કોઈ નથી, તેઓ સમસ્ત દેવતાઓ દ્વારા પૂજિત અને આરાધિત સુરશ્રેષ્ઠ ભગવાન ભૂતનાથ ઈચ્છે તેને ઊંચે લાવી શકે છે કે અવનતિમાં નાખી શકે છે, જેમના એક બાણે ત્રિપુરને ભસ્મ કરી નાખ્યો, જેમના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લલાટવર્તી નેત્ર દ્વારા દૃષ્ટિમાત્રથી કામદેવ ભસ્મ થઈ ગયા અને જેમણે પોતાના શ્રેષ્ઠ ત્રિશૂળ દ્વારા અંધકાસુરને ચીરી નાખ્યો એમનો વિરોધ કોણ કરી શકે ? જેમણે જટાના અગ્ર ભાગમાં જલરાશિની ઉત્તાલ તરંગોથી સંયુક્ત ગંગાને ધારણ કરી છે, જેમના ચરણારવિંદના અંગુઠાનું લેશમાત્ર દબાણ પામીને લંકાપતિ રાવણ મૂર્છિત થઈને નીચે પડી ગયો, જેમણે સમસ્ત દેવતાઓ અને અસુરો સમક્ષ દક્ષના યજ્ઞનો ક્ષણવારમાં ધ્વંસ કરી નાખ્યો હતો, જેમના લિંગમય વિગ્રહના પૂજનથી મનુષ્ય મનોવાંછિત ફળ પામે છે - એવા ભગવાન શંકર સમાન કે એમનાથી વધારે ઉપર બીજા ક્યા દેવતા છે ?''

''જે વિધિપૂર્વક મહાદેવજીની આરાધના કરીને આ (ઉપર કહેલા) ''यस्यास्ति शक्तिः'' ઈત્યાદિ સ્તોત્રનો પ્રાતઃકાળે યત્નપૂર્વક પાઠ કે સ્મરણ કરે છે, તે ભગવાન શંકરનો પાર્ષદ બને છે. જે આ સ્તોત્રનો મહાદેવજીની સમીપ પાઠ કરે છે, એના પર વ્યાસેશ્વર શિવ તથા નર્મદા બન્ને પ્રસન્ન થાય છે.''

''ત્યાર બાદ ઉત્તમ વ્રતનું પાલન કરનારા મુનિઓ તથા વ્યાસજીએ નર્મદાતટે પિતૃઓનું શ્રાદ્ધ કર્યું. ત્યાં શ્રાદ્ધ કરવાથી પિતૃગણ બાર વર્ષ સુધી તૃપ્ત રહે છે.''

●

વ્યાસબેટ તે વ્યાસમુનિની તપઃસ્થલી છે. પ્રાચીનકાળમાં ઋષિઓ એક જ સ્થાને રહેતા ન હતા, અનેક અન્ય સ્થાનોમાં વ્યાસ, વસિષ્ઠ, અગસ્ત્ય, વાલ્મીકિ, જમદગ્નિ, પરશુરામ જેવા અન્યાન્ય ઋષિઓની ગુફાઓ તથા સ્થાનો હતાં.

●

વળી, સ્કન્દપુરાણમાં ચાંદ્રાયણ નામક તીર્થનું વર્ણન છે, અને 'ત્યાં જ દ્વાદશાદિત્યતીર્થ છે'' એમ કહ્યું છે. આ બન્ને મળીને હાલનું ચાંદોદ હોઈ શકે, કારણકે બન્ને શબ્દો ભેગા મળીને અપભ્રંશ ચાંદોદ બન્યું હોય. ચાંદોદ માટે પ્રાચીન ચંડાદિત્ય તથા ચંડિકાપુરી નામો પણ પ્રચલિત છે, અને અત્યારે એ મંદિરો પણ હયાત છે.

સ્કંદપુરાણમાં વરાંગના-નર્મદા-સંગમનું પણ વર્ણન છે. વરાંગના તે હાલની ઓર નદી જે કર્ણાલી પાસે નર્મદામાં મળે છે તે હોવાની શક્યતા છે.

ઉપર વર્ણવેલ અનંતપુર પણ ચાંદોદ હોઈ શકે. કાલાંતરે જુદાં નામો એક થઈ ગયાં હોય છે.

ભીમેશ્વર તીર્થની મહિમા વર્ણવી છે. એ સ્થાન આજનું ભીમપુરા હોઈ શકે.

આ બધાં અનુમાનો છે, હકીકતમાં પ્રાચીન નામોવાળાં સ્થળો અર્વાચીન સમયમાં કેટલાંક એ જ નામનાં છે અને કેટલાંક અપભ્રંશ થઈને બદલાઈ ગયાં છે અને બીજાં સદંતર લુપ્ત થઈ ગયાં છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પાંચ વિશેષ પ્રસંગો

(૧)

એક વાર કીર્તનિયાઓનું એક દળ મા પાસે આવીને કીર્તન કર્યા પછી ઊભું થયું. મુખ્ય કીર્તનકારને માએ કહ્યું, "પિતાજી, વાજા વગર મને એક ગીત સંભળાવો."

કીર્તનકારે એક બાળકને ગાવાનું કહ્યું. બાળક માની પાસે બેઠો. માએ પૂછ્યું, "તારું નામ શું છે ?"

બાળક : હરિદાસ.

મા : તમે લોકોએ આનું એ નામ પાડ્યું છે ? કે નાનપણથી આ જ નામે એને બોલાવે છે ?

કીર્તનકાર : આનું એ નામ પાડવામાં આવ્યું છે.

મા : (બાળકને) તારા પિતાનું શું નામ છે ?

બાળક : કરામત અલી.

આ સાંભળીને મા પ્રસન્ન થયાં, અને બાળકના બન્ને ગાલ દબાવીને વ્હાલ કર્યું.

મા : જુઓ, કેવો યોગાયોગ છે. મુસલમાનના ઘરમાં જન્મ લીધા છતાં પૂર્વ સંસ્કારને લીધે અહીંયાં (અર્થાત્ હિંદુઓના સંપર્કમાં) આવી ગયો છે અને કૃષ્ણ-નામ ગાતો ફરે છે. એટલે જ હું કહું છું કે ધર્મમાં જાતિ-વર્ણનો ભેદ નથી હોતો.

બાળકે ગાવાનું શરૂ કર્યું :

"સંસાર માયા છાડિયે કૃષ્ણ નામ ભજ મન."

અત્યંત મધુર સ્વરમાં ગાયું. બધા ઉપસ્થિત લોકોને પણ ખૂબ ગમ્યું.

મા : પૂર્વજન્મના સંસ્કાર ગાયન દ્વારા પકડમાં આવી જાય છે. (બાળકને પૂછ્યું) તારું કોણ કોણ છે ? કોની પાસે રહે છે ?

કીર્તનકાર : એનું કોઈ નથી. અમારી પાર્ટીમાં રહે છે અને અમારી સાથે ગાતો ફરે છે.

મા : (બાળકને) જો તારું કોઈ નથી તો તું મારી સાથે રહે. હું તારું ગીત સાંભળીશ. કેમ ?

માએ આ એટલા બધા મધુર સ્વરમાં કહ્યું કે વર્ણન ન કરી શકાય. જાણે કે માએ વિશ્વનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સમસ્ત સ્નેહ અને મમતા ઠાલવી દીધાં ! બાળક કંઈ ન બોલ્યો.

મા : કેમ, તું મારી પાસે રહીશ ? તારું તો પોતાનું કહેવાય એવું ત્યાં કોઈ નથી, મારી પાસે પણ નથી. તો પછી મારી પાસે રહેવામાં તને શો વાંધો છે ? મારી પાસે રહીશ, મને ગીત સંભળાવીશ. કેમ બરાબર ને ?

બાળક આખરે બોલ્યો, "મારી ઉપર આપ આપની કૃપા રાખજો."

બધાં હસી પડ્યાં.

મા : મારી સાથે આની જવાની ઈચ્છા નથી એટલે આવો ઉત્તર આપ્યો.

બાળક રજા માગીને ગયો. માની લીલા કેવી છે ! સામે ચાલીને બાળક પાસે ગવડાવ્યું, પોતાની પાસે બોલાવવા માટે ? એ મુસલમાન છે તે સર્વજ્ઞ મા તો જાણતાં હતાં, છતાં તત્ત્વ પ્રગટ કરવા માટે 'હરિદાસ' સાંભળ્યા પછી પણ એમ પૂછ્યું કે નાનપણથી જ એ છે કે પછીથી પાડવામાં આવ્યું છે ? જે તત્ત્વનું પ્રત્યક્ષ સ્પષ્ટીકરણ કર્યું તે છે પૂર્વજન્મના સંસ્કાર. વળી મા હંમેશા સ્પર્શ નથી કરતાં તેમ છતાં એને જનનીની જેમ વહાલ કર્યું. મા બાળકનું પ્રારબ્ધ બદલી દેત, પણ એનું પ્રારબ્ધ-ભોગ પ્રત્યે સ્વાભાવિક ખેંચાણ હોવાથી એ ન રહ્યો. ઈશ્વરની કૃપાને આપણે સહકાર ન આપતાં તરછોડી દઈએ છીએ અને પ્રારબ્ધના પ્રવાહમાં તણાતા જઈએ છીએ. ઈશ્વર બહાર નીકળવા હાથ આપે છે, આપણે ડૂબવાનું જ પસંદ કરીએ છીએ. માએ એકવાર કનખલ આશ્રમમાં - બ્રહ્મચારી વિબુદાના અવસાન પછી - જે વાત કરી હતી તેનો સારાંશ એ છે કે બે પ્રવાહોની શક્તિ મનુષ્યને ખેંચે છે, પ્રભુકૃપા અને પ્રારબ્ધ. મનુષ્ય જ્યારે દુષ્પ્રારબ્ધ ભોગવે છે, કૃપાની અવગણના કરીને, ત્યારે એ પ્રારબ્ધના પ્રવાહની શક્તિમાં એની જાતને છૂટી મૂકી દે છે. પ્રયત્ન કરીને એ કૃપા બાજુ જાય તો પ્રારબ્ધ કામ નથી કરતું. એ માત્ર પ્રભુની અહૈતુકી કૃપાથી જ - અને જવલ્લે જ થાય છે. માએ એમ પણ કહ્યું છે કે મહાપુરુષો એમાં બનતાં સુધી દખલ નથી કરતા. અર્થાત્ સૃષ્ટિના નિયમને અનુરૂપ થવા દે છે. માએ ત્રણ પ્રકારના મહાત્માઓ વિષે કહ્યું છે : (૧) જેઓ અન્યનો ભોગ પોતાના પર લઈ લે છે, જે એમના શરીર પર દેખાય છે. (૨) ભોગ લીધા પછી જેમના શરીર પર દેખાતો નથી. (૩) જેઓ ઈચ્છે તો કોઈ કલ્યાણ-કામનાથી એ ભોગ શરીરમાં જાણી જોઈને દેખાડે છે.

(૨)

એક સ્થાને માએ એક વિશેષ વૃક્ષ વિષે એક ભક્તને પૂછ્યું : પિતાજી, આંબાના ઝાડ પરથી મધ પડે છે, જોઈ રહ્યા છો ?

"હા, મા, જોઈ રહ્યો છું, પણ એ શા માટે પડે છે ?"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : આંબાના વૃક્ષમાં મુકુલ હોય છે, કદાચ તેથી જ ઝરે છે.

ભક્તે મહાત્મા વિજયકૃષ્ણ ગોસ્વામીના 'ગંડેરિયા' આશ્રમના એક આંબાના ઝાડ વિષે કહ્યું. એમાંથી પણ મધ ઝરતું હતું. ગોસ્વામીજીએ કહ્યું કે કોઈ વૃક્ષ નીચે કોઈ સાધુ દીર્ઘ કાળ સુધી સાધન-ભજન કરે તો એ વૃક્ષમાં સાત્ત્વિક પ્રભાવ દેખાય છે, અને તેથી મધ ઝરે છે.

મા : એ અશક્ય નથી. વૃક્ષોને પણ પ્રાણ હોય છે. મનુષ્યનું ચરિત્ર જો સત્સંગને કારણે ઉન્નત થાય તો વૃક્ષોનું કેમ ન થાય ?

મા જ્યારે બંગાળમાં શાહબાગમાં વિરાજમાન્ હતાં ત્યારે એક વૃક્ષમાંથી ચંદનની સુગંધ આવતી હતી. ભીમપુરા આશ્રમમાં માના નિવાસસ્થાનની સામે એક કડવા લીમડાનું ઝાડ છે, હજી પણ છે. એક વાર મા ભીમપુરા આવ્યાં ત્યારે આશ્રમનાં અનસૂયાબહેન એ લીમડાના ઝાડનાં થોડાંક પાન મા પાસે લાવીને બોલ્યાં : એ પાન મીઠાં છે. બીજાંઓને પણ ચખાડ્યાં, બધાંએ મીઠાશ અનુભવી. એ ઝાડની એક ડાળ માના આવાસ બાજુ પહોંચેલી હતી અને એનાં પાન મીઠાં હતાં. પછીથી એક બ્રહ્મચારીએ, એ વાતની ખબર ન હોવાથી, ઝાડ કપાવ્યું, અને એ ડાળી જતી રહી.

(૩)

પ્રશ્ન : મા, ગોસ્વામીજી (શ્રીવિજયકૃષ્ણ ગોસ્વામી) એ કહ્યું છે કે મધ્યરાત્રિ જ સાધન-ભજન માટે સાચો સમય છે, કારણ કે તે વખતે મહાત્માઓ ગમનાગમન કરતા હોય છે. કોઈ જપ-તપ કરતું હોય તો સહાય કરે છે.

માએ જે કહ્યું તેનો ભાવાર્થ આ છે : પ્રત્યેક સમયનો એક વિશેષ ભાવ છે અને એ ભાવ પાત્રભેદ અનુસાર કાર્ય કરે છે, જેમ કે સવારે એક ભાવ તો સાંજે બીજો ભાવ. સાંજે બનતાં સુધી મન શૂન્ય હોય છે અને ઘણું સ્થિર થઈ જાય છે. માટે ત્યારે નામ-જપ કરવાનું વિધાન છે. તે જ પ્રમાણે મધ્યરાત્રિનો એક વિશેષ ભાવ છે કે જે સાધન-ભજન માટે અનુકૂળ હોય છે. તે સિવાય એ ભાવોના આવિર્ભાવને અનુભવી શકાય છે. વિશેષ ગંધ કે વિશેષ આનંદની ઉપલબ્ધિથી મહાત્માઓનું સાન્નિધ્ય કે એમની સાધુ-પ્રેરણા પ્રાપ્ત કરી શકાય છે. ઘણી વાર એવું બને છે કે સાધક એનાં બાળકો સાથે સૂતેલો રહે, પણ ત્યારે મહાત્માના આવિર્ભાવથી બાળકો અચાનક ચોંકી જાય છે. પણ સાધકો માટે બ્હીવાનું કારણ નથી, કેમ કે સાધકના મનની સ્થિતિ જો ભયભીત થવા લાયક હોય તો મહાત્મા પુરુષો દર્શન નથી આપતા. જગતનું વિધાન એવું સુંદર છે કે ભગવાનનું કૃપાભાંડ સર્વદા ઉન્મુક્ત હોય છે. પાત્રાનુસાર એ કૃપા સંચારિત થાય છે. જેનો જેટલો અધિકાર હોય, એટલું જ એ ગ્રહણ કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

(૪)

ખુકુની દીદી (ગુરુપ્રિયા દીદી), બેબી દીદી અને એક મહિલા માની પાંસે આવ્યાં. આખી રાત સિદ્ધેશ્વરી આશ્રમમાં નામકીર્તન કરીને માને પ્રણામ કરવા આવ્યાં છે. બેબી દીદએ લાડમાં કહ્યું, "મા, કાલે અમે આખી રાત જાગતાં રહીને નામ કર્યું. હવેથી તમે અમને અધિક પ્યાર કરશો ને ?"

માએ ઉત્તર ન આપ્યો, માત્ર સસ્મિત આનને જોયા કર્યું. એ લોકોના ગયા પછી એક ભક્તે પૂછ્યું, "મા, બેબી દીદીએ તમને એમ કહ્યું કે તમે એને અધિક પ્યાર કરશો ને, ત્યારે મને એ કહેવાની ઈચ્છા થઈ કે માને માટે કોઈ સારું કે ખરાબ નથી. માને કોઈ વાત કહેવી તે એવું છે કે જાણે પાષાણ મૂર્તિ આગળ કંઈ કહેવું."

મા હસી પડ્યાં, બોલ્યાં, "હા, એ વાત સાચી છે કે હું કોઈને સારું કે ખરાબ નથી ગણતી. પણ આ પણ સત્ય છે કે હું જેટલો પ્યાર કરું છું. એટલો સંસારમાં કોઈ ન કરી શકે."

(૫)

પ્રશ્ન : મા, એવું સાંભલ્યું કે તમે કોઈ બાળકનું નામ બટુક ભૈરવ પાડ્યું છે ?

મા (હસીને) : છોકરીઓ જ્યારે પૂજા કરતી હતી ત્યારે મેં (કોઈના) ખોળામાં બાળકને જોઈને કહેલું કે કુમારીઓની પૂજા ગ્રહણ કરવા માટે બટુક ભૈરવ આવ્યા છે.

પ્રશ્ન : તમે દેવ-દેવીઓનાં નામો આ બાળકોને આપો છો એનું કારણ એ છે કે દેવતાઓએ પુનઃ જન્મ ગ્રહણ કરવાનું આરંભ કર્યું છે ?

મા : દેવતાઓ તો છે જ. એ પુનઃ જન્મ ગ્રહણ કેમ કરે ?

પ્રશ્ન : સાંભળ્યું છે કે સત્યયુગ પાછો આવી રહ્યો છે. જો એ સાચું હોય તો દેવતાગણ જન્મ ગ્રહણ કરી શકે, એમાં આશ્ચર્ય શું ?

મા : સત્યયુગ હજી નથી આવ્યો, પણ શીઘ્ર આવી રહ્યો છે. એ આપણી સામે છે અને એની આંચ આપણા શરીરમાં આવે છે.

પ્રશ્ન : એની આંચ આવે છે તે અમે કેવી રીતે સમજી શકીએ ?

મા : જ્યારે સર્વત્ર એવું જોશો કે સત્ય શું છે તે જાણવાની પિપાસા જાગી ગઈ છે. ધર્મની અંદર કંઈ છે કે નહીં ? યજ્ઞોપવીત ગ્રહણ કરવાની ઉપયોગિતા છે કે નહીં ? આવી જાતના પ્રશ્નો આજકાલના છોકરાઓના મનમાં ઉત્પન્ન થઈ રહ્યા છે. આ લક્ષણો સારાં છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તંત્રોક્ત રાત્રિસૂક્ત

(ભગવાન વિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિદ્રામાં બિરાજ્યા છે. ભગવાનના નાભિકમળમાં બેઠેલા બ્રહ્માજીએ મધુ અને કૈટભ નામના દૈત્યોને જોયા. પદ્મનાભને યોગનિદ્રામાંથી જાગૃત કરવા માટે બ્રહ્માજી મહામાયા ભગવતી યોગનિદ્રાની સ્તુતિ કરે છે :)

હે દેવી ! તમે સ્વાહા છો, તમે સ્વાધા છો, તમે વષટ્કાર છો. સ્વરો પણ તમારું જ સ્વરૂપ છે. તમે જીવનદાયિની સુધા છો. નિત્ય અક્ષર પ્રણવમાં અકાર, ઉકાર, મકાર - આ ત્રણ માત્રાઓ રૂપે તમે જ સ્થિત છો તથા આ માત્રાઓ ઉપરાંત જે બિંદુરૂપા નિત્ય અર્ધમાત્રા છે કે જેનું વિશેષ રૂપે ઉચ્ચારણ નથી થઈ શકતું, તે પણ તમે છો. હે દેવી, તમે જ સંધ્યા, સાવિત્રી અને પરમ જનની છો. હે દેવી, તમે જ આ વિશ્વ-બ્રહ્માંડને ધારણ કરી રહ્યાં છો. તમે જ આ જગતની સૃષ્ટિ કરો છો, તમે જ પાલન કરો છો અને સદા તમે જ કલ્પને અંતે સર્વને તમારો ગ્રાસ બનાવો છો. હે જગન્મયી દેવી, આ જગતની ઉત્પત્તિ સમયે તમે સૃષ્ટિરૂપા છો, પાલનકાળમાં સ્થિતિરૂપા છો તથા કલ્પાંતે સંહારરૂપા છો. તમે જ મહાવિદ્યા, મહામાયા, મહામેધા, મહાસ્મૃતિ, મહામોહરૂપા, મહાદેવી અને મહાસુરી છો. તમે જ ત્રણે ગુણોને ઉત્પન્ન કરનારી સર્વની પ્રકૃતિ છો. ભયંકર કાલરાત્રિ (કાળી ચૌદશ), મહારાત્રિ (મહાશિવરાત્રી) અને મોહરાત્રિ (કૃષ્ણ-જન્માષ્ટમી) પણ તમે જ છો. તમે શ્રી, તમે ઈશ્વરી, તમે બીજમંત્ર "હ્રીં" અને તમે બોધસ્વરૂપા બુદ્ધિ છો. લજ્જા, પુષ્ટિ, તૃષ્ટિ, શાંતિ અને ક્ષમા તમે છો. તમે ખડ્ગધારિણી, શૂલધારિણી, ઘોરરૂપા તથા ગદા-ચક્ર-શંખ-ધનુષ્ય ધારણ કરનારાં છો. બાણ - ભુશુંડિ-પરિઘ આ તમારાં અસ્ત્રો છે. તમે સૌમ્ય અને સૌમ્યતર છો, એટલું જ નહીં પરંતુ જેટલા સૌમ્ય અને સુંદર પદાર્થો છે તે બધાં કરતાં તમે અત્યધિક સુંદર છો. પર અને અપર એ બધાંથી પર રહેનારાં પરમેશ્વરી તમે જ છો. હે સર્વસ્વરૂપા દેવી, જેટલી સત્ અને અસત્ વસ્તુઓ છે તે બધાંની જે શક્તિ છે તે તમે જ છો, આવાં તમારી સ્તુતિ કેવી રીતે કરી શકાય ? આ જગતના સૃષ્ટિ-પાલન-સંહાર કરનાર જે ભગવાન છે એમને પણ જ્યારે તમે નિદ્રાધીન કરી દીધા છે તો તમારી સ્તુતિ કરવા માટે અહીંયાં બીજું કોણ સમર્થ છે ? મને (બ્રહ્માને), શંકરને તથા વિષ્ણુને પણ તમે જ શરીર ધારણ કરાવ્યાં છે, તેથી તમારી સ્તુતિ કરવાને કોણ શક્તિમાન્ છે ? હે દેવી તમે તો તમારા આ ઉદાર પ્રભાવો દ્વારા જ પ્રશંસિત છો.

હે નિદ્રારાત્રિરૂપી માતા, આ જગત્સ્વામી અચ્યુત ભગવાનને જગાડો, અને આ બે દુર્ધર અસુરો મધુ-કૈટભને મોહ પમાડો.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્ શંકરાચાર્ય-વિરચિત

અદ્વૈતપંચરત્નમ્

नाहं देहो नेन्द्रियाण्यन्तरङ्गो नाहङ्कारः प्राणवर्गो न बुद्धिः।

द्वारापत्यक्षेत्रवित्तादिदूरः साक्षी नित्यः प्रत्यगात्मा शिवोऽहम्॥ १॥

હું દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ નથી, હું અહંકાર, પ્રાણ, બુદ્ધિ નથી. સ્ત્રી-પુત્ર-જમીન-સંપત્તિ વગેરેથી દૂર છું, હું સાક્ષી, નિત્ય, સ્વપ્રકાશાત્મા શિવ છું.

रज्ज्वज्ञानाद् भाति रज्जौ यथाहिः स्वात्माज्ञानादात्मनो जीवभावः।

आप्तोक्त्याऽहिभ्रान्तिनाशो स रज्जुः जीवो नाहं देशिकोक्त्या शिवोऽहम्॥ २॥

દોરડાના અજ્ઞાનથી જેમ દોરડામાં સાપ દેખાય છે, તેમ આત્માના અજ્ઞાનથી જીવભાવની ભ્રાંતિ થાય છે. આપ્ત વાક્યથી (કોઈ અનુભવીના કહેવાથી) જેમ સર્પની ભ્રાંતિનો નાશ થઈ દોરડું દેખાય છે, તેમ ગુરુવાક્યથી જીવભાવ નથી રહેતો. હું તો જીવ નથી, શિવ છું.

आभातीदं विश्वमात्मन्यसत्यं सत्यज्ञानानन्दरूपे विमोहात्।

निद्रामोहात्स्वप्नवत्तन्न सत्यं शुद्धः पूर्णो नित्य एकः शिवोऽहम्॥ ३॥

સત્ય, જ્ઞાન, આનંદસ્વરૂપ આત્મામાં મોહને કારણે આ મિથ્યા વિશ્વની પ્રતીતિ થાય છે, જેમ નિદ્રામાં સ્વપ્નની. નિદ્રા સમાપ્ત થતાં જેમ સ્વપ્નનું અસ્તિત્ત્વ નથી રહેતું, તેમ જ્ઞાન થાય ત્યારે વિશ્વ-પ્રપંચનો બાધ થઈને જણાય છે કે હું શુદ્ધ છું, પૂર્ણ છું, નિત્ય છું, એક છું, શિવ છું.

नाहं जातो न प्रवृद्धो न नष्टो देहस्योक्ताः प्राकृताः सर्वधर्माः।

कर्तृत्वादिश्चिन्मयस्यास्ति नाहं कारस्यैव ह्यात्मनो मे शिवोऽहम्॥ ४॥

હું નથી જન્મ્યો, નથી મોટો થયો, નથી નષ્ટ થયો. (હું નથી જન્મતો, નથી વધતો, નથી નષ્ટ થતો.) આ બધા પ્રાકૃત દેહના ધર્મો છે. એની સાથે તથા કર્તૃત્વ વગેરે સાથે મને કંઈ સંબંધ નથી, હું શિવ છું.

मत्तो नान्यत्किञ्चिदत्रास्ति विश्वं सत्यं बाह्यं वस्तु मायोपक्लृप्तम्।

आदर्शान्तभासमानस्य तुल्यं मय्यद्वैते भाति तस्माच्छिवोऽहम्॥ ५॥

મારા સિવાય બીજું કંઈ પણ સત્ય નથી. બાહ્ય દૃશ્ય જગત માયા દ્વારા કલ્પિત છે. જેવી રીતે દર્પણમાં દેખાતું દૃશ્ય કેવળ આભાસમાત્ર છે, સત્ય નથી. તેમ આ વિશ્વ મારા સ્વરૂપમાં ભાસિત થઈ રહ્યું છે, તેથી જ હું શિવ છું.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માનાં દર્શનાર્થે નેતાજી સુભાષચંદ્ર બોસ

- અમૂલ્યકુમાર દત્તગુપ્ત

૨૦-૧૦-૧૯૩૮ - દક્ષિણેશ્વર, કલકત્તા :

અમે બધા પ્રસાદ જમવા બેઠા હતા, ત્યારે નેતાજી સુભાષચંદ્ર બોસ શ્રી શ્રી માને મળવા માટે આવ્યા. એમણે પણ અમારી સાથે પ્રસાદ લીધો.

ભોજન પછી દક્ષિણેશ્વરના કાર્યકર્તાઓ નેતાજીને (શ્રીરામકૃષ્ણનાં) પંચવટી વગેરે સ્થળો બતાવતા હતા. અમે લોકો પણ સાથે હતા. આમ જોતાં જોતાં બપોરના લગભગ સાડા ત્રણ વાગી ગયા. જોયું કે માતાજી 'નહવત ઘર'માંથી પંચવટી તરફ આવી રહ્યાં છે. પંચવટીમાં અશ્વત્થવૃક્ષની નીચે બનાવેલી સીમેન્ટની વેદી ઉપર માને માટે આસન પાથર્યું. અમે બધાં માને ઘેરીને બેસી ગયાં. નેતાજી પણ માને પ્રણામ કરીને માની પાસે બેઠા.

થોડોક સમય નીરવતામાં પસાર થયો. મા કે સુભાષબાબૂ કોઈ જ બોલ્યું નહીં. કંઈ જ વાત નથી થતી એ જોઈને શ્રી ભૂપતિબાબૂએ માને સુભાષબાબૂનો પરિચય આપ્યો. માએ સુભાષબાબૂને કહ્યું, "અમદાવાદમાં તમારા ભાઈને મળવાનું થયેલું."

સુ.બા. : આપ અમદાવાદ ગયાં હતાં ?

મા : હા.

વળી બધાં ચુપ. મેં ભૂપતિબાબૂને ઈશારાથી કહ્યું કે સુભાષબાબૂને કહો કે માને કંઈ પૂછે. ભૂપતિબાબૂએ એમને કહ્યું કે આપને જો કંઈ પૂછવું હોય તો માને પૂછો. તેઓ બોલ્યા કે એમને કંઈ પૂછવું નથી. શ્રીમતી ભ્રમર મારી બાજુમાં બેઠેલાં. એમના વારંવાર કહેવાથી આખરે મારે જ એક પ્રસંગ છેડવો પડ્યો. મેં કહ્યું, "મા, દેશની સેવા કરીને જ શું ભગવાનને મેળવી શકાય ?"

મા : (સુભાષબાબૂને) પિતાજી, તમે જ બોલો, ભગવાનનો લાભ (પ્રાપ્તિ) કરી શકાય કે નહીં ?

સુ.બા.: હું કંઈ ભગવાનની ભાળ રાખું છું ? (બધાં હસ્યાં.)

મા : (હસીને) તમે કોની ભાળ રાખો છો ?

સુ.બા.: પ્રશ્ન મને તો નથી કરવામાં આવ્યો.

મા : તમને ઉપલક્ષ્ય કરીને જ આ પ્રશ્ન કરવામાં આવ્યો છે. તમારા થઈને આ લોકોએ પ્રશ્ન કર્યો. (મારી સામે જોઈને બોલ્યાં) એમ જ નથી શું ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું : જી, મા.

મા : (સુ.બા.ને) હવે કહો. સારું, તમે દેશની સેવા કેમ કરો છો ? એનાથી શો લાભ છે ? શો લાભ છે તે જો કહો તો એ સાંભળીને બધા જ દેશની સેવા કરશે. લાભ વગર તો કોઈ કંઈ નહીં કરે. તમે કેટલું સરસ સરસ લેક્ચર આપો છો, કંઈક કહો.

સુ.બા. : (હસીને) હું તો ભાષણ આપવા અહીં નથી આવ્યો. (બધાં હસ્યાં.) દેશની સેવા કરીને મને આનંદ મળે છે, માટે જ દેશની સેવા કરું છું.

મા : આ જ આનંદ જ નિત્ય છે.

સુ.બા.: આ 'નિત્ય' શબ્દનો અર્થ થોડો અઘરો છે.

મા : જે હંમેશા છે તે નિત્ય છે. 'સ્વભાવ'નું કામ જ નિત્ય આનંદ. સારી રીતે સેવા કરવાથી આ નિત્ય આનંદ મેળવી શકાય. એ પિતાજી કરે છે કે ?

તે જ વખતે એક મહિલા એ ચર્ચામાં ખલેલ પહોંચાડીને, માને સંબોધીને, પોતાની વાત કરવા માંડી. મહિલાએ પોતાનો જે પરિચય આપ્યો એનાથી ખબર પડી કે કલકત્તાની કૉર્પોરેશન સ્કૂલમાં એ શિક્ષિકા છે, કોઈ કોઈ વાર સ્વપ્નમાં એમને શ્રીકૃષ્ણનું દર્શન અને આદેશ મળે છે. આજે માની પાસે છે તે પણ એ જ આદેશને લીધે. એમને એવો વિશ્વાસ છે કે શ્રીકૃષ્ણ એના દ્વારા જગતનું કોઈ કાર્ય કરાવવાના છે, પરંતુ વચ્ચે વચ્ચે એમને ભય લાગે છે અને પોતાને તદ્દન એકલાં અનુભવે છે. માને સહાયતા માટે એમણે પ્રાર્થના કરી. બધું સાંભળ્યા પછી માએ કહ્યું :

"એમનો આદેશ મળી રહ્યો છે પછી કોની સહાયતા ? ભગવાન પર નિર્ભર કરવાથી બધું જ થઈ જાય છે. (સુભાષબાબૂ પ્રત્યે) બાબા, કંઈ બોલશો નહીં ?"

સુ.બા. : હું બોલવા માટે નહીં, સાંભળવા માટે આવ્યો છું.

મા : માત્ર સાંભળવા આવ્યા છો ? જે કહીશ તે સાંભળશો ? જે કરવાનું કહીશ, કરશો ?

સુ.બા. : એ તો કહી ન શકું. પ્રયત્ન કરી જોઈશ.

મા : જુઓ, આપણે જે કંઈ જાગતિક કર્મ કરીએ છીએ તે માત્ર અભાવનું જ કર્મ છે. પરંતુ જાગતિક કાર્યમાંથી જે આનંદ મળે છે તે કેવળ અભાવને જ જાગૃત કરી રાખે છે. વિચાર કરો કે કોઈ એક વિષયમાં અભાવબોધ થયો, તે ખસેડવા માટે કાર્ય આરંભ્યું. પ્રયત્નના ફળથી કદાચ અભાવ દૂર થઈ ગયો અને આનંદ પણ મળ્યો. પરંતુ એ આનંદની સાથે એક બીજો અભાવ જાગી ઊઠ્યો. એટલા માટે જ કહું છું કે જાગતિક કાર્યો તે અભાવનાં કાર્યો છે. 'સ્વભવ'નું કર્મ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરો તો નિત્ય આનંદ મેળવી શકાય. તમે કહ્યું કે દેશની સેવા કરીને આનંદ પ્રાપ્ત થાય છે. દેશની સેવા તો સારી. તમારો પ્રાણ મહાન છે, બહુ મોટો છે. તમે એને હજી વધારે મોટો બનાવવાનો પ્રયત્ન કરો. દેશની સેવા ખંડરૂપે કર્યાથી એ પણ અભાવનું કાર્ય હશે. એમાં જે આનંદ મળશે તે પણ ખંડ આનંદ, પણ બધા લોકો ઈચ્છે છે અખંડ આનંદ - જે આનંદનો અંત નથી. 'સ્વભાવ'નું કાર્ય કર્યાથી જ અખંડ આનંદ મેળવી શકાય, આનંદમાં સ્થિત થઈ શકાય. પણ આમ કહી શકો - ''હું એકલો આનંદમાં રહીને શું કરીશ ? જગતને તો જોઉં છું નિરાનંદમય.'' આના ઉત્તરમાં કહી શકાય કે જો નિત્ય આનંદ-લાભ કરવામાં આવે તો એ બીજાને પણ આપી શકાય છે.''

સુ.બા. : સ્વભાવનું કર્મ શું છે ?

મા : કર્મમાત્ર જ અભાવનું કર્મ, કારણ અભાવબોધ ન થયે કર્મ નથી થતું. પણ જે કામ કર્યાથી સ્થાયી આનંદ પ્રકાશ મેળવશે (અર્થાત્ પ્રગટ થશે), તેને જ સ્વભાવનું કાર્ય કહી શકાય. સ્વભાવ શું છે, જે મારું નિત્ય છે તે ને ? તમારી અંદર આનંદ ઈચ્છો છો. જે તમારી અંદર નથી તેને ક્યારેય માગી ન શકો.

સુ.બા.: બધાંનો જ સ્વભાવ એક છે ?

મા : હા, આપણે બધાં જ તો અખંડ આનંદ માગીએ છીએ. સંસારમાં 'એક' સિવાય બીજું નથી. લોકો આ જે બીજાંની સેવા કરે છે તે પણ પોતાને માટે જ તો. બધાં એક હોવાને કારણે જ તો એકબીજાની સેવા કરીને આનંદ પામે છે.

સુ.બા.: બધાંનો જ એક સ્વભાવ કહો છો, પણ ગીતામાં છે - ''स्वधर्मे निधनं श्रेय: परधर्मो भयावह:।''

મા : સ્વધર્મ શું છે ? સ્વભાવનો ધર્મ એ જ સ્વધર્મ છે. સ્વધર્મ-લાભ કરવા માટે જ સાધના છે. (પોતાને બતાવીને) આ શરીરની કંઈ શિક્ષા (શિક્ષણ) નથી, માટે જ ઊંધુંચત્તું કહે છે. સ્વધન પામવાને જ હું સાધના કહું છું. ગીતાની વાત તો સાચી છે. સ્વભાવનો ધર્મલાભ કરવો તે જ જીવનો ઉદ્દેશ્ય છે.

સુ.બા. : પણ એ પણ સાચું છે કે જીવોના સ્વભાવ વિભિન્ન છે. કોનું કયું કામ છે તે જણાયેલું નથી.

મા : હા, સંસ્કાર ભિન્ન હોવા છતાં ધર્મ એક છે. સત્ય એક છે.

સુ.બા. : એ તો અમારાથી નક્કી ન કરી શકાય.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા : કામ શરૂ કરીને કામ કરતા જવાથી જ બધું નક્કી થઈ જાય છે (અથવા બરોબર થઈ જાય છે.) ત્યારે જેનો સ્વભાવ તે પ્રગટ થઈ જાય છે. જુઓ ને, બાળકો લખવા વાંચવાનું કરવા નથી માગતા, પરંતુ થોડા દિવસ પરાણે એમને શિક્ષણ આપ્યા પછી જ દેખાય છે કે અક્કેક વિષયમાં અક્કેક જણ સારું થતું જાય છે. કોઈ અંગ્રેજીમાં સારું છે, વળી કોઈ અંકગણિતમાં સારું. આ જ પ્રમાણે લોકો જ્યારે કાર્ય આરંભ કરી દે ત્યારે દેખાય છે કે એ એમના સંસ્કારાનુસાર કાર્ય કરે છે.

સુ.બા. : રસ્તો તો નથી બતાવતાં.

મા : (હસીને) કર્મ કરવું પડે. સંકલ્પ કરવો પડે કે હું 'ભણીશ'.

હું : મા, આપનો ઉત્તર અસ્પષ્ટ જ રહી જાય છે. આપ કહો છો કે બધા જ લોકો અખંડ આનંદ ઈચ્છે છે. સુભાષબાબૂ કહે છે કે દેશની સેવા કરવામાં એમને આનંદ મળે છે. એટલે શું સમજું - કે દેશની સેવા કરવાથી જ અખંડ આનંદ મળશે ? ભગવત્ પ્રાપ્તિ થશે ?

મા : અખંડ ભાવે સેવા કરવી જોઈએ. વાસ્તવિક સેવા જેનાથી થાય તે જ કરવું જોઈએ.

સુ.બા. : એનો પણ એક રસ્તો છે ને. રસ્તાનો બધો ગોટાળો !

મા : રસ્તાનો જ તો જેટલો ગોટાળો, રસ્તામાં જ જેટલો પરિશ્રમ - પણ જેમ ભણવાનો દૃઢ સંકલ્પ થાય, તો જ વિદ્યાપ્રાપ્તિ થાય. તે જ રીતે 'એમને' અમારે મેળવવા જ છે એવો દૃઢ ભાવ આવે તો રસ્તો પણ મળી જાય છે.

સુ.બા. : અંધારામાં ચાલીએ તો રસ્તો મળવો મુશ્કેલ છે.

મા : હા, પણ અંધારામાં જ ચાલવું પડે છે. વિશ્વાસને તમે લોકો આંધળો કહો છો ને ? એ જ અંધવિશ્વાસ લઈને જ કામ શરૂ કરવું પડે. પછીથી બધું સમજાઈ જાય છે. જ્યારે પહેલવહેલું બાળકોને ભણતર આપવાનું શરૂ કરો છો ત્યારે એ કંઈ સમજી શકે છે ? પણ ભણતાં ભણતાં જ્ઞાન થાય છે.

સુ.બા. : પણ રસ્તો ખબર હોય તો જલ્દી થાય.

કૉર્પોરેશન સ્કૂલનાં શિક્ષિકા : તમે લોકો જો મને અનુમતિ આપો તો કદાચ હું સમજાવી શકું.

મા : સારું, તો તમે બોલો ને.

માનો આદેશ મેળવીને તેઓ ગીતાના નિષ્કામ કર્મની વાત કહેવા લાગ્યાં. માએ વચમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કહ્યું, "આ બધી વાતો તો એમની (સુ.બા.ની) જાણેલી છે.

વારંવાર ખલેલ થવાથી કે એક યા બીજા કારણથી સુ.બા. સાથે વાત જામી નહીં, આથી સુ.બા. ની મા સાથે એકાંત મુલાકાત થઈ શકે કે કેમ તે વિષે યતીશબાબૂએ કહ્યું કે પ્રયત્ન કરશે. વિદાય થતી વખતે સુ.બા.એ માને પૂછ્યું, "આપ કેટલા દિવસ અહીંયાં છો ?"

મા : મારું તો કંઈ નક્કી નથી. આ શરીર થોડા દિવસથી ઠીક નથી. અહીં આવતાં પહેલાં ડૉક્ટરે તપાસીને કહ્યું કે ગણતરીમાં કંઈક એક વધી ગયું છે, એટલે જ ક્યાંય જવાનું નથી થતું. થોડું ઓછું થયા પછી અહીં આવવાનું થયું. અહીંયાંથી ઢાકા જવાની વાત ચાલે છે. પણ પાછું એ બધું વધી ગયું છે, એટલે જ પ્રતીક્ષા કરું છું. આ લાકો કૃપા કરીને આ શરીરને સ્નેહ કરે છે તેથી આ શરીરનો પૂરેપૂરો ભાર આ લોકો પર આપ્યો છે.

આ બધું મા નાની છોકરીની માફક તૂટક તૂટક ભાષામાં બોલી ગયાં. એટલું તો મીઠું લાગ્યું કે વર્ણન નથી કરી શકતો.

સુ.બા.એ પ્રણામ કરીને વિદાય લીધી. થોડી વારમાં માને પંચવટીમાંથી અંદર લઈ જવામાં આવ્યાં.

●

शुक्लाम्बरधरं देवं शशिवर्णं चतुर्भुजम्।
प्रसन्नवदनं ध्यायेत् सर्वविघ्नोपशान्तये॥
लाभस्तेषां जयस्तेषां कुतस्तेषां पराजयः।
येषामिन्दीवरश्यामो हृदयस्थो जनार्दनः॥

ભગવાને શ્વેત વસ્ત્રો ધારણ કર્યાં છે, ચાર ભુજાઓથી વિભૂષિત છે, શ્રીઅંગની કાંતિ ચંદ્રમાં જેવી ગૌર છે તથા મુખ પર સદા પ્રસન્નતા રહે છે, આવા શ્રી હરિનું ધ્યાન સર્વ વિઘ્નોની શાંતિ માટે કરવું. આવા નીલકમલ સમાન સુંદર હરિ જેમના હૃદયમાં બિરાજે છે, તેમને જ લાભ છે, વિજય છે, તેમનો પરાજય કેવી રીતે હોય ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગંગા-માહાત્મ્ય

- માતૃચરણાશ્રિતા

આયુર્વેદના ગ્રંથમાં લખ્યું છે : ગંગાજળ પીવાથી અજીર્ણ, સંગ્રહણી, જ્વર, દમ, તપેદિક ઈત્યાદિ રોગ નિર્મૂળ થાય છે, કુષ્ઠનો નાશ થાય છે અને સંક્રામક રોગો નાશ પામે છે. ધન્વંતરિએ પણ ગંગાજળને વૃદ્ધાવસ્થા માટેની તથા સર્વ રોગો માટેની મહાઔષધિ કહી છે.

અથર્વવેદમાં છે કે "ગંગા વગેરે નદીઓનાં જળ હિમાલય પર્વતમાંથી વહે છે અને એમનો સમુદ્રમાં સમાન રૂપે સંગમ થાય છે. એ દિવ્ય (ગંગા)જળ છે, તે મારા હૃદયને પ્રકાશમાન્ કરવાની ઔષધિ પ્રદાન કરે."

ઋષિ વાલ્મીકિએ રામાયણમાં કહ્યું છે, "હે મા ભાગીરથી ! હું તમને એક પ્રાર્થના કરું છું કે તમારે તીરે નિવાસ કરતાં, તમારું જળ પીતાં, તમારી તરંગાવલિઓને નિહાળતાં, તમારું નામસ્મરણ કરતાં કરતાં જ મારો શરીરાંત થાઓ."

"…. જે પાપોને દૂર કરનાર, દુષ્કર્મોને માટે શત્રુવત્, તરંગપૂર્ણ, ગિરિરાજની ગુહાને વિદીર્ણ કહીને દૂર સુધી પ્રવાહિત અને શ્રીહરિની ચરણરજમાં ક્રીડા કરનાર છે તે શુભકારી ગંગોદક મને સદા પવિત્ર કરો."

શ્રીમદ્ ભગવદ્ ગીતાના વિભૂતિયોગમાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે. "स्रोतसामस्मि जाह्नवी" "નદીઓમાં હું ભાગીરથી ગંગા છું."

ભક્તકવિ તુલસીદાસે કલિયુગમાં પાપી-નિષ્પાપી, સુખી-દુઃખી સર્વ મનુષ્યો માટે બે આધાર ગણાવ્યા છે - એક રામનામ તથા બીજો ગંગાનું પવિત્ર જળ.

સ્કંદપુરાણમાં આવો ઉલ્લેખ છે - "આ જગતમાં પવિત્ર જળવાળાં ઘણાં સરોવરો અને સરિતાઓ છે, તથા ઠેરઠેર અનેક તીર્થો છે, કે જેમાં સાધુ મહાત્મા પુરુષો વસે છે. તે તીર્થો દર્શનમાત્રથી એમની મહત્તા પ્રત્યે વિશ્વાસ ઉત્પન્ન કરાવનારાં છે, અત્યંત ફળ દેનારાં તથા મહાન મહિમાશાળી છે, છતાં એ સર્વમાં સ્વર્ગનદી ગંગાની મહિમાનો કરોડમો અંશ પણ નથી."

જગદ્ગુરુ શંકરાચાર્યે પણ ગંગાને રોગ-શોક-તાપ-પાપ-કુમતિકલાપને હરનારી માતા સમાન સંસારની એકમાત્ર ગતિ કહી છે.

સંત વિનોબા ભાવે એમના 'ગીતા-પ્રવચન' નામક ગ્રંથમાં લખે છે, "હવે એ સમજાતું જાય છે કે હિંદુ એવું કેમ ઈચ્છે છે કે મર્યા પછી એનાં અસ્થિ કમ સે કમ ગંગામાં તો પડે જ. તમે હસો, તમારા હસવાથી કંઈ થવાનું નથી, પરંતુ મને આવી ભાવના ઘણી પવિત્ર અને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્પૃહણીય લાગે છે. મરતી વખતે ગંગાજળનાં બે ટીપાં મોંમાં નાખે છે. એ ટીપું શું, જાણે પરમેશ્વર જ મોંમાં દાખલ થઈ જાય છે ! એ ગંગાને પરમાત્મા જ જાણો. ત્યાં પરમેશ્વરની કરુણા જ વહે છે. તમારો સઘળો બહારનો અંદરનો કચરો એ માતા ધોઈ રહી છે, વહેડાવીને લઈ રહી છે. ..... ગંગા માતામાં જો પરમેશ્વર પ્રગટેલા ને દેખાય, તો પછી ક્યાં દેખાશે ? સૂર્ય, નદીઓ, લહેરાતો સાગર, આ બધી પરમેશ્વરની જ તો મૂર્તિઓ છે.''

હેન્કેન નામના એક વૈજ્ઞાનિકે કાશીમાં ગંગાજળને તપાસવા માટે એક એવી જગાએથી જળ લીધું કે જ્યાં બનારસની બધીયે ગંદકી ઠલવાતી હતી. એનું પરીક્ષણ કરવાથી એમાં કૉલેરાનાં જંતુઓ મળ્યા. એ જ જળને છ કલાક સુધી રાખ્યા બાદ પુનઃ પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે એમને ખૂબ આશ્ચર્ય થયું કે બધાં જંતુઓ આપ મેળે નાશ પામી ગયાં હતાં ! બીજી વાર એમણે એક પ્રવાહિત શબની નીચેનું જળ લીધું, તો એમાં પણ અસંખ્ય ઝેરી કીટાણુઓ હતાં, ફરી છ કલાક બાદ પરીક્ષણ કરવામાં આવ્યું ત્યારે એ જ જળ કીટાણુરહિત નીકળ્યું. પછી એમણે ગંગાજળ સિવાયનું સામાન્ય જળ લીધું કે જેમાં કીટાણુ નહોતાં ને પરીક્ષણમાં તે શુદ્ધ જણાયું. હવે એ જ જળમાં કૉલેરાના જંતુ ભેળવીને છ કલાક પછી તપાસ્યું તો બધું જળ વિષયુક્ત થઈ ચૂક્યું હતું. આથી એમણે તારવ્યું કે ગંગાજળ સર્વથા શુદ્ધ, પવિત્ર તેમ જ જંતુનાશક છે.

અમેરિકામાં પણ લૅબોરેટરીમાં ગંગાજળને તપાસવામાં આવ્યું હતું, જ્યારે ભારતના એક સંત પોતાની સાથે વિપુલ માત્રામાં જળ સાથે લઈ ગયા હતા, અને ત્યાંના અધિકારીઓએ એમને પહેલાં મનાઈ ફરમાવી હતી.

આ તો સ્થૂળ રૂપે ચર્ચા થઈ. આધ્યામિત્મક જગત તે એક સૂક્ષ્મ જગત છે. ગંગાજળ પીવાથી, ગંગામાં સ્નાન કરવાથી, તેના માત્ર છાંટા પણ લેવાથી સૂક્ષ્મ જગતમાં અવરોધરૂપી દૂષિત વાયુમંડળ શુદ્ધ થાય છે.

ગંગોત્રીક્ષેત્રમાં ગંગા-તુલસી નામે એક વિશેષ પ્રકારનો તુલસીનો છોડ ઊગે છે. અનેક વર્ષો સુધી રાખવા છતાં એની સુગંધ નાશ નથી પામતી. ગંગાની પાસે હિમાલયના ઊંચા પહાડોમાં બ્રહ્મકમળ મળે છે જેને ઘરમાં રાખવું શુભ કહેવાય છે. આર્ચા નામનાં મૂળિયાં મળે છે જેનાથી ઘા રુઝાય છે. 'કોડાઈ' નામનાં મૂળિયાંને ઘસીને પાણી સાથે લેવાથી મૅલેરિયા નાબૂદ થાય છે. અતીશનાં મૂળિયાં પણ તે જ પ્રમાણે લેવાથી નાકમાંથી નીકળતું લોહી બંધ થઈ જાય છે, તે ઉપરાંત એ બીજા અનેક ગુણો ધરાવે છે.

અનેક સાધુ-મહાત્માઓ ગંગોત્રીની ભીષણ હિમવર્ષામાં પણ નગ્ન શરીરે ગુફાઓમાં વાસ કરે છે. અલબત્ત, એમની આધ્યાત્મિક શક્તિઓને કારણે જ. શિષ્યોને વિશેષ પ્રાણાયામ શીખવવા ઉપરાંત હિમાલય તથા ગંગાના સાન્નિધ્યમાં ઊગતી અમુક વનસ્પતિઓના પ્રયોગથી શરીરને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગરમ રાખવાનું શીખવતા હોવાનું સાંભળવામાં આવે છે.

ઋષિઓએ ગંગાને માતા કહી છે, વિષ્ણુપદા કહી છે તે અકારણ નથી જ. સાક્ષાત્ શિવશંભુના જટાજૂટમાંથી કલિમલતાડિત માનવને પવિત્ર કરવા એ પૃથ્વી પર અવતરેલી માતા છે. જે વાત આધિદૈવિક જગતમાં સત્ય છે, તે જ આધિભૌતિક જગતમાં પણ સત્ય જ છે, કારણ કે આ દૃશ્યમાન જગત આધિદૈવિકનું પ્રતિરૂપ છે. પરમપાવની ગંગાના સ્પર્શમાત્રથી રાજા ભગીરથના પિતૃઓ સગરપુત્રો મોક્ષ પામી ગયા !

જ્યોતિષશાસ્ત્ર પણ ગંગાની મહત્તા દર્શાવે છે :

"....જલર્ક્ષે મીનર્ક્ષે ભવતિ હરિપદ્યાં જનિમતાં, સદાચઞ્ચદ્ભક્તિર્દુરિતદલિની મુક્તિજનની॥"

અર્થાત્ જેની કુંડળીમાં ત્રિકોણ (૫-૯) સ્થાનમાં ધનુ અને મીન રાશિમાં ગુરુ બેઠા હોય તો એને અચ્યુતચરણ-તરંગિણી અમૃતમયી શ્રીગંગામાં સ્નાનદાનાદિનું સદ્ભાગ્ય પ્રાપ્ત થાય છે. તેમ જ -

.... જેના ચતુર્થ સ્થાનમાં કોઈ જલચર રાશિ કે મીન રાશિ હોય, અને એમાં ચંદ્રમાની સાથે બૃહસ્પતિ બેઠા હોય તો તેને મુક્તિદાયિની શ્રીગંગામાં નિશ્છલ ભક્તિ થાય છે.

ગંગાના ગોમુખ-અવતરણથી છેક ગંગાસાગરનો ભૌગોલિક પ્રદેશ જોતાં જણાય છે કે એના ડગલે ને પગલે તીર્થસ્થાનો છે. મહાભારતના વનપર્વમાં મહામુનિ વ્યાસે કહ્યું છે -

"पुनाति कीर्तिता पापं दृष्ट्वा भद्रं प्रयच्छति। अवगाढा च पीता च पुनात्यासप्तमं कुलम्॥"

અર્થાત્ ગંગા એનું નામ ઉચ્ચારનારનાં પાપોનો નાશ કરે છે, દર્શન કરનારનું કલ્યાણ કરે છે અને સ્નાન તથા પાન કરનારની સાત પેઢીઓને પવિત્ર કરે છે.

મહર્ષિ વાલ્મીકિએ માતા ગંગાની સુદીર્ઘ સ્તુતિ કરતાં છેલ્લે કહ્યું છે -

"पापापहारि दुरितारि तरङ्गधारि, शैलप्रचारि गिरिराजगुहाविदारि।
झङ्कारकारि हरिपादरजोऽपहारि, गाङ्गं पुनातु सततं शुभकारि वारि॥"

આવી ગંગાને 'સર્વતીર્થમયી' કહેવામાં આવી છે :

"सर्वतीर्थमयी गङ्गा सर्वदेवमयो हरिः।" (નારસિંહપુરાણ)

"....दिवि भूम्यन्तरिक्षे च तानि ते सन्ति जाह्नवि" (મત્સ્યપુરાણ)

અર્થાત્ સ્વર્ગ, ભૂમિ અને અંતરિક્ષમાં જેટલાં તીર્થો છે તે સર્વ જાહ્નવીમાં છે.

મહાભારત વનપર્વમાં ગંગા સમાન તીર્થ નથી : "न गङ्गासदृशं तीर्थं न देवः केशवात् परः।"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિશ્વના પ્રાચીનતમ સાહિત્ય એવા વેદો પણ ઉચ્ચારે છે -

''सितासिते सरिते यत्र सङ्गथे तत्राप्लुतासो दिवमुत्पतन्ति।

ये वै तन्वं विसृजन्ति धीरा स्ते जनासो अमृतत्वं भजन्ते॥'' (ऋग्वेद)

અર્થાત્ જે તીર્થમાં શ્વેત-શ્યામ (ગંગા અને યમુના) એ બન્ને નદીઓનો સંગમ થયો છે, તે તીર્થમાં સ્નાન કરનારાં પ્રાણી સ્વર્ગ પ્રાપ્ત કરે છે, અને જેઓ ત્યાં દેહત્યાગ કરે છે તેઓ અમૃતત્વને પામે છે.

પરમ પવિત્ર મહાકુંભપર્વ નિમિત્તે સાક્ષાત્ ગંગારૂપી-માતૃચરણોમાં આ અંજલિ અર્પણ કરું છું. ઈતિ.

●

પરોપકાર કરનાર મહાત્મા નથી, પણ પરોપકારના પહેલાં ને પછી મૌન સાધનાર સાચો મહાત્મા છે.

જેનું વચન અને વર્તન મધુર હોય તે જ સજ્જન.

મૃત્યુના ભયથી જે થથરે છે તે છે કાયર, મૃત્યુને વધાવી લે તે છે જીવનવીર.

પરમ તત્ત્વ ક્રિયાસિદ્ધ નથી, પણ સ્વતઃસિદ્ધ છે. ક્રિયાપ્રધાન શૈલી એ સાપેક્ષ સાધન છે, વિવેકપ્રધાન શૈલી તે નિરપેક્ષ સાધન છે.

સર્વના સુખમાં નિજસુખ જોવું તેના જેવું એક્કે સુખ સંસારમાં નથી.

- પરિવ્રાજક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહાત્મા શ્યામદાસ બાબાજી

શ્યામદાસબાબાજી એક વિલક્ષણ મહાત્મા હતા કે જેમનું જીવન પણ વિલક્ષણ હતું. બાહ્ય રૂપે જોતાં તેઓ ચૈતન્ય-સંપ્રદાયના વૈષ્ણવ મહારાજ લાગે, પરંતુ હકીકતમાં તેઓ એક ઉચ્ચકોટિના અનુભવસંપન્ન જ્ઞાની હતા.

પહેલાં પચીસ વર્ષ સુધી વૃંદાવનમાં કુસુમસરોવર પાસે નિવાસ કર્યો. તે પછી થોડો સમય કાશીમાં શ્રી બ્રહ્માનંદ ભારતીજીના સાન્નિધ્યમાં રહ્યા. ત્યાંથી જગન્નાથપુરી જઈને વીસ વર્ષોથી પણ અધિક સમય રહ્યા. પુરીમાં પહેલાં સ્વર્ગદ્વારમાં મહાત્મા હરિદાસના સમાધિ-મંદિરમાં રહેતા હતા. પછીથી નરેંદ્રસરોવર પાસે સુપ્રસિદ્ધ જગન્નાથ- વલ્લભ-ઉદ્યાન પાસે 'બંધુ-આશ્રમ' નામે એક નિવાસસ્થાન બનાવીને રહેતા. એમણે યુવાનીની પાછલી અવસ્થામાં કાશીના પ્રસિદ્ધ સિદ્ધ મહાત્મા તૈલંગસ્વામીની કૃપા પ્રાપ્ત કરી હતી. તૈલંગસ્વામી શ્રીરામકૃષ્ણ પરમહંસના સમકાલીન હતા, અને રામકૃષ્ણદેવ છેક બંગાળથી કાશી એમના દર્શનાર્થે પધારેલા. તે ઉપરાંત ફરીદપુરના પ્રસિદ્ધ બંગાળી સંત પ્રભુ જગદ્બંધુ તથા અન્ય અનેક મહાત્માઓના સંસર્ગમાં શ્યામદાસ બાબાજી આવ્યા હતા.

એમનામાં બાહ્યાડંબર ન હતો, પણ જ્ઞાનસંપત્તિ પુષ્કળ હતી. મહાત્માઓના સંસર્ગથી અને પોતાની તપસ્યાથી ધીમે ધીમે એમનો 'સ્વ-ભાવ' જાગૃત થઈ ગયો. તેઓ કહેતા કે સર્વદા દ્રષ્ટાભાવમાં રહીને તેઓ પોતાના સ્વભાવની ક્રીડા નિરખે છે. આ પ્રકારના જોવા સાથે સુખ-દુઃખને કોઈ પણ જાતનો સંબંધ નથી હોતો. સદા એક શાંત, આનંદમય, નિર્લિપ્ત ભાવ એ જ 'સ્વ-ભાવ-દર્શન'નો પ્રાણ છે. એમની અસંખ્ય ગુપ્ત અનુભૂતિઓની ચર્ચા યોગ્ય જીજ્ઞાસુ પાસે યદાકદા કરતા. એમનો આ સ્વ-ભાવ તે જ ચિદાકાશની અનુભૂતિ, કે જે એક નીલવર્ણ મંડલાકાર આકાશની જેમ એમની અંતર્દષ્ટિ સમ્મુખ દેખાયા કરતી. તેઓ જ્યારે બાહ્ય-ભાવલિપ્ત હોય ત્યારે એનાં દર્શન ન થતાં, પરંતુ બાહ્યભાવ ખસી જતાંવેંત એ ચિદાકાશ-દર્શન પૂર્વવત્ થતું રહેતું. ચિદાકાશમાં અંતર્દષ્ટિ નિબદ્ધ રહેવાને લીધે બાહ્યભાવ એમની પ્રકૃતિના ખેલ જેવો હતો, ભોક્તાભાવ ન હતો, માત્ર દ્રષ્ટાભાવ હતો. એમને આત્મદર્શન થયું હોવાથી જગતની પ્રત્યેક વસ્તુમાં 'સ્વ-ભાવ'નો સાક્ષાત્કાર સ્પષ્ટરૂપે થતો.

બાબાજી હંમેશાં નિર્જન સ્થળે રહેતા, તેથી લોકસંપર્ક ઓછો રહેતો.

એક અદ્ભુત ઘટના બની. બાબાજીની ઉંમર ૮૦ થી વધારે હશે. એમને શ્રી શ્રી આનન્દમયી માતાજી પ્રત્યે અત્યંત શ્રદ્ધા હતી, છતાં પ્રત્યક્ષ દર્શન, લૌકિક દષ્ટિએ, થયાં નહોતાં. પુરીમાં સ્વર્ગદ્વારમાં બાબા હરિદાસના મઠમાં રહેતા હતા ત્યારે એક વાર કોઈ અજ્ઞાત કારણે એમના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનમાં માતાજીને જોવાની તીવ્ર ઈચ્છા જાગૃત થઈ. એ વખતે માતાજી દેહરાદૂનમાં હતાં. ધીરે ધીરે બાબાજીની માતૃદર્શનની ઈચ્છા એટલી તીવ્રથી તીવ્રતર થઈ ગઈ કે એમને માટે પુરીમાં રહેવું મુશ્કેલ થઈ ગયું. અંતતોગત્વા દૃઢ સંકલ્પ કરીને માતૃ-દર્શન માટે દેહરાદૂન જવા તૈયાર થઈ ગયા. ભાવ એવો હતો કે સ્ટેશને પહોંચીને પહેલામાં પહેલી ટ્રેન પકડીને જતા રહેશે. બહાર નીકળતાં જ જે દૃશ્ય એમણે જોયું તેનાથી અદ્‌ભુત આશ્ચર્ય થયું ! જોયું કે માતા આનન્દમયી પ્રત્યક્ષ એક-બે સેવક-સેવિકા સાથે મઠના દ્વારમાં ઉપસ્થિત છે ! લૌકિક દૃષ્ટિએ માતાજી સાથે પરિચય ન હતો. બાબાજીની ઈચ્છાપૂર્તિ માટે જ માનું આગમન દેહરાદૂનથી પુરીમાં થયું એવી એમની ખાત્રી થઈ ગઈ.

શ્યામદાસ બાબાજીએ આધ્યાત્મિક ચર્ચા કરતાં કહ્યું છે : "પોતાનું વ્યક્તિત્વ છોડીને આધાર વિશેષ સાથે તાદાત્મ્ય પ્રાપ્ત થતાં જે દર્શન થાય છે તેનાથી અભૂતપૂર્વ આનંદલાભ થાય છે. હું કોઈ કોઈ વાર મારા સ્વરૂપથી જુદો થઈને માખનબાબૂની સત્તામાં પ્રવેશીને, એમની સાથે તાદાત્મ્ય સાધીને માખનબાબૂની દૃષ્ટિથી એમના ગુરુ સ્વર્ગીય વિજયકૃષ્ણ ગોસ્વામીનાં દર્શન કરતો. એથી મને જે આનંદ મળતો હતો તેની તુલના ન કરી શકાય." બાબાજી પોતે વિજયકૃષ્ણ ગોસ્વામીથી પરિચિત હતા, છતાં પોતાના દર્શનમાં શુદ્ધ સાક્ષી-દૃષ્ટિ રહેતી અને બીજા દર્શનમાં ભક્તની ગુરુ પ્રત્યેની દૃષ્ટિ તે એમની દૃષ્ટિ બની જતી.

બાબાજીનું હૃદય ઉદાર હતું. ગમે તે સંપ્રદાયના સાધુ હોય, એમના પ્રત્યે બાબાજીના હૃદયમાં ક્ષણવાર માટે પણ અવજ્ઞા કે નિંદાનો ભાવ ન હતો. તેઓ કહેતા કે સંતોને એમની દૃષ્ટિ પ્રમાણે જોવા જોઈએ, આપણી દૃષ્ટિ પ્રમાણે નહીં, તો જ પ્રત્યેક મહાત્માનું સ્વરૂપ ખુલી જાય. એમાં કોઈ પ્રકારનું અનુસરણ નથી હોતું.

●

कीटो भ्रमरयोगेन भ्रमरो भवति ध्रुवम्।
मानवः शिवयोगेन शिवो भवति निश्चितम्॥

જેમ ભમરા સાથેના જોડાણથી કીડો કાયમ માટે ભમરો બની જાય છે, તેમ શિવ સાથેના યોગથી માનવ ચોક્કસ શિવ બની જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પરમ રહસ્ય

'મુક્તકોપનિષદ્'માં શ્રી રામચંદ્ર અને શ્રી હનુમાન્નો સંવાદ છે : (અયોધ્યામાં સુરમ્ય રત્નમંડપ મધ્યે લક્ષ્મણ-ભરત-શત્રુઘ્ન તથા દેવી સીતા સહિત શ્રી રામચંદ્ર વિરાજમાન છે. પાસે જ સનકાદિ ઋષિઓ, વસિષ્ઠ, શુકદેવ આદિ બેઠા છે, અનેક ભાગવતજનો સ્તુતિ કરી રહ્યા છે. ત્યાં પરમ બુદ્ધિમાન, નિર્વિકાર, સ્વરૂપધ્યાનનિમગ્ન એવા ભગવાનની ભક્તિ અને સેવામાં રત રહેલા હનુમાન્ પૂછે છે :)

"હે શ્રી રામ ! આપ પરમાત્મા છો, સચ્ચિદાનંદવિગ્રહ છો. હે રઘુકુલશ્રેષ્ઠ ! આપને વારંવાર પ્રણામ કરું છું. હે ભગવાન ! હું મુક્તિની કામનાથી તમારા સ્વરૂપને તત્ત્વતઃ જાણવા ઈચ્છું છું, જેથી અનાયાસે ભવબંધનમાંથી મુક્ત થઈ જાઉં, માટે કૃપા કરીને મારી મુક્તિ માટે બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપો."

શ્રી રામ : હે મહાબાહુ ! તમે બહુ સારો પ્રશ્ન પૂછ્યો. હું તત્ત્વતઃ જણાવું છું, ધ્યાનપૂર્વક સાંભળો. જુઓ, હું વેદાંતમાં સુપ્રતિષ્ઠિત છું. તમે એ જ વેદાંતનો આશ્રય લો.

હનુમાન્ : હે રઘુકુલસૂર્ય ! વેદાંત શેને કહેવાય અને એ ક્યાં છે ?

શ્રી રામ : હે હનુમાન્ ! સાંભળો, તમને વેદાંતની સ્થિતિ કહું છું. જેમ વિના પ્રયાસે શ્વાસ-પ્રશ્વાસ ચાલે છે, તે જ રીતે મુજ વિષ્ણુમાંથી શ્વાસ-પ્રશ્વાસરૂપી મહાવિસ્તારપૂર્ણ આ વેદો ઉત્પન્ન થયા છે, અને જેમ તલમાં તેલ હોય છે, તેમ આ વેદોની અંદર વેદાંત સ્થિત છે.

હનુમાન્ : હે ભગવાન ! વેદો કેટલા પ્રકારના છે, એમની કેટલી શાખાઓ છે, એમાં ઉપનિષદ્ ક્યાં છે ? કૃપા કરીને એ તત્ત્વ જણાવો.

શ્રી રામ : ઋક્, યજુ, સામ, અથર્વ - આ ચાર વેદો છે, જેમની અનેક શાખાઓ છે. ઉપનિષદો પણ અનેક છે. ઋગ્વેદની ૨૧ શાખાઓ, યજુર્વેદની ૧૦૯, સામવેદની ૧૦૦૦, અને અથર્વવેદની ૫૦ છે. પ્રત્યેક શાખાનું અક્કેક ઉપનિષદ્ છે. એમાંની એક ઋચા (મંત્ર) નો પણ જો કોઈ મારી ભક્તિ સાથે પાઠ કરે તો તે મારી મુનિદુર્લભ સાયુજ્ય-પદવીને પ્રાપ્ત કરે છે.

હનુમાન્ : હે પ્રભુ ! કેટલાક મુનિશ્રેષ્ઠો કહે છે કે મુક્તિ એક જ છે. કેટલાક સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય એવા ભેદથી ચાર પ્રકારની મુક્તિ કહે છે. કોઈ કહે છે કે આપના નામ-ભજનથી જ મુક્તિ મળે છે, કોઈ કહે છે કાશીમાં તારકમંત્રના ઉપદેશસહિતના મરણથી, અને કોઈ સાંખ્યયોગથી, કોઈ ભક્તિયોગથી, કોઈ વેદાંતવાક્યના અર્થવિચારથી. હે ભગવાન ! સાચું શું છે તે મને કહો.

શ્રી રામ : હે પવનકુમાર ! પારમાર્થિક કૈવલ્યમુક્તિ એક જ છે. હે તાત ! કોઈ ગમે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેવો દુરાચારી કેમ ન હોય, મારા નામ-સ્મરણના પ્રતાપે એ સાલોક્યમુક્તિને પામે છે, એને લોકાંતરમાં જવું નથી પડતું. કાશીમાં બ્રહ્મનાલ-સ્થાને મરેલો માણસ મારા તારકમંત્રનો ઉપદેશ પામીને આવાગમનરહિત કૈવલ્યમુક્તિને પામે છે. કાશીમાં ગમે ત્યાં મરે તો પણ મહેશ્વર એના જમણા કાનમાં તારકમંત્રનો ઉપદેશ આપે છે, જેથી એ સંપૂર્ણ પાપોમાંથી મુક્ત થઈને મારી સાદૃશ્યમુક્તિને પામે છે, અને તે જ સાલોક્ય અને સારૂપ્ય મુક્તિ કહેવાય છે. જે દ્વિજ સદાચારનિરત રહીને નિત્ય અભેદભાવે મુજ સર્વાત્માંમાં ચિત્ત પરોવે છે તે મારા સામીપ્યને પામે છે, અને એ જ સાલોક્ય, સારૂપ્ય, સામીપ્ય મુક્તિ કહેવાય છે. જે ગુરુ દ્વારા ઉપદિષ્ટ માર્ગે મારા અવ્યય સ્વરૂપનું સમ્યક્ ધ્યાન કરે છે તે દ્વિજ ભ્રમરકીટવત્ મારું સાયુજ્ય મેળવે છે અને એ જ બ્રહ્માનંદકરી કલ્યાણી સાયુજ્યમુક્તિ છે. આ ચાર પ્રકારની મુક્તિ છે કે જે મારી ઉપાસનાથી મળે છે.

હનુમાન્ : હે ભગવાન ! કૈવલ્યમુક્તિ કેવી રીતે પ્રાપ્ત થાય ?

શ્રી રામ : મુમુક્ષુઓને મુક્તિ માટે એકલું માંડૂક્યોપનિષદ્ જ પૂરતું છે. જો એના અભ્યાસથી જ્ઞાનસિદ્ધિ ન થાય તો દસે ઉપનિષદોનો અભ્યાસ કરે. એનાથી અવિલંબ જ્ઞાન મેળવીને મારા ધામને પ્રાપ્ત કરે છે. અને જો દસે ઉપનિષદોના અભ્યાસથી પણ વિજ્ઞાનની દૃઢતા ન થાય તો બત્રીસ ઉપનિષદોનો વિશેષ અભ્યાસ કરીને મુક્તિને પામે, અને જો વિદેહ-મુક્તિની આકાંક્ષા હોય તો એકસો આઠ ઉપનિષદોનો અભ્યાસ કરે.

આમ "त्वद्रूपं ज्ञातुमिच्छामि तत्त्वतो राम मुक्तये" એ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને સમગ્ર વેદો ॥ રહસ્યભૂત માંડૂક્ય ઉપનિષદ્માં પ્રતિપાદિત શિવતત્ત્વને જ એમનું સ્વરૂપ ગણાવ્યું, શિવ, વિષ્ણુ અને ઓમ્કારનો અભેદ જ દર્શાવ્યો. સાકાર રામ એ જ પરમ તત્ત્વ છે, પરમ શિવ છે, નિર્ગુણ બ્રહ્મ છે.

•

यथा शिवस्तथा विष्णुर्यथा विष्णुर्यथा शिवः।
अन्तरं शिवविष्णोश्च मनागपि न विद्यते॥

જેવા શિવ છે એવા જ વિષ્ણુ છે, તથા જેવા વિષ્ણુ છે તેવા જ શિવ છે. શિવ અને વિષ્ણુમાં સહેજ પણ અંતર નથી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિશેષ સમાચાર

ભીમપુરા : પરમ પૂજનીયા શ્રી શ્રી માની પ્રેરણાથી આશ્રમમાં એક **સાર્વજનિક ચિકિત્સાલય** (વિનામૂલ્ય દવાખાનું) ચાલુ થયું છે, જેમાં વડોદરાના માતૃભક્ત ડૉ. કાંતિભાઈ શાહ સેવા આપી રહ્યા છે. **દરિદ્રનારાયણ-સેવાર્થ** ફંડમાંથી પ્રતિદિન ભીમપુરા ગામનાં બાળકોને દૂધ તથા નાસ્તો આપવામાં આવે છે. બાળકો હનુમાન્ ચાલીસા પાઠ કર્યા બાદ દૂધ મેળવે છે. **પુસ્તકાલય** શરૂ થયું છે જેમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, બંગાળી અને સંસ્કૃત પુસ્તકો છે, બીજાં વધારે પુસ્તકો (ધાર્મિક, આધ્યાત્મિક વિષયક) આવકાર્ય છે.

આવતા બે વર્ષમાં આશ્રમ-સમિતિએ નિમ્નાંકિત કાર્યો પાર પાડવાનું વિચાર્યું છે. **વનીકરણ** આશ્રમની આશરે ૫ એકરની કોતરની જમીનમાં ફળ, ફૂલ, આયુર્વેદિક ઔષધિઓ તથા અન્ય વૃક્ષોનું વાવેતર કર્યું છે, તેમ જ એ જમીન ઉપર બનાવેલી કેડી પર આ નૂતન વર્ષથી પ્રભાતફેરી શરૂ કરવામાં આવી છે. **મધનું ઉત્પાદન, ગૌશાળા, ગોબરગૅસપ્લાન્ટ, પવનચક્કી, શાકભાજી ઉગાડવા** અને એક **પવનચક્કી** મૂકવી.

અધિકમાસ દરમ્યાન દર સોમવારે શિવમંદિરમાં અભિષેકાત્મક લઘુરુદ્ર, નવરાત્રિમાં જપાત્મક નવચંડીપાઠ, યમદ્વિતીયાએ મહાલક્ષ્મીપૂજન, દિવાળીને દિવસે શારદાપૂજન તથા નવા વર્ષે અન્નપૂર્ણાપૂજન તથા અન્નકૂટ યોજાયાં. ચાતુર્માસ દરમ્યાન વડોદરાના ત્રણ ભક્તોએ તપ-સંયમયુક્ત થઈને આશ્રમમાં અનુષ્ઠાન કર્યાં.

પૂ. સ્વામી ભાસ્કરાનંદજી ચાર માસની વિદેશયાત્રા સમાપ્ત કરી કનખલ આવી ગયા છે. જાન્યુઆરીમાં ભીમપુરા આવવાની શક્યતા છે. પૂ. સ્વામીજીની વિદેશયાત્રાનું વિવરણ આગામી અંકમાં આવશે.

આશ્રમમાં યોજાનાર આગામી કાર્યક્રમો : તા. ૨૬-૧૨-૦૧ ગીતાજયંતિ, તા. ૧૩-૦૨-૦૨ થી શ્રીમદ્ ભાગવત સપ્તાહ, તા. ૧૭-૦૨-૦૨ સરસ્વતી પૂજન, તા. ૧૨-૦૩-૦૨ મહાશિવરાત્રિપૂજન અનુષ્ઠાન, તા. ૧૫-૦૩-૦૨ થી 'દિવ્ય આનંદધામ' (ચાંગોદરા)માં સંયમવ્રત.

ભૂકંપગ્રસ્ત ગામડામાં આશ્રમ તરફથી બંધાયેલી "શ્રી શ્રી માતા આનન્દમયી પ્રાથમિક શાળા"નું ઉદ્ઘાટન ૨૦૦૨માં થશે. પૂ. સ્વામી ભાસ્કરાનંદજીની ઉપસ્થિતિની આશા છે.

શ્રી શ્રીમાના કનખલ સહિતના અન્ય ૨૮ આશ્રમોમાં અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા, સ્થાનાભાવને કારણે જેનું વિવરણ આપવું શક્ય નથી.

॥ જય મા ॥

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैवं
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥

INDIA'S BEST NETWORKING
TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

Novell Netware, Microsoft Windows N.T.,Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder

Enroll Now & Avail Sp. Discount with Job Assistance
OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

MAKING YOU "MASTERS IN NETWORKING"

G.E.C. LTD.
24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta,
Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699
Visit our web site at :- http://www.cmsinstitute.com

cms is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee

॥ ॐ मा ॥

Namaste Bharat

Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

"મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વેધુ માહિતિ માટે સંપર્ક સાધો :

મહાદેવ પટેલ

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : maha devpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

With best compliments from :

"हरि कथा ही कथा
और सब वृथा व्यथा ।"
–श्री श्री माँ

MODTECH MACHINES Pvt. Ltd.,
Plot No. C2A/2, G.I.D.C. Phase I,
Nr. Choksi Tubes,
Vatva, Ahmedabad-382 445.

Tel/Fax : 079-589 3784
e-mail : modtech@icenet.net

Manufacturer/Exporter :
Investment Casting Machines.

With best compliments from :

At the lotus feet of Shree Shree Ma

B.K. Jhala & Associates
"NIRMAL" Commercial Complex
158, M.G. Road,
Pune.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

With best compliments from :

Releasing shortly

CD/CASSETTE ALBUM
Titled

ANAND KARUNA

Musical Homage
to
Shree Anandamayee Ma

By

Pandit Shivkumar Sharma

&

Kumar Bose

Live at Samadhi Mandir, Kankhal

Produced by :
Navras Records. (UK) Ltd.
Distributed by : Sony Music

Will be available at all our ashrams & all leading music shops in India & abroad

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માં આનન્દમયી

અમૃત વાતાં

VOL.-6 APRIL, 2002 NO. 2

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhati, Calcutta-700058 (Tel : 033-5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound, P.O. Agartala-799001. West Tripura (Tel : 0381-208618)
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, (Tel : 05962-33120)
4. ALMORA : Shree Shree Ma Anaudamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, (Tel : 05962-62013)
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 02663-833208
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 0755-521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 (Phone : 0135-734271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, (Phone : 0135-734471)
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram. P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun,
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Kankhal, Hardwar-249408, (Tel : 0133-416575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445,
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
તથા
દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૬ એપ્રિલ, ૨૦૦૨ સં - ૨

-: સંપાદક સમિતિ :-

સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-

શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂ. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડોલર ૧૨/-
એક અંકની છૂટક કિંમત	રૂ. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી.મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રીં મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિન્ટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છ વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૦૧. માતૃવાણી ૧

૦૨. સ્વરૂપ-પ્રકાશ ..... - પરિવ્રાજક ૪

૦૩. અમૃતવર્ષા ..... - બ્ર. વસુમતી મહેતા ૬

૦૪. શક્તિસ્વરૂપા શ્રી શ્રી મા આનન્દમયી. ... - શ્રી ૧૦૦૮ સ્વામી દયાનંદજી ૮

૦૫. માતૃ-સંદર્શન ..... - સ્વ. આત્માનંદ ૧૦

૦૬. શીરડીના પૂ. સાંઈબાબાનું ગીતા - સ્પષ્ટીકરણ - હેમદપંત ૧૮

૦૭. ગોપીશ્વર કૃષ્ણ ..... - લક્ષ્મી ૨૩

૦૮. કાશી - આશ્રમના 'આનંદ જ્યોતિ ગોપાલ' ૨૮

૦૯. મહર્ષિ રૈકવ ૩૧

૧૦. હવાઈમાં શ્રી શ્રી માનો આશ્રમ ..... - પદ્મકાંત ત્રિવેદી ૩૪

૧૧. પૂ. સ્વામી ભાસ્કરાનંદજીનો વિદેશ પ્રવાસ ૩૬

૧૧. વિશેષ સમાચાર ૩૮

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

"મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વધુ માહિતિ માટે સંપર્ક સાધો :

મહાદેવ પટેલ

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : maha devpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

હરિનામ કે જે દુઃખ સુખ હરણ કરનારું છે, તે જ નામ મંત્ર છે. જેને જે કંઈ ગમે. ભગવાનના નામથી પણ કામ ચાલે. બધા માટે મંત્ર એક નથી હોતો. તમને જે પ્રિય લાગે, કરો. હરિ એટલે હરિકથા હરિનામ.

●

બીજ જ્યારે થાય, માટીમાં સંતાડીને રાખવામાં આવે છે, તમે જમીન ખોદી રાખો, કોઈને જણાવવું નહીં (કે) તમારી જમીનમાં છે, અંદર રાખ્યું છે. (અર્થાત્ પોતાના બીજ મંત્રને ગુપ્ત રાખવો જોઈએ, કોઈને જણાવવો નહીં.)

●

સેવા એ કહેવાય કે જે પરમાર્થને રસ્તે લઈ જાય. સેવક એ જ છે જે પરમાર્થમાં લઈ જાય. તે જ સાચો બંધુ, સાચી સેવા, નિષ્કામ સેવા.

●

શ્રેષ્ઠ સેવા, ભગવાનના પથમાં જવા માટે જે મદદ થાય તે જ સાચી સેવા. જે કરે, શિવ માનીને સેવા કરો. યત્ર જીવ તત્ર શિવ, યત્ર નારી તત્ર ગૌરી.

●

જનસેવાને હિસાબે જોઈએ તો પોતાનામાં પોતાના હશે. ભગવદ્ બુદ્ધિથી સેવા કરો. કોઈને નમસ્કાર આપણે કરીએ છીએ - કૂતરા, બિલાડીને પણ નમસ્કાર કરો. ભગવદ્ બુદ્ધિથી સેવા કરો, ભગવદ્ બુદ્ધિથી.

●

ઉપદેશ તો થયો, કેટલું પાલન થયું ? સાંભળ્યું તો સ્મરણ કેટલું થયું ? સાંભળવું (એટલે) અમલ કરવો. સાંભળવાથી પણ ફાયદો થાય છે, બેકાર નથી જતું.

●

ભગવાનમે અર્પણ કર્યું. ભગવાનની ચીજ ભગવાનને આપી રહ્યા છો. આપનાર હું કોણ છું ? સામાન તો ભગવાને આપેલો છે. ધન રાખનાર કોણ છે ? કોઈ માલિક છે, એના રૂપિયા તમારી પાસે છે. તમારો આપવાનો અધિકાર છે ? જે માલિકે તમારી પાસે મૂક્યું છે તે તમે કેવી રીતે ખાલી કરી શકો ?

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જન એટલે જનાર્દન. જનાર્દન એટલે સ્વયં ભગવાન. આપી શકો છો - ભગવદ્ બુદ્ધિથી. હું આપવા બેઠો, તમે દાની - કોણ છે ? હે ભગવાન, તમે જ તમારું છે, અમે આપનારા કોણ ? સેવાના, દાનના અધિકારી છે, તમારો અધિકાર ફૂંકવાનો નથી.

●

જેવો સંસ્કાર રહ્યો હોય, તે જ રૂપે દર્શન થાય છે. રૂપમાં અરૂપમાં. 'નથી' પણ નથી, 'છે' પણ નથી, એમાં પણ છે જ. તમે અરૂપમાં ઈચ્છો છો (તો) નિર્ગુણ નિરાકારમાં છે. રૂપમાં ઈચ્છો તો રૂપમાં છે.

●

દર્શન જે છે - ભગવાનનું નિત્ય રૂપ પણ છે, પ્રકૃત રૂપ પણ છે - એ પણ પ્રગટ થાય છે. અને મનનું પણ હોય છે. તે જ રૂપમાં એ જ છે. દરેક રૂપમાં પ્રગટ છે. એક કલ્પના અને એક નિત્ય રૂપ.

●

મૃત્યુ છે તો અમૃત પણ. મૃત્યુ નથી તો અમૃત પણ ન હોઈ શકે. માંદગી પણ હોય છે, ઍક્સીડન્ટ પણ - આત્મા ક્યાં જાય છે ? જો પતિને મેળવી લીધો તો એ ક્યાં ગયો ? જગત અને જગત-અતીત બે રસ્તા છે. માઁ તો કૂતરાને પણ હાર નાખે છે. હું તો બધાંમાં છું. - આ કૂતરામાં, તમારા સહુમાં.

●

આત્માનો પ્રકાશ થઈ જવો જોઈએ. નામ-સ્વરૂપ, નામનો પ્રકાશ, રામ-સીતા. પોતાની જાતને જોઈને તૃપ્તિ થાય છે. મનનો નાશ જ્યાં સુધી નથી ત્યાં સુધી પ્રકાશ નથી.

●

પ્રશ્ન : હું શું છું ?

મા : તમે જીવ છો, બંધનમાં છો, બંદી છો. હવે સેવા કરવાની છે, સેવિકા બનીને, દાસી બનીને, દાસ બનીને, પ્રભુ બનીને, પ્રભુ-દાસ. વિષય ભોગથી આખરે વિષ જ રહી જશે - Slow Poison જે સ્થિતિમાં છો તેમાં અનુભવ થશે. કોઈ છે તો થોડે દૂર સુધી અહમ્ જોઈ શકે છે. એનો જ એને અનુભવ થશે. જે સ્થિતિ, જે stage પર છે, ત્યાંથી જ જોશે. આમ કેમ થયું ? આ તો અજ્ઞાન છે. કર્મનું ફળ તો ભોગવવાનું છે. સ્વયં - સ્વ + આમિ. સ્વયં - સહુમાં આપ છો. ભગવાનની કૃપા સર્વ સમય.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

ભક્ત : કોશિશ કરીએ છીએ કે ભગવાનમાં લય થઈ જઈએ.

મા : એક કોશિશ છે લય થઈ જઈએ. બીજું સાકર ખાવી છે, (સાકર) બનવું નથી. જેવો ભાવ છે તેવો લાભ છે. મહાવીરે (હનુમાને) કહ્યું હતું - એક આ જ દૃષ્ટિથી જુએ છે - હું તો રામજીનું સ્વરૂપ છું કારણકે આત્મા છે બીજું કંઈ નથી. અને એક રીતે એ પ્રભુ છે, હું દાસ છું. ભગવાન છે. સ્ફુલિંગ અને અગ્નિ. દહન કરવાની શક્તિ એક જ છે ને. એ પૂર્ણ છે, હું અંશ છું. એક આત્મદર્શન કે જે પ્રગટ થઈ જાય છે. સ્થિતિ હોય છે. પ્રભુ-દાસ, પૂર્ણ-અંશ. આત્મા જે રૂપમાં, તે જ છે. વળી હું નિત્ય દાસ, થવું નથી, સાકર ખાવી છે. 'એક'માં પણ જોઈ શકે છે અને પૂર્ણ-અંશ તે જ. માટે ત્રણે એક છે, એકમાં ત્રણ છે. લય થશે ક્યાં ? જળની તરંગ શું છે ? તરંગમાં જળ સિવાય બીજું શું છે ? પછી લય થાય છે. થવું, લેવું-મેળવવું એ જ છે, છે - નથી.

●

ભક્ત : મા, અંત સમયે સ્મરણ રહ્યા કરે.

મા : સ્મરણ અત્યારથી કરશો તો અંત સમયે રહેશે. હંમેશાં, હરતા-ફરતા જ્યાં સુધી સ્વાભાવિક રૂપે (automatically) ના આવી જાય રોમ-રોમમાં.

●

દૂધના છાંટા નાખીને જેમ સાકરના રસનો પરિષ્કાર કરવામાં આવે છે, તેમ જ ઈશ્વર-ચિંતનના સ્પર્શથી ચિત્તનો સંસ્કાર અને મલિનતા દૂર થઈ જાય છે. સંસારી લોકો ઘણું ખરું અધિક આયુ થાય ત્યારે ભજન-પૂજન કરવાનું આરંભ કરીને શ્રાંત અને નિરુત્સાહી થઈ જાય છે. આ કારણે નાનપણથી જ ઈશ્વર-ભાવને મુખ્ય કરીને જીવન-નિર્વાહ કરવાથી અંતે "દિવસ સમાપ્ત થઈ ગયો, સાંઝ પડી ગઈ, (હે હરિ) અમને પાર કરો" કહીને રડવું નથી પડતું. આત્મરક્ષાર્થ અર્થ-વિત્ત-સંચયની માફક ધર્મ-સંચય પણ નિતાંત પ્રયોજનીય છે, આવો વિચાર સર્વદા મનમાં રાખવો ઉચિત છે.

●

स्वाध्यायं श्रावयेत् पित्र्ये धर्मशास्त्राणि चैव हि।
आख्यानानीतिहासांश्च पुराणान्यखिलानि च॥

શ્રાદ્ધ ઈત્યાદિ પિતૃકાર્યો કરતી વખતે વેદો, ધર્મશાસ્ત્રો, ધાર્મિક આખ્યાનો, ધાર્મિક ઈતિહાસો, પુરાણો અને એના પરિશિષ્ટ ભાગો સાંભળવા જોઈએ. - (મનુસ્મૃતિ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વરૂપ-પ્રકાશ

- પરિવ્રાજક

માની સ્વમુખ-નિઃસૃત વાણીમાંથી શ્રી શ્રી માના સ્વયંપ્રકાશ સ્વરૂપનો આભાસ મળે છે.

૧. માને શ્રીમુખેથી નિઃસૃત "પૂર્ણ બ્રહ્મનારાયણ".

૨. **"આ શરીર તો તમારી પાસે સદાયને માટે છે. તમે લોકો ભૂલી જાઓ છો. આ નાની બાળકીને ખસેડવાથી પણ નહીં ખસે."**

૩. કેટલીક પ્રત્યક્ષ ઘટનાઓમાં માએ સ્વરૂપ-નિર્દેશ કર્યો છે :

●

ઘણાં વર્ષો પહેલાંની વાત છે. વૃંદાવન આશ્રમમાં એક રાસમંચ છે, એની સામે ખુલ્લી જગ્યા છે, ત્યાં મા ફરતાં હતાં. બન્ને બાજુ થોડાક આશ્રમવાસીઓ અને ગૃહસ્થો પણ હતા. એકાએક મા ઊભાં થઈ ગયાં, અને બોલ્યાં : **"આંખમાં આંગળી નાખીને હરતાં ફરતાં આત્મપરિચય - આ જ ભગવાન છે. છતાં જીવ સ્વભાવ, બીજી ક્ષણે ભૂલી જાય છે. આનાથી વધારે પ્રકાશ શું થઈ શકે, પણ એક અભય આશ્વાસન છે - પારસના સંગથી લોઢું પણ સોનું થઈ શકે તો બ્રહ્મના સંગથી અવશ્ય - કલ્યાણ થશે જ, અત્યારે પણ કલ્યાણ કરે છે અને કલ્યાણ થતું રહેશે."**

●

શ્રી શ્રી માના પરમ અનુગત ભક્ત શ્રી ઉપેન મહારાજના અનુભવો :

પૂ. ઉપેન બાબા લાંબા સમય સુધી શ્રી શ્રી માના નિર્દેશાનુસાર વિભિન્ન આશ્રમોમાં રહેતા. એમની હાર્દિક ઈચ્છા એ જ રહેતી કે ગમે તે પ્રકારે માની સેવા કરી શકે. એક વાર તેઓ રાજગૃહમાં માની સાથે હતા ત્યારે પ્રતિદિન પ્રાતઃકાળે ચાર વાગે માને માટે બહારથી ગાયનું દૂધ લઈ આવતા. આટલી વહેલી સવારે ઠંડીમાં બાબાને કષ્ટ પડતું હશે એમ માનીને સ્વામી ચિન્મયાનંદજીએ એમને કહ્યું, "બાબા, હવેથી દૂધ હું લઈ આવીશ." એમ જ થયું. બાબા ત્યારે કંઈ ન બોલ્યા.

ત્રીજે દિવસે એમનો બિસ્તરો બાંધવા લાગ્યા. આ જોઈને સ્વામી પરમાનંદજીએ પૂછ્યું, "બાબા, બિસ્તરો કેમ બાંધો છો ?" બાબાએ અત્યંત ઉદાસ થઈને જવાબ આપ્યો, "મહારાજ, હવે તો માની કશી સેવા નથી કરી શકતો, હવે હું અહીંયાં રહીને શું કરું ?"

સ્વામી પરમાનંદજીના કહેવાથી સ્વામી ચિન્મયાનંદજીએ બાબાને કહ્યું, "બાબા, મેં તો આપને ઠંડીમાં કષ્ટ ન પડે માટે દૂધ લાવવાની ના પાડેલી, પણ હવેથી આપ જ લાવજો." આટલું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાંભળતાં જ બાબાનું મુખ ખીલી ઊઠ્યું

●

એક વાર શ્રી શ્રી માએ બાબા વિષેની કોઈ વાતના અનુસંધાનમાં કહ્યું, "બાબાનો ભાવ બિલાડીના બચ્ચા જેવો છે. બાબા એક-બે દિવસ સહેજ વિચાર કરતા રહ્યા, અને પછી જવા માટે બિસ્તરો બાંધવા લાગ્યા. એ જોઈને સ્વામી પરમાનંદજીએ પૂછ્યું, "બાબા, ક્યાં જાઓ છો ?" બાબાએ ખિન્ન મને ઉત્તર આપ્યો, "મહારાજ, આ બ્રાહ્મણ શરીર છે, આજ સુધી માંસ-માછલીને સ્પર્શ પણ નથી કર્યો. હવે આવતે જન્મે બિલાડીનું બચ્ચું બનીને ઉંદરો ખાવા પડશે, માની વાત તો અસત્ય હોઈ ન શકે." આ સાંભળીને સ્વામી પરમાનંદજી હસી પડ્યા, અને જઈને માને કહ્યું, "મા, બાબા જાય છે." માએ પૂછ્યું તો સ્વામીજીએ બધી વાત કરી. માએ બાબાને બોલાવ્યા, અને એમને સમજાવતાં કહ્યું, "બાબા, આ શરીર તો તમારા શરણાગત-ભાવ વિષે કહેતું હતું." છેવટે બાબાનું સમાધાન થયું.

●

પૂ. ઉપેન બાબા માને કંઈ કહેતા નહીં, એક વાર જ્યારે મા વિંધ્યાચલમાં હતાં, ત્યારે એમણે પૂછ્યું, "મા, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં વિશ્વરૂપદર્શનની જે વાત છે તે શું છે ?" મા બોલ્યાં, "બાબા, તમે તો આ શરીરને કંઈ પૂછતા નથી. આજે આ પ્રશ્ન કેમ ?" બાબા મૌન રહ્યા.

આના ચાર-પાંચ દિવસ પછી બાબા પરોઢિયે શૌચ માટે જંગલમાં ગયા. એમણે જોયું તો મા સામે પથ્થર ઉપર બેઠાં છે. બાબા સંકોચવશ ઊભા થઈ ગયા, અને થોડેક દૂર જઈને ફરી શૌચ માટે બેઠા. પરંતુ ફરી જોયું કે મા ત્યાં પણ સામે બેઠાં છે. હવે તો બાબા જ્યાં જ્યાં જુએ ત્યાં ત્યાં એમને મા દેખાતાં. ભૂમિ, જલ, સૂર્ય, કિરણ, આકાશ, વાયુ - સર્વત્ર માતૃ-દર્શન થતાં એમને લાગ્યું કે મને કંઈ થઈ તો નથી ગયું ને ! આમ વિચાર કરીને એમણે હાથ પર ચૂંટલી ભરી, તો ત્યાં પણ એમને માતૃ-દર્શન થયાં. હવે ચાલવા માંડ્યા તો માટી, પથ્થર બધે જ માતૃદર્શન થતાં રહ્યાં. બબા અચકાઈ ગયા,

મા ઉપર પગ ન મૂકાય ! આખરે અડધાં પોપચાં બીડીને માંડ માંડ આશ્રમમાં પહોંચ્યા. તે જ વખતે મા વરંડામાં બેઠાં હતાં. માએ સ્મિત કરતાં પૂછ્યું, "બાબા, શું થયું ?"

ભાવાવેશમાં બાબાએ પ્રત્યુત્તર વાળ્યો, "મા ! વિરાટ-રૂપ છો છતાં 'બચ્ચી" બનીને અમને અજ્ઞ જીવોને શા માટે બનાવો છો ?" મા હસ્યાં.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃતવર્ષા

- સંકલન : બ્ર. વસુમતી મહેતા

શ્રી શ્રી મા કહે છે :

પ્રણામ એટલે પોતાની જાતને "એમના" ચરણોમાં આપી દેવાની. વડીલોના પગને અડકીને આશીર્વાદ મેળવવાના. મૃત્યુનું મૃત્યુ થઈ જાય ત્યારે ચિરંજીવી થઈ શકાય. પ્રણામ કરવા જાઓ ત્યારે તે રીતે બેસવું જે રીતે બેસવાથી એમના ચરણ દેખાય. પગની આંગળી પર નજર નાખીને આખી મૂર્તિ જોઈ લેવાની, શ્વાસ લેતા લેતા આખા વિગ્રહને જોઈ લેવાના, શ્વાસની સાથે સાથે શક્તિ આવી રહી છે. મુખમંડલ પર દૃષ્ટિ સ્થિર કરીને પછી ધીમે ધીમે નીચે ચરણ સુધી, જેવી રીતે લોટામાં ગંગાજળ ભરતાં પહેલાં ગંગાજળથી લોટાને ધોઈ લેવાનો. શ્વાસ લો છો, પાછો છોડો પણ છો. અંદરનો અહંકાર તે લે છે. હું શ્વાસ છોડું છું, એ લે છે. એમની શક્તિ ચરણમાંથી આવીને મારા માથામાં ભરાઈ ગઈ. માથું તે ધારણ કરવાનું સ્થાન છે. હાથની તથા પગની આંગળીઓમાંથી શક્તિપાત થાય છે. હાથની આંગળીઓમાંથી હર હંમેશ વીજળી જેવી શક્તિ નીકળ્યા કરે છે. ઊર્ધ્વમૂલ અધઃશાખ. જડ જગતમાં વૃક્ષનું મૂળ નીચે હોય છે, ફળ-ફૂલ ઉપર હોય છે. માનવ શરીરમાં મૂળ ઉપર, મસ્તક. સારી ઊંઘ ન આવે તો મગજ કામ નથી કરતું. કંઈ પણ થાય તો માથાને બચાવવાનો પ્રયત્ન કરાય છે. બધી શક્તિ ચરણમાંથી આવે છે. ભ્રૂમધ્યમાં ધ્યાન થઈ જાય તો ઉપરની બાજુ ગતિ થઈ જાય છે.

•

પ્રશ્ન : આપથી દૂર રહીને ફોટાને પ્રણામ કરવાથી, ફોટા સામે નામસ્મરણ કરવાથી તે શું આપને પહોંચે છે ?

મા : જેમ 'વાયરલેસ' ચાલે છે તેમ. શ્રાદ્ધ કરવાથી મરેલાને કેમ પહોંચે છે ? ભગવાન સર્વત્ર છે, તે જો આપણી સામે પ્રગટ ન થઈ શકે તો તેને કેમ પૂજે ? દૂર બગીચાના ફૂલની સુવાસ અહીં કેમ આવે છે ? વાયુથી. તે રીતે અહીંનું ત્યાં પણ જઈ શકે. અહીંની સિદ્ધિ ત્યાં પણ જઈ શકે છે. બીજની અંદર આવડું મોટું વૃક્ષ કેમ રહે છે ? બ્રહ્માંડમાં ભગવાન ક્યાં નથી ? જ્યાં રહો ત્યાં ભગવાન પ્રગટ થઈ શકે. એમને પ્રગટ થવું જ પડશે.

પ્રશ્ન : અજાણતાં ગ્રહણ કરાયેલા પ્રસાદનું ફળ મળે કે નહીં ?

મા એ વાર્તા કહી. એક માણસનું કોઈ કારણસર અપમૃત્યુ થયું. જે સ્થાન પર એનું મૃત્યુ થયું તે સ્થાનની નીચે શાલિગ્રામ શિલા સંતાયેલી હતી. મૃત્યુ પછી તેને લેવા માટે જ્યારે યમદૂતો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવ્યા ત્યારે વિષ્ણુના દૂતો પણ આવી પહોંચ્યા. શાલિગ્રામ શિલા ઉપર મૃત્યુ થવાથી તેને વિષ્ણુલોક પ્રાપ્ત થયો.

જે કાર્ય કરશો તેનું ફળ ભગવાન વીણી વીણીને આપશે. એની કૃપા તો અહૈતુકી જ હોય છે. એની સાથે તો દુકાનદારી નથી, વેપાર નથી.

●

પોતાના ચરણમાં આવેલા ભક્તોને ઊચકવા માટે ભગવાનને જરા વાંકા વળવું પડે છે તેથી એમનું એક નામ બાંકેબિહારી છે.

●

૩-૭-૧૯૬૨ (ડાયરીમાંથી)

પશ્ર : ગુરુદીક્ષા શું બધાં માટે જરૂરી છે ?

મા : હા, બધાં માટે જરૂરી છે. તમે મનગમતી રીતે ગુરુ માની લો. (ભાગવત રામાયણ ગમે તેને) અને તે પ્રમાણે ચાલતા રહો તો એ પોતે જ વ્યવસ્થા કરી લેશે. ગુરુ માની લેવા એક વાત છે, અને મંત્ર મેળવવો તે જુદું છે. મંત્ર પણ લેવો જોઈએ. તમે એક લક્ષ્ય રાખીને ચાલતા રહો, તમારે માટે કયું રૂપ ધારણ કરીને, જેને માટે જે રૂપ અનુકૂળ હોય તે રૂપ ધારણ કરીને (તેઓ) પોતે પ્રગટ થઈ જશે. જેમ ધ્યાન, સેવા, જેને માટે જે. અખંડ ભગવત્સ્મરણ જે ક્રિયા કરવાથી થાય તે ક્રિયા કરવી. પ્રશ્નો આવે છે. પ્રશ્નાતીત જવું પડશે. જેને બધાંમાં એનું રૂપ દેખાય તેને પ્રશ્ન નથી રહેતો. જે પ્રશ્ન કરે છે તે તો સાંભળી સાંભળીને ભાવના કરે છે. એકમાં અનંત, અનંતમાં એક.

●

ખાસ જગ્યાએ જુદી વાત, બાકી, સામાન્ય રીતે માતા-પિતા-પતિની આજ્ઞાનું પાલન થવું જોઈએ. માણસની સાચી ફરજ છે ભગવત્-પ્રાપ્તિ. ભગવત્-પ્રાપ્તિ માટે જે કરવાનું છે તે પોતાની સ્થિતિ પ્રમાણે કરવું જોઈએ. પરમાત્મા પ્રત્યે જેનું મન ચાલી જાય તેનું કર્તવ્ય - ફરજ બદલાઈ જાય છે. ગૌરાંગ મહાપ્રભુએ ક્યાં માતાપિતાની આજ્ઞા પાળી ? મીરાંબાઈનું પત્નીવ્રત ક્યાં ગયું ? આ રીતે જુઓ તો મહાપુરુષો પર દોષ આવી જાય. સ્થિતિ અનુસાર, સ્થાન અનુસાર, કર્તવ્યનો વિચાર કરવો. આશ્રમાતીત જવા માટે ચાર આશ્રમો.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શક્તિસ્વરૂપા શ્રી શ્રી મા આનન્દમયી.

- શ્રી ૧૦૦૮ સ્વામી દયાનન્દ વેદપાઠી મહારાજ.
વેદાશ્રમ, ચાંદોદ.

"દુર્ગે ! સ્મૃતા હરસિ ભીતિમશેષજન્તોઃ
સ્વસ્થૈઃ સ્મૃતા મતિમતીવ શુભાં દદાસિ,
દારિદ્ર્યદુઃખભયહારિણી કા ત્વદન્યા
સર્વોપકારકરણાય સદાર્દ્રચિત્તા."

હે મા દુર્ગે ! સ્મરણ કરનાર પ્રાણીઓના સર્વ ભય તમે હરી લો છો, અને સ્વસ્થ ભક્તો દ્વારા ચિંતન કરાતાં તમે એમને પરમ કલ્યાણમયી બુદ્ધિ પ્રદાન કરો છો. દુઃખ-દરિદ્રતા-ભયનું હરણ કરનારાં હે દેવી ! તમારા સિવાય બીજી કોણ છે જેનું ચિત્ત સર્વનો ઉપકાર કરવાને માટે સદાયે દયાર્દ્ર હોય !

નિત્ય-સત્-ચિત્-આનંદ-સ્વરૂપ પરિપૂર્ણ પરબ્રહ્મના જેવા રામ અને કૃષ્ણ આદિ અનેક અવતારો થાય છે, તેવા જ મહાદેવી જગદંબાના પણ અનેક અવતારો હોય છે. ભગવાનની દિવ્ય વિભૂતિઓનો ક્યાંય અંત નથી. વિશ્વકલ્યાણ તથા વિશ્વશાંતિ તેમ જ ધર્મોદ્ધાર માટે, દુષ્ટોના દમન માટે, સજ્જનોની રક્ષા માટે ભગવાનની દિવ્ય વિભૂતિઓનું પ્રાકટ્ય વખતોવખત થતું જ રહે છે. "नैव स्त्री न पुमानेष न चैवायं नपुंसकः। यद्यत् शरीरमादत्ते तेन तेन स युज्यते॥" પરમાત્મા ન સ્ત્રી છે, ન પુરુષ છે કે ન તો નપુંસક છે, એ તો જીવરૂપે જે સ્ત્રી કે પુરુષ શરીરને ગ્રહણ કરી લે છે, તે અનુસાર જ આ 'સ્ત્રી' છે, 'પુરુષ' છે એવું કહેવાય છે. વસ્તુતઃ આ બધી આત્માની ઉપાધિઓ છે. ઉપાધિ આવે છે, ઉપાધિ ચાલી જાય છે, ઉપાધિ કર્મ કરે છે, ઉપાધિ જ ફલભોગ કરે છે. આત્મા તો સર્વથા અસંગ તથા નિર્લિપ્ત છે. આ જ શુદ્ધ આત્મા બ્રહ્મરૂપ છે એવો વેદાંત શાસ્ત્રનો સિદ્ધાંત છે.

માયાની ઉપાધિમાંથી વિનિર્મુક્ત ચેતન, શુદ્ધ બ્રહ્મ છે, તથા માયોપાધિક ચેતન, અપર બ્રહ્મ ઈશ્વર કે અંતર્યામી કહેવાય છે. ઈશ્વર ચેતન જ માયાને પોતાને અધીન કરીને સ્વતંત્ર, સર્વજ્ઞ, સર્વશક્તિસંપન્ન થઈને બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, વાસુદેવ, ગણેશ, શક્તિ, સૂર્ય આદિ રૂપે થઈને વિશ્વની ઉત્પત્તિ - સ્થિતિ - પ્રલયરૂપી કાર્યો કરે છે, તથા પ્રાણીઓનાં શુભાશુભ કર્મોનો દ્રષ્ટા સાક્ષી બનીને ફલવિધાન કરે છે, નિયમન કરે છે. ક્યારેક સ્ત્રીરૂપે તથા ક્યારેક પુરુષરૂપે પ્રગટ થાય છે. તે જ શક્તિ મહિષાસુરમર્દિની, ચંડમુંડવિનાશિની, શુંભનિશુંભાદિદૈત્યવિમર્દિની, મહાકાલી - મહાલક્ષ્મી - મહાસરસ્વતી રૂપે પ્રગટ થઈને દેવો, સજ્જનો, યતિ - સતી, ધર્મશીલ ભક્તોની રક્ષા કરે છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રી શ્રી મા આનન્દમયી એક વિશિષ્ટ ભગવદ્વિભૂતિરૂપે પ્રગટ થયાં, કે જે "पाण्डित्यं निर्विद्य बाल्येन तिष्ठासेत्" એ શ્રુતિ અનુસાર આત્મજ્ઞાનથી પૂર્ણહૃદય હોવા છતાં એક બાલિકાની જેમ રાગદ્વેષરહિત દ્વન્દ્વાતીત આત્મભાવમાં સ્થિત હતાં. 'શ્રી શ્રી આનન્દમયી સંઘ' મે ૧૯૯૫ થી મે ૧૯૯૬ સુધી માના વિવિધ આશ્રમો, ધાર્મિક તથા આધ્યાત્મિક કેન્દ્રોમાં માનો જન્મ શતાબ્દી મહોત્સવ ઉજવે છે તે અતિ હર્ષનો વિષય છે. માની પુણ્ય સ્મૃતિ પાપનાશક, પુણ્યવર્ધક તથા જ્ઞાનવિજ્ઞાન પ્રદાન કરીને યમ - નિયમ - સંયમ સાથે વૈરાગ્યયુક્ત ભગવદ્ભક્તિ આપનારી છે. માનું લોકપાવનકારી શરીર તપ, ત્યાગ, તિતિક્ષા, ક્ષમા, દયા, અહિંસા, સદાચાર, સરળતા, નમ્રતા, શૌચ, સંતોષ, સત્ય, નિરભિમાન, વિવેક, વૈરાગ્ય, શાંતિ આદિ દિવ્ય દૈવી ગુણોનો ભંડાર હતું. સાધકો પ્રત્યે સ્નેહ, સદ્ભાવ, વ્રતપાલનની દ્રઢતાનું લક્ષ્ય, તથા મહાપુરુષો પ્રત્યે શ્રદ્ધા તથા સન્માનનો અદ્ભુત ભાવ એમનામાં હતો. માની મમતા, વાત્સલ્યભાવ, સેવા, સ્નેહ, સૌજન્ય જેવા શુભ ગુણો આજે પણ પ્રેરણાસ્રોત છે. મા હંમેશાં ધાર્મિક ઉત્સવો કરાવતાં. પ્રતિવર્ષ સંયમસપ્તાહ - સમ્મેલન, યજ્ઞ, દાન, વ્રત, પર્વમહોત્સવ વગેરેનું અનુષ્ઠાન કરાવતાં. આથી સાધકોને પુણ્યપ્રાપ્તિ તથા સન્માર્ગે ચાલવાની પ્રેરણા મળતી હતી. આજે પણ 'શ્રી શ્રી આનન્દમયી સંઘ' માએ નિર્દેશ કરેલા માર્ગે ચાલીને એક દિવ્ય આદર્શ સ્થાપે છે જે સ્તુત્ય છે, અનુકરણીય છે.

આ પંક્તિઓના લેખકને માનું સાન્નિધ્ય દીર્ઘ કાળ સુધી પ્રાપ્ત થયું છે. મા સિદ્ધયોગિની, વિદુષી, વ્યવહારમાં શુદ્ધ, પરમાર્થમાં સિદ્ધ, નિશ્છલ, નિર્લિપ્ત - નિઃસંગ, આત્મભાવમાં સ્થિત હતાં. "यतेन्द्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः। विगतेच्छाभयक्रोधो यः सदा मुक्त एव सः॥" ગીતાના આ શ્લોકમાં વ્યક્ત થયેલાં લક્ષણો પ્રમાણે નિત્યમુક્ત, જીવન્મુક્ત હતાં. હું માને હાર્દિક શ્રદ્ધાંજલિ - ભાવાંજલિ સમર્પણ કરું છું. સંઘ દ્વારા માનો જન્મશતાબ્દી - મહોત્સવ ઉજવવાની સંકલ્પનાની સર્વતોભાવેન સફળતાની કામના કરીએ છીએ. માના શ્રીમુખેથી સાંભળેલા "બાબા" તથા "પિતાજી" આ બન્ને શબ્દો આજે પણ સ્મૃતિપથને પ્રકાશિત કરી રહ્યા છે. માના આશ્રમના સંયમ-સપ્તાહ ઈત્યાદિ ઉત્સવોમાં હું ઘણું ખરું ભાગ લેવા માટે જતો, એની અનેક મધુર સ્મૃતિઓ છે. માએ ખૂબ સમ્માન આપ્યું. તેઓ કહેતાં, "બાબા, ઈસ બચ્ચી કા ધ્યાન રખના" મા મને પિતાજી કહેતાં અને હું એમને "માઁ" કહેતો. આ રીતે માનો સરળ વ્યવહાર બહુ જ આનન્દપ્રદ હતો. આજે પણ માનું સ્મરણ, એમના ગુણોનું ચિંતન, એમની ધાર્મિક વૃત્તિ, તથા આધ્યાત્મિકતા સહુને પ્રેરણા પ્રદાન કરે છે. ઈશ્વરના ગુણોની જેમ માના ગુણોનો અંત નથી, પરંતુ માના અનંત ગુણોમાંથી થોડાક ગુણોનું ચિંતન પણ માનવમાત્રને પાવન કરવાને સમર્થ છે. હું તો માને મહાશક્તિસ્વરૂપા બ્રહ્મમયી માનીને વંદના કરું છું.

"ॐ शिवः सर्वं सर्वत्र। शिवोऽहम् महादेव हर॥"

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ-સંદર્શન

- સ્વ. આત્માનંદ

(લેખિકા યુરોપના ઑસ્ટ્રિયા દેશનાં મહિલા હતાં. અંગ્રેજોના રાજ્યકાળ દરમ્યાન વારાણસીમાં સંગીત શિક્ષિકા હતાં. માને શરણે આવ્યા પછી માએ આત્માનંદ નામ આપ્યું.)

૧૯૪૫ના નવેમ્બર મહીનામાં મેં દીવાળીની રજાઓ માની સાથે ગાળી. આ પહેલાં હું માના એક્કે આશ્રમમાં રહી નહોતી. યુદ્ધ હજી સમાપ્ત થયું ન હતું. શત્રુ-પક્ષ અથાત્ વિદેશી હોવાને લીધે હું પોલિસની રજા વગર વારાણસી છોડી શકું નહીં. તે માટે મેં આવેદન મોકલ્યું હતું, અને આશ્ચર્ય એ કે અનુમતિપત્ર પણ મને સમયસર મળી ગયો ! જ્યારે મને એવો જવાબ મળ્યો કે મારે બીજી વધારે અનુમતિ લેવાની જરૂર નથી ત્યારે મેં અપાર આનંદ અનુભવ્યો. અહોભાગ્ય ! હવે હું ભારતમાં મારી ઈચ્છા પ્રમાણએ ગમે ત્યાં જઈ શકું, માત્ર મારા આવવા-જવા બાબતની સૂચના પોલિસમાં આપવી જરૂરી હતી.

૧૯૩૯માં યુદ્ધ આરંભ થતાં જ મારા ગમે ત્યાં આવવા-જવા પર પ્રતિબંધ મૂકાઈ ગયો હતાં. જો એક દિવસ માટે પણ હું વારાણસીથી બીજે ક્યાંય જાઉં તો પણ મારે દરેક વખતે એનું પાક્કું કારણ આપવું પડતું. અનુમતિપત્રો મળી જતા, પણ દર વખતે કોઈ યથાર્થ પ્રયોજન ન રહેતું. કદાચ આ એક યોગાયોગ હતો કે જે વખતે મને શ્રી શ્રી મા પાસે જવા સિવાય બીજે ક્યાંય જવાની ઈચ્છા નહોતી, ત્યારે જ અચાનક હવે હું બધે જવા માટે મુક્ત હતી !

વિંધ્યાચળમાં કાલી-પૂજા ઉજવાઈ. મેં કદીયે આ પ્રકારની પૂજા પ્રત્યક્ષ જોઈ નહોતી, કે નહોતી મને આખી રાતના ઉજાગરાની ટેવ. એ દિવસોમાં માની આજુબાજુ અત્યારના જેવી અકલ્પનીય ભીડ નહોતી. ઉલ્ટાનું એક નવીન આગંતુક અને તેમાંયે વિદેશી હોવાને લીધે મને એક સરસ જગ્યા આપવામાં આવી કે જ્યાંથી મને માતાજી તથા પૂજાનો આખો કાર્યક્રમ સારી રીતે દેખાઈ શકે. પૂજા દરમ્યાન આખી રાત માતાજી ત્યાં ઉપસ્થિત રહ્યાં. પૂજાના પ્રત્યેક કાર્યમાં શ્રી શ્રી માની પૂર્ણ દેખરેખ જોવા યોગ્ય હતી. હું ખૂબ નજીકથી એમના શ્રીમુખના નિરંતર બદલાતા ભાવોનું નિરીક્ષણ કરતી હતી. શ્રી શ્રી માના વદનકમળ પર સમસ્ત ક્રિયાઓ પ્રતિફલિત થતી દેખાતી હતી.

શ્રી શ્રી માનું તે સમયનું સૌંદર્ય અપ્રતિમ તો ખરું જ, વળી ઉંમર પણ ઘણી ઓછી જણાતી હતી. હું ચોક્કસપણે કહી શકું છું કે ત્યારે શ્રી શ્રી મા ષોડષી કુમારી કરતાં વધારે વયનાં લાગતાં નહોતાં, છતાં મને ખબર હતી કે લગભગ પચાસ વર્ષ પૂર્વે ૧૮૯૬ માં શ્રી શ્રી માનો જન્મ થયો છે. આ શું કોઈ દિવ્ય દેવી છે કે માનવી ? મને એ પણ ખબર હતી કે દેવીનું રૂપ કેવું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri Siddhanta, Funding by MoE-IKS

ચિત્રિત છે, તેમ છતાં ચોક્કસ આ રૂપ માનવીય તો નથી જ એમાં જરાયે સંદેહ નથી.

તે રાત્રે મારી સાથે બીજી એક ઉલ્લેખનીય ઘટના ઘટી. મારી ગર્ભધારિણી માતાનો પરલોકવાસ થઈ ચૂક્યો હતો જ્યારે હું માત્ર બે વર્ષની હતી. એમના અનેક ફોટા જોવા છતાં હું કલ્પના નહોતી કરી શકતી કે એ કેવાં દેખાતાં હતાં. નાનપણમાં મારે માટે આ એક મૂઝવણ હતી. એકાએક કાલીપૂજાની રાતે એ જૂની વાત મને યાદ આવી, મને થયું કે આ ચહેરો મેં બહુ પહેલાં ક્યાંય જોયો છે. - અને ત્યારે જ મારા મનમાં આવ્યું - " ઓહો ! હવે સમજી કે મારી મા દેખાવામાં કેવી હતી, આ જ મારી મા છે !"

એ એક આશ્ચર્યપૂર્ણ અનુભવ હતો, અવર્ણનીય, જે મારા જીવનમાં ઊંડાણથી પેસી ગયો, અવિસ્મરણીય !

પૂજા સમાપ્ત થઈ ત્યારે પ્રાતઃકાળના ત્રણ વાગ્યા હતા. પરોઢિયે ત્રણ વાગે ? આ શક્ય છે ? અમે રાતના દસ વાગ્યાથી પૂજા જોવા બેઠાં હતાં. શું ખરેખર હું એકધાર્યું પાંચ કલાક બેસી શકી ? પૂજામાંથી ઊભી થઈ ત્યારે સહેજે ઊંઘ આવતી નહોતી. હું વિચારી જ નહોતી શકતી કે આટલો દીર્ઘ કાળ આટલી શીઘ્રતાથી કેવી રીતે પસાર થઈ ગયો ! પૂરા પાંચ કલાક ! આ બધું અસંભવ લાગ્યું. ઓરડામાં જઈને સૂઈ ગઈ. હજી તો આડી જ પડી ત્યાં કોઈએ બારણું ખખડાવ્યું અને મારા નામની બૂમ પાડી. એ ગુરુપ્રિયા દેવી હતાં. એમના હાથમાં એક આસન હતું, "માતાજીએ આ તમારે માટે મોકલ્યું છે, "એમણે કહ્યું. ત્યારે બ્રાહ્મ મુહૂર્તના ચાર વાગ્યા હતા. આશ્રમમાં અમારે ધ્યાન માટે ઊઠી જવાનો નિયમ હતો. "માતાજી કેવાં કરુણામય છે." મેં વિચાર કર્યો, "આ વિશેષસ્મરણીય રાત્રિમાં આ પવિત્ર સમયે મને આસનનો ઉપહાર આપીને એ યાદ અપાવ્યું કે હવે સૂવાનો સમય નથી પણ ધ્યાનમાં બેસવાનો છે." હું આભાર દર્શાવવા બહાર આવી. ત્યાં સુધી માતાજી વિશ્રામમાં નહોતાં ગયાં. મેં જોયું કે તેઓ કાર્યરત હતાં - લોકો હજી સુધી એમને વીંટળાઈને બેઠા હતા. મને જોઈને એમણે સ્મિત કર્યું, "તને ઠંડી લાગી હશે આસન વગર બેસવાથી" - એમણે કહ્યું.

આ આસન હજી સુધી મારી પાસે છે. ઘણાં બધાં વર્ષો થઈ ગયાં એટલે ઘણું ફાટી ગયું છે.

●

કદાચ ૧૯૪૭ ની સાલ હતી. શ્રી થૉમસનને પૉંડિચેરીથી એમના એક મિત્રનો પત્ર મળ્યો. એમાં એક વૃદ્ધ ફ્રેંચ માણસ વિષે લખેલું હતું, કે "એમણે જીવનનો મોટો ભાગ આફ્રિકામાં પસાર કર્યો છે અને હવે થોડીક રજાઓમાં તેઓ ભારત આવ્યા છે - ભારતમાં, એમના સ્વપ્નદેશમાં. તેઓ થોડા દિવસ પવિત્ર નગરી વારાણસીમાં રહેવા માગે છે, તો શ્રી થોમ્પ્સન એમને બધે ફરવામાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાથ આપી શકશે કે કેમ ? કારણ કે એમને અંગ્રેજી ખાસ આવડતું નથી, અને હિંદીનો તો એક શબ્દ પણ નહીં.''

થૉમ્પ્સને એમને માટે શક્ય તેટલું કર્યું. જ્યારે એમને એ વાતની ખબર પડી કે એ વૃદ્ધ સજ્જન એક ગંભીર તથા અનુભવી વ્યક્તિ છે કે જેમણે સ્વામી વિવેકાનંદનાં પુસ્તકોને આધારે લગભગ ૩૦ વર્ષ સુધી ધ્યાનનો અભ્યાસ કર્યો છે, ત્યારે એમણે એ સજ્જનને પૂછ્યું, ''તમને આ બધાં દર્શનોથી શો લાભ થયો ? એક જ એવાં છે જેમને તમારે અવશ્ય મળવું જ જોઈએ અને એ છે શ્રી શ્રી આનન્દમયી મા.''

વૃદ્ધે અત્યાર સુધી મા વિષે કંઈ જ સાંભળ્યું નહોતું, પરંતુ જ્યારે એમને મા વિષે કહેવામાં આવ્યું ત્યારે તેઓ માત્ર માના દર્શન માટે જ આગ્રહ કરવા લાગ્યા. પરંતુ એક મુશ્કેલી હતી. માતાજી ત્યારે વારાણસીમાં નહોતાં, અને આમનો 'વીસા' થોડા દિવસોમાં સમાપ્ત થવાનો હતો. ''હું એથી વધારે દિવસ રોકાવાનું સાહસ ન કરી શકું,'' એમણે કહ્યું, ''મારા 'પેપર્સ' બરાબર કરાવવા માટે મારે તાબડતોબ દિલ્હી જવું પડશે, અને ભારત છોડવું પડશે, નહીં તો અધિકારીઓ મારે માટે મુશ્કેલી ઊભી કરી શકે.''

પરંતુ થોમ્પ્સન આવી વાતો સાંભળવાના નહોતા ! ''બેકાર'', એમણે આગ્રહપૂર્વક કહ્યું, ''વીસા, પોલિસ, અધિકારી આ બધી મનની કલ્પના છે. જે ક્ષણે માનવીનો એ 'યથાર્થ સત્તા' સાથે સંબંધ બંધાઈ જાય છે, તે જ ક્ષણે આ બધી જાગતિક શક્તિઓ નિસ્તેજ પડી જાય છે, એને આ સઘળું અર્થહીન જણાય છે. તમારે એ બધી બાહ્ય માન્યતાઓની ચિંતા નહીં કરવી પડે. નિશ્ચિંત થઈને વિશ્રામ કરો. કંઈ ખરાબ નહીં થાય. તમારાથી અત્યારે વારાણસી નહીં છોડાય, માતાજી અહીં અલ્પ સમયમાં જ આવશે એવી શક્યતા છે. તમારે રાહ નહીં જોવી પડે.'' થૉમ્પસનનો નિર્ણય દૃઢ હતો તેથી વૃદ્ધ સજ્જને વિરોધ કરવાનું સાહસ ન કર્યું. તે ઉપરાંત થૉમ્પસનના સહયોગ અને નિદર્શન વગર તેઓ વારાણસીમાં પૂરેપૂરા અસહાય હતા. તેથી એમણે વાત માનવી પડી. માતાજી પધાર્યાં ત્યારે પેલા સજ્જન આશ્રમમાં પ્રતીક્ષા કરી રહ્યા હતા. એક વાર એમણે માને જોયાં અને માએ પણ ફરીને એમની સામે જોયું. હવે તેઓ મા ઉપરથી દૃષ્ટિ ખસેડી જ નહોતા શકતા. આશ્ચર્ય ! તે પછી કલાકો સુધી મૂક થઈને તેઓ અગાશી પરથી ગંગાજીને જોતા રહ્યા, ગાલ પરથી અશ્રુધારા વહી રહી હતી, સમયની પરવા નહોતી.

મોડી રાત્રે જ્યારે રામકૃષ્ણ મિશનના મુકામે પહોંચ્યા ત્યારે ફાટક બંધ થઈ ગયો હતો. બહુ મુશ્કેલીથી ચોકીદારને જગાડ્યો. બધાં સૂઈ ગયાં હતાં. રાતે ભોજન કર્યા વગર તેઓ પણ પથારીમાં સૂતા. પછીના થોડા દિવસો એમણે આશ્રમમાં જ પસાર કર્યા. મા સાથે એમની બે-એક વાર એકાંતમાં વાતો થઈ, જેમાં મને થૉમ્પ્સનની સહાયથી ફ્રેંચમાં ભાષાંતર કરવાનો સુઅવસર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાંપડ્યો. માતાજીએ વૃદ્ધ સજ્જનને પૂછ્યું કે તેઓ ક્યાં સુધીમાં ભારત પાછા ફરશે. એમણે કહ્યું, "મને બીક છે કે એની હવે તો કંઈ જ આશા નથી. હું ખૂબ જ મુશ્કેલીથી આ વખતે આવ્યો છું, અને બીજી વાર મને દેશમાંથી પૈસા લઈ જવાની અનુમતિ નહીં મળે. એ પૈસામાંથી હું મારો ખર્ચો ચલાવું છું. તે ઉપરાંત હું વૃદ્ધ છું." (તેઓ લગભગ ૭૦ના હતા.)

માતાજીએ કંઈ પ્રતિવાદ ન કર્યો. એ સજ્જન પાછા ફર્યા, પરંતુ વીસા કરતાં વધારે દિવસ રહેવા માટે એમને સાચે જ કોઈ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડ્યો.

નિજસ્થાને પહોંચ્યા પછી શીઘ્ર એમણે પત્રો લખવાનું શરૂ કર્યું. દરેક પત્રમાં આ એક જ વાત ફેરવી-ફેરવીને લખતા હતા કે તેઓ એમના શેષ જીવનમાં માતાજીથી કે ભારતથી વિખૂટા પડીને રહેવાની કલ્પના પણ નથી કરી શકતા. છલ, બલ, ચાતુર્ય - કોઈ ને કોઈ રીતે એમને ભારત પાછા ફરવું જ છે. જ્યાં ઈચ્છા છે ત્યાં ઉપાય પણ છે જ. તેઓ ગમે તે રીતે આવવાની વ્યવસ્થા કરશે જ મોડા કે વહેલા, શીઘ્ર થાય તે જ સારું.

જે થવાનું હોય તે થાય છે જ. એમણે રસ્તો શોધી કાઢ્યો. ભારતને હાલમાં જ સ્વાધીનતા મળી હતી, તથા સર્વ રાષ્ટ્રો નવી દિલ્હીમાં પોતપોતાના દૂતાવાસો કે પરામર્શ-સંસદ ખોલવા ઈચ્છતા હતા. થોડાક જ દિવસોમાં આ સજ્જનને નવી દિલ્હી-સ્થિત એમના દેશના દૂતાવાસમાં એક પદ પ્રાપ્ત થયું. કેવળ વીસા જ નહીં, પણ એમના રૂપિયા ભારતમાં લાવવા માટેની અનુમતિ મળી ગઈ.

જેવા ભારત આવ્યા કે સીધા માતાજી પાસે ગયા અને સતત બે-ત્રણ વર્ષ સુધી જ્યાં જ્યાં માતાજી જતાં ત્યા ત્યાં તેઓ પણ અનુસરણ કરતા. મુશ્કેલીઓ અને અગવડો વેઠવાનો એમને અભ્યાસ નહોતો, વધતી જતી ઉંમરને કારણે નહીં પણ એમનું જીવન સંપૂર્ણ રીતે જુદા પ્રકારનું નિયમિત હતું. તેમ છતાં તેઓ અતિશય પ્રસન્ન હતા કારણ કે જેમને મેળવવા માટે એમણે જીવનનો મોટા ભાગનો સમય (૩૦ વર્ષ ધ્યાનમાં) પસાર કર્યો હતો, તે હવે પ્રાપ્ત થયાં હતાં.

●

એ પરમગુરુ જેમને મેં મેળવ્યા શ્રી શ્રી મા આનન્દમયીમાં.

(આ માત્ર અનુભવ જ નહીં, પરંતુ શ્રી શ્રી મા પ્રત્યેના નવીન જિજ્ઞાસુઓ માટેનું એક યથાર્થ સમાધાન છે. આ માધ્યમ દ્વારા વીસમી શતાબ્દીની અનન્ય વિભૂતિનાં 'અભિનવ દર્શન' પ્રત્યે કિંચિત્ આલોકપાત કરવામાં આવ્યો છે. માતા આનન્દમયીનાં દર્શન કોઈ એક વિશિષ્ટ સિદ્ધાંત પર આધારિત નથી, આ દર્શન સર્વ શાસ્ત્રો, સર્વ ધર્મો, સર્વ સંપ્રદાયોનું દર્શન - તત્ત્વજ્ઞાન છે:)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"શ્રી શ્રીમા વિષેની મારી ધારણા વ્યક્ત કરવાનું મને કહેવામાં આવ્યું, પરંતુ મેં આ કાર્ય માટે મારી જાતને પૂર્ણ રૂપે અસમર્થ જાણી. હિમાલય પર્વત પર આખોયે દિવસ સરક્યા કરતી કોઈ કીડીને હિમાલયની ઉચ્ચતા અને રહસ્ય આંકવાનું પૂછવામાં આવે તો તે જેમ એના સામર્થ્યની બહારનું છે, આવી જ મારી સ્થિતિ છે. એ કીડી એ જ પર્વત પરથી એના આહારનો સંગ્રહ કરે છે, તેમ છતાં એને માટે મોટા ભાગનું રહસ્ય અપ્રગટ જ રહે છે. ચોક્કસ, જો માની ઈચ્છા હોય તો મારા થોડાક સામાન્ય શબ્દો અર્પણ કરી શકીશ એમના પરમ પવિત્ર શ્રીચરણોમાં, જે વર્ણનાતીત છે અને જે ગંભીર સ્નેહધારામાં સહસ્રો ભક્તોને આકર્ષિત કરે છે.

માતાજી વિષે કોઈ કાંઈ પણ કહે તો યે એ પૂર્ણ સત્ય ન હોઈ શકે. માતાજી પોતે પૂર્ણ સત્ય છે. તેઓ સર્વદા પૂર્ણાવસ્થામાં બિરાજે છે, મન-વાણીથી અગોચર છે. તેઓ વાયુ કરતાં પણ હળવાં તથા જળથી પણ અધિક તરલ છે, ગતિશીલ છે છતાં સ્વયંમાં સ્થિર-શાંત.

જે વસ્તુ સર્વદા સરકતી રહે છે, ગણનાતીત છે, તેને કઈ રીતે ગ્રહણ કરી શકાય ? તેઓ સર્વ વિષયોથી પર છે, છતાં સર્વ શક્યતાઓ એમનામાં પૂર્ણરૂપે છે. તેઓ આપણી બુદ્ધિ-વિવેચનાને સંપૂર્ણપણે પરિવર્તિત અથવા વધારે ઉદાર અને વિસ્તૃત કરી શકે છે. એમની વ્યક્તિગત કોઈ ધારા કે વિશેષ શિક્ષણ-પદ્ધતિ કે ઉપદેશ નથી, પરંતુ સર્વ ધારાઓ તથા શિક્ષણ-પદ્ધતિ તેમ જ ઉપદેશો એમનાં છે. એમનાં દર્શન કરવાં તે આલોકમાં પ્રવેશ કરવા સમાન છે, આવા અનુપમ હૃદયસ્પર્શી અનુભવને વ્યક્ત કરવા માટે શબ્દો ક્યાંથી લાવું ?

માતાજીનાં દર્શન માટે વિશાળ જનમેદની એકઠી થાય છે. એમાંથી ઘણાં એમને નિરખીને મુગ્ધ થઈ જાય છે અને કદાપિ ભૂલી નથી શકતા, અને એમના સ્વભાવમાં ઉથલપાથલ થઈ જાય છે. પરંતુ મારો એવો વિશ્વાસ છે કે અત્યારે પણ વિશ્વમાં એવા સાચા જિજ્ઞાસુઓ છે, પણ તેમણે માતાજી વિષે માત્ર થોડીક ઊડતી વાતો જ સાંભળી છે.

ઘણા લોકોને દૂર રહીને પણ એમને વિષે આવું ટાંકતાં સાંભળવામાં આવ્યા છે કે 'તેઓ' અવશ્ય મહાન છે, એમના અનુગામીઓ એમના ભક્તો છે, 'તેઓ' ભાવરાજ્ય દ્વારા સર્વ કાર્ય કરે છે, આ માર્ગે ચાલનારાઓનાં જિજ્ઞાસા-કુતૂહલ નિવારણ કરવા માટે એમનો કોઈ વિશેષ (અર્થાત્ પોતાનો સંપ્રદાય) સંદેશો નથી.

એ અસ્વીકાર ન કરી શકાય કે માતાજીના સાન્નિધ્યમાત્રથી પેલા દિવ્ય ચિન્મયને પામવા માટેની અંતરમાં એક એવી ચિનગારી સળગી ઊઠે છે કે એ શારીરિક, માનસિક, બૌદ્ધિક સમસ્ત સુખ-દુઃખને ભૂલાવી દે છે, સાથોસાથ મહાબળવાન અભિમાનને તોડવામાં સફળ થાય છે. પરંતુ આ જ એકમાત્ર રસ્તો નથી માતાજીનો પ્રભાવ પ્રગટ કરવાનો, આ તો એમની વિભિન્ન દિશાઓમાંની એક છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતાજી સાથેના નવ વર્ષના ઘનિષ્ઠ સહવાસે મને એવો વિશ્વાસ પમાડ્યો કે માનવીના અંતરાલમાં ગુપ્ત રહેલા સ્વર્ણકમળને માતાજી વિકસિત કરી શકે છે, પછી ભલે એ હિંદુ હોય કે બૌદ્ધ, ખ્રિસ્તી હોય કે યહૂદી, મુસલમાન કે પારસી, આસ્તિક કે નાસ્તિક, બહિર્મુખી કે અંતર્મુખી, યોગી કે ભક્ત, જ્ઞાની કે તાંત્રિક, કલાકાર કે નિર્વિશેષ, ગમે તે કિંમતે 'એમની' ઉપસ્થિતિ માટે વ્યાકુળ થઈ જાય છે, અને તે માટેની બધી જ અનુકૂળ સહાય અને આવશ્યકતાઓ કે જે એ ઈચ્છે છે, તેને મળતી રહે છે.

માતાજીને એવું કહેતાં સાંભળ્યાં છે કે તેઓ ગુરુ પણ નથી, શિષ્ય પણ નથી.

શબ્દાર્થની દૃષ્ટિએ આ યથાર્થ સત્ય છે. 'તેઓ' મંત્ર દ્વારા દીક્ષા નથી આપતાં, તેમ છતાં 'તેઓ' શું આમ નથી કહેતાં ? - ''હું ક્યાંયે નથી જતી''. આપણે 'એમને' હંમેશ યાત્રા કરતાં જોઈએ છીએ. શું 'તેઓ' નથી કહેતાં ? - ''હું એ જ છું જે તમે માનો છો.'' બહુ ઓછા જણ એવા છે જે એમની નજીક છે, જેમની આગળ 'તેઓ' પરમગુરુરૂપે પ્રગટ થયાં છે. તેઓ અંધકારને દૂર કરનારાં છે, અસત્‌માંથી સત્ પ્રત્યે દોરી જનારાં છે, મૃત્યુમાંથી અમૃત પ્રત્યે લઈ જનારાં છે. આવી વ્યક્તિઓ માટે 'તેઓ' સ્વયં પરમસત્યસ્વરૂપા છે. જેમ સૂર્યનાં કિરણો સ્વતઃ સ્વાભાવિક રીતે બધાંને સમાન રૂપે, પ્રયાસ વિનાની શક્તિ બક્ષે છે. જેવી રીતે પુષ્પ ખીલે ત્યારે એની સુગંધ સહજતાથી ફેલાય છે તેમ. જેમનો સંબંધ એક વાર માતાજી સાથે જોડાઈ ગયો છે તેમના પર શબ્દો દ્વારા અથવા તો મૌન રહીને પણ, ક્રિયા દ્વારા અથવા ક્રિયારહિત રહીને પણ, જાગૃત-સ્વપ્ન-સુષુપ્તિમાં, દિવસે કે રાત્રે, પાસે રહીને કે દૂર રહીને પણ માતાજી નિરંતર કૃપા-વર્ષણ કરતાં રહે છે, સતત સાથે રહે છે.

●

હવે થોડાક શબ્દોમાં માતાજીના ઉપદેશોનો સાર વ્યક્ત કરવાનો પ્રયત્ન કરીશ :

એકમાત્ર તેઓ જ છે, એમના સિવાય બીજું કોઈ નથી. તેઓ જ, તેઓ જ, તેઓ જ 'એ' છે, અને 'એ' નથી. 'છે' પણ નથી, 'નથી' પણ નથી. એ સાકાર છે, બધા જ આકારો એમના છે, બધાં જ નામો એમનાં છે, તેઓ આકારરહિત નિરાકાર છે, તેઓ સાકાર-નિરાકારથી ઉપર છે. તેઓ માનવ સામે આત્મસ્વરૂપે પ્રગટ થાય છે જેમ જળ અને બરફ કે જે વાસ્તવમાં એક જ છે, પણ દેખાય છે જુદાં જુદાં. એક વાર જો એમના સ્વરૂપનો સ્પર્શ મળી જાય તો એવું લાગશે કે તેઓ નિરાકાર છે અને સાકાર, તેમ જ સાકાર-નિરાકારથી પર.

એ એકને જાણવા તે જ મનુષ્યમાત્રનું પરમ કર્તવ્ય છે. બધાં જ કાર્યોમાં આ જ એકમાત્ર કાર્ય છે, બાકી બધી કલ્પના છે. મનુષ્ય ત્યારે જ મનુષ્ય છે કે જ્યારે મનનો 'હોશ' થાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મનુષ્યજન્મનો આ જ અર્થ છે. જો તે અન્ય કોઈ કાર્યમાં એનો સમય વાપરે તો એ એનો સમય અને એની શક્તિ નષ્ટ કરે છે, અને વ્યર્થમાં જીવન ગુમાવે છે.

દ્વૈતનો સ્વભાવ જ દુઃખ છે, 'દુનિયા', દુઃખ છે ભિન્નતાનો ભાવ-સ્વતઃ જ દુઃખસ્વરૂપ છે. બધાં દુઃખોનું કારણ છે એકમાં અનેકને જોવું તે. જ્યાં સુધી શરીર અને મન સાથે સંબંધ રહેશે ત્યાં સુધી પીડા, અભાવ અને અવિશ્વાસ રહેશે. દુનિયાના કોઈ પણ પદાર્થમાં સુખી થવું વ્યર્થ છે. તમારું પોતાનું ઘર શોધી કાઢો, આ સંસાર તો યાત્રીઓની ધર્મશાળા છે - એક જાય છે, એક આવે છે.

એ ચરમ-પરમને પામવા માટેના અનેક માર્ગો છે અને એક્કે માર્ગ નથી પણ. જો એ ચરમ-પરમને જાણવા માટેનો કોઈ નિર્દિષ્ટ માર્ગ હોય તો એ પરમ તત્ત્વ વ્યક્તિગત ઉપાયોની અંતર્ગત આવી જાય. એ ચરમ-પરમ સત્ય જો વિષયનું માધ્યમ બની જાય તો એ ચરમ-પરમ શાનું ? એ કેવળ એકમાત્ર છે, કેવળ તેઓ જ એક છે, સર્વદા છે, સર્વત્ર છે. મનુષ્યનું કર્તવ્ય છે કેવળ માત્ર અજ્ઞાનનો પડદો ખસેડવાનું, તેઓ તો છે જ.

●

..... કે અશિક્ષિત, ધનવાન કે નિર્ધન - ગમે તે સંસ્કારમાં ઉછરેલો કેમ ન હોય ! જિજ્ઞાસાના પથમાં એનું પહેલું પગલું હોય કે ઘણો આગળ વધેલો કેમ ન હોય, ગમે તેવી મુશ્કેલ સમસ્યાવાળો હોય, ગમે તેવી મોટી ભૂલ કરેલો હોય, પરંતુ 'સત્ય'ના પ્રત્યેક અન્વેષક માટે માતાજી પાસે સમયાનુકૂળ યોગ્ય શબ્દોને યોગ્ય રીતે એ પામે છે.

એમના ઉપદેશો તે આશાનો આલોક છે. વર્ષોથી જે મુશ્કેલીઓમાં અટવાયેલો હતો, જે સમસ્યાઓનું સમાધાન અશક્ય જણાતું હતું, વણઉકલ્યા જે પ્રશ્નો હતા, તે બધું અચાનક હવે 'સરળ' બની ગયું. 'એમનું સમાધાન એટલું સ્પષ્ટ અને શંકારહિત હોય છે કે મનને દુષ્કર યંત્રણામાંથી પરમ વિશ્રાંતિ બક્ષે છે. 'એમના' એકાદ-બે સરળ તથા સ્પષ્ટ શબ્દોના ઉચ્ચારમાત્રથી સાંભળનારના મનમાં ચમત્કારો પર ચમત્કારો થતા જાય છે, એવું લાગે કે આ શબ્દો કોઈ અન્ય દ્વારા ઉચ્ચારાયેલા નથી પણ જાણે કે આપણા અંતર્હૃદયના ઊંડાણમાંથી નીકળેલા છે. કોઈ જાણે આવીને કાનમાં કહે છે કે "આ એ જ છે મારા નિકટતમ પરિચિત, જેમને હું સદાકાળથી સ્નેહ કરતો આવ્યો છું, આ તે કેવું આશ્ચર્ય કે હું મારે માટે જાતે 'એમને' શોધી ન શક્યો !"

'તેઓ' જે કંઈ કહે છે તે વાસ્તવિક સત્ય છે અને ગમે તે વ્યક્તિ એનું અનુસરણ કરી શકે. આપણી સમજણ કરતાં એ વધારે પણ નથી કે ઓછું પણ નથી. જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ એ સમજણ અધિકાધિક અમૂલ્ય થતી જાય છે અને અધિકાધિક સહાયક. વ્યક્તિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ્યારે એ વાતો ઉપર પૂર્ણરૂપે નિર્ભર થાય છે, આચરણમાં ઉતારે છે ત્યારે જ ખબર પડે છે એનું ઊંડાણ, ઉદારતા તેમ જ યથાર્થતા - સચ્ચાઈ - આ સઘળાંનો પ્રભાવ વિસ્તૃત થતો જાય છે. ક્ષણવારમાં એ પ્રશસ્ત માર્ગ ખુલી જાય છે. માતાજીનાં દર્શન કરતાં તત્ક્ષણ જ કોઈ આલોકના બીજની જેમ એની છાપ વધારે જામીને કાળાંતરે મૂળિયાં ફૂટવા માંડે છે. ત્યાં સુધીમાં તો 'એમનું' આકર્ષણ વ્યક્તિને એવું અશાંત કરી દે છે .....

●

"જ્યારે જ્યારે માનાં દર્શન થયાં, ત્યારે ત્યારે એવો જ અનુભવ થયો કે મારી સમ્મુખ સાક્ષાત્ ભગવતી શ્રીમન્મહાત્રિપુરસુંદરજી વિરાજિત થઈને એમનું પાવન દર્શન આપે છે. ત્રણે વાર એક સરખું જ દર્શન થવું તે પોતે જ એક બહુ મોટી વાત છે. જે દિવ્ય રૂપમાં દર્શન મળ્યાં, તે છવિ આજ સુધી હૃદયંપટલ પર એવી ને એવી અંકિત થયેલી છે."

વૃંદાવનના પ્રસિદ્ધ મહાત્મા સંત રાધાબાબા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શીરડીના પૂ. સાઈબાબાનું ગીતા - સ્પષ્ટીકરણ

- હેમદપંત

(શીરડીના સંત શ્રી સાંઈબાબાના નિકટના ભક્ત એવા શ્રી હેમાદપંતે પૂ. સાઈબાબાના જીવનકાળ દરમ્યાન લખેલા મરાઠી પુસ્તક ''શ્રી સાઈ સચ્ચરિત્ર''માં આ પ્રસંગ વર્ણવેલો છે:)

(પૂ. બાબાના ભક્તોમાંથી કોઈને ખ્યાલ નહોતો કે બાબા સંસ્કૃત જાણે છે કે નહીં, તેમ જ બાબા હિંદુ છે કે મુસલમાન.)

નાનાસાહેબ ચંદોરકર વેદાંતના સારા અભ્યાસી હતા. એમણે 'ગીતા'નું ટીકાઓ સહિત અધ્યયન કર્યું હતું. તથા તદ્વિષયક જ્ઞાનનું એમને અભિમાન હતું. માનતા હતા કે બાબા આ બધું જાણતા નથી, સંસ્કૃત પણ જાણતા નથી ! તેથી બાબાએ એક દિવસ 'પરપોટો ફોડ્યો.' એ દિવસોમાં બાબા પાસે લોકોની ખૂબ ભીડ થતી, એ ભક્તો સાથે બાબા મસ્જિદમાં એકલા વાતો પણ કરતા. નાના (નાનાસાહેબ ચંદોરકર) બાબાને પગે માલિશ કરતા બેઠા હતા અને કંઈક ગણગણતા હતા.

બાબા : નાના, એકલો એકલો શું ગણગણે છે ?

નાના : સંસ્કૃતનો શ્લોક બોલું છું.

બાબા : કયો શ્લોક ?

નાના : ભગવદ્ ગીતાનો

બાબા : એ મોટેથી બોલ.

નાના : (ચોથા અધ્યાયનો ૩૪ મો શ્લોક બોલ્યા)

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया। उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः॥

બાબા : નાના, તને એ સમજાય છે ?

નાના : હા.

બાબા : જો સમજ પડતી હોય તો મને કહે.

નાના : એનો અર્થ આવો છે - ''સાષ્ટાંગ નમસ્કાર કરીને, ગુરુને પ્રશ્ન પૂછીને, એમની સેવા કરીને તું જાણ કે આ જ્ઞાન શું છે, ત્યાર પછી સદ્વસ્તુનું સાચું જ્ઞાન મેળવી ચૂકેલા જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ આપશે.''

બાબા : નાના, મને સંપૂર્ણ શ્લોકનો આવી જાતનો ભેગો અર્થ નથી જોઈતો. મને પ્રત્યેક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શબ્દ, એનો વાચ્યાર્થ અને અર્થ આપ.

આથી નાનાએ શબ્દશઃ અર્થ સમજાવ્યો.

બાબા : નાના, માત્ર પ્રણામ કરવા એ પૂરતું છે ?

નાના : 'પ્રણામ કરવા' તે સિવાય "प्रणिपात" શબ્દનો બીજો કોઈ અર્થ હું જાણતો નથી.

બાબા : "परिप्रश्न" એટલે શું ?

નાના : પ્રશ્નો પૂછવા તે.

બાબા : "प्रश्न" નો અર્થ શો ?

નાના : એ જ.

બાબા : જો 'પરિપ્રશ્ન' નો અર્થ 'પ્રશ્ન' જ થતો હોય તો વ્યાસે 'પરિ' શબ્દ શા માટે જોડ્યો ? શું એમનું મગજ ફરી ગયેલું ?

નાના : "परिप्रश्न" શબ્દનો બીજો કોઈ અર્થ મને ખબર નથી.

બાબા : "सेवा" - કયા પ્રકારની સેવા ?

નાના : અમે જે હંમેશ કરીએ છીએ તે.

બાબા : એવી સેવા કરવી પર્યાપ્ત છે ?

નાના : 'સેવા' શબ્દનો બીજો કયો વધારે અર્થ નીકળે છે તેની મને ખબર નથી.

બાબા : આગળની પંક્તિમાં "उपदेक्ष्यन्ति ते ज्ञानम्" ને તું એવી રીતે વાંચી શકે કે જેથી "ज्ञानम्" ની જગાએ બીજો કોઈ શબ્દ વંચાય ?

નાના : હા.

બાબા : કયો શબ્દ ?

નાના : "अज्ञानम्"

બાબા : ("ज्ञानम्" ની જગાએ) એ શબ્દ "अज्ञानम्" લેવાથી શ્લોકનો કોઈ અર્થ થાય છે ?

નાના : ના. શાંકરભાષ્ય એવી કોઈ શબ્દરચના નથી. આપતું.

બાબા : એ ન આપતું હોય તો કંઈ વાંધો નહીં. જો "अज्ञान" શબ્દ વાપરવાથી વધારે સારો અર્થ મળતો હોય તો કંઈ વાંધો ખરો ?

નાના : મને નથી સમજાતું કે "अज्ञान" મૂકવાથી કેવી રીતે અર્થ નીકળે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાબા : કૃષ્ણ શા માટે અર્જુનને કહે છે કે જ્ઞાનીઓ કે તત્ત્વદર્શીઓને એણે પ્રણામ કરવા, પ્રશ્નો પૂછવા અને સેવા કરવી ? કૃષ્ણ પોતે જ તત્ત્વદર્શી કે ખરેખર તો જ્ઞાની નહોતા ?

નાના : હા, તેઓ હતા, છતાં મને એ નથી સમજાતું કે એમણે અર્જુનને જ્ઞાનીઓ પાસે જવાનું કેમ કહ્યું ?

બાબા : તું એ નથી સમજ્યો ?

નાનાનું માન ઘવાયું. એમનું અભિમાન માથે અફળાયું. ત્યાર પછી બાબાએ સમજાવ્યું:

૧. જ્ઞાનીઓ આગળ પ્રણઆમ કરવા તે પૂરતું નથી. આપણી સદ્‌ગુરુ પાસે ''સર્વસ્વ શરણાગતિ' હોવી જોઈએ.

૨. માત્ર પ્રશ્નો પૂછવા પર્યાપ્ત નથી. પ્રશ્ન એવા કોઈ અયોગ્ય ઉદ્દેશ્યથી કે મનઃસ્થિતિમાં ન કરવો જોઈએ કે ગુરુને ફસાવવા છે અને ઉત્તરમાં એમની ભૂલો પકડવી છે અથવા તો નકામું કુતૂહલ હોય. એ ગંભીર હોવો જોઈએ જેથી મોક્ષ કે આધ્યાત્મિક ઉન્નતિ સાધવાનો હેતુ રહે.

૩. સેવા એટલે (શારીરિક) સેવા કરવી તે નથી, એવો ભાવ નથી કે સેવા કરવી કે ન કરવી એમાં સ્વતંત્રતા છે. પોતાને એમ લાગવું જોઈએ કે એના શરીરનો સ્વામી એ પોતે નથી એનું શરીર તો ગુરુનું છે અને માત્ર એમની સેવા કરવા માટે છે.

જો આમ થઈ શકે તો, પૂર્વના શ્લોકમાં જણાવેલું જ્ઞાન સદ્‌ગુરુ પ્રકાશિત કરશે.

નાનાને હજી સમજ ન પડી કે ગુરુ અજ્ઞાન ઉપદેશે છે તેનો અર્થ શો થાય ?

બાબા : જ્ઞાનોપદેશ અર્થાત્ પરમ જ્ઞાન (બ્રહ્મજ્ઞાન) કેવી રીતે આવે ? જ્ઞાનનું અજ્ઞાન નાશ કરવાથી. (શ્લોક - ઓવિ. ૧૩૯૬ - 'જ્ઞાનેશ્વરી' - ગીતાની ટીકા ૧૮૬૬ માં કહે છે. '' અજ્ઞાનનું નિવારણ આમ થાય હે અર્જુન, જો સ્વપ્ન અને નિદ્રા જતાં રહે, તો તું આત્મસ્થ થાય. આ એ પ્રકારનું છે.'' વળી ગીતાની ઓવિ. ૮૩, શ્લોક - ૧૬ માં કહે છે ''અજ્ઞાનના નાશ સિવાય જ્ઞાનમાં બીજું કંઈ જુદું કે સ્વતંત્ર છે ?'') અંધકારને દૂર કરવો એટલે પ્રકાશ. દ્વૈતનો નાશ કરવો એટલે અદ્વૈત. જ્યારે જ્યારે આપણે દ્વૈતનો નાશ કરવાની વાત કરીએ છીએ ત્યારે આપણે અદ્વૈતની વાત કરીએ છીએ. જ્યારે જ્યાંરે આપણે અંધકારનો નાશ કરવાની વાત કરીએ છીએ ત્યારે આપણે પ્રકાશની વાત કરીએ છીએ. આપણે જો અદ્વૈત સ્થિતિ મેળવવી હોય તો આપણી અંદરની દ્વૈત-ભાવના દૂર કરવી જ પડશે. આ જ અદ્વૈત સ્થિતિ પ્રાપ્ત કરવી તે છે. દ્વૈતમાં રહીને કોણ અદ્વૈતની વાત કરી શકે ? જો કોઈ કરે તો, એ સ્થિતિમાં ગયા સિવાય કોણ એને સમજી શકે ને પામી શકે ?

''વળી, સદ્‌ગુરુની જેમ શિષ્ય પણ હકીકતમાં જ્ઞાનનું જ સ્વરૂપ છે. બેની વચ્ચેનું અંતર

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે દૃષ્ટિમાં, પરમ જ્ઞાનમાં, અદ્‌ભુત માનવાતીત સત્ત્વમાં અને અનન્ય શક્તિમાં અને ઐશ્વર્ય યોગમાં. સદ્‌ગુરુ તો નિર્ગુણ છે, સચ્ચિદાનંદ છે. માનવીને ઊર્ધ્વગામી કરવા અને જગતનો ઉદ્ધાર કરવા માટે સાચે જ એમણે મનુષ્યરૂપ ધારણ કર્યું છે. પરંતુ તેથી એમનું સાચું નિર્ગુણ સ્વરૂપ નાશ નથી પામતું, જરીકે નહીં. એમનું અસ્તિત્ત્વ, દિવ્ય શક્તિ અને જ્ઞાન અક્ષુણ રહે છે. શિષ્યનું પણ સાચે તો એ જ સ્વરૂપ છે. પરંતુ અસંખ્ય જન્મોના અજ્ઞાનજનિત સંસ્કારોના પ્રભાવથી એ આચ્છાદિત છે જેથી પોતે શુદ્ધ ચૈતન્ય જ છે તે એની દ્રષ્ટિમાં નથી આવતું. (ભગવદ્‌ગીતા - ૫-૧૫) આમ એ એમ માને છે કે "હું જીવ છું, ક્ષુદ્ર અને દરિદ્ર જંતુ છું." અજ્ઞાનના આવા મૂળિયાંનો ગુરુએ ઉચ્છેદ કરવો પડે છે, અને ઉપદેશો કે નિર્દેશો આપવા પડે છે. પોતે જીવ છે, ક્ષુદ્ર અને દરિદ્ર એવા વિચારોથી અનંત યુગોથી મોહિત થયેલા શિષ્યને ગુરુ સેંકડો જન્મોમાં ઉપદેશ આપે છે : - "તું પરમાત્મા છે, તું શક્તિમાન્ છે, તું સંપત્તિવાન્ છે." ત્યારે જ એને થોડુંક જ્ઞાન થાય છે કે પોતે સાચે જ ઈશ્વર છે. જે માયાના પ્રભાવથી શિષ્ય શ્રમિત થાય છે કે એ શરીર છે, એ જીવાત્મા છે, અહંકાર છે, પરમાત્મા અને જગત્ એનાથી જુદાં છે - તે એક ભ્રમ છે જે અસંખ્ય પૂર્વજન્મોમાંથી એને સાંપડ્યો છે. એને આધારે કરેલાં કર્મોથી એણે સુખ કે દુઃખ અને સુખ-દુઃખ બન્ને મેળવ્યાં છે. એ મોહ, એ ભ્રમ, એ અજ્ઞાનનું મૂળ દૂર કરવા માટે એણે શોધ શરૂ કરવી જોઈએ. આ અજ્ઞાન ક્યાંથી ઉત્પન્ન થયું ? એ ક્યાં છે ? અને એને એ બતાવવું તે જ છે ગુરુનો ઉપદેશ. અજ્ઞાનનાં ઉદાહરણો આ છે :

૧. હું જીવ છું.

૨. શરીર એ જ આત્મા છે.

૩. પરમાત્મા, જગત્ અને જીવ જુદાં છે.

૪. હું પરમાત્મા નથી.

૬. પરમાત્મા, જગત્ અને જીવ એક છે એવું ન જાણવું તે.

"જ્યાં સુધી આ ભ્રમ દૃષ્ટિગત ન થાય ત્યાં સુધી શિષ્ય એ સમજી ન શકે કે પરમાત્મા, જીવ, જગત્, દેહ તે શું છે, એ કેવી રીતે પરસ્પર સંબંદ્ધ છે. અને એ પરસ્પરથી જુદાં છે કે એક જ છે. એને આ બધા ઉપદેશ આપવા માટે તથા એના અજ્ઞાનનો વિનાશ કરવા માટે જ જે ઉપદેશ તે જ્ઞાન. હે અર્જુન, જે જ્ઞાનમૂર્તિ છે એવા જીવને શા માટે જ્ઞાન આપવામાં આવે છે ? એને એની ભૂલ (ભ્રમ) બતાવવા માટે અને એના અજ્ઞાનના નાશ માટે જ માત્ર ઉપદેશ છે."

બાબાએ આગળ કહ્યું :

"૧. "प्रणिपात" નો અર્થ થાય છે શરણાગતિ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨. શરણાગતિ તે તન, મન, અને ધનથી.

૩. કૃષ્ણ શા માટે અર્જુનને બીજા જ્ઞાનીઓ પાસે મોકલે છે ? સદ્‌ભક્તને માટે સર્વ કાંઈ વાસુદેવ જ છે. (ગીતા - ૭-૧૯ - ભક્તને માટે ગુરુ તે કૃષ્ણ જ છે.) અને ગુરુ માટે શિષ્ય વાસુદેવ છે, અને કૃષ્ણ માટે એ બન્ને પ્રાણ અને આત્મા છે. (ગીતા - ૭ - ૧૮ - જ્ઞાનદેવની ટીકા જોવી.) શ્રીકૃષ્ણ જાણે છે કે આવા ભક્તો અને ગુરુઓ છે, તેથી અર્જુનને એમની પાસે મોકલે છે જેથી એમની મહિમા વૃદ્ધિ પામે અને પ્રસરે.''

('શ્રી સાઈસચ્ચરિત્ર'માંથી સાભાર)

•

''કોણ કોનું, પિતાજી ? આપણે લોકો ધર્મશાળામાં છીએ. સમય થવાથી કોઈ કોઈને માટે બેસી નહીં રહે. 'વિદેશ'માં રહેવાથી જ દુઃખ. પોતાના ઘરમાં પોતાના લોકો પાસે રહેવાથી જ સુખ. પોતાના ઘરમાં પોતાના લોકો પાસે રહેવાથી જ આનંદ. માટે જ પોતાનું ઘર પોતાનાં જનને શોધો. 'વિદેશ'માં કેટલા દિવસ કષ્ટ પામશો?

એમના તરફ લક્ષ્ય રાખો. - શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગોપીશ્વર કૃષ્ણ

- લક્ષ્મી

अभि प्र गोपतिं गिरा इन्द्रमर्च यथाविदे। सूनुं सत्यस्य सत्पतिम्॥ (ऋग्वेद)

"યથાર્થ જ્ઞાન પામવા માટે ઇન્દ્રિયોના સ્વામી ઇન્દ્ર (આત્મા)નું વાણી દ્વારા અપરોક્ષ અને સંપૂર્ણ રીતે પૂજન કર, (જે આત્મા) સત્યનો પુત્ર અને સત્‌નો પાલક છે."

ઋગ્વેદમાં 'ગોપતિ શબ્દ ઇન્દ્ર-બ્રહ્મનો વાચક છે. વાસ્તવમાં ઈશ્વર, ઈન્દ્ર, કૃષ્ણ, ગોપતિ બધાનો અર્થ એક છે. પ્રત્યક્ષ, પરોક્ષ અને દોષરહિત ઉપાસના દ્વારા એને પ્રાપ્ત કરી શકાય છે. જેમ એ મન-વાણી-બુદ્ધિથી અગોચર છે, અનાદિ અનંત છે, તેમ જ એની અવર્ણનીય લીલા પણ. 'વૈષ્ણવો' વૃન્દાવન અને લીલા બન્નેને સનાતન માને છે. શ્રીકૃષ્ણાવતારનાં હજારો વર્ષ પછી શ્રી ચૈતન્ય મહાપ્રભુએ વ્રજભૂમિમાં લીલાનાં પ્રત્યક્ષ દર્શ કર્યાં અને લોકોને તે-તે સ્થળો બતાવ્યાં. વેદાન્તીઓ બ્રહ્મને સત્ય અને માયાને મિથ્યા ગણે છે તેમ છતાં, જગત્ એ બ્રહ્મનો વિસ્તાર (બ્રૂ - વૃદ્ધિ પામવું, વિસ્તરવું) હોવાથી બન્ને અભિન્ન છે.

"पराऽस्य शक्तिर्विविधैव श्रूयते" - બ્રહ્મની પરા શક્તિ વિવિધ રૂપે દેખાય છે. એનું પરિણામ આ જગત છે જે ચિત્‌શક્તિથી વ્યાપ્ત છે અને જડ નથી. 'પ્રપંચ' સત્ય છે. શાક્તોની 'મહામાયા' એ માયાની પરા શક્તિનું ગર્ભસ્થાન છે. "चितिरूपेण या कृत्स्नमेतद् व्याप्य स्थिता जगत्।"

પ્રસિદ્ધ ધર્મજ્ઞ વિદ્વાન ભાસ્કરાચાર્યે સંસ્કૃતમાં લખ્યું છે : "કાર્ય-કારણનો ભેદ અંશ જ કલ્પિત છે. આખો પ્રપંચ કલ્પિત નથી... 'દ્વૈત મિથ્યા છે' એ વાક્યથી ભેદ જ મિથ્યા છે એમ સમજવાનું છે. ભેદવાળો પ્રપંચ મિથ્યા નથી."

કેવલાદ્વૈત મતમાં માયા જડ છે; છતાં ચૈતન્ય-પુરુષના સાન્નિધ્યથી ચેતન જેવી ભાસે છે. જગત્‌ને અનુભવાય છે, તેથી અવિદ્યા મિથ્યા નથી; તેમજ સાચા જ્ઞાનથી એનો નાશ થાય છે તેથી સત્ય પણ નથી. "अव्यक्तनाम्नी परमेशशक्तिः अनाद्यविद्या त्रिगुणात्मिका परा।" બ્રહ્મની શક્તિ અવ્યક્ત, અનાદિ, અવિદ્યા, ત્રિગુણાત્ક અને સર્વોપરિ છે.

રાધા-પ્રધાનગોપિકા-એ પુરુષોત્તમની પ્રકૃતિશક્તિ અને વ્રજની માયાની અધિષ્ઠાત્રી દેવી-પુરુષ અથવા માયાથી ભિન્ન નથી. 'આનંદલહરી' માં શંકરાચાર્ય જગન્માતાને શિવ વિષે કહે છે "यदेतस्यैश्वर्यं तव जननि सौभाग्यमहिमा" "એમનું ઐશ્વર્ય હે જનની, તારા સૌભાગ્યની મહિમાને લીધે છે."

કૃષ્ણ, રાધા અને ગોપીઓ વચ્ચેનો પૂર્ણ અભેદ જાણ્યા પછી જ વૃન્દાવનની લીલા સમજી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શકાય. ભગવાન પોતે ગીતામાં કહે છે 'મારી આ પરા શક્તિ ચૈતન્યરૂપે જગત્‌ને ધારણ કરે છે.'

ગોકુળ-વૃન્દાવન ભગવાનની લીલાભૂમિ છે. સંસ્કૃતમાં 'ગો' શબ્દનો અર્થ થાય છે-ગાય, પૃથ્વી, ઇન્દ્રિયો, બુદ્ધિ અને મનની વૃત્તિઓ. ગોપાલ અને ગોવિંદ એટલે જે વિશ્વને જાણે છે, ધારણ અને પાલન કરે છે તે. એણે ગોધન ચાર્યું, ગોરસ ચોરીને ખાધું, ગોપ-ગોપી સાથે લીલા કરી. ગો એટલે માટી ખાધી અને ગોકુલનું નેતૃત્વ કર્યું.

શ્રીકૃષ્ણના અવતાર પહેલાં પૃથ્વી (ગો) ગાય (ગો)નું રૂપ લઈને પોતાનું દુઃખ કહેવા બ્રહ્માજી પાસે ગઈ. પાર્થિવ અથવા ભૌતિકનું ઊર્ધ્વીકરણ થયું. ઇન્દ્રિયોનું સમર્પણ થયું. સંપૂર્ણ આત્મ-સમર્પણથી વિશુદ્ધ થયેલી ચેતનામાં ચિત્‌શક્તિનો પ્રકાશ થાય છે. આ જ છે કૃષ્ણ-જન્મ.

જીવાત્મા અને પરમાત્માના તાદાત્મ્ય માટે ભક્તના ચિત્તમાં રહેલી અતિ સાધારણ વૃત્તિઓનો આશ્રય લઈને મધુરાધિપતિ કૃષ્ણે લીલા કરી. ગોપાલ ધરતીના ધારક ને પોષક છે, મન-બુદ્ધિના નિયામક ને ચાલાક છે. ઇન્દ્રિયોને યોગ્ય રીતે ચલાવવાનું કેવળ ગોવિંદ જાણે છે. 'ગોપી' શબ્દનો એક અર્થ થાય છે 'સંતાડનાર' (-સંતાડવું), અને ઈશ્વર સંપૂર્ણ સંતાયેલો છે અને સંપૂર્ણ જ્ઞાનને સંતાડનાર છે (गुह्यातिगुह्यगोप्ता).

વ્રજમાં ભગવાને સંતાઈને છાનેમાને ગોપીનો રસ્તો રોક્યો, દૂધ વેચવા જતાં એનું બધું માખણ લૂંટી લીધું, ત્યારે ખરેખર તો એનો ઇન્દ્રિય-રસ (ગો-રસ) ચોર્યો હતો. પરમાનંદરસ ચાખ્યા પછી પણ ગોપી માખણ વેચવા જાય છે, પણ બોલે છે કેવળ : "गोविन्ददामोदरमाधवेति॥"

આવી છે બ્રહ્મજ્ઞાનીની અવસ્થા ! એ સર્વ-વ્યાપી ચૈતન્ય સિવાય બીજું કશું જોઈ શકતો નથી. ઉદાહરણ માટે, એક અવધૂત ઉકરડાના ઢગલા પર કૂતરા સાથે બેસીને કચરો ખાઈ રહ્યા હતા. આ જોઈ રસ્તેથી પસાર થતા કોઈકે ધૃણાજન્ય હાસ્ય કર્યું. સંત બોલ્યા,

"विष्णूपरि स्थितो विष्णुः विष्णुना सह खादति।
कथं हससि रे विष्णो सर्वं विष्णुमयं जगत्॥"

વિષ્ણુ ઉપર બેસીને વિષ્ણુ સાથે વિષ્ણુ ખાય છે. હે વિષ્ણુ ! તું કેમ હસે છે ? આ સર્વ જગત વિષ્ણુમય છે.

જીવ પર શિવની કૃપા બે જાતની છે-અનુગ્રહ અને નિગ્રહ. અનુગ્રહ કારણે અથવા વિના કારણે પણ થાય છે, જ્યારે નિગ્રહકૃપા જીવને શિવ પ્રત્યે વાળવા માટે દુઃખ અને વેદના દ્વારા કરાય છે. માખણ તથા વસ્ત્ર ચોરવામાં આ બન્ને પ્રકારની કૃપા દેખાય છે. ભગવાન બળજબરીથી માટલું ફોડીને માખણ ચોરે છે, એમાં ગોપીની પરોક્ષ સમ્મતિ તો ખરી જ ! ચોરાઈને ઢળી ગયેલા પાત્ર પર દુઃખી થવાને બદલે એ મહાનંદની દશાએ પહોંચી જાય છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સૂર્યની જેમ ઈશ્વર સ્વયંપ્રકાશ છે. એ કોઈ સાધનથી પ્રાપ્ત ન થઈ શકે. સાધાનનું મહત્ત્વ આવરણ ખસેડવા પૂરતું જ છે. વસ્ત્ર એટલે આવરણ. અજ્ઞાનનાં તથા વાસના અને માયાથી ખરડાયેલા અહંકારનાં વાદળ ખસી જતાં સૂર્યની જેમ અનાવૃત આત્મા પ્રકાશિત દેખાય છે. યમુનારૂપી અનંતની ધારામાં સ્નાન કરી વિશુદ્ધ થવું, વસ્ત્રહરણની જાણ થવી-આ બન્ને ક્રિયા સમાંતર બને છે. મહત્ત્વની વાત એ છે કે કૃષ્ણની બધી લીલા એક ઉદાત્ત ભાવ ને સમાધિસ્થિતિ ચોતરફ પ્રસારે છે.

વ્રજમાં યશોદાનંદન ઘણી વાર ચોર રૂપે પ્રગટે છે. ''नारायणो नाम नरो नराणां प्रसिद्ध चौरः प्रथितः पृथिव्याम्।'' (નારાયણ નામે નર મનુષ્યોમાં ચોર તરીકે પ્રસિદ્ધ છે, પૃથ્વી પર બધે વિખ્યાત છે, કારણ એ અનેક જન્મોનાં ભેગાં થયેલાં પાપોના સંચયને ચોરી લે છે - '' 'अनेक जन्मार्जित पापसञ्चयम्'). ચોર રૂપે એના બીજા ગુણો છે -

''व्रजे प्रसिद्धं नवनीतचौरं गोपाङ्गनानां च दुकूलचौरम्।
अनेकजन्मार्जितपापचौरं चौराग्रगण्यं पुरुषं नमामि॥
श्रीराधिकायाः हृदयस्य चौरं, नवाम्बुजश्यामलकान्तिचौरम्।
शरणागतानां च समस्तचौरं चौराग्रगण्यं पुरुषं नमामि॥''

(વ્રજમાં પ્રસિદ્ધ માખણચોર, ગોપક-કન્યાઓનાં વસ્ત્રનો ચોર, અનેક જન્મોમાં પ્રાપ્ત પાપોનો ચોર, શ્રીરાધિકાના હૃદયનો ચોર, તાજા કમળની શ્યામલ કાન્તિનો ચોર, શરણે આવેલાંનાં સર્વસ્વનો ચોર, એવા ચોરોમાં મુખ્ય પુરુષને હું નમું છું.)

ગોપીઓ સાથે લીલા કરવા માટે વ્રજભૂમિ શા માટે ? સંસ્કૃતમાં વ્રજ-વ્રજતિ નો અર્થ થાય છે ''જવું''. વ્રજ શબ્દ ગતિવ્યંજક છે. જીવ એટલે બંધન, જગત્ એટલે ગતિ અથવા જે નિરંતર રૂપાન્તરિત થાય છે, જે ક્ષણિક ને નાશવાન્ છે. જ્યાં ગતિ નથી ત્યાં મૃત્યુ છે. વ્રજમાં ગતિમાં અગતિ છે, અગતિમાં ગતિ. ''तदेजति तन्नैजति'' (ઈશ.) (એ ચાલે છે છતાં નથી ચાલતું.) સર્વ ગતિનું ધ્યેય કેવળ ઈશ્વર છે. એ વિશ્વબ્રહ્માંડનું સંચાલન કરે છે, એની અંદર પણ છે છતાં બહાર છે.

કૃષ્ણ અને રાધા રાસલીલાના કેન્દ્રમાં છે. અહીં આનંદની ધારા પ્રવાહિત થાય છે. રાસનો આહ્લાદ વહે છે. 'રાસ' શબ્દ ''लास्य''માંથી ઉદ્ભવ્યો છે. રાસની ક્રિયામાં મનની સઘળી વૃત્તિઓ જાગૃત થઈને આનંદ - સમુદ્રમાં લય પામે છે. રાસમાં તરંગો છે, મન અને દેહને જોડવાની શક્તિ છે, ધ્વનિ - સંગીત ને નૃત્ય છે. આમ, એ એક એવી ક્રિયા છે, જેમાં આખાયે 'અસ્તિત્વ'થી ઈશ્વરને પ્રસન્ન કરાય છે. 'મહારાસ' તો 'કોટિકલ્પ' સુધી ચાલ્યા કરે છે. કલ્પ (સંકલ્પ - વિકલ્પ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એટલે ઇચ્છા કે જેમાંથી સંસારની સૃષ્ટિ થાય છે. રાસ સૃષ્ટિ-સ્થિતિ-લય એ ત્રણેયથી પર છે. ગોપીપતિ કૃષ્ણ સ્વયં રાસનો રસ છે. (रसो वै सः) જ્ઞાનની પ્રારંભિક કક્ષામાં મન રહે છે, અને દર્શન-શ્રવણ-મનન દ્વારા આનંદનો અનુભવ કરે છે. હજારો ગોપીઓ ભગવાનને પોતપોતાની બાજુમાં જુએ છે. "प्रकृतिं स्वामधिष्ठाय सम्भवाम्यात्ममायया।" (गीता)

ગોપી ક્રમશઃ પોતાના સ્વામી સિવાય બીજું કાંઈ જોતી નથી, એને પ્રાપ્ત કર્યા પછી બીજું પ્રાપ્ત કરવાનું રહેતું નથી, એમાં સ્થિત થયા પછી મોટામાં મોટું દુઃખ એને ચલિત કરી શકતું નથી.

"यं लब्ध्वा चापरं लाभं मन्यते नाधिक ततः।

यास्मिन् स्थितो न दुःखेन गुरुणापि विचाल्यते॥" (गीता)

વાસ્તવમાં દ્વૈત કે અદ્વૈત છે જ નહિ, છતાં અનુભવ માટે બન્ને છે.

બંસરી નાદ અથવા શબ્દબ્રહ્મનું પ્રતીક છે. એ (સંસ્કૃતમાં સ્ત્રીલિંગ) ભગવાનની શાશ્વત સંગિની હોવાથી અભિન્ન છે. ગોપીઓ સાંસારિક કાર્યોમાંથી આસક્તિ કાઢી નાખી બધાં બંધન અને સંકોચ છોડી દઈ વાંસળીના કેવળ એક અવાજથી કૃષ્ણને મળવા દોડી જાય છે. એમનાં શરીરના દરેક છિદ્રમાં પ્રતિધ્વનિત થતો એ પ્રણવ છે.

આરાધના કરનાર - આરાધિકા - રાધિકા - રાધા એની અહ્લાદિની શક્તિનું મૂર્ત રૂપ છે. આરાધ્ય અને આરાધક પરસ્પરનાં પૂરક છે. રાધા કુંડલિની શક્તિ છે, સહસ્ર ગોપીઓ - નાડીઓ - ને લઈને ઈશ્વર તરફ આગળ વધે છે. બધા ભાવો રાધામાં ખૂબ સઘનતાથી પ્રગટે છે. સંયોગની ક્ષણોમાં રાધા કૃષ્ણ બને છે અને કૃષ્ણ રાધા. યથાર્થ જ્ઞાનમાં કોઈ ભેદ રહેતો નથી. બન્નેનાં સ્વરૂપોમાં અદ્‌ભુત લાલિત્ય છે.

શ્રીકૃષ્ણ તો જન્મથી જ સુંદરતાની મૂર્તિ છે, છતાં ગોપીશ્વરરૂપે એ વિશેષ લાવણ્ય ધરાવે છે. દૈત્યોના વિનાશની ક્રિયા ગોપીલીલાની સાથે લગભગ સમાંતર રીતે થઈ છે. આ સમજવા માટે શક્તિગ્રંથોનો આધાર લઈએ. ભંડાસુરને હણવા માટે દેવોએ બૃહસ્પતિની સલાહથી તાંત્રિક વિધિથી મહાન યજ્ઞ કર્યો અને જગન્માતાને અર્ચન કર્યું. યજ્ઞવેદીમાંથી સહસ્ર - સૂર્યોનું તેજ પ્રગટ્યું. એમાં એક ચક્ર હતું. ચક્રમાંથી સૌન્દર્યની મૂર્તિ સમાં લલિતા દેવી આવિર્ભૂત થયાં. એમણે જ ભંડાસુરનો વિનાશ કર્યો.

ગોપીઓનો પ્રેમ વિરહની અવસ્થામાં પૂર્ણતા પામે છે. એ પ્રેમ વિશુદ્ધ અને પવિત્ર છે, સત્ત્વગુણપ્રધાન છે. કામ પોતાના સુખ માટે હોય, પ્રેમ કેવળ ઈશ્વર માટે. ઋષિ યાજ્ઞવલ્ક્ય મૈત્રેયીને કહે છે : "आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति" । (બૃહદ્) આત્માને માટે સઘળું પ્રિય લાગે છે. અહીં આત્મા એટલે અહમ્ નહીં, પણ સર્વવ્યાપી ચૈતન્ય જે એક આત્મારૂપે બધે વ્યાપ્ત છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કૃષ્ણ મથુરા રહેવા જાય છે, ત્યારે ઉદ્ધવને સંદેશો લઈને વ્રજમાં મોકલે છે - વિરહથી વ્યાકુળ ગોપીઓ માટે નિર્ગુણ ઉપાસનાનો સંદેશો. કૃષ્ણ - પરમચૈતન્ય ભગવાન સોળ હજાર ને એકસો આઠ નાડીઓના સ્વામી કેવળ દૈહિક પ્રવૃત્તિઓના જ નહિ પણ મહાયોગના અધિપતિ ગોપીઓના પ્રેમનું સતત સ્મરણ કરે છે, કારણ એમને માટે કૃષ્ણ સિવાય બીજું કંઈ નથી. ''कृष्णात् परं किमपि तत्त्वमहं न जाने।''

ઉદ્ધવનો ઉપહાસ કરતાં કહે છે, ''એક જ મન અમારી પાસે હતું. જે કૃષ્ણને આપી દીધું. નિર્ગુણ - નિરાકારનું ધ્યાન કરવા માટે બીજું મન ક્યાંથી લાવીએ ?''

ઋગ્વેદમાં આ ઋચા છે :

''अपां मध्ये तस्थिवान्स तृष्णाऽविदत् जरितारम्। मृडा सक्षत्र मृज्य॥'' (ऋगवेद)

''હું (ઉપાસક) જળની વચ્ચે રહેવા છતાં તરસ્યો છું. (મારી તરસ છિપાવ). હે દિવ્ય શક્તિયુક્ત ! મને સુખી કર, મને સુખી કર.''

ગોપીઓ સતત મિલનનો અનુભવ કરે છે, તેમ છતાં વિરહની અવસ્થામાં છે. આ જ ભાવ એમને 'સર્વસાધારણ'થી ઊંચે લઈ જાય છે. રામાવતાર વખતે ઋષિઓએ ભગવાનને પ્રાર્થના કરી કે અમને માધુર્યભાવ દ્વારા ભક્તિરસ માણવા દો. કરુણામય ભગવાને એમને ગોપીઓ બનાવી. આનો અર્થ એ થયો કે તેઓ પૂર્ણતઃ બ્રહ્મમાં સ્થિત છે. ઈશ્વરની અનંત લીલામાં એમણે ભાગ લીધો છે, દ્વૈત અને અજ્ઞાન એમને સ્પર્શ કરતાં નથી, વિરહ ને મિલન બન્ને ઈશ્વરની કૃપાને આધારે છે. ''यमेवैष वृणुते तेन लभ्यः'' ''જેને એ વરે તે જ એને પામે છે.''

ગોપીઓનો આ નિરંતર સાદ છે,

''एहि मुरारे मधुकैटभारे एहि प्रणतजनबन्धो।''

''આવ હે મુરારિ ! મધુકૈટભારિ, આવ હે પ્રણતજનબંધુ.'' અહીં 'માધવ'નું મધુર રૂપ ઉદ્ધારક પ્રભુના શૌર્ય સાથે સહેજ પણ વિરોધાભાસી નથી, કારણ એ જ એકલો તારણહાર છે, એ જ આનંદ વરસાવનાર, પરમાનંદ વરસાવનાર છે !

ભક્તના અંતરમાં ''આવ આવ'' રૂપે નિરંતર ધ્વનિ (અનાહત નાદ) ઊઠ્યા પછી એ પોતાની જાતને ક્યાં સુધી સંતાડી શકશે ?

એ કરુણાસિંધુ, દીનબંધુ, જગત્પતિ, ગોપેશ, ગોપિકાકાંત, રાધાકાંત એવા કૃષ્ણને હું નમન કરું છું.

''हे कृष्ण करुणासिन्धो दीनबन्धो जगत्पते। गोपेश गोपिकाकान्त राधाकान्त नमोऽस्तुते॥''

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કાશી આશ્રમના - આનંદ જ્યોતિ ગોપાલ

"જ્યારે પચીસ વર્ષ પૂરાં થાય ત્યારે તમે લોકો સારી રીતે ઉત્સવ ઉજવજો." આ વાક્ય શ્રી શ્રી માના શ્રીમુખેથી એ સમયે નીકળ્યું કે જ્યારે કાશી આશ્રમના નવનિર્મિત આનંદજ્યોતિમંદિરમાં શ્રી ૧૦૦૮ હરિબાબાજી મહારાજ તથા માનનીય વિદ્વજ્જનો અને ભક્તપરિકરોથી ઘેરાયેલાં શ્રી શ્રી માએ ૩૦ મી એપ્રિલ, ૧૯૬૮, અક્ષયતૃતીયાને દિવસે 'આનંદજ્યોતિ બાલગોપાલ'ના શ્રીવિગ્રહ સહિત પદાર્પણ કર્યું.

પૂ. ગુરુપ્રિયાદેવી (દીદી)ની માતૃમંદિર-નિર્માણની આંતરિક અભિલાષાનું સાકાર સ્વરૂપ આનંદજ્યોતિમંદિર રૂપે આજે દૃષ્ટિગોચર થાય છે.

આ ગોપાલનો એક રસપ્રદ ઈતિહાસ છે કે જે માના 'ખયાલ'થી રમાયેલી એક લીલા જ છે. શ્રી શ્રી માને સ્વમુખેથી જાણવા મળ્યું હતું તદનુસાર બાજિતપુર (બાંગ્લાદેશ)માં જ્યારે શ્રીશરીરમાં લીલારૂપે સાધનાની ક્રિયાઓનો પ્રકાશ થતો હતો, ત્યારે માના આસનથી બે-ત્રણ હાથ દૂરની જગ્યા વચ્ચે ગોપાલજી જાતજાતની અંગભંગિમાઓ કરતા દેખાતા. એમનું લીલામાધુર્ય અપૂર્વ હતું, ભાષાતીત. જેટલો સમય મા આસનસ્થ રહેતાં, ત્યાં સુધી ગોપાલ માની પાસે જ રહેતા. પરંતુ ત્યારે એ વાતો પ્રગટ કરવાનો 'ખયાલ' માનો ન હતો.

જે લોકોએ આ ગોપાલનાં દર્શન કર્યાં છે તેઓ જાણે છે કે એ કાળા ગોપાલમાં કેવું અદ્‌ભુત અને અવર્ણનીય આકર્ષણ છે !

૧૯૫૪ની સાલમાં મા કાશીમાં વિરાજમાન્ હતાં. કાશીના પ્રખ્યાત કર્મકાંડી વિદ્વાન પં. અગ્નિષ્વાત્ત શાસ્ત્રી (આશ્રમમાં 'બાટુદા' તરીકે જાણીતા) એ માને એક બાલગોપાલના વિગ્રહ વિષે કહ્યું કે કાશીના કોઈક જમીનદાર કુટુંબના એક પ્રાચીન બાલગોપાલ છે, કે જે હાલમાં એક પૂજારી પાસે છે, માલિક પાકિસ્તાનમાં છે અને સેવાપૂજા માટેના પૈસા નથી મોકલતા. પૂજારીની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી સેવા-પૂજા નથી કરી શકતા. હવે એ વૃદ્ધ પૂજારી ગોપાલ-વિગ્રહને ગંગાજીમાં પ્રવાહિત કરી દેવાનું વિચારે છે, પણ કોઈને એ વિગ્રહ રાખવાનો આગ્રહ હોય તો તેઓ સહર્ષ આપવા તૈયાર છે.

આ સાંભળી અપારલીલામયી માએ આશ્રમના વ્યવસ્થાપકોને કહ્યું, "હું તમારા લોકોના આશ્રમમાં 'ઠાકુર'ને લાવવાનું કેવી રીતે કહી દઉં ? જો તમે લોકો લાવવા માગતા હો તો બાટુ સાથે વાત કરો."

ચર્ચા કરીને એમ નક્કી કરવામાં આવ્યું કે શ્રી વિગ્રહને આશ્રમમાં લાવવા જ. માની ત્યારે વૃંદાવન પધારવાની વાત હતી. આશ્રમના એક બ્રહ્મચારીને કહેવામાં આવ્યું કે વિગ્રહને લઈને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વૃંદાવન પહોંચી જાય. પરંતુ મા વૃંદાવન ગયાં પછી આ બાજુ ખબર પડી કે પૂજારી પૈસા માગે છે. વાત એટલેથી અટકી. તે પછી મા દહેરાદૂનમાં એક વાર સૂતાં સૂતાં બોલ્યા : "ठाकुर पाँचसौ रुपये के लिये ही तुम्हारा आना नहीं हुआ? देखा जाये ।"

માની લીલા અનંત છે, એનું શું કહેવું ? એક દિવસ મા વિશ્રામમાં હતાં, પોતાના જ ભાવમાં મા એ ગોપાલને કહ્યું, "आओगे ठीक कर के फिर कैसा नटखट रचाया ? कोई तरकीब निकाल कर आ जाओ ना।"

૧૯૫૪ - શ્રાવણ માસ. ઝૂલનોત્સવની એકાદશીએ મા વારાણસી પધાર્યાં. એટલામાં પં. બાટુદા એક પત્ર લઈને આવી પહોંચ્યા, અને માને કહ્યું કે ગોપાલના પૂજારી હવે એમ ને એમ આપવા તૈયાર છે. માએ તરત કહ્યું, "જે મોટરમાં આ શરીર સ્ટેશનેથી આવ્યું છે, તે જ મોટરમાં જઈને અત્યારે જ લઈ આવો." ૯ મી ઑગસ્ટ, ૧૯૫૪.

આ બાજુ માએ ગોપાલજીને બેસાડવા માટે આસન પથરાવીને તૈયાર રખાવ્યું, અને થોડીક વારમાં જ બાટુદા આવી પહોંચ્યા છ મહીનાના બાળક જેવડા મોટા, મોટી મોટી હસતી આંખોવાળા કાળા ગોપાલને લઈને. મા એ બધાંને કહ્યું, "જુઓ જુઓ, કેવા સુંદર." પં. ગોપીનાથ કવિરાજજી પણ હાજર હતા, તેઓ બોલ્યા, "આ તો એકદમ જાગ્રત વિગ્રહ છે." સંધ્યા આરતી કરીને ગોપાલજીને હીંચકા પર બેસાડવામાં આવ્યા.

પં. બાટુદાએ જણાવ્યું કે ગોપાલજીએ એમના પૂજારીને સ્વપ્નમાં આવીને કહ્યું કે, "મને કાશીની બહાર જવા ન દેતા." બધું સાંભળી લીધા પછી સર્વજ્ઞ મા બોલ્યાં, "જુઓ, કેવા જાગ્રત ગોપાલ છે. જ્યારે નક્કી થયું કે ગોપાલને લઈને વૃંદાવન જઈશું, ત્યારે અચાનક પૈસાનું બહાનું કાઢીને વૃંદાવન જવાનું બંધ કરી દીધું. અને ઝૂલન વખતે આ શરીરને કાશી આવવાનું થયું તો બરાબર. ઝૂલનને દિવસે ગોપાલજી આવી ગયા. આ બધી ગોપાલની જ લીલા."

આશ્રમમાં આવતાં જ ગોપાલજીએ એમની પોતાની બધી વ્યવસ્થા કરવાનું શરૂ કર્યું. કોઈકે હાર આપ્યો, કોઈએ વસ્ત્ર, તો કોઈએ ભોગની જવાબદારી લીધી, અને સૌથી મોટું આશ્ચર્ય તો એ કે માતૃમંદિર બનાવવા માટે આશ્રમની જોડેનું એક જૂનું મકાન ખરીદવાની વાત દીદીની ઈચ્છાનુસાર ચાલતી હતી, એનું રજીસ્ટ્રેશન થઈ ગયાની સૂચના પણ ગોપાલજીના આવવાની સાથે જ ઝૂલનોત્સવ દરમ્યાન આવી. તે વિષે માએ કહ્યું, "જુઓ, ગોપાલના આવતા આવતામાં જ તમારા લોકોનું મકાન પણ થઈ ગયું. એને 'ગોપાલેર બાડી' (ગોપાલનું ઘર) કહેજો."

વર્ષોના પ્રયત્નો પછી જ્યારે નવનિર્મિત મંદિરમાં ગોપાલજી બિરાજ્યા ત્યારે વિશેષ આનંદપૂર્વક માએ કહ્યું, "ગોપાલ પોતે જ મંદિર બનાવીને બેસી ગયા છે."

૧૯૯૩માં ગોપાલને મંદિરમાં વિરાજમાન્ થયાને પચીસ વર્ષ પૂરાં થયાં તેનો મહોત્સવ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉજવાયો, માના ૧૯૬૮માં ઉચ્ચરિત શબ્દો પ્રમાણે.

ગોપાલે આશ્રમમાં આવતાવેંત કૌતુક શરૂ કરી દીધું. દુર્ગાપૂજામાં મા રાંચીમાં વિરાજમાન્ હતાં, ત્યાં કલકત્તાથી એક બહેન આવી પહોંચ્યાં કે જે શ્રી રમણ મહર્ષિનાં ભક્ત હતાં, ગોપાલને તો ક્યારેય પૂજ્યા નહોતા. એમણે સ્વપ્ન જોયું કે ગંગા કાંઠે એક અગાશીમાં તેઓ બેઠાં છે, ત્યાં જ એક કાળું બાળક એમના ખોળામાં ચઢી ગયું, અને એણે એક મંદિર તરફ આંગળી કરીને કહ્યું કે "ત્યાંથી આવ્યો છું." રાંચીમાં કાશીના ગોપાલનો ફોટો જોઈને તેઓ આશ્ચર્યચકિત થઈ ગયાં - આ તો એ જ છે ! એમના મન પર એટલો બધો પ્રભાવ પડ્યો કે રાંચીથી સીધા કાશી ગયાં. ગોપાલના દર્શન કરીને બોલી ઊઠ્યાં "આ એ જ છે." આશ્રમની એ અગાશી પણ ઓળખી કાઢી. ગોપાલની અનેકવિધ પૂજા - અર્ચના કરી. ●

૧૯૫૭માં જન્માષ્ટમી પર મા દેહરાદૂનમાં હતાં, પણ કાશીના મંદિરમાં સંબંધિત વ્યક્તિઓને માનો નિર્દેશ હતો કે (જન્માષ્ટમીએ) "એમને (ગોપાલને) સાચવીને સિંહાસન પરથી ઉતારવામાં આવે." તેમ છતાં, આ બાજુ માના શ્રીશરીરમાં ગ્રીવા અને બાહુમાં દુઃખાવાની લીલા છે. કાશીથી જેવું કોઈક આવ્યું કે માએ તરત પૂછ્યું, "ગોપાલ કેમ છે ?" પછીથી માએ કહ્યું કે "ગોપાલ આવીને શરીરને વારંવાર એમના નાના લાલ હાથ બતાવ્યા કરતા હતા. ભાવ એવો હતો કે જાણે વાગ્યું છે. આખા શરીરમાં વાગ્યું છે."

ક્યારેક કોઈ ભક્ત પાસે ખીર માગી તો ક્યારેક કોઈ પાસે સોનાનો મુગટ ને અલંકારો. મુંબઈનાં એક ભક્ત કાંતાબહેન રાત્રે મંદિરમાં જાગતાં હતાં ત્યારે પાછળથી એમની સાડીનો છેડો ખેંચીને કંઈક માગ્યું. કાંતાબહેને અંતરમાં પ્રાર્થના કરી કે જો મા માગશે તો આ વાતને સાચી માનીશ. સ્વપ્નમાં માએ એ જ માગણી કરી. ત્યાર પછી કાંતાબહેને ગળામાંથી સોનાનો દોરો કાઢી, ગંગાજળથી ધોઈને દીદીને ગોપાલ માટે આપ્યો.

માના ઉદ્ગાર : "बाजितपुर में जब यह शरीर साधना का खेल खेल रहा था, एक गोपाल साथ साथ धूमते थे । क्या यह वही नहीं है ? कौन जाने ?"

●

"મિલનની આશા મિલનથી વધારે સુખકર છે."

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મહર્ષિ રૈક્વ

દક્ષિણમાં રામેશ્વરમ્‌ની પાસે ગંધમાદન પર્વત છે, જે સમુદ્રમાં સેતુરૂપે રહેલો છે. પૂર્વકાળમાં મહાત્મા ઋષિ રૈક્વ ત્યાં રહીને અત્યંત દુષ્કર તપસ્યા કરતા હતા. રૈક્વ જન્મથી અપંગ હતા, તેથી ગંધમાદન પરનાં તીર્થોમાં સ્નાન કરવાને અશક્ય હતા. તીર્થો બધાં પાસે હોવાથી તેઓ તીર્થોની યાત્રા કરતા, પરંતુ એ પણ પંગુ અવસ્થાને કારણે ગાડામાં બેસીને જ કરી શકતા. આથી એમની ખ્યાતિ 'ગાડાવાળા રૈક્વ' નામે પ્રસરેલી હતી. એમણે તીવ્ર તપસ્યાથી શરીરને સૂકવી દીધું હતું, તે ઉપરાંત શરીરમાં ખરજવા જેવો રોગ થયો હતો. રાત-દિવસ ખજવાળ્યા કરતા. આવી ભયંકર ખજવાળ છતાં એમણે તપસ્યા છોડી નહીં.

એક વાર એમને એવો વિચાર સ્ફૂર્યો કે મારે ગંગા, યમુના તથા ગયાતીર્થમાં સ્નાન કરવું, પરંતુ હું તો જન્મજાત અપંગ છું. તેથી એ મારે માટે દુર્લભ છે, વળી, ગાડામાં એટલે દૂર સુધીની ઉત્તરની યાત્રા કરવાનું પણ સંભવ નથી. તો હવે શું કરું ?

આમ અનેક તર્ક-વિતર્ક કર્યા પછી મહાબુદ્ધિશાળી રૈક્વે ત્રણે તીર્થોમાં સ્નાન કરવા સંબંધી કર્તવ્યનો આ પ્રમાણે નિર્ણય લીધો, 'મારું તપોબળ દુર્ધર્ષ અને અસહ્ય છે, એના જ બળે હું એ તીર્થાનું આવાહન કરીશ. મનોમન આવો નિશ્ચય કરીને પૂર્વાભિમુખ બેસી ગયા. મન તથા ઈન્દ્રિયોને સંપૂર્ણરૂપે સંયમિત કરીને ત્રણ વાર આચમન કર્યું અને ધ્યાનસ્થ થઈ ગયા. એમના મંત્રના પ્રભાવથી મહાનદીઓ ગંગા-યમુના તથા પાપનાશિની પુરી ગયા ભૂમિ ફોડીને પાતાળમાંથી પ્રગટ થયાં, માનવ-શરીર ધારણ કરીને ગાડાવાળા રૈક્વ સામે આવીને એમને આનંદ આપતાં પ્રસન્નતાપૂર્વક બોલ્યાં, "રૈક્વ, તારું કલ્યાણ થાઓ, ધ્યાનમાંથી નિવૃત્ત થા. તારા મંત્રથી આકર્ષાઈને અમે ત્રણે પ્રત્યક્ષ ઉપસ્થિત છીએ."

રૈક્વ ધ્યાનમાંથી ઉત્થિત થયા અને ત્રણેનાં સાક્ષાત્ દર્શન કર્યાં, ત્રણેનું પૂજન કર્યું અને કહ્યું, "હે યમુને ! હે દેવિ ગંગે ! હે પાપનાશિનિ ગયે ! તમે ત્રણે આ ગંધમાદન પર્વત પર ત્યાં જ નિવાસ કરો જ્યાં ભૂમિમાંથી પ્રગટ થયાં છો. એ સ્થાન તમારાં નામોથી પવિત્ર તીર્થો બની જાય." ત્રણે દેવીઓ "તથાસ્તુ" કહીને અંતર્ધાન થઈ ગઈ.

ત્યારથી એ ત્રણે તીર્થો મનુષ્યો દ્વારા એમનાં નામોથી જ ઓળખાવા લાગ્યાં - યમુનાતીર્થ, ગંગાતીર્થ, ગયાતીર્થ - જે મનુષ્ય આ ઉત્તમ તીર્થોમાં સ્નાન કરે તેના અજ્ઞાનનો નાશ અને જ્ઞાનનો ઉદય થાય છે.

રૈક્વ મુનિ એ તીર્થોમાં સ્નાન કરતા તપસ્યામાં લીન રહેવા લાગ્યા. એ કાળે મહારાજ જનશ્રુતિ ભારતવર્ષ પર રાજ્ય કરતા હતા. રાજર્ષિ (ઋષિપદ પ્રાપ્ત કરેલા રાજા) ના પુત્રના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેઓ પૌત્ર હતા, અને સદા ધર્મના આચરણમાં પરોવાયેલા રહેતા. યાચકોને અત્યંત શ્રદ્ધાપૂર્વક અન્ન વગેરે દાન આપતા, એમને દ્વારેથી કોઈ યાચક નિરાશ ન જતો, આથી મુનિઓ એમને 'શ્રદ્ધદેય' કહેતા. ભૂખ્યા યાચકોની તૃપ્તિ માટે એ અન્ન-ધન-સંપન્ન રાજાને ત્યાં અનેકવિધ મધુર વચનો ઉચ્ચારાતાં, તેથી બધા યાચકો એમને 'બહુવાક્ય' નામે ઓળખતા. રાજા જનશ્રુતના પુત્ર મહાબલી જનશ્રુતિને પણ અતિથિ ઘણા પ્રિય હતા. તેઓ પણ છૂટે હાથે દાન કરતા હોવાથી લોકો એમને 'બહુદાયી' કહેતા. નગરોમાં, રાજ્યમાં, ગામોમાં, મોટા મોટા માર્ગોમાં અને જંગલોમાં પણ એમના તરફથી ખવડાવવા - પીવડાવવાની પૂર્ણ વ્યવસ્તા રહેતી. અતિથિઓની તૃપ્તિ માટે અન્ન, પાન, દાળ, શાક વગેરે સહિતનો ઉત્તમ પ્રબંધ રહેતો. રાજાના આવા પ્રશંસનીય ગુણોથી દેવો તથા ઋષિઓ પ્રસન્ન થયા, એમને રાજા પર કૃપા કરવાની ઈચ્છા થઈ.

એક રાત્રે ગ્રીષ્મકાળમાં રાજા એના મહેલમાં બારી પાસે સૂતા હતા. દેવર્ષિગણ સહુ હંસનું રૂપ ધરીને એક પંક્તિમાં આકાશમાર્ગે ઊડતા ઊડતા આવ્યા અને રાજાની ઉપર થઈને જવા લાગ્યા. અત્યંત વેગથી ઊડતા એક હંસે આગળના હંસને સંબોધીને રાજા સાંભળે એ રીતે ઉપહાસપૂર્વક કહ્યું, "ભલ્લાક્ષ ! અરે, ઓ ભલ્લાક્ષ ! આગળ આગળ ક્યાં જાય છે ? શું તું અંધ છે, જોતો નથી કે સામે પૂજનીય રાજા જનશ્રુતિ વિરાજમાન્ છે ? જો તું આ રાજર્ષિને ઓળંગીને ઉપર જઈશ તો એમનું તેજ તરત જ તને સળગાવીને ભસ્મ કરી દેશે."

આગળ ઊડી રહેલા હંસે ઉત્તર દીધો, "ઓહો ! તું તો મોટો જ્ઞાની છે અને વિદ્વાનો દ્વારા પણ પ્રશંસનીય છે, તેમ છતાં આવા તુચ્છ મનુષ્યની આટલી પ્રશંસા કેમ કરે છે ? આને ધર્મોનાં રહસ્યોનું એટલું જ્ઞાન નથી જેટલું બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ એવા ગાડીવાળા રૈક્વ મુનિને છે. આ રાજાનું તેજ એમના જેવું નથી. રૈક્વની પુણ્યરાશિની ગણના પણ ન થઈ શકે. પૃથ્વીના રજકણોને ગણી શકાય, આકાશનાં નક્ષત્રો પણ ગણી શકાય, પરંતુ રૈક્વ મુનિના મહામેરું જેવા પુણ્યપુંજોની ગણના ન થઈ શકે. રાજામાં તો એવો ધર્મ જ નથી, તો પછી એવો જ્ઞાનવૈભવ ક્યાંથી આવી શકે ? એટલા માટે હવે આ તુચ્છ મનુષ્યની ચર્ચા બંધ કર અને એ ગાડાવાળા રૈક્વ મુનિની પ્રશંસા કર, કે જેઓ જન્મજાત પંગુ હોવા છતાં સ્નાન કરવાની ઈચ્છાથી મંત્ર દ્વારા ગંગા-યમુના અને ગયાને પણ એમના આશ્રમ સમીપ બોલાવી લીધાં છે."

આમ બોલીને હંસ ચુપ થઈ ગયો, અને હંસરૂપધારી સર્વ દેવર્ષિઓ પાછા બ્રહ્મલોકમાં જતા રહ્યા. રાજા જાનશ્રુતિ રૈક્વ મુનિને ઉન્નતિની ચરમ સીમાએ પહોંચેલા સાંભળીને ઉદાસ થઈ ગયો. વારંવાર ઊંડા શ્વાસ લેતો વિચાર કરવા લાગ્યો, 'પેલા હંસે રૈક્વ મુનિને ઊંચા ગણ્યા અને મને તુચ્છ. અહો ! રૈક્વની કેવી મહિમા છે ! હવે મારે રાજપાટ અને સંપૂર્ણ સંસારનો ત્યાગ કરીને ગાડીવાળા મહાત્મા રૈક્વને શરણે જવું જોઈએ. એ કૃપાળુ મુનિ મને શરણાગત જાણીને જરૂર અપનાવી લેશે અને આત્મજ્ઞાનનો ઉપદેશ આપશે."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રાત્રિ સમાપ્ત થતાં જ મહારાજે સારથિને બોલાવીને કહ્યું, "સૂત ! તીવ્રગામી રથ પર આરૂઢ થઈને શીઘ્ર જા, અને યોગીશ્વર રૈક્વ ક્યાં રહે છે તે શોધવા માટે મહર્ષિઓના આશ્રમો, પવિત્ર વનો, એકાંત પ્રદેશો, સત્પુરુષોનાં નિવાસસ્થાનો, તીર્થો, નદી-તટો વગેરે સ્થળોએ જઈને તપાસ કર. તેઓ જન્મથી પંગુ છે, ગાડામાં બેસી રહે છે, સર્વ ધર્મોના એકમાત્ર આશ્રય છે અને બ્રહ્મજ્ઞાનની નિધિ છે. તું શોધીને યથાશીઘ્ર મારી પાસે પાછો આવ."

સારથિ અગણિત સ્થળોએ ફર્યા પછી મહર્ષિઓથી ભરેલા ગંધમાદન પર્વત પર ગયો, જ્યાં બહુ શોધ્યા પછી એને મહર્ષિ રૈક્વનું દર્શન થયું. ગાડામાં બેઠા બેઠા ચામડી ખજવાળતા રૈક્વને એણે જોયા, છતાં કલારહિત બ્રહ્માના ચિંતનમાં લીન જણાયા. પાસે જઈને પ્રણામ કર્યા, નજીક જઈને બેઠો અને વિનયપૂર્વક પૂછ્યું, "બ્રહ્મન્ ! આપ જ 'ગાડાવાળા રૈક્વ' નામે પ્રખ્યાત છો?" મુનિએ હા પાડી. તરત ત્યાંથી ઊભો થઈને સારથિ રાજાને ત્યાં પાછો ફર્યો, સમાચાર આપ્યા. રાજા જાનશ્રુતિ છસો ગાયો, વિપુલ ધન અને સ્વર્ણમુદ્રાઓ લઈને મુનિ પાસે પહોંચ્યો. રૈક્વ મુનિને બધું નિવેદન કરતાં બોલ્યો, "ભગવાન્ ! મારી આપેલી આ સર્વ વસ્તુઓને સ્વીકારો. આ લઈને મને અદ્વૈત બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપો."

ત્યારે ગાડાવાળા રૈક્વએ મહારાજ જાનશ્રુતિને આવો ઉત્તર આપ્યો :

"રાજન્ ! આ ગાયો, આ સુવર્ણનો ભાર અને આ રથ તમારી પાસે જ છો રહ્યાં. હું તો હજી અનેક કલ્પો સુધી જીવિત રહેવાનો છું. આ ધનથી મારો શો લાભ થવાનો ?

રાજા બોલ્યો, "બ્રહ્મન્ ! આપ દ્વારા જે ઉપદેશ અપાશે તે બ્રહ્મજ્ઞાનનું મૂલ્ય નથી જ. આપ આ સઘળું ગ્રહણ કરો કે ન કરો, પણ મને નિષ્કલ અદ્વૈત બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ અવશ્ય આપો."

રૈક્વ બોલ્યા, "જેને સંસાર પ્રત્યે વૈરાગ્ય થાય અને જેના પાપ-પુણ્યરૂપી પ્રારબ્ધનો વિનાશ થઈ જાય, તે જ જ્ઞાનના ઉપદેશને લાયક છે. તને સંસારથી વૈરાગ્ય તો થયો છે, છતાં હજી તારાં પાપ-પુણ્યનો વિનાશ નથી થયો. અહીંયાં ત્રણ અત્યંત પવિત્ર તીર્થો છે જે સમસ્ત મનોવાંછિત ફળ પ્રદાન કરનારાં છે. એનાં નામો છે - યમુનાતીર્થ, ગંગાતીર્થ અને ગંયાતીર્થ. એ ત્રણેમાં તું સત્વર સ્નાન કર જેથી તારાં પ્રારબ્ધકર્મોનો ક્ષય થઈ જાય અને અંતઃકરણ શુદ્ધ થાય. તે પછી જ તને જ્ઞાનનો ઉપદેશ આપીશ."

રાજાએ મુનિના આદેશાનુસાર કર્યું. અબાધિત જ્ઞાનના અનુભવ બાદ મહાયોગી રૈક્વના પ્રસાદથી બ્રહ્મભાવ પ્રાપ્ત કર્યો.

સેતુબંધ રામેશ્વરની યાત્રામાં આ તીર્થો આવે છે. ત્યાં સ્નાન-દાન-તર્પણનું ઘણું માહાત્મ્ય છે.

(સ્કંદપુરાણને આધારે)

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવાઈમાં શ્રી શ્રી માનો આશ્રમ

- પદ્મકાંત ત્રિવેદી

યુ.એસ.એ.ના હવાઈ ટાપુ પર શ્રી શ્રી માના આશ્રમના સમાચાર જ્યારથી જાણ્યા હતા ત્યારથી તેના દર્શન કરવાની ઉત્કંઠા હતી જે આ વર્ષે ફળીભૂત થઈ.

પૂજ્ય સ્વામી શ્રી ભાસ્કરાનંદજી મહારાજની યુ.એસ.એ. યાત્રાનું આયોજન આ વર્ષે જુલાઈ ૨૦૦૧ થી નવેમ્બર ૨૦૦૧ દરમ્યાન થયું હતું. જુલાઈ - સપ્ટેમ્બર દરમ્યાન મારે પણ યુ.એસ.એ. જવાનું થયું. જેથી સ્વામીજીની યુ.એસ.એ.ની યાત્રા દરમ્યાન ડેટ્રોઈટથી હું સ્વામીજી સાથે તેમની યાત્રામાં જોડાયો અને સ્વામીજી સાથે ડેટ્રોઈટ કાલામઝુર - શિકાગો - કેન્સાસસીટી - મેડીસન - ડેનવર આ રીતે લગભગ ૧૫ દિવસ માતૃભક્તો અને. પૂ. સ્વામીજી સાથે સત્સંગનો અનેરો લાવો મળ્યો, જે વિષે લખતાં એક મોટો નિબંધ થાય તેમ છે, પરંતુ અહીં સંક્ષેપમાં જણાવું છું.

પૂ. સ્વામીજીથી ડેનવરથી છુટો પડી હું. એલ.એ. ગયો. ત્યાંથી મારી પુત્રી, જમાઈ, ભત્રીજો તથા દોહિત્રી ઝલક તથા હું હવાઈ જવા રવાના થયાં. હવાઈ ટાપુ એલ.એ. થી ૬ કલાકની હવાઈ મુસાફરી જેટલો દૂર છે અને ત્યાંથી સમય તફાવત ૩ કલાકનો છે. એટલે હવાઈનો સમય ભારતીય સમય કરતાં કુલ ૧૬ કલાક પાછલ છે. હવાઈ ટાપુઓમાં મુખ્ય ટાપુ (હોનુલુલુ) ઉપરાંત નાના મોટા છ ટાપુઓ છે, અને એક ટાપુ ઉપરથી બીજા ટાપુઓ પર જવા માટે હવાઈ કે દરિયાઈ મુસાફરી કરવી પડે છે. આ બધા ટાપુઓ જ્વાળામુખીમાંથી બનેલા છે. શ્રી શ્રી માનો આશ્રમ બીગ આઈલેન્ડ જેનું નામ કોના આઈલેન્ડ છે તેના પર આવેલો છે. હોનુલુલુ પહોંચ્યા પછી અમે તરત જ બીજી ફ્લાઈટ લઈ કોના પહોંચ્યા. હવાઈ ટાપુઓનું હવામાન ખુશનુમા હોય છે અને ફળ-ફૂલની ખેતી ઘણી થાય છે. કેરી-જામફળ, પપૈયા જેવાં ફળ ત્યાં મળે છે. પાઈનેપલની પણ મોટી ખેતી છે. યુ.એસ.એ.ની મોટા, ભાગના ફળોની જરૂરિયાત હવાઈ ટાપુઓ પૂરી પાડે છે.

બીજે દિવસે સવારે આશ્રમ પર ફોન કર્યો. આશ્રમમાં એક ગુજરાતી બહેન વીણાબહેન શેઠ રહે છે, જેઓ મૂળ રાજકોટનાં છે. તેમની સાથે વાત કરી, તેમણે જણાવ્યું કે તેઓ અમને લેવા આવશે, કારણકે આશ્રમ ગામથી થોડોક દૂર ટેકરીઓમાં આવેલો છે.

વહેલી સવારે નક્કી કર્યા મુજબ સુશ્રી વીણાબહેન આવ્યાં. અને તેમની સાથે અમે શ્રી શ્રી માના આશ્રમ-સ્થળ પર ગયાં. નાની નાની ટેકરીઓ વચ્ચે ખૂબ લીલોતરીથી ભરપૂર સ્થળે શ્રી શ્રી માનો આશ્રમ છે. ત્યાં એક મોટો હોલ છે, જેમાં ધ્યાન જપ થઈ શકે અને ત્યાં શ્રી માની સુંદર પ્રતિમાની સ્થાપના કરી છે. ત્યાં બેસી થોડી વાર ધ્યાન તથા પ્રાર્થના કરી. આશ્રમમાં બીજા બે ત્યાંના નિવાસી સાધુઓ છે, જેમણે અમને બધે ફેરવીને આશ્રમ બતાવ્યો. ત્યાં 'અન્નપૂર્ણા' નામનો મોટો ભોજનખંડ છે, જેમાં માના તથા અન્ય મહાત્માઓના ફોટા છે. દર શુક્રવારે રાત્રે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભજન-કીર્તન થાય છે. બહાર શિવલિંગ 'વિશ્વનાથ' સ્થાપિત છે.

આશ્રમમાં ખુબ સુંદર ક્ષણો વિતાવી અને આ આશ્રમના સંસ્થાપક તથા સંચાલક (અમેરિકન) સ્વામી દયાનંદજીને નિવાસસ્થાને ગયાં. સ્વામી દયાનંદજીએ શ્રી શ્રી માની ખૂબ વાતો કરી. તેઓ મા પાસે આવી ગયા છે અને મા વિષેનાં પુસ્તકોનો એમણે સારો એવો અભ્યાસ કર્યો છે. તેમના નિવાસ સ્થાનની બાજુમાં ટેકરી ઉપર એક ગેસ્ટ હાઉસ છે, તેનું નામ 'બદ્રીનાથ' રાખ્યું છે.

આશ્રમની આસપાસની વિશાળ જગ્યામાં છુટાં છવાયાં મકાનો છે. ત્યાંના નિવાસીઓ બધા માના આશ્રમમાં સત્સંગ માટે આવે છે. અમને રસ્તામાં જે કોઈ પુરુષ, સ્ત્રી, બાળકો મળ્યાં તે સહુએ અમને બે હાથ જોડી "જય મા" કહી અમારું અભિવાદન કર્યું.

આશ્રમની જગ્યામાં કૉફીનું પ્લાન્ટેશન થાય છે અને તેને પ્રોસેસ પણ કરે છે. જેથી બધા આત્મનિર્ભર થઈ શક્યા છે.

સ્વામી દયાનંદજીના નિવસ્થાન નજીક અમે એક ખેતરમાં ગયાં જ્યાં અમને કુદરતી જ્વાળામુખી ફાટવાને પરિણામે આવેલી એક ગુફા બતાવી, જેનું નામ 'અમરનાથ' છે અને તે ગુફામાં શિવલિંગની સ્થાપના કરેલી છે. આ ગુફા તથા તેમાં સ્થાપિત શિવલિંગ વિષે અમને બધી વિગતવાર માહિતી આપી જે એક લાંબી કથા થઈ શકે તેમ છે.

ટૂંકમાં, ખૂબ રોમાંચ સાથે આશ્રમમાં વિતાવેલી ક્ષણો યાદ કરતાં અમારે વિદાય લેવી પડી. અમને ત્યાં રોકાવા ઘણો આગ્રહ કર્યો પરંતુ અમારી આગળની મુસાફરીની હવાઈ ટિકિટો - હોટેલ વિ. નું બુકિંગ હોવાથી હવાઈ અમે રોકાઈ ન શક્યાં. આશ્રમના અમરનાથ શિવલિંગનો ફોટો અત્રે વાચકો માટે રજુ કરું છું.



CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂ. સ્વામી ભાસ્કરાનંદજીનો વિદેશ-પ્રવાસ

(બ્ર. ગોપાલદાસની ડાયરીને આધારે)

જુલાઈની ૧૨ મી તારીખે પૂ. સ્વામીજી શ્રી મનોજ પટેલને ઘરે પધાર્યા, જ્યાં સત્સંગ, કીર્તન, ભોજન, રાત્રિમુકામ કરીને ન્યુયોર્ક માના વર્ષો જૂના ભક્ત સ્વ. નટુભાઈ પટેલને ઘરે ગયા. અમેરિકા, યુરોપ, યુ.કે. - જ્યાં જ્યાં સ્વામીજી ગયા ત્યાં સત્સંગની ધારા પ્રવાહિત થતી રહી. અહીં સંક્ષેપમાં વિશેષ પ્રસંગો આપવાનો પ્રયાસ છે, પ્રત્યેક ભક્તનું નામ ન આપી શકવાથી ક્ષમાપ્રાર્થી છું. ભારતીયોમાં ગુજરાતી, પંજાબી, શીખ, પારસી, દક્ષિણી, તેમ જ બ્રિટિશ, ફ્રેન્ચ, ઈટાલિયન, સ્વિસ, જર્મન, બૌદ્ધ ધર્માવલંબી ઈત્યાદિ અગણિત ભક્તો દ્વારા સ્વામીજીનું સમ્માન થયું, સહુએ માતૃચરણોમાં ભક્તિપૂર્વક અંજલિ આપી. ડૉ. મહાદેવ પટેલ, ડૉ. બિપિન ભટ્ટનો વિશેષ સહકાર રહ્યો.

સ્વામીજીની ઉપસ્થિતિમાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતા, શિવમહિમ્નસ્તોત્ર, ૧૦૮ નામોથી શિવાર્ચન, ૧૦૮ નામોથી માતૃ-અર્ચના, અખંડ કીર્તનથી નામયજ્ઞ, હવન, સંયમસપ્તાહ વગેરે અસંખ્ય ધર્માનુષ્ઠાનો થયાં, જન્માષ્ટમી પણ ઉજવાઈ.

Barbados માં Mistique Island માં માતૃભક્ત મૂરજાની પરિવાર સાથે સંયમ-સપ્તાહ થયો. મૌન, કીર્તન ઉપરાંત માની વીડિયો, માનાં પુસ્તકોનું વાંચન થયું. દરિયાની પાસે રેતીમાં હવન થયો જેમાં "ૐ નમો ભગવતે પૂર્ણ બ્રહ્મનારાયણાય" ની ૧૦૮ આહુતિઓ આપવામાં આવી. ત્યાર બાદ મહાનિશાધ્યાન.

પૅરિસમાં સ્વામીજીનો મુકામ માતૃભક્ત Claude Portal ને ઘરે હતો. સ્વામી નિર્ગુણાનંદ પણ સાથે હતા. Epernon નામના ગામમાં St. Thomas ની Monastery જેવું જ્યાં શિબિર થવાનો હતો. ત્યાં શાકાહારી ભોજન ઉપરાંત મૌન, ધ્યાન, વિષ્ણુસહસ્રનામ, ભાગવત, રામાયણ, ગીતાના પાઠ, માતૃ-સત્સંગ, માની vedio, વાયોલિનવાદન ઈત્યાદિ થયાં. નિર્ગુણાનંદજીએ અને માના જૂના ભક્ત રામ Alexander એ બધે ખૂબ સુંદર રીતે મા વિષે સમજાવ્યું. ઘણા બધા ફ્રેન્ચ અને જર્મન ભક્તો સત્સંગ માટે આવતા.

એક બૌદ્ધ લામાને મા પ્રત્યેની જાણકારીમાં ખૂબ ઉત્સુકતા હોવાથી એમણે સ્વિટ્ઝર્લેન્ડમાં એક ધાર્મિક શિબિર જેવું ગોઠવ્યું હતું જેમાં મા વિષે ચર્ચા થવાની હતી. લામા સ્વામીજીને લેવા પૅરિસ આવ્યા હતા.

Florida માં બિપિનભાઈને ત્યાં નવરાત્રિ ઉજવાઈ. અષ્ટમીએ ફૂલમાળા ઈત્યાદિ સર્વ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૂજાપરિકર સહિત પૂજા અને હવન, મૂર્તિનો અભિષેક, કુમારીપૂજન, સ્તોત્રપાઠ થયાં.

તા. ૧૭ મીએ ભક્તોની અશ્રુભીની આંખોએ પૂ. સ્વામીજીને ભારત માટે પ્રસ્થાન કરવા વિદાય આપી. યુ. એસ.માં અસંખ્ય ભક્તો એમના પરિવાર સાથે તેમ જ પૂ. સ્વામીજીના પૂર્વાશ્રમના ભાઈઓના પરિવારો - સર્વેએ પ્રશંસનીય રીતે સત્સંગનો લાભ લીધો.

●

"कस्तूरीतिलकं ललाटपटले वक्षःस्थले कौस्तुभम्।
नासाग्रे वरमौक्तिकं करतले वेणुः करे कङ्कणम्॥
सर्वाङ्गे हरिचन्दनं सुललितं कण्ठे च मुक्तावलिः।
गोपस्त्रीपरिवेष्टितो विजयते गोपालचूडामणिः॥"

લલાટપટે કસ્તૂરીનું તિલક, છાતી પર કૌસ્તુભમણિ, નાકને અગ્રભાગે શ્રેષ્ઠ મોતી, હાથેળીમાં વાંસળી, હાથમાં કંકણ, સર્વાંગમાં સુંદર શ્વેતચંદન, કંઠમાં મોતીની માળા, ગોપીઓથી વીંટળાયેલા એવા ગોવાળોમાં મસ્તકના મણિ જેવા શ્રેષ્ઠ શ્રીકૃષ્ણનો જય હો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ સમાચાર

કનખલ : "શ્રી શ્રી આનન્દમયી સ્મૃતિ-મંદિર" (મ્યુઝિયમ) ગંગા કિનારે આવેલા માતૃ-નિવાસમાં ૨૬-નવેમ્બર ૨૦૦૧ માં ખુલ્લું મૂકાયું. શ્રી શ્રી માના શ્રીશરીર દ્વારા વપરાયેલી કેટલીક વસ્તુઓ, શ્રી શ્રી માને અર્પણ કરાયેલી કેટલીક વસ્તુઓ, શ્રી શ્રી માના ફોટા તથા સ્વહસ્તે લખાયેલાં થોડાંક લેખન ઈત્યાદિનું સુંદર રીતે પ્રદર્શન કરવામાં આવ્યું છે. માની જીવનલીલાની અમુક ઘટનાઓનાં કલાત્મક ચિત્રો પણ મૂકવામાં આવ્યાં છે. ઉપલે માળે એ ચિત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

પ્રસિદ્ધ સંતૂરવાદક પં. શિવકુમાર શર્માનો સંગીતવાદનનો "શ્રી શ્રી આનન્દમયી માને અંજલિ" નામનો કાર્યક્રમ સમાધિ-મંદિર પાસે યોજાયો અને માતૃચરણોમાં અર્પણ કરવામાં આવ્યો. એની ઑડિયો / સી.ડી. કૅસેટ આલ્બમ કનખલમાં ઉપલબ્ધ થશે.

શારદીય દુર્ગાપૂજા, શરદપૂર્ણિમાએ લક્ષ્મીપૂજા તથા દિવાળી દરમ્યાન કાલીપૂજા યોજાઈ. સંયમ-સપ્તાહ સમારોહમાં વિવિધ મહાત્માઓ, મહામંડલેશ્વરો ઉપસ્થિત રહ્યા. કૈલાસ-આશ્રમ (ઋષિકેશ)ના સ્વામી પરમેશ્વરાનંદજીએ માંડૂક્ય ઉપનિષદ્ પર વ્યાખ્યાનો કર્યાં, ચોથા દિવસથી સ્વામી વિદ્યાનંદજી દ્વારા એ વ્યાખ્યાનો થયાં. સંયમવ્રતની પૂર્ણાહુતિ વખતે ભાગ લેનાર સર્વ વ્રતીઓએ મંદિરમાં-આનંદ-જ્યોતિપીઠમાં ગર્ભગૃહમાં જઈને શ્રી શ્રી માને પ્રણામ કર્યા. ડીસેમ્બરમાં સ્વામી અખંડાનંદ સરસ્વતીના શિષ્ય સ્વામી પ્રણવાનંદજી દ્વારા શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં વેદાંત અને ભક્તિથી પરિપૂર્ણ ૧૮ દિવસનાં પ્રવચનો થયાં જેની સમાપ્તિ ગીતા-જયંતિને દિવસે થઈ, પૂ. સ્વામી ભાસ્કરાનંદજીની પ્રતિદિન સવાર-સાંજ ઉપસ્થિતિ રહી.

વારાણસીમાં દુર્ગાપૂજાથી માંડીને સંયમ સુધીના બધા ઉત્સવો યોજાયા. **વૃંદાવન**માં ગુરુપૂર્ણિમાએ અખંડ રામાયણ-ગાન, ભાઈજીનો તિરોધાન-ઉત્સવ, છલિયા-મંદિરમાં ઝૂલન-ઉત્સવ તેમ જ મંદિરની પ્રતિષ્ઠાનો ઉત્સવ, રાધાષ્ટમી ઈત્યાદિ ઉત્સવો યોજાયા. કલકત્તાના **આગરપાડા** આશ્રમમાં ઝૂલનોત્સવ, ભાગવત-સપ્તાહ, દુર્ગાપૂજા યોજાયાં. ગંગા કાંઠે આવેલા 'જપ-કક્ષ'નો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. શ્રી શ્રી માને શ્રીમુખેથી સાંભળવામાં આવ્યું છે કે શ્રીચૈતન્ય મહાપ્રભુ તથા નિત્યાનંદજી પાનિહાટીથી કામારહાટી જતા ત્યારે આ સ્થાન એમનું વિશ્રામસ્થળ હતું. **પૂના**માં ભાગવત-સપ્તાહ થયો. **ઉત્તરકાશીમાં, જમશેદપુરમાં, દિલ્હીમાં તથા રાંચીમાં** કાલી-મંદિરમાં કાલી-પૂજા થઈ.

ભીમપુરા :

- પદ્મકાંત ત્રિવેદી

તા. ૧-૨-૨૦૦૨ ને દિવસે ભીમપુરા આશ્રમ તરફથી ભૂકંપ રાહત કાર્યના ભાગરૂપે જિ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સુરેન્દ્રનગરના દસાડા તાલુકાના બે ગામો - જગદીશણ તથા અંબાળામાં 'શ્રી શ્રી મા આનન્દમયી પ્રાથમિક શાળા'ની લોકાર્પણવિધિ પૂ. સ્વામી ભાસ્કરાનંદજીના વરદ હસ્તે થઈ, તથા બન્ને શાળાઓનું ઉદ્‌ઘાટન ગુજરાતના સામાજિક ન્યાયમંત્રી શ્રી ફકીરભાઈ વાઘેલા દ્વારા કરવામાં આવ્યું. બન્ને ગામોમાં અનેરો ઉત્સાહ હતો. નાગરિકોએ વાજતે ગાજતે પૂ. સ્વામીજી તથા મંત્રીશ્રીનું સ્વાગત કર્યું. આશ્રમ તરફથી બધાં બાળકોને અપાયેલાં સ્કુલયુનિફોર્મ પહેરીને સહુ બાળકો ખુશખુશાલ દેખાતાં હતાં. સમારંભમાં આશ્રમ-સમિતિના ઉપપ્રમુખ શ્રી નવીન અસ્તીએ સ્વાગત પ્રવચન કર્યું. પ્રમુખ શ્રી પદ્મકાંત ત્રિવેદીએ આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી તેમ જ શાળા બાંધવાની પ્રેરણાથી માંડીને શાળા તૈયાર થઈ ઈત્યાદિની માહિતી આપી. શ્રી વાઘેલાએ પ્રસંગોચિત પ્રવચન કર્યું. પૂ. સ્વામીજીએ આશીર્વચન કહ્યાં. ઉપપ્રમુખ શ્રી ભૂપેન્દ્ર રાઠોડે આભારવિધિ કરી. શાળાના પ્રત્યેક ઓરડામાં પૂ. સ્વામીજી તથા શ્રી વાઘેલા ફર્યા, શિક્ષકો તથા બાળકો સાથે વાતચીત કરી પૂ. સ્વામીજીએ આશીર્વાદ આપ્યા. બાળકોને નિત્યપ્રાર્થના, નોટબુક, પેંસિલ, પ્રસાદ વિ. નું વિતરણ કર્યું. ખૂબ આનંદ-ઉત્સાહથી કાર્યક્રમ સંપન્ન થયો જેમાં વડોદરા-અમદાવાદના ભક્તોએ પણ હાજરી આપી. ત્યાંથી ભક્તો ને શિક્ષકો સહિત પૂ. સ્વામીજીએ પાટડી સંતશ્રી દાસાનુદાસજીના આશ્રમ આબુ અન્નક્ષેત્રમાં મધ્યાહ્ન ભોજન લઈ, સાંજે એક કલાક સત્સંગ કર્યો. આશ્રમ સુંદર છે, તથા મૌન મંદિર દર્શનીય છે.

તા. ૧૪ થી ૨૧ ફેબ્રુ. ભીમપુરા આશ્રમમાં અમેરિકાનિવાસી શ્રી મયંક ભટ્ટ તથા શ્રીમતી રીટા ભટ્ટ તરફથી શ્રીમદ્ ભાગવતપારાયણ યોજાયું. વ્યાસપીઠ પર વૃંદાવનના સ્વામી રુદ્રદેવાનંદજી હતા. વસંતપંચમીએ સરસ્વતી-પૂજા, મહાશિવરાત્રિએ રાત્રિના ચારે પ્રહરની પૂજા શ્રી નવીન અસ્તીએ પૂ. સ્વામી ભાસ્કરાનંદજીની ઉપસ્થિતિમાં કરાવી. તે પછી ત્રણ દિવસનું સંયમવ્રત થયું. ભીમપુરાના આગામી કાર્યક્રમો :

પૂ. શ્રી મુક્તાનંદગિરિ (દીદીમાનો) સંન્યાસોત્સવ	:	૧૩-૪-૨૦૦૨
રામનવમી	:	૨૧-૪-૨૦૦૨
હનુમાન્ જયંતિ	:	૨૭-૪-૨૦૦૨
શ્રી શ્રી માનો જન્મોત્સવ	:	૨૯-૫-૨૦૦૨
ગુરુપૂર્ણિમા	:	૨૪-૭-૨૦૦૨

શ્રદ્ધાંજલિ

દયાનંદ ગિરિજી : લગભગ પચાસ વર્ષ પહેલાં વારાણસી આશ્રમમાં 'સાવિત્રી મહાયજ્ઞની પૂર્ણાહુતિ વખતે પૂર્વાશ્રમનાં વિમલાદીએ શ્રી શ્રી માનાં દર્શન કર્યાં, અને માનાં શ્રી ચરણોમાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સદાયને માટે અર્પણ થઈ ગયાં. પૂ. મુક્તાનંદ ગિરિ (દીદીમા)ની અનન્ય સેવા કરી. માને માટે પણ ભોગ તૈયાર કરતાં, માના ભોગગ્રહણ બાદ સહુને એમાંથી પ્રસાદ વહેંચતાં. પૂ. ગિરિજીના મહાપ્રયાણ પછી અતિશય શૂન્યતા અનુભવી, ત્યારે પૂ. માએ સાંત્વના આપી, ''ગિરિજી તમારા મન-પ્રાણમાં સદા સર્વદા છે.'' કરુણામયી માના કહેવાથી સંન્યાસ લીધો. કનખલમાં ગિરિજીનું સમાધિ-મંદિર બન્યા પછી ફરી ગિરિજીની જ સેવામાં લાગી ગયાં. નવરાત્રિની પંચમી તિથિએ પુણ્યતીર્થ કનખલના મુક્તિધામ એવા માના આશ્રમમાં બ્રહ્મલીન થયા.

પૂ. સ્વામી કૃષ્ણાનંદજી (શિવાનંદ-આશ્રમ, ઋષિકેશ) દિવ્ય-જીવન-સંઘના મહાસચિવ, દાર્શનિક તથા ભક્ત એવા સ્વામીજીનો શ્રી શ્રી મા સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. ૧૯૮૨, રાધાષ્ટમી (શ્રી શ્રીમાના 'અવ્યક્ત' થયાની પૂર્વસંધ્યા)ને દિવસે એકાએક પૂર્વ સૂચના વિના સ્વામીજી દેહરાદૂનના કિશનપુર આશ્રમમાં આવ્યા. શ્રી શ્રીમાની રાધાસ્વરૂપે પૂજા કરી. **આ એક વિશેષ ઘટના હતી, કારણકે શ્રી શ્રીમાના શ્રીશરીરની એ અંતિમ પૂજા હતી.** સ્વામીજી નીલરંગી બનારસી સાડી અને પૂજન સામગ્રી લઈને આવ્યા હતા. પોતાને હાથે માના શ્રીશરીર પર બનારસી સાડી ચઢાવી, ફૂલહાર પહેરાવ્યો, ફળ અર્પણ કર્યાં અને માની સામે શાંત ભાવે બેસી રહ્યા. એમના જેવી ગંભીર વ્યક્તિ દ્વારા આ પૂજા થવી તે સામાન્ય વાત નથી. આ ઘટના મા પ્રત્યેની એમની અગાધ શ્રદ્ધા પ્રગટ કરે છે. માના આશ્રમના પ્રત્યેક ઉત્સવમાં એમની હાજરી અચૂક રહેતી.

માધવરાય સિંધિયા : ગ્વાલિયરમાં રાજપરિવારના આગ્રહથી શ્રી શ્રીમા પધાર્યાં, ત્યારે શ્રીમતી વિજયા રાજેએ માને કહ્યું કે એમને પુત્ર નથી, અને જો પુત્ર થશે તો માધવ નામ પાડશે. તેઓ કૃષ્ણભક્ત હતાં, અને વૃંદાવનના છલિયા-મંદિરના છલિયાને એમણે જ અર્પણ કર્યા હતા. શ્રી માધવરાવ બાળપણથી શ્રી શ્રીમાના સંપર્કમાં આવ્યા હતા, લગ્ન પછી માને પ્રણામ કરવા પત્નીસહિત પૂના આશ્રમે ગયા હતા.

વિશેષ સૂચના

નદીના પૂરને કારણે ભીમપુરા આશ્રમની વડ તરફની જમીનનું ધોવાણ છેલ્લાં કેટલાંક વર્ષોથી થતું રહ્યું છે. લગભગ ૬૦ ફુટ જેટલી જગા ધોવાઈ ગઈ છે. આશ્રમની ઊંચાઈ લગભગ ૯૦ ફૂટ છે. પૂ. શ્રી શ્રી માની કુટીર તથા પ્રાચીન વટવૃક્ષની રક્ષા માટે પૂ. સ્વા. ભાસ્કરાનંદજી ના શુભહસ્તે ખાતમુહૂર્ત કરાવી ધોવાણ પ્રતિરોધક બંધ 'મારુતિ બંધ'નું કાર્ય શરૂ થઈ ગયું છે. વરસાદ તથા નદીના વધેલા પાણીને કારણે કામકાજ થોડો સમય બંધ રહ્યા બાદ પુનઃ આરંભાયું છે, જે ૨૦૦૨ના અંત સુધીમાં સંપન્ન થવાની ધારણા છે. તે સાથે પગથિયાં અને ઘાટનું નિર્માણ તથા મારુતિની વિશાળ મૂર્તિ મૂકવાની યોજના છે. આ એક ભગીરથ કાર્ય છે. જેને પાર પાડવા માટે સર્વે ભક્તજનોને અનુદાન દ્વારા સહકાર આપવાની નમ્ર વિનંતિ છે. ॥ **જય મા** ॥

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

STATEMENT ABOUT OWNERSHIP & OTHER PARTICULARS ABOUT NEWSPAPER ENTITLED "MA ANANDAMAYEE AMRIT VARTA" AS REQUIRED TO BE PUBLISHED U/S 190 OF THE PRESS AND REGISTRATION ACT. FORM IV (RULE 8)

1. Title of Newspaper	:	**Ma Anandamayee Amrit Varta**
2. Place of publication	:	**Shree Shree Anandamayee Sangha, Bhadaini, Varanasi-1**
3. Periodicity of publication	:	**Quarterly**
4. Printer's Name	:	**Panu Brahmachari**
Whether citizen of India	:	**Yes**
Address		**Shree Shree Ma Anandamayee Ashram, Bhadaini, Varanasi-1**
5. Publisher's Name	:	**Panu Brahmachari**
Whether citizen of India	:	**Yes**
Address	:	**Shree Shree Ma Anandamayee Ashram, Bhadaini, Varanasi-1**
6. Editor	:	**Panu Brahmachari**
Whether citizen of India	:	**Yes**
Address	:	**Shree Shree Ma Anandamayee Ashram Bhadaini, Varanasi-1**
7. Name & address of the owner, who owns the Newspaper	:	**Shree Shree Anandamayee Sangha (Regtd) H.O., Kankhal, Hardwar-249408**

I, Panu Brahmachari, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

March, 1,2002

(Sd) PANU BRAHMACHARI
Publisher.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैव
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥

INDIA'S BEST NETWORKING
TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

Novell Netware, Microsoft Windows N.T., Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder

Enroll Now & Avail Sp. Discount with Job Assistance
OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

MAKING YOU "MASTERS IN NETWORKING"

G.E.C. LTD.

24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta,
Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699
Visit our web site at :- http://www.cmsinstitute.com

CMS is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee

॥ ॐ मा ॥

Namaste Bharat

Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

With best compliments from :

"हरि कथा ही कथा
और सब वृथा व्यथा ।"
–श्री श्री माँ

MODTECH MACHINES Pvt. Ltd.,
Plot No. C2A/2, G.I.D.C. Phase I,
Nr. Choksi Tubes,
Vatva, Ahmedabad-382 445.

Tel/Fax : 079-589 3784
e-mail : modtech@icenet.net

Manufacturer/Exporter :
Investment Casting Machines.

With best compliments from :

At the lotus feet of Shree Shree Ma

B.K. Jhala & Associates
"NIRMAL" Commercial Complex
158, M.G. Road,
Pune.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❄ Branch Ashrams ❄

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માં આનન્દમયી

અમૃત વાર્તા

VOL.-6 JULY, 2002 NO. 3

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રી મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિન્ટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છ વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૦૧. માતૃવાણી ૧

૦૨. માતૃ-સત્સંગ ..... અમૂલ્યકુમાર દત્તગુપ્ત ૩

૦૩. રામનામની મહિમા ..... પરિવ્રાજક ૮

૦૪. મા, તમે બહુ યાદ આવો છો. ..... અયોધ્યાપ્રસાદ દીક્ષિત ૧૧

૦૫. આનન્દમયી સ્મૃતિ ..... બ્ર. ચિત્રા ઘોષ ૧૯

૦૬. કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થઃ ..... લક્ષ્મી ૨૩

૦૭. કનખલ આશ્રમનું આદિશંકરાચાર્ય-મંદિર ૨૮

૦૮. શ્રીમદ્-શંકરાચાર્ય-વિરચિતા વિજ્ઞાનનૌકા ૩૧

૦૯. પેટના રોગોની અક્સીર દવા ગોમૂત્ર ..... રાજન પટેલ ૩૫

૧૦. આશ્રમ સમાચાર ૩૯

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

"મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વધુ માહિતિ માટે સંપર્ક સાધો :

મહાદેવ પટેલ

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : mahadevpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

બધાં જ માને છે 'હું કરું છું,' પરંતુ બધાં 'ત્યાં'થી જ સંચાલિત થાય છે. 'ત્યાં' જ 'કનેકશન' છે, 'તે' જ 'પાવર હાઉસ' છે. લોકો માને છે 'હું કરું છું.' કેવી સુંદર ગાડી 'ફેલ' થાય છે, સેંકડો પ્રયત્નો કરવા છતાં. શું આથી સમજાતું નથી કે મારું આ હલન-ચલન ક્યાંથી છે ? જેની સાથે જ્યારે જે વ્યાસ - એનો બંદોબસ્ત પાક્કો છે.

●

દુનિયાની રોશની આવે છે, જાય છે અને ઓલવાય છે. નિત્ય જે રોશની છે તે કદીયે નથી જતી. જે રોશનીથી આ રોશનીને જુઓ છો, આ વિશ્વ બ્રહ્માંડમાં જે છે (તે) બધું જ જુઓ છો, એ રોશની તમારામાં નિત્ય રહે છે, તેથી આ રોશની જુઓ છો. આ વિશ્વ બ્રહ્માંડમાં જે કંઈ તમે બોધ કરો છો, તમારામાં એ મહાબોધ છે, માટે ને ? એ મહાજ્ઞાનસ્વરૂપ જ્ઞાન નિત્ય તમારામાં છે, ત્યારે જ તો આ જ્ઞાનનો પરિચય મળે છે.

●

નિત્ય સંબંધ. ફરી એમના ખેલમાં નિત્ય સંબંધ થાય છે, તૂટે છે, જોવાથી ખબર પડે છે (કે) તૂટે છે, પરંતુ તૂટતું નથી, નિત્ય જ છે. કોઈ પણ દૃષ્ટિકોણથી સંબંધની વાત જ નથી. એક માણસની સાથે આ શરીરને મળવાનું થયું ત્યારે એણે કહ્યું - આપની સાથે આ નૂતન મળવાનું થયું. આ શરીરે કહ્યું - એક રીતે કહો તો નિત્ય નૂતન, નિત્ય જ પુરાતન.

●

મગજ તો વૃક્ષના મૂળ જેવું છે. મૂળમાં જળ નાંખો તો સર્વત્ર વ્યાપ્ત થાય. કોઈ વાર કહો છો - મગજ થાકી જાય છે. ક્યારે ? કે જ્યારે બહારના કામોમાં ફરો છો, પછી ઘેર પાછા ફરીને તમારા સ્વજનો સાથે વાતો કરો છો, માથું હળવું થાય છે, આનંદ થાય છે. એટલા માટે જ કહેવાય છે - મગજનું કામ પોતાને માટે છે, પોતાના કામમાં થાક ન લાગે.

●

બીજી વાત છે - પોતાનું જ તો બધું કામ છે, પરંતુ એ તમે સમજો છો ક્યાં ? આખી દુનિયા જ તો આપણી પોતાની છે, સ્વયં જ છે, અને નિજી છે. પરંતુ જુએ છે પારકું. મારું પોતાનું છે - એ બોધમાં સુખ છે, અને પારકું છે એ બોધમાં દુઃખ છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પ્રશ્ન : મા, મારા જેવા અલ્પબુદ્ધિ તથા અલ્પશક્તિ સંપન્ન માણસ માટે તો પૂર્ણ તપસ્યા કરવી શક્ય નથી, તેથી પૂર્ણ રૂપે ચિત્તશુદ્ધિ પણ નહીં થાય. પૂર્ણ ચિત્તશુદ્ધિ ન થાય તો પૂર્ણ જ્ઞાન કેવી રીતે થાય ? એટલે મુક્તિની કંઈ જ આશા નથી. કહ્યું છે કે "ज्ञानात् मुक्तिः" - પૂર્ણ બ્રહ્મજ્ઞાન ન થાય તો મુક્તિ ક્યાં ?

મા : તમારી શક્તિ પ્રમાણે તો તમે કાર્ય કરો. ત્યાર પછી.....

માતાજીની વાત પૂરી થાય તે પહેલાં જ વચ્ચે પ્રશ્નકર્તાએ પૂછ્યું, "ત્યાર પછી જેટલું બાકી હશે, તે મા, આપ એ પૂર્ણ કરી દેશો ?"

મા : હા, જેટલું બાકી હશે તેને હું પૂર્ણ કરી દઈશ. અરે, મા પૂર્ણ કરી દેશે.

(મા તો સર્વદા પોતાને પ્રચ્છન્ન રાખે છે. કોઈ કોઈ વાર માને મુખેથી આવી વાતો નીકળી પડે છે - આત્મપ્રકાશ. સંસારમાં એવું કોણ છે જે દૃઢતાથી કહી શકે અને તે પણ એક સંસારીને કે તમારી તપસ્યા સાધનાનું અવશિષ્ટ હું પૂર્ણ કરી દઈશ ? એકમાત્ર ભગવાન સિવાય આવું કોણ કહી શકે ? ભગવાન કૃષ્ણ અર્જુનને કહે છે : "मोक्षयिष्यामि मा शुचः")

●

હરિનામ કે જે દુઃખ-સુખ હરણ કરનારું છે, તે જ નામ મંત્ર છે. જેને જે કંઈ ગમે. ભગવાનના નામથી પણ કામ ચાલે. બધાં માટે મંત્ર એક નથી. તમને જે પ્રિય લાગે, કરો. હરિ એટલે હરિકથા હરિનામ.

●

"સંયમ એટલે સ્વયમ્ જ જે ક્રિયાથી મૃત્યુ થઈ જાય એ ક્રિયા જે કરે તે જ સંયમ. સંયમનો બીજો અર્થ સ્વયં યમરૂપ છે. મૃત્યુનું મૃત્યુ કરવાનો સંયમ એક રસ્તો છે."

●

"તમારા જીવનમાં સંયમ-વ્રતનું પાલન કરીને મૃત્યુ પર જય પ્રાપ્ત કરીને અમૃત પ્રત્યે યાત્રા કરો, એટલે કે પોતાને મેળવવાની યાત્રા કરો."

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ-સત્સંગ

- સ્વ. અમૂલ્યકુમાર દત્તગુપ્ત

હું : મા, મારા ગુરુદેવ ઘણીવાર એમના શિષ્યોના પ્રશ્નોના ઉત્તરમાં કહેતા - "હું તો તમારી સાથોસાથ છું." બાબા વિશુદ્ધાનંદ પણ એમના શિષ્યોને એ જ કહેતા. તમે પણ કદાચ આવું કહો છો. આ વાતનો અર્થ શો ? ક્યા અર્થમાં ગુરુદેવ અમારી સાથે છે ?

મા : એ બધું પિતાજીને (ગુરુને) કેમ ન પૂછી લીધું ?

હું : જ્યારે મારી દીક્ષા થઈ ત્યારે હું બાળક હતો, અને પિતાજીએ એ બધું નહોતું કહ્યું જેથી એમને પૂછું.

મા : આ વાત અનેક અર્થોમાં કહી શકાય. હવે તમને કહું છું. પહેલાં, વિષયને અખંડ ભાવમાં જુઓ. ગુરુ વિશ્વ-બ્રહ્માંડના અણુ-પરમાણુમાં વ્યાપ્ત છે. આ અર્થમાં એ તમારી સાથે છે.

"બીજી બાજુ વિચાર કરવાથી જણાય છે કે જગતમાં એક સત્ વસ્તુ છે. તેઓ જ ગુરુ છે અને તેઓ જ શિષ્ય છે. ગુરુ-શિષ્યમાં કંઈ ભેદ નથી. આ અર્થમાં ગુરુ તમારી સાથે છે.

"તે સિવાય ગુરુ મંત્રરૂપે તમારી સાથે છે.

"તે પછી વિષયને ખંડ રૂપે જોવાથી જણાય છે કે યોગીગણ યોગ વડે એક જ સમયે અનેક જગ્યાએ રહી શકે છે. શિષ્યના મંગળ માટે ગુરુ યોગશક્તિ વડે ખંડ રૂપે બધા જ શિષ્યોની સાથે સર્વદા રહી શકે છે.

"આ રૂપે સમજાય તો વાત સત્ય છે."

•

હું : મા, તમે જો અખંડ રૂપે રહ્યાં છો તો અમને લોકોને જોઈ શકો છો ?

આ પ્રશ્ન સાંભળીને મા સહેજ ગંભીર થઈ ગયાં,

માનો આત્મ-પરિચય :

(શ્રી શ્રી મા સ્પષ્ટ રીતે ભાગ્યે જ પોતાને વિષે આમ કહીને આત્મપરિચય આપતાં. અનેક મહાત્માઓ, સામાન્ય માણસો પણ, જ્યારે માતૃ-સત્સંગમાં (ઘણીવાર પૂછાતો) આવો પ્રશ્ન કરતા કે 'મા, આપ કોણ છો ?' તો માનો ઉત્તર પ્રાયઃ સર્વદા આ મળતો - "જે તમે કહો તે જ." કે "તમે જે કહો તે." તેમ છતાં મા એમ પણ કહેતાં કે "આ શરીર યંત્ર છે, જેવું વગાડશો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

તેવું સાંભળશો.'' ઘણી વાર ઉત્તર આપી દીધા પછી કહેતાં - ''જેવું વગાડ્યું તેવું સાંભળ્યું.'' આનો અર્થ એ છે કે પૂછનારની આધ્યાત્મિક ઉન્નતિ ઉચ્ચ હોવા છતાં તીવ્ર ભક્તિ તથા અનુકૂળ ભાવાવસ્થાથી જે આંદોલનો ઉત્પન્ન થાય તે ચિદાનંદસ્વરૂપ મા ગ્રહણ કરીને ઘોષ-પ્રતિઘોષની જેમ ઉત્તર વાણીમાં પ્રગટ કરતાં.)

પછી બોલ્યાં, ''જુઓ, આવી વાતો કોઈની સામે નથી કહેતી. બધી જ વાતો લોકોની સામે મારા મોંમાંથી નથી નીકળતી. પણ તમને કહી દઉં છું. તમે પ્રશ્ન કર્યો છે, મારા મોઢામાંથી એનો ઉત્તર નીકળી રહ્યો છે. કદાચ તમે સમજી શકશો તેથી આમ થઈ રહ્યું છે. તમે જે ખંડ રૂપની ચર્ચા કરી, તે પણ હું છું. છતાં હું ખંડ નથી. તમે અખંડ વિષે જે કહ્યું, તે પણ હું છું, પણ હું અખંડ નથી. હું અસીમ પણ નથી, સીમા અંતર્ગત બદ્ધ નથી. હું યુગપત્ બન્ને જ છું. જો મને ખંડ કહેશો તો મને સીમાની અંદર બદ્ધ કરવાનું થયું. પણ મારી સીમા નથી, બંધન નથી. બીજી બાજુ બધાં જ પ્રકારનાં બંધનો છે. હું ખાઉં છું, ફરું છું, આ બધા મારા ખંડ ભાવો છે, તેથી હું અસીમ છું, અને બીજી બાજુ મને આહાર-નિદ્રાની આવશ્યકતા નથી તેથી હું સીમાશૂન્ય છું.''

''જ્યારે કોઈ બાળક મારી પાસે આવે છે ત્યારે એની સાથે મજાક કરું છું, એના જેવી થઈ જઉં છું, અને જ્યારે કોઈ મહાપુરુષ આવે છે ત્યારે હું એમને અનુરૂપ વાતો કરું છું. કેટલા બધા આત્માઓ, માત્ર સારા આત્માઓ વિષે નથી કહેતી, કેટલા બધા નરસા આત્માઓ પણ મારી પાસે આવે છે, તે વખતે પણ એમના ભાવને અનુરૂપ વાતચીત કરું છું. એમની આવશ્યકતાઓની પૂર્તિ કરું છું. ક્ષુદ્ર કીટ-પતંગથી માંડીને અનંત બ્રહ્માંડ પણ હું જ છું.

તમે પૂછ્યું છે કે હું અખંડ રૂપમાં તમને બધાંને જોઈ શકું છું કે નહીં. મારું કહેવું છે - તમે લોકો જ કેમ, જેણે કદી પણ મને જોઈ નથી, સાંભળી નથી, એને આવશ્યકતા હોય તો એને પણ જોઈ લઉં છું, એના અભાવને દૂર કરી દઉં છું.

●

હું : સ્પષ્ટ છે કે જ્યારે અમે તમારું ચિંતન કરીએ ત્યારે તમે અમને જુઓ છો ?

મા : હા, જે રીતે ટોર્ચ સળગાવીને સમગ્ર વસ્તુઓ જોઈ લો છો. તમે લોકો જ્યારે મારું ચિંતન કરો છો ત્યારે એ જ રીતે તમારી મૂર્તિઓ, મારામાં સ્પષ્ટ રૂપે પ્રગટ થઈ જાય છે. જુઓ, જ્યોતિષ (ભાઈજી)ના વર્તમાન વિચારો ખાસ્સા સ્પષ્ટ થઈ ગયા છે.

હું : મા, જ્યોતિષ બાબૂમાં ખૂબ ભક્તિ છે.

મા : વિચાર, ભક્તિ, કર્મ, જ્ઞાન - આ ચારે એકત્ર રહે છે. આમાનું કોઈ એક જરા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અધિક પ્રગટ થાય તો એના જ દ્વારા આપણે મનુષ્યની પ્રકૃતિને સમજી જઈએ છીએ. જેને ભક્ત કહે છે એનામાં પણ ત્રણ ગુણો હોય છે, પણ ભક્તિનો ભાવ અધિક હોવાને લીધે એને ભક્ત કહે છે.

"જ્યોતિષમાં અત્યારે વિચારોના ભાવો અધિક છે. એ સતત મારી પરીક્ષા લે છે. તે દિવસે કરમપુરમાં આવેલા એક મકાનમાં મને લઈ ગયો. કીર્તન સાંભળતી વખતે મારા ભાવમાં પરિવર્તન થઈ ગયું. સાચેસાચ ભાવમાં પરિવર્તન થયું એમ નહોતું, પણ જ્યોતિષ મને હંમેશા જે ભાવમાં જોતો આવ્યો છે તેનાથી જુદું જોયું. બીજા લોકોના ધ્યાનમાં એ ન આવ્યું. કીર્તન સમાપ્ત થઈ ગયા પછી પાછા ફરતી વખતે જ્યોતિષે મને પૂછ્યું, "જો તમે અસીમ છો તો કીર્તન સાંભળવાથી તમારામાં 'ભાવ' કેમ થાય છે ?"

હું : મા, એ વાત બરાબર નથી. જો પ્રત્યેક વાર કીર્તન સાંભળવાથી તમારા ભાવમાં પરિવર્તન થતું હોત તો એવું કહી શકાય કે કીર્તન દ્વારા તમે સીમાબદ્ધ છો. જો એવું ન હોય તો કીર્તન તમારી સીમા છે એમ કેવી રીતે કહેવાય ?

મા : બરાબર કહો છો, પણ આને પકડી ન શક્યો. આ જાતની કેટલીયે ઘટનાઓ બની છે જ્યારે હું કીર્તનમાં ડોલ્યા કરતી. બીજી બાજુ, હજાર કીર્તનો થવા છતાં મારામાં કોઈ પ્રકારનું ભાવ પરિવર્તન નથી થયું. જ્યોતિષની વાત સાંભળીને મેં એને કહ્યું - 'હું આ જે સૂઉં છું, આહાર કરું છું, વાતો કરું છું, શું આ બધાં મારી સીમાનાં ચિહ્નો નથી ? તમે એવું કયું કહેશો જેમાં સીમાનાં ચિહ્નો નથી ?' એક દિવસ હું અને જ્યોતિષ ફરતાં હતાં, સહસા જ્યોતિષે કહ્યું - "હું પહેલાં સારો હતો. ખાતો, ફરતો, નોકરી કરતો, મન થાય તો લોકોનો ઉપકાર કરતો. તમારી પાછળ પાછળ ભમવાથી શો લાભ થયો ? તમે કોણ છો ? શા માટે તમને લોકો ખવડાવે, પીવડાવે, તમારી સાથે સાથે ફરે ?" આવી જાતની વાત કરવા લાગ્યો.

હું : તમે શું જવાબ આપ્યો ?

મા : મેં કંઈ ન કહ્યું. હું હસીને ચુપ રહી.

હું : મા, જ્યોતિષ બાબૂ સાથે મારી વાત થયેલી તમારું જીવનચરિત્ર લખવા વિષે. એમણે જે જવાબ આપ્યો તે સાંભળીને અને આજે તમારી વાતો સાંભળીને મને એવું લાગે છે કે જ્યોતિષ બાબૂ તમને બરાબર સમજી નથી શક્યા. મેં એમને કહ્યું, "જુઓ, માનું એક જીવનચરિત્ર લખવું જોઈએ. તમે હંમેશ માની નિકટ રહો છો, તમારી અંદર ભક્તિ પણ ખૂબ છે અને લખવાની ક્ષમતા પણ અસાધારણ છે. આ સ્થિતિમાં તમારે એ લખવું જોઈએ. ત્યારે જ્યોતિષ બાબૂએ કહ્યું, "માની ઈચ્છા વિના કંઈ નહીં થાય. તે ઉપરાંત મને એવું લાગે છે કે મા શીઘ્ર આત્મપ્રકાશ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરશે, કારણ કે એવું જણાય છે કે મા ઘણી વાર પોતાને પ્રગટ કરવા જતાં અટકી જાય છે અને કહે છે કે હજી પ્રગટ કરવાનો અવસર નથી આવ્યો. મને વિશ્વાસ છે કે માની ઈચ્છા થશે તો જીવનચરિત્ર પ્રગટ થશે.'' જ્યોતિષ બાબૂની વાત સાંભળીને ત્યારે એના પર મેં ધ્યાન ન આપ્યું. પણ આજે તમારી વાતો સાંભળીને એમ સમજ્યો છું કે જ્યોતિષ બાબૂ તમને બરાબર સમજી નથી શક્યા.

મા : તમે શું સમજ્યા ?

હું : તમારી વાતો પરથી હું એવું સમજ્યો છું કે તમે સ્વપ્રકાશ, તમે સત્ છો. એવો સમય નહોતો કે જ્યારે તમે ન હતાં. એવો સમય નહીં હોય જ્યારે તમે ન હો. હવે જો એમ કહેવાય કે તમે મહામાયા, તમે કાલી, દુર્ગા માનવમૂર્તિમાં આવ્યાં છો તો તમને સીમાબદ્ધ કરી દેવાય. એ તો તમારો વાસ્તવિક પરિચય ન હોય. તમે તો યુગપત્ (બન્ને) અસીમ અને સીમાબદ્ધ છો. એટલે જે સ્વપ્રકાશ છે એનો પ્રકાશ કેવો ? પરિચય કેવો ? આ બરાબર છે ને, મા ?

મા : (હસમુખ ભાવે) તમે જે સમજ્યા છો તે જ બરાબર છે.

માની વાતો સાંભળીને પ્રસન્નતાથી આત્મવિભોર થઈ ગયો, એક અજાણ્યા આનંદના ભાવે મને અભિભૂત કરી દીધો. મને થયું કે કેટલા જન્મજન્માંતરનાં પુણ્યોથી આમનું સાન્નિધ્ય પ્રાપ્ત કરી શક્યો છું અને ''મા'' કહીને બોલાવવાનું સદ્ભાગ્ય મળ્યું છે. અર્જુન આગળ શ્રીકૃષ્ણે જે રીતે એમના સ્વરૂપનું વર્ણન કરેલું, બરોબર એ જ પ્રકારનું વર્ણન છે.

મેં કહ્યું : તમે જે ભાવની ચર્ચા કરી એ તો પુરુષોત્તમ ભાવ કહેવાય છે.

મા : એ તમે લોકો જાણો.

(કાશી જઈને ગોપીનાથ બાબૂને માની બધી વાતો કહીને મેં પૂછ્યું, ''આ શું પુરુષોત્તમ ભાવ નથી ?'' ગોપીનાથ બાબૂ બોલ્યા, ''પુરુષોત્તમ સિવાય બીજું શું હોઈ શકે ?'')

હવે માએ આગળ કહ્યું : તમે ખોદી ખોદીને પ્રશ્ન કરો છો કે બધી વાતો સમજી જશો, એમ સમજીને તમને આ બધી વાતો કહી.

હું : મા, તમારી વાત સમજી ગયો, એમ કહેવું ખોટું નથી. એ સાચું છે કે આ વાતોથી તમારા સ્વરૂપ વિષે યત્કિંચિત્ સમજવાનો આભાસ પ્રાપ્ત થયો છે.

મા : હા, એ જ સાચું છે.

એ જ વખતે થોડા લોકો આવી પહોંચ્યા. મારી વાતચીત બંધ થઈ ગઈ. આટલા દિવસથી માને જે ભાવે જોતો આવ્યો છું, આજે એ ભાવે જોઈ નથી શકતો. વારંવાર ગીતાની વાતો યાદ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવે છે. મને થયું - હું આને કયે રૂપે ગ્રહણ કરીશ ? કેવી રીતે પ્રણામ કરીશ ? 'આ' તો મારી અંતર-બહાર વિશ્વબ્રહ્માંડમાં વ્યાપ્ત છે. ખંડરૂપે દેખાવા છતાં 'એ' અખંડ છે, સામે દેખાવા છતાં દૂર છે, બહુ દૂર. 'એ' જ્ઞાન, જ્ઞેય, જ્ઞાનગમ્ય છે. 'એમને' જુદાં પાડ્યાથી મારી સત્તા ક્યાં ?

બેઠો બેઠો આકાશ-પાતાળ એક કરવા માંડ્યો. અત્યાર સુધી માની સાથે ગમ્મત-મજાક કરતો એ વિચારીને મનમાં પસ્તાવો થયો. હાય, અત્યાર સુધી આ પુરુષોત્તમને કેવી દૃષ્ટિએ જોતો રહ્યો ! આજે તો મેં સમ્યક્ ઉપલબ્ધિ કરી લીધી. હું બિંદુ છું, સિંધુની ધારણા કેવી રીતે કરી શકું ? ઈચ્છા થઈ કે અર્જુનની જેમ કહ્યા કરું -

"नमः पुरस्तादथ पृष्ठतस्ते नमोऽस्तु ते सर्वत एव सर्व।"

●

"ભગવાનનું દર્શન કેવી રીતે થાય ? જેમ પોતાની માને બોલાવીએ તો મા આવી જાય છે, પિતાજીને બોલાવીએ તો પિતાજી આવી જાય છે, તેમ જ ભગવાનને બોલાવો (પોકારો) તો ભગવાન આવી જશે."

- શ્રી શ્રી મા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રામનામની મહિમા

- પરિવ્રાજક

એ સમયની વાત છે જ્યારે કબીરદાસજી કાશીમાં નિવાસ કરતા હતા. એમના પુત્ર કમાલ એમના પ્રિય શિષ્ય પણ હતા.

એક દિવસ કમાલ ગંગાતટે ઊભા ઊભા વિચાર કરતા હતા કે રામાયણમાં કહ્યું છે કે "ब्रह्मराम ते नाम बड़, वरदायक वरदानि" તો એ સાચું છે કે રામ કરતાં રામનું નામ વધારે મોટું ? ત્યારે એમની ઉંમર ફક્ત આઠ વર્ષની હતી. એમણે આ ઉક્તિની પરીક્ષા લેવાનું નક્કી કર્યું.

બિકાનેરના એક મોટા શેઠ શ્વેતકુષ્ઠથી પીડાતા હતા. બધા ઉપાયો કર્યા પછી કંટાળીને બિકાનેરની પોતાની સઘળી સંપત્તિ કાઢી નાખીને ગંગાજીમાં શરીરનું વિસર્જન કરવાનો વિચાર કર્યો અને કાશીમાં આવ્યા. તેઓ પ્રતિદિન સો બ્રાહ્મણોને અક્કેક રૂપિયો અને ભોજન આપ્યા પછી રામનામની ધૂન કરતા. કમાલને થયું કે રામનામથી જ શેઠને શ્વેતકુષ્ઠના રોગમાંથી સાજા કરવા જોઈએ. કમાલે એ બિકાનેરથી આવેલા શેઠ પાસે જઈને કહ્યું, "હું કબીરનો પુત્ર છું તથા અત્યારે એમનો શિષ્ય પણ છું. તેથી રામાયણમાં રામનામની જે મહિમા દર્શાવી છે તે રામનામ દ્વારા જ હું તમારો આ ન મટતો ભયંકર શ્વેતકુષ્ઠ રોગ મટાડીશ."

આ વાત સાંભળીને શેઠ આનંદમાં આવી ગયા અને કમાલને વચન આપ્યું કે આ સિદ્ધ થશે તો એને એક લાખ રૂપિયા આપશે.

હવે કમાલે આ શેઠને ગંગાજીમાં છાતી જેટલા ઊંડા પાણીમાં ઊભા રાખીને સમજાવ્યું "હવે તમે ખરી તમન્નાથી ગંગા નદીમાં ડૂબકી મારો, અત્યંત કાતરતા અને પ્રેમથી રામનામ લો, તમે તરત જ આ રોગમાંથી મુક્ત થઈ જશો, રોગ તમારા દુઃસ્વપ્નની જેમ ભાગી જશે, અને પરિણામે રામનામની મહિમા પ્રગટ થઈ જશે. આની સામે કોઈ જાતના ધનનું મૂલ્ય નથી અને મારે તમારા લાખ રૂપિયા પણ નથી જોઈતા."

હવે શેઠ જોરથી રામનામ લઈ ડૂબકી મારીને બહાર નીકળ્યા, પરંતુ રોગ ગયો નહિ. આથી કમાલે રામનામની મહિમા સમજાવી, ગુણ ગાયા અને કહ્યું કે, "તમે સાચા દિલથી રામનામ નથી લીધું." હવે ફરી શેઠજીએ એ જ પ્રમાણે ડૂબકી મારી, છતાં આ વખતે પણ એ જ બન્યું - રોગ એમનો એમ રહ્યો.

છેવટે કમાલ સમજી ગયા કે શેઠને રામના નામમાં હજી સંપૂર્ણ વિશ્વાસ નથી, તેથી કમાલે એક હાથમાં ડંડો લીધો અને ત્રીજી વાર કહ્યું, "સંપૂર્ણ શ્રદ્ધાથી રામનામ લઈ ડૂબકી મારો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હવે શેઠ જેવા ડૂબકી મારવા ગયા કે તરત જ કમાલે જોરથી એમના માથામાં ડંડો ફટકાર્યો. ડંડો વાગતાં જ શેઠના માથામાંથી લોહી નીકળ્યું અને ગંગાજીનું જળ લાલ થઈ ગયું. આ બધું જોઈ શેઠ આ વખતે ખરેખર પૂરેપૂરું મન દઈને "રામ રામ" કરવા માંડ્યા, અને આશ્ચર્ય એ કે તરત જ એમનો શ્વેતકુષ્ઠ અદૃશ્ય થઈ ગયો. આ દૃશ્ય જોવા ઊભેલા સહુ લોકો રામનામની મહિમાના ગુણગાન ગાવા લાગ્યા.

આ બાજુ કમાલે જઈને એમના પિતા તથા ગુરુ કબીર સાહેબને આખી ઘટના વિષે જણાવતાં કહ્યું કે, "માત્ર ત્રણ જ વાર રામનામ લેવડાવીને આજે એક કોઢીને સાજો કરી દીધો, આ બધું આપની કૃપાથી જ શક્ય બન્યું."

કબીરદાસ એમના શિષ્યના બોલવામાં થોડો ઘમંડ હતો તે જાણી ગયા. તેઓ તો સંપૂર્ણરૂપે ભક્ત હતા, કમાલના રંગઢંગથી સહેજ અસંતુષ્ટ થઈને બોલ્યા, "લે, મારી આ ચિઠ્ઠી લઈને અત્યારે જ તુલસીદાસ પાસે જા. તેઓ તને રામનામનું સાચું મહત્ત્વ સમજાવશે."

તુલસીદાસજી રાજઘાટ પાસે રહેતા હતા. કમાલે ચિઠ્ઠી આપી જેમાં લખ્યું હતું :

"ડૂબા વંશ કબીરકા, ઉપજે પૂત કમાલ,
તીન રામકે નામસે, કોઢી કિયો બહાલ."

કમાલે પોતે કેવી રીતે શેઠને રોગમુક્ત કર્યા તે વાત તુલસીદાસજીને કરી. તુલસીદાસજી સમજી ગયા કે પોતાના પુત્ર કમાલના ઘમંડનો નાશ કરવા માટે એને મારી પાસે મોકલ્યો છે. તરત તુલસીદાસજીએ એમના એક સેવકને બોલાવીને કહ્યું, "જમીન પર ખરી પડેલું એક સૂકું તુલસીપત્ર લઈને તેના ઉપર 'રામ' લખો, પછી તે પાનનો ભૂકો કરીને એક ગંગાજળ ભરેલા ઘડામાં નાખી દો. હવે આખા કાશી નગરમાં જાહેર કરાવી દો કે જેટલા કુષ્ઠરોગીઓ હોય તે બધા જ આજે સાંજે તુલસીદાસ પાસે હાજર થઈ જાય તો તે બધાનો રોગ મટાડી દેવામાં આવશે."

સાંજ થતા સુધીમાં તો કોઢીઓની મોટી ભીડ એકઠી થઈ ગઈ. ઘડામાંથી થોડું થોડું જળ લઈને બધા રોગીઓ પર છાંટવાનું તુલસીદાસજીએ સેવકને કહ્યું. કમાલ તો જોતા જ રહી ગયા કે એ બધા લગભગ પાંચસો જેટલા કોઢીઓ જળના સ્પર્શથી જ રોગમુક્ત થઈ આનંદથી નાચતા-નાચતા ભગવાન રામના નામની મહિમા ગાતા વિદાય થયા.

કમાલે ઘેર જઈને આ પ્રત્યક્ષ જોયેલી ઘટના કબીરદાસજીને કહી સંભળાવી, પરંતુ એમને આ વાતમાં પણ કંઈક ખટક્યું, તેથી એમણે ફરી કમાલને કહ્યું, "તું ગંગાજીને સામે પાર સૂરદાસ રહે છે તેમને મારી આ ચિઠ્ઠી આપી આવ."

કમાલે સૂરદાસજીને પ્રણામ કર્યા. સૂરદાસજીએ કબીરદાસજીના ખબર-અંતર પૂછીને કમાલના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવવાનું કારણ પૂછ્યું. કમાલે ચિઠ્ઠી વાંચી સંભળાવી :

"તુલસીજીને પાંચસૌ કોઢી કિયે બહાલ,
કિતની કીમત કમ હુઈ, એક નામ કી બોલ."

કમાલે પોતે ત્રણ નામથી અને તુલસીદાસજીએ એક નામથી જળ વડે જે કાર્ય કર્યું તે સઘળું જણાવ્યું કે જે સાંભળતા સાંભળતા જ સૂરદાસજીએ કમાલને કહ્યું, "અત્યારે ગંગાજીમાં એક શબ તણાતું જાય છે, એને બહાર કાઢી લાવો." કમાલે વિસ્મયથી જોયું કે સાચે જ એક શબ તણાઈ રહ્યું હતું. જઈને એને બહાર કાઢ્યું અને સૂરદાસજી પાસે મૂક્યું. સૂરદાસજી એ મડદા પાસે ગયા, એના મૃત કાનમાં રામનો માત્ર "ર" કાર જ કર્યો અને "ર" બોલતાં વેંત એ મડદું બેઠું થઈ ગયું.

કમાલને પ્રથમ તો એ આશ્ચર્ય થયું કે સૂરદાસજી અંધ હોવા છતાં જાણી શક્યા કે જળમાં શબ વહી રહ્યું છે, અને દ્વિતીય આશ્ચર્ય એ કે રામનામના "ર"કાર માત્રથી શબને સજીવન કર્યું.

ગુરુ પાસે જઈને કમાલે સમગ્ર ઘટનાનું વર્ણન કર્યું અને રામનામની મહિમા વખાણવા લાગ્યા, ત્યારે કબીરદાસજી બોલ્યા, "રામનું નામ માટી જેવું અમૂલ્ય છે અને પારસ જેવું ગુણકારી છે,જેવો જેવો સાધક તેવો તેવો રામનામનો પ્રભાવ."

•

"विद्या मित्रं प्रवासेषु भार्या मित्रं गृहेषु च।
व्याधितस्यौषधं मित्रं धर्मो मित्रं मृतस्य च॥"

"વિદ્યા પ્રવાસમાં મિત્ર છે અને ભાર્યા ગૃહમાં મિત્ર છે.
રોગીનો મિત્ર ઔષધ છે અને મરનારનો મિત્ર ધર્મ છે."

- મહાભારત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા, તમે બહુ યાદ આવો છો.

- અયોધ્યાપ્રસાદ દીક્ષિત

માના કિશનપુર આશ્રમમાં સામવેદના પંડિતો દ્વારા ગોપાલ (મારા પુત્ર)ના મુંડન-સંસ્કાર થયા. કેટલાક સંબંધીઓ, મિત્રો તથા થોડાક આશ્રમવાસીઓ હાજર રહ્યા. બાકીના આશ્રમવાસીઓ એમની નિત્યની ફરજો બજાવતા, જતા-આવતા પ્રેમાળ દૃષ્ટિથી જોઈ લેતા હતા. મા ઉપરના કક્ષમાં ઉપસ્થિત હતાં તેથી અમારા હૃદયમાં અત્યંત આનંદ હતો. થોડી વાર તો ગોપાલ શાંત બેસી રહ્યો, પણ અડધું મુંડન થયું ત્યારે ઊભો થઈને "હવે વધારે નહીં" કહેતો દોડી ગયો. એને પકડીને પાછો લાવ્યા અને બાકીનું મુંડન પૂરું કરાવ્યું.

પછી એને નવાં વસ્ત્રો પહેરાવ્યાં, બન્ને હાથ અંજલિબદ્ધ કરી, એની અંદર અર્ઘ્ય મૂકીને મા પાસે ગયો. અમે લોકો પણ પાછળ પાછળ ગયાં. માને પ્રણામ કરવા જવાશે તે વિચારથી અમારો હર્ષ નહોતો સમાતો.

પહેલે માળે વરંડામાં જઈને જોયું કે માના કક્ષનાં દ્વાર બીડેલાં હતાં. અમે ત્યાં જ ઊભા રહી ગયાં. કેટલીક બહેને ત્યાં બેસીને કીર્તન કરતી હતી. યોગાનુયોગે તેઓ જે ગાતી હતી તે હતું તુલસીદાસનું પ્રસિદ્ધ ભજન:

"ठुमक चलत रामचन्द्र बाजत पैंजनियाँ"

આ સાંભળીને અમે ભાવાવેશમાં આવી ગયાં. ત્યાં જ અમારી આગળ મુંડિતકેશ ગોપાલ ઊભો હતો. હાથમાં મા માટે અર્ઘ્ય લઈને. એની પાછળ અમે હતાં દ્વાર ખુલવાની રાહ જોતાં, અને આ આનંદદાયક ગીત સાંભળતાં. એ ક્ષણની મધુરતાનું વર્ણન કરી શકું એમ નથી. છેવટે ગીત પૂરું થયું અને બરોબર તે જ ક્ષણે દ્વાર ખુલ્યું.

આ બધું જાણે માએ જ કર્યું હતું, એમાં સહેજે શંકા નથી. ખબરે નથી રહેતી કે મા ક્યારે એમના ગમે તે ભક્ત માટે હર્ષ ને આનંદની ક્ષણ રચી દેશે. મા સદા ભક્તોને કહે છે, "પ્રત્યેક બાળકને બાલગોપાલ તરીકે જુઓ," અને આ ઘટના દ્વારા એમણે એનું પ્રત્યક્ષ પ્રમાણ આપ્યું.

હવે અમે માના કક્ષમાં પ્રવેશ્યાં, જગજ્જનનીને પ્રણામ કર્યા, ગોપાલે અને અમે સહુએ. માએ સ્નેહપૂર્વક ગોપાલને ઊચકીને ખોળામાં લીધો, અમે મુગ્ધ થઈ ગયાં.

પૂર્વનિર્ધારિત કાર્યક્રમ પ્રમાણે ગોપાલના વિદ્યારંભ-સંસ્કાર પણ તે જ વખતે કરવાના હતા. માએ બ્રહ્મચારી નિર્મલાનંદને સ્પર્શ કરી રાખ્યો, નિર્મલાનંદે એ સ્પર્શના પ્રભાવથી ગોપાલનો હાથ પકડીને લખાવ્યું : "ઓમ્ મા રામ શિવ" અને ત્યાર પછી દેવનાગરી વર્ણમાલા. અનેક પૂજાઓ, પ્રાર્થનાઓ અને કીર્તન થયાં હતાં, ત્યારે મને લાગ્યું કે મનુષ્ય તરીકે જન્મ્યાનો સંપૂર્ણ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

લાભ મળી ગયો. આ પ્રકારનો પવિત્ર અને અત્યંત દૈવી ઉત્સવ આ પહેલાં મેં જોયો નહોતો.

માએ બીજું પણ ઉલ્લેખનીય કાર્ય કર્યું. અમને પ્રત્યેકને વસ્ત્ર આપ્યું - સ્ત્રીઓને સાડીઓ તથા અમારી સાથે આવેલા પુરુષોને ધોતિયાં. હજી પણ દરેક માંગલિક પ્રસંગે હું ને મારાં પત્ની એ વસ્ત્રોનો જ ઉપયોગ કરીએ છીએ. માતા અન્નપૂર્ણાની જેમ આ સ્વર્ગીય વસ્તુઓ દ્વારા અમને સર્વ સંપદા પ્રદાન કરી. ગોપાલને 'એમણે' એક ચાંદીની પેન, સહીનો ખડિયો અને સ્લેટ આપ્યાં. તે ઉપરાંત દાડમના વૃક્ષની ડાળીને કેસરમાં બોળાવીને ગોપાલ પાસે નોટબુકમાં લખાવ્યું. આ બધી અમૂલ્ય સંપત્તિ અમે સાચવી રાખી છે.

માના કૃપા-પ્રસાદથી પૂર્ણ થઈને, માને પ્રણામ કરીને અમે નીચે આવ્યાં. બધાંના સમૂહ-ભોજનની ત્યાં વ્યવસ્થા હતી. ત્યાર બાદ કલેક્ટરને ઘેર પાછાં ફર્યાં.

મને ઘણી વાર લાગે છે કે આવી કરુણા ફરી કેવી રીતે પામશું ?

●

મારા દેહરાદૂનમાં કાર્યરત રહ્યા દરમ્યાન મા અવાર-નવાર બીજાં સ્થાનોમાં જતાં. એક જ સ્થાનમાં 'તેઓ' લાંબું ન રહેતાં. પરંતુ મારા સદ્‌ભાગ્યે એક વાર મા સતત ૪-૫ મહીના રહ્યાં, જેથી 'એમનાં' દર્શન તથા પ્રવૃત્તિઓનો મને નિયમિત રૂપે લાભ મળ્યો. મા દેહરાદૂનમાં હતાં એટલેથી જ મને માનસિક શાંતિ અને શક્તિ મળતાં. જ્યારે જ્યારે સાંસારિક કાર્યોમાં સહેજે ઉદ્વેગ થતો ત્યારે ત્યારે મારું મન મા તરફ દોડી જતું. આથી મને ખૂબ આનંદ થતો, અને જ્યારે પણ મુશ્કેલીઓ આવતી ત્યારે અઘરામાં અઘરી સમસ્યાઓ આપમેળે ઉકલી જતી. મને આશ્ચર્ય થતું કે આમ કેમ બન્યું ? કામ માટે બહાર જવું પડતું તે સિવાય અમે દરરોજ સાંજે માનાં દર્શન કરવા આશ્રમમાં જતાં. દૈનિક કીર્તનમાં ભાગ લેતાં, પોણા નવથી નવ સુધીનું મૌન કરતાં અને પાછાં ફરતાં.

●

પં. જવાહરલાલનું આશ્રમમાં આગમન :

મહત્ત્વની વ્યક્તિઓ અવાર-નવાર દેહરાદૂન આવતી અને ત્યાંના ડિસ્ટ્રક્ટ મૅજીસ્ટ્રેટે એમના સ્વાગતની, રહેવા-જમવાની તેમ જ કાર્યક્રમની વ્યવસ્થા કરવી પડતી.

કેટલીક વાર અટપટી દેખાતી Official duties માંથી પણ મનગમતી ઘટનાઓ બની જતી. આવી એક ઘટના હતી વડાપ્રધાન જવાહરલાલ નેહરુનું આવવું. એમને દેહરાદૂન ઘણું ગમતું. મારા ચાર વર્ષના કાર્યકાળમાં પંડિતજી પાંચ વાર આવ્યા હતા. દર વખતે તેઓ ૪-૫ દિવસ રોકાતા, અને માત્ર એક વાર સિવાય બાકીની વાર વિશ્રામ કરવા માટે જ આવ્યા હતા. પંડિતજીની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

નિકટ આવવાનો અને એમના સ્વભાવના આધ્યાત્મિક પાસાને નિહાળવાનો લ્હાવો મળ્યો. એ પાસાની ઘણા ઓછાને ખબર છે, એમને વર્ષોથી જાણનારને પણ નહીં અને કદાચ એમનાં કુટુંબીજનોને પણ નહીં.

એમના કુટુંબમાં માત્ર એક વ્યક્તિ એવી હતી જેનું સંપૂર્ણ ઉજ્જવળ સ્વરૂપ દેશવાસીઓ પણ ન જોઈ શક્યા, અને તે હતાં કમલાજી.

મારું એવું અનુમાન છે કે એ એકલાં જ જોઈ શક્યાં કે એમના પતિમાં આધ્યાત્મિકતા રહેલી છે, જેને લીધે એમનું તેજ વિસ્તરતું હતું, અને જેનો પ્રકાશ ભારત ઉપરાંત સમગ્ર વિશ્વમાં ફેલાયો.

એક વાર પંડિતજી દેહરાદૂન આવ્યા, ત્યારે મા પણ ત્યાં વિરાજમાન્ હતાં. મને યાદ છે ત્યાં સુધી ઑક્ટોબરનો મહીનો હતો. એમની સાથે શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત અને કુ. પદ્મજા નાયડુ પણ હતાં. પંડિતજી મુખ્યત્વે વિશ્રામ માટે આવ્યા હતા, છતાં એક બહારનો કાર્યક્રમ હતો કે ૧૫ મિનિટ માટે માને મળવા જવાના હતા.

મા કિશનપુર આશ્રમમાં હતાં. અમે ત્યાં પહોંચ્યાં. પદ્મજા નાયડુ ત્યારે બંગાળના રાજ્યપાલ હતાં. એમને પગની તકલીફ હોવાથી દાદર ચઢીને માના કક્ષ સુધી જઈ શકે તેમ ન હતું. પંડિતજી ઉપર ગયા. વિજયાલક્ષ્મી પંડિત પણ સાથે હતાં. કેટલાક વિશિષ્ટ પોલિસ ઑફિસરોની સાથે હું પણ પાછળ ગયો. બાકીના ઑફિસરો નીચે રહ્યા.

પંડિતજી માના કક્ષમાં ગયા એટલે શુભ્ર-વસ્ત્રાવૃતા મા ઊભાં થયાં, એમને આવકાર્યા. હાથ જોડીને ઊભેલા પંડિતજી ભાવાવેશમાં આવી ગયા. માએ પણ સ્નેહથી આવકાર્યા. વડાપ્રધાન કોઈ મહત્ત્વની વ્યક્તિને મળે ત્યારે જેવી Formality હોય છે તેવું આમાં કંઈ નહોતું. અહીંયાં વિશુદ્ધ ભાવોની લીલા હતી - મહત્ આદર સામે સ્નેહ. પંડિતજીના વ્યક્તિત્વનું આ પાસું આટલા સબળ રૂપે પહેલાં કદી દેખાયું નહોતું.

બીજા નેતાઓ કરતાં પંડિતજીનું વ્યક્તિત્વ જુદું અને સ્પષ્ટ તરી આવતું હતું. તેઓ માનવીય હતા, મહાત્મા ગાંધીની નિકટ હતા, એમની બધી ભારતીય તથા આંતર્દેશીય રાજકીય પ્રવૃત્તિઓમાં એમની ઉદાત્ત વિચારધારા દેખાતી હતી. પરંતુ તેઓ જ્યારે મા પાસે આવ્યા ત્યારે એમના વ્યક્તિત્વનું એક તદ્દન નવું પાસું ઉપસી આવ્યું. જે ઉત્કંઠાથી તેઓ માને મળવા માટે ચાલ્યા અને ત્યારે એમણે જે હર્ષ અનુભવ્યો, એમના મોઢા પર એક ખાસ ચમકારો આવી ગયો, એ જોઈને લાગ્યું કે એક નવીન સ્વર્ગીય ગંગા એમના અંતરમાં વહે છે જેનાથી એમના દેહ તથા આત્માના રેસે રેસા ભીંજાઈ ગયા છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

.... પંડિતજી પ્રત્યેનું લોકોનું જે અદ્‌ભુત આકર્ષણ છે તેનું કારણ એ ચુંબકીય શક્તિ છે જે માના ભક્તોએ માની અંદર અનુભવી છે. પંડિતજીની જીવન-સંધ્યામાં પણ એમના મુખ પર ચમક હતી જેનું કારણ છે માનવ પ્રત્યેનો સરળ સહજ પ્રેમ અને શુદ્ધ હૃદય. આનાથી જ પંડિતજીનું માતૃદર્શન આવું સુંદર અને સ્વર્ગીય બન્યું.

મા જમીન પર પાથરેલી સાદડી પર બેઠાં. પંડિતજી અને વિજયાલક્ષ્મી પણ ત્યાં જ બેઠાં. અન્ય કોઈ અંદર ન ગયું અને બારણાં બંધ કરવામાં આવ્યાં. બે-ત્રણ ઑફિસરો સાથે હું પણ બહાર ઊભો રહ્યો, વિચાર કરવા લાગ્યો કે ભારતના વડાપ્રધાન દિવ્ય મહાશક્તિના આ સ્થૂળ સ્વરૂપ સાથે શી વાતો કરતા હશે ? જે લોકો માને થોડાંક પણ જાણે છે તેમને ખબર છે કે માયાના ત્રિતાપબાધિત આ જીવો જ્યારે 'મા' નામની પરમ શાંતિ અને પરમાનંદની ઉપસ્થિતિમાં હોય છે ત્યારે ખાસ કંઈ બોલી શકતા નથી. મા સર્વ પ્રંપચોથી પર છે, એમનાં દર્શનમાત્રથી સંકીર્ણ-અહંકારજનિત-બુદ્ધિને અને ઉત્તપ્ત હૃદયને શાંતિ મળે છે. મા તરત એ સ્વરૂપ ધારણ કરી લે છે કે જે ભક્તને જોવાની ઈચ્છા હોય. માએ ઘણી વાર કહ્યું છે : "હું તો વાજું છું, જેવું વગાડશો તેવું સાંભળશો."

લગભગ ૧૫ મિનિટ પસાર થઈ ગઈ છતાં દરવાજો ન ખુલ્યો. મારી બાજુમાં ઊભેલા D.I.G. - Intelligence જેવા લાગતા એક પોલિસ ઑફિસર બોલ્યા, "સમય પૂરો થઈ ગયો છે." હું હસ્યો, અને બોલ્યો, "દરવાજા પર ટકોરા મારો." એમણે હસીને કહ્યું કે એમ ન કરાય, પંડિતજી ગુસ્સે થશે. મને આ દૃશ્ય જોવાની મજા પડી. મને થયું કે ભારતના વડાપ્રધાનની મા સાથેની મુલાકાતથી ભારતને, કદાચ સમગ્ર વિશ્વને, લાભ થશે.

નીચે થોડો ઘોંઘાટ થતો જણાયો. આ કાર્યક્રમ ગુપ્ત રાખવામાં આવેલો, તેમ છતાં આશ્રમના આંગણામાં તેમ જ રસ્તા પર ભીડ એકઠી થઈ ગઈ હતી. લોકોને ખબર પડી ગઈ હતી કે એમના પ્રિય વડાપ્રધાન મા પાસે આવ્યા છે.

માના કક્ષમાં અંદર સંપૂર્ણ શાંતિ હતી. બહાર બે-ત્રણ ઑફિસરો હતા. અમે પણ વાતો નહોતા કરતા, અને જો કરતા તો અવાજ વગર જેથી અમારો અવાજ અંદર ન જાય. આશ્રમની પૂર્વ બાજુની ખીણ, જંગલો, હિમાલય બધા મૌન થઈને શ્વાસ લેતાં હતાં. આ જ રીતે થોડો વધારે સમય પસાર થયો. પછી દરવાજો ખુલ્યો અને અમે માને જોયાં સરસ્વતીની જેમ ઊભેલાં, સંપૂર્ણ શ્વેત વસ્ત્રો ધારણ કરેલાં. પંડિતજી અને વિજયાલક્ષ્મી રજા લેવા માટે હાથ જોડીને ઊભાં હતાં. ખૂબ ધીમે પગલે પંડિતજી દરવાજા બાજુ આવ્યા. અમે એકદમ શિસ્તથી દરવાજાની બે બાજુએ અમારી જગાઓ લઈને ઊભા રહી ગયાં. પંડિતજીના મુખ પર વિશેષ પ્રકારનું તેજ હતું. એમણે વારંવાર ફરી-ફરીને મા સામે જોયા કર્યું. એમની આંખોમાં પ્રકાશ હતો. એ દૃશ્ય વર્ણનાતીત

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હતું.

મેં સાંભળેલું કે પંડિતજીનાં પત્ની શ્રીમતી કમલા નેહરુ માનાં અનન્ય ભક્ત હતાં. ઋષિકેશમાં ગંગા કાંઠે માના ખોળામાં માથું મૂકીને તેઓ સમાધિમાં પહોંચી જતાં. નેહરુ પરિવારમાં કમલાજીનું સ્થાન અદ્વિતીય હતું. એમનું જીવન ટૂંકું હતું પણ એમણે ભારતવાસીઓનાં હૃદય જીતી લીધાં. બહુ નાની ઉંમરે તેઓ માના ચુંબકીય આકર્ષણમાં આવી ગયાં અને ઉચ્ચતર આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ કરતાં ગયાં. શી ખબર એમના પૂર્વ જન્મોમાં એમનો મા સાથે કેવો સંબંધ હતો !

એ તો મા જ કહી શકે. નેહરુ કુટુંબને, ખાસ કરીને જવાહરલાલ તથા ઈંદિરાને, માના સાન્નિધ્યમાં લાવવાનો યશ કમલાજીને ફાળે જાય છે, એમાં જરીકે શંકા નથી.

માનો જય હો ! રાજા અને રંકને જે સમાન રૂપે આકર્ષે.

●

એક વાર આસામના એક પ્રધાન શ્રી ત્રિપાઠી દેહરાદૂન આવ્યા, અને માને મળવાની ઈચ્છા દર્શાવી.

મા ત્યારે રાયપુર આશ્રમમાં હતાં, એ જ સ્થળ જ્યાં મા સૌ પ્રથમવાર ૧૯૩૨માં દેહરાદૂન આવ્યાં ત્યારે રહ્યાં હતાં. તે સમયે રાયપુર એક નાનું સરખું ગામડું હતું. ગામથી થોડેક દૂર નદી કાંઠે એક શિવ મંદિર છે, અને આગળ જંગલ. ભોલાનાથજી અને ભાઈજીને લઈને મા એ જ મંદિરમાં રહ્યાં હતાં. માને જ્યારે જ્યારે 'ખ્યાલ' થાય ત્યારે એનું સચિત્ર વર્ણન કરતાં. મંદિરની એક બાજુએ અત્યારે મા તથા એમની મંડળી માટે એક નાનો ઓરડો છે.

ચોમાસું હતું. ત્રિપાઠીજીની સાથે હું રાયપુર આશ્રમે પહોંચ્યો માના દર્શન માટે. અમે માની સામે ચટાઈ પર બેઠા. મા હસતાં હસતાં કંઈક કહેતાં હતાં. ત્યારે ગોપાલ (મારો પુત્ર) ચાર વર્ષનો હતો. એકાએક એ દોડતો દોડતો આવ્યો ને મા સામે ઊભો રહી ગયો. લોકોનું ધ્યાન એ બાજુ ગયું. આશ્રમમાં દોડાદોડ કરવાની અને માની આજુબાજુ નિર્ભય થઈને ફરવાની એને ટેવ હતી. માનું મુખ અમારી બાજુ હતું, પણ ગોપાલ માને કંઈ કહેવા માગતો હતો. અમે જોતા રહ્યા. હજી એના મુંડન-સંસ્કાર થયા ન હતા. એના વાંકડિયા સુંદર વાળ બહુ સુંદર લાગતા હતા, અને વળી કપાળે કાળું ટીલું પણ હતું.

એકદમ જ એણે માનું મુખ પકડી લીધું, પોતાની બાજુ ફેરવીને કાનમાં કંઈ કહ્યું. અમે તો ડઘાઈ જ ગયા. ગોપાલે આવું પહેલાં કોઈ વારે નહોતું કર્યું.

અમે ચોંકી ગયા. પરંતુ માએ વાત્સલ્યપૂર્વક કાનમાં ગોપાલની વાત બરાબર સાંભળી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બધાંની આંખો આ દૃશ્ય પર ચોંટેલી હતી. અમને સમજાતું નહોતું કે એવી કઈ ખાનગી વાત આટલે ધીમેથી એણે માને કરી ? પછી ચુપચાપ ઊભો રહી ગયો. માએ એક બહેનને બોલાવીને કંઈ કહ્યું. એ ગોપાલનો હાથ પકડીને એને બહાર લઈ ગઈ.

પછીથી અમને ખબર પડી કે ગોપાલે મા પાસે કંઈ ખાવાનું માગ્યું હતું, અને સંતાનવત્સલા માએ બધું કામ છોડીને એની વ્યવસ્થા કરી.

હું અને આસામના પ્રધાન સાક્ષાત્ અન્નપૂર્ણાની સામે બેઠા હતા.

રૂમમાં સંપૂર્ણ શાંતિ હતી, જાણે કે સમસ્ત વિશ્વનાં કાર્યો થંભી ગયાં હોય, જાણે ક આપણને ઉદ્વેલિત કરતી ઈચ્છાઓની તોફાની નદી મહાસમુદ્રને તળિયે શાંતિ પામી ગઈ હોય.

મા અમારી સાથે પ્રસન્ન મુદ્રામાં વાતો કરતાં હતાં. કેટલીક વાર 'એમની' માત્ર શારીરિક ઉપસ્થિતિ હોય એવું લાગે છે જ્યારે એમનો ભાવ જાણે આ જગતથી ઘણે દૂર જતો રહ્યો હોય છે.

પ્રણામ કરતી વખતે પણ 'એમનું' ધ્યાન આપણી તરફ ખેંચવાને અસમર્થ હોઈએ છીએ. પણ અત્યારે તદ્દન જુદું હતું. મા અમારી સાથે બાળકોની જેમ વાતો કરતાં હતાં, જાણે કે બધો જ પ્રેમ ઢોળી દેતાં હોય. ૧૯૩૨માં પ્રથમ વાર દેહરાદૂન ભૂમિ પર ચરણ મૂક્યા લગભગ ત્યારથી માએ બોલવાનું વધારે કર્યું. માએ તે સમયની ઘણી ઝીણવટથી વાતો કરી.

અચાનક અમને એવો અનુભવ થયો કે જાણે એક દૈવી પ્રકાશ છવાઈ ગયો છે. મૂક થઈને સહેજે હલનચલન વગર અમે એ પ્રકાશવર્ષણને અમારામાં ઊતારી રહ્યા. વીજળીના બલ્બનો પ્રકાશ તો ત્યાં હતો જ, પરંતુ આ પ્રકાશ એનાથી તદ્દન જુદો હતો. આ પ્રકાશે અમને શારીરિક, માનસિક તથા આધ્યાત્મિક રીતે અભિભૂત કરી દીધા. અમને અમારી પોતાની હાજરી પણ અનુભવાતી ન હતી. એ અનુભવને શબ્દોમાં નથી મૂકી શકાતો. અમારા જેવા સામાન્ય માણસો માટે એ અનુભવ અપ્રત્યાશિત અને અઘટનીય હતો.

મા પહેલાંના જેવી જ મધુરતાથી બોલતાં હતાં. ધીરે ધીરે એ દિવ્ય ક્ષણ લય પામી ગઈ. અમને લાગ્યું કે અમે દિવ્ય સ્વપ્નમાંથી જાગ્યાં છીએ. આ ઘટનાનું રહસ્ય આપણે કોઈ સમજી શકીએ તેમ નથી.

પ્રધાનશ્રીએ એમની મુગ્ધ સ્થિતિમાં રહીને જ જવા માટે મારી સામે જોયું. અમે માને પ્રણામ કરીને રજા લીધી. બહાર વરસાદ પડતો હતો. ધીમે ધીમે સાવચેતીથી અમે કાચું આંગણું પાર કર્યું. અમે બન્ને મૌન હતા. આખરે પ્રધાનશ્રીએ કહ્યું, "દીક્ષિતજી, માતા આનન્દમયી તે માતા આનન્દમયી જ છે !"

આવી અદ્વિતીય મા ક્યાં મળે ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ઉત્તર પ્રદેશના એક પ્રધાન શ્રી મહાવીર પ્રસાદ એક વાર મા પાસે આવ્યા. રાજનેતા હોવા છતાં તેઓ એમના ઊંડા વ્યક્તિત્વ વિષે જાણીતા હતા. સરકીટ હાઉસમાંથી એમણે માનાં દર્શન કરવા જવાની ઈચ્છા દર્શાવી. મા કિશનપુર આશ્રમમાં હતાં. હરિબાબા મહારાજ પણ ત્યાં જ હતા. મા એમનો ઘણો આદર કરતાં. આશ્રમમાં અનેક પ્રવૃત્તિઓ ત્યારે ચાલતી હતી. કોઈને કોઈ ઉત્સવ લગભગ રોજ થતો.

મેં મંત્રીજીને કહ્યું, "તમે એક ભક્ત તરીકે જવા માગતા હો તો પહેલેથી મળવાનો સમય ન માગશો." તેઓ સહમત થયા, કારણકે સાચા ભક્ત હતા.

સાંજે અમે કિશનપુર આશ્રમે પહોંચ્યા. જઈને જાણ્યું કે મા ત્યાં નથી, કલ્યાણવન ગયાં છે. એ આશ્રમ લગભગ એક કિલોમીટરને અંતરે છે. ત્યાં મોટો લીચીનો બાગ છે અને વિવિધ જાતનાં પુષ્પોથી ભરેલો બગીચો છે. અંદર એક બે માળનું મકાન છે, જેની નજીકમાં એક નાનું પણ સુંદર રામ-મંદિર છે. એમાં સ્મિત કરતી, સુંદર, જાગ્રત રામ-સીતા-લક્ષ્મણની મૂર્તિઓ છે. હનુમાનજી પણ એક વિગ્રહરૂપે બિરાજે છે. રામ-સીતા-લક્ષ્મણના વિગ્રહોની સામે શિવલિંગવાળું શિવમંદિર છે. પછીથી એક યજ્ઞશાળા પણ જોડી દેવામાં આવી છે. મંદિર નાનું તો છે જ, પણ જાગ્રત ભગવાનનું મંદિર ગણાય છે, અત્યંત ભાવોત્પાદક અને શાંતિદાયક છે.

અમે કિશનપુરમાં જ મોટર મૂકીને કલ્યાણવન સુધી ચાલતા ગયા. જઈને જોયું તો મા કલ્યાણવનની સામેની બાજુએ રસ્તા પર સદાની માફક ભક્તોથી વીંટળાઈને ઊભાં હતાં. પ્રધાનશ્રી એકદમ ભાવવેશમાં આવી ગયા, ત્યાં જ માને દંડવત્ પ્રણામ કર્યા. (આ એમની પ્રથમ મુલાકાત હતી.) કોઈ પણ જાતની ઓળખાણ ન આપવા છતાં માએ અત્યંત સ્નેહપૂર્વક જોયું, અને હાથમાં પકડેલો પુષ્પહાર એમને પહેરાવી દીધો. એમણે પણ મા સામે એકીટશે જોયા કર્યું. એવું લાગ્યું કે મા આટલી વાર પુષ્પાહાર આપવા માટે એમની જ રાહ જોતાં હશે. મા કહે છે ને કે, "હું તો વાજા જેવી છું, જેવું વગાડશો તેવું સાંભળશો."

"ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।"

મેં પ્રધાનશ્રીનો પરિચય આપ્યો. એ જ સામ્યભાવમાં મા બોલ્યાં, "અંદર જઈને કીર્તનમાં બેસો." એમના પ્રધાન હોવાને મહત્ત્વ ન મળ્યું. મને એનું કારણ એ જણાય છે કે તે ક્ષણોમાં એમને પોતાને મન એ વાતનું મહત્ત્વ નહોતું, તેઓ તો એક ભક્તના શુદ્ધ, સરળ ભાવે આવ્યા હતા અને એમના અંતરના ભાવ પ્રમાણે મા એમની સામે પ્રગટ થયાં.

અનેક ભક્તોએ અનુભવ્યું છે કે મા હંમેશાં દર્શન કરનારની લાગણી અને ભાવ અનુસાર વર્તે છે. કોઈ વખત કોઈને સમજતાં વાર પણ લાગે છે, પરંતુ જેઓ માના સાચા ભક્તો છે,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શુદ્ધ-હૃદયી છે તેઓ માનાં કાર્યોને સમજી શકે છે, મુગ્ધ થઈ જાય છે છતાં સ્વસ્થ રહે છે.

કલ્યાણવનમાં દાખલ થતાં જ અમે અદ્‌ભુત દૃશ્ય જોયું. રામમંદિરના પ્રાંગણમાં હરિબાબા એમના શિષ્યો સાથે સંગીતમય હનુમાન ચાલીસાના પાઠ કરતા હતા. શિષ્યો વાજિંત્રો વગાડતા હતા. થોડાક ભક્તો માની પ્રતીક્ષામાં ઊભા હતા. ટૂંકમાં, અત્યંત આનંદની ક્ષણો હતી. હરિબાબાનો ગૌર વર્ણ દેહ, શ્વેત વાળ ઉપર પીળો ફેંટો, અને એમના ગાન અને પઠનથી હું મોહિત થઈ ગયો. તેમાં વળી માની ઉપસ્થિતિના વિચારમાત્રથી હું ધન્ય થઈ ગયો.

અનેક ભક્તોની ભીડ વચ્ચે અમે બેસી ગયા. એટલામાં મા પણ પધાર્યાં. આ માટીનો માનવ હું કોઈ બીજા જ લોકમાં ચાલ્યો ગયો. અહીં તો કળિયુગનો કંઈ પ્રભાવ જ નહોતો. ચારે બાજુ સત્‌યુગ જ હતો. મા 'એમનાં' આસન પર બિરાજ્યાં, ચારે બાજુ દ્રષ્ટિપાત કર્યો, અને ભાવમાં જતાં રહ્યાં. એમની જાણે શારીરિક ઉપસ્થિતિ હતી, છતાં બીજા 'લોક'માં ફરતાં હતાં.

હરિબાબાનું મધુર કીર્તન ચાલતું રહ્યું. તેઓ પણ જાણે માત્ર શરીરથી જ અમારી સામે હાજર હતા, આત્મા એમના ઈષ્ટદેવતા પાસે હતો. જ્યાં સુધી અમારો પ્રશ્ન છે ત્યાં સુધી અમે આનંદસાગરમાં ઉછળતા હતા.

ધીરે ધીરે પાઠ સમાપ્ત થયો. થોડા મંત્રોચ્ચારો અને પ્રાર્થના પછી હરિબાબા પાછા સ્વસ્થ થયા. એમણે મોઢું ફેરવીને મા સામે જોયું. ખૂબ ભાવમાં આવી ગયા અને માની પાસે નીચે જ બેસી ગયા. લોકાચાર, વ્યવહાર અને એમના પ્રત્યે આદર દર્શાવવા મા બેઠાં થઈ ગયાં અને સહેજ ખસીને ઓછી જગામાં બેઠાં. જેમણે આ દૃશ્ય જોયું તે બધા લાગણીવશ અને વિશુદ્ધ આદરથી ગળગળા થઈ ગયા.

આવા હર્ષોલ્લાસ અને આનંદની સ્થિતિમાંથી ઊભા થઈને અમે થોડી વાર પછી માની અનુજ્ઞા લીધી. મને પછીથી ખબર પડી કે પ્રધાનશ્રી તો હનુમાન-ભક્ત છે અને દરરોજ હનુમાન-ચાલીસાના પાઠ કરે છે. જય મા, બધાંના અંતરની વાત જાણે છે મા.

આવી મા ક્યાં મળે ?

મા, તમે બહુ યાદ આવો છો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આનન્દમયી સ્મૃતિ

- બ્ર. ચિત્રા ઘોષ

૧૯૫૬, શ્રી શ્રી મા સાથે શ્રીવૃંદાવનધામમાં પહેલી વાર હોળીના ઉત્સવમાં ઉપસ્થિત રહેવાનું મને સદ્‌ભાગ્ય સાંપડ્યું.

હોળીનો આગલો દિવસ શ્રી હરિબાબાનો જન્મદિવસ છે. શ્રી શ્રી માની ઉપસ્થિતિ હોવાથી બાબાનો જન્મોત્સવ હોળીની પૂર્વ સંધ્યાએ ધામધૂમથી ઉજવાતો.

સાંજે સાડા પાંચ વાગે હરિબાબાને એમના વૃંદાવનના આશ્રમમાંથી બૅન્ડવાજા સાથે કીર્તન કરતાં કરતાં માના આશ્રમમાં લાવ્યા. એ કહેવાની જરૂર નથી કે બાબા પગપાળા જ માના આશ્રમ સુધી આવ્યા. કીર્તનમંડળીમાં મુખ્ય હતા હીરુદા (તન્મયાનંદજી). આશ્રમના મુખ્ય માર્ગથી મંદિર સુધીના માર્ગની બન્ને બાજુએ શ્રી શ્રી માના નિર્દેશથી અમે બધી મોટી છોકરીઓએ વિભિન્ન રંગોથી રંગોળી કરી હતી. મુખ્ય દ્વાર પાસે બૅન્ડનો અવાજ સંભળાતાં જ મા અમારા હાથ પકડીને દ્વાર સુધી આવ્યાં, અને બાબાને મંદિરનાં પગથિયાં સુધી લઈ આવ્યાં. તે પછી પરસ્પર અભિનંદનનું એક અભિનવ દૃશ્ય ઉપસ્થિત થયું. બાબા દ્વારા માને સાષ્ટાંગ પ્રણામ કરાતાં જ મા પણ તદનુકરણમાં વાંકાં વળે તે પહેલાં જ બાબાએ વાંધો લીધો.

સત્સંગ હૉલમાં બાબા તથા માના વિરાજમાન્ થતાં જ દીદી ગુરુપ્રિયાએ માની સૂચના અનુસાર બાબાની આરતી ઉતારી, અને એમને જન્મદિવસના ઉપલક્ષ્યમાં વસ્ત્ર ઈત્યાદિ અન્ય સામગ્રીઓ ભેટ આપી. ત્યાર પછી દીદી બાબાને બીજી બાજુ લઈ ગયાં, જ્યાં એમને માટે અલ્પાહારની વ્યવસ્થા કરી હતી. માએ બાબા માટે વિવિધ પ્રકારનાં પકવાનો, ખાજાં, ફરસાણ, સમોસા વગેરે બુનિદી પાસે બનાવડાવીને મૂકાવ્યાં હતાં. એ બધું જોઈને બાબા બાળકની જેમ પ્રફુલ્લ થઈ ગયા. બધું જ થોડું થોડું સ્વીકાર્યું. પછી હૉલમાં ૭ થી ૯ બે કલાક હરિબાબાએ કીર્તન કર્યું. મા બેઠાં હતાં. હરિબાબાએ કીર્તનોપરાંત મંડળી સહિત વિદાય લીધી.

શ્રી શ્રી માની કર્તવ્યપ્રણાલી અતુલનીય છે. બાબા આવવાના છે, હૉલમાં સત્સંગની વ્યવસ્થા કરવાની છે, તેથી એમના આવતાં પહેલાં જ માએ શેતરંજી પાથરવાથી માંડીને ક્યાં કેવી રીતે શણગારવું તે બધું અમને લોકોને સમજાવી દીધું. મા પોતે નીચાં નમીને વળી ગયેલા ખૂણા સરખા કરતાં હતાં. માનું કર્મનૈપુણ્ય જાણે કે નિપુણતાનું સાક્ષાત્ સ્વરૂપ છે ! વચ્ચે વચ્ચે માના શ્રીમુખેથી સાંભળીએ છીએ કે - "શરીરને ખેંચી ખેંચીને આ બધું કામ કરાવાઈ રહ્યું છે. આ બધું કામ શરીરથી લઈ નથી શકાતું. સારું નથી લાગતું અથવા હવે વધારે કરી નહીં શકાય, આ બધાનો પ્રશ્ન જ નથી. અને આ બધું કરવાનો 'ખયાલ' જ નથી આવતો. પહેલાં જે રીતે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ગૃહસ્થી આદિનું કામ કરાતું, અચાનક બધું છૂટી ગયું. હવે 'ઠાકુર' જ 'ઠાકુર'નું કામ કરવા નહીં દે, શરીર લઈ નથી શકતું."

●

આજે હોળી છે. હું પરોઢિયે ઊઠતાંવેંત માના ઓરડાની બહાર જઈને બેસી ગઈ કે મા ઊઠશે કે તરત માનાં ચરણોમાં લાલ અબીલ લગાડીશ. પૂર્વ રાત્રિએ માએ, નિતાઈ-ગૌર અને શિવમંદિરની સામે જે નવું ભાગવત-ભવન બન્યું છે, ત્યાં જ વિશ્રામ કર્યો. બ્રાહ્મમુહૂર્તમાં ચાર વાગ્યાથી જ મહાપ્રભુના જન્મસમયે મંગળ આરતી અને પૂજન શરૂ થઈ ગયાં. મા માટે નિર્મિત ભવનને નીચલે માળે વિશ્રામકક્ષમાં આવીને મા સૂતાં હતાં. પ્રાતઃકાળે સાડા છ વાગે મા બાથરૂમ તરફ જઈ રહ્યાં હતાં ત્યારે મને માએ કહ્યું, "ચિત્રા બંધુ, સાતથી સાડા સાતનો સમય અત્યંત શુભ મુહૂર્ત છે, તે સમયે તારા ઠાકોરજીને અબીલ આપજે." માનો આદેશ પાલન કર્યા પછી આવીને જોયું તો હજી સવા સાત થયા છે. મેં માને કહ્યું, "આપે કહ્યું હતું સાડા સાત વાગ્યા સુધીનો સમય અત્યંત શુભ છે એટલે આપ ચાલો, હું આપનાં ચરણોમાં (લાલ) અબીલ લગાડીશ. માએ મારાં લાડ સ્વીકાર્યાં, સ્થિર થઈને બેસી રહ્યાં. મેં માના જમણા ચરણના અંગૂઠા પર તથા ચરણોનાં તળિયાંમાં લાલ લાલ અબીલ ચોપડી દીધું. થાળીમાંનું અવશિષ્ટ અબીલ મેં મારા છેડામાં બાંધી દીધું. એ દિવસે પ્રાતઃકાળમાં કૃપામયી માએ એમનાં ચરણોમાં અબીલ ચોપડવાની કોઈનેય મનાઈ ન કરી. બધાંએ જ માનાં ચરણોમાં અબીલ ચોપડ્યું. હું વારંવાર માનાં અબીલ-ગુલાલથી રંગાયેલાં ચરણોને મારા પાલવથી લૂછતી હતી. માના જ ખ્યાલથી આજે હોળીને દિવસે મને વારંવાર માનાં શ્રીચરણોને સ્પર્શ કરવાનો અવસર પ્રાપ્ત થયો. આ મારું અહોભાગ્ય છે.

ઉક્ત નવનિર્મિત ભાગવત-ભવન અને ગીતાભવન રાજકુટુંબ તરફથી બનાવવામાં આવ્યાં હતાં. અચાનક પતિના દેહાંતથી શોકાતુર રાણી માટે સંતપ્ત પ્રાણમાં શાંતિસંચારનો આ એક અભિનવ ઉપાય હતો. જે બે 'સ્ટેટ'ની રાણીઓ દ્વારા એ ભવનોનું નિર્માણકાર્ય થયું હતું, એમને માએ પોતાની સાથે શોભાયાત્રામાં જોડાવાનું તથા એમના પોતપોતાના પતિદેવોના ફોટા સાથે શ્રીમદ્ ભગવદ્ ગીતા તથા શ્રીમદ્ ભાગવતની પોથીઓ લેવાનું કહ્યું. આ શોભાયાત્રા પેલાં બે નવાં ભવનોના ઉદ્ઘાટન અર્થે શ્રી શ્રી માની કુટીરમાંથી શ્રી શ્રી માની સાથે નીકળવાની હતી. ગીતાભવન બનાવનારના પતિનો ફોટો અને શ્રીમદ્ ભગવદ્ગીતા બન્ને ગીતાભવનના કબાટમાં મૂકવામાં આવ્યાં, તથા ભાગવતભવન બનાવનારના પતિનો ફોટો અને શ્રીમદ્ ભાગવત બન્ને ભાગવત ભવનના કબાટમાં. ત્યાર પછી ગીતાભવનમાં સામૂહિક રૂપે ૧૦૮ વ્યક્તિઓએ ગીતાનો સંપૂર્ણ પાઠ કર્યો, સવારે ૭ થી ૯ સુધી.

બે કલાકના ગીતાપાઠમાં મેં ભાગ ન લીધો પણ માની સાથે જ રહી. ગીતાભવનમાં જઈને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માએ ગીતાપાઠમાં ભાગ લેનારાંને અક્કેક નારંગી આપી. ત્યાર પછી મા હરિબાબાના આશ્રમમાં પધાર્યાં. ત્યાં શ્રીમાન્ મહાપ્રભુની લીલા ચાલતી હતી. લીલાનો પ્રસંગ હતો - અદ્વૈત પ્રભુની પ્રાર્થના અને ભગવાન વિષ્ણુએ અવતાર ગ્રહણ કર્યો તે. માએ કૃપા કરીને મને પણ એમની સાથે લીધી હતી. હું મોટરમાં માનાં ચરણો પાસે બેઠી હતી. હરિબાબાના આશ્રમમાંથી પાછાં આવીને માએ ભાગવતભવનમાં પ્રવેશ કર્યો. રીવાનાં રાણીસાહેબે બે ડોલોમાં રંગ ભેળવીને તૈયાર રાખ્યો હતો. માની સામે ચાંદીની ડોલ તથા ચાંદીની પિચકારી મૂકવામાં આવી. મા ભાગવત - ભવનના પગથિયાં સામેની ખુલ્લી જગ્યામાં બેઠાં. દર્શનાર્થીગણ પણ આકાશ નીચે ખુલ્લી જગ્યામાં જ ઊભા હતા. માના હાથમાં લગભગ ૨૫-૩૦ વાર પિચકારીમાં રંગ ભરી ભરીને આપવામાં આવ્યો. માએ બધાંને લક્ષ્ય કરીને રંગ છાંટ્યો. ક્યારેક આકાશ તરફ જોઈને રંગ છાંટતાં, તો ક્યારેક ફૂવારાની જેમ. બધાં જ ભીનાં થઈ ગયાં. મેં માને કહ્યું, "મા, મારા માથા પર રંગ નાખો." હું માની જમણી બાજુએ બેસીને પિચકારીમાં રંગ ભરતી જતી હતી. મારા પર રંગ નાખ્યો ત્યારે મારા જમણા કાનમાં પાણી ઘુસી ગયું. કાન બંધ ન થઈ જાય તેથી માએ એમની ટચલી આંગળી મારા કાનમાં ખોસીને પાણી કાઢ્યું. માની કૃપા અપરંપાર છે ! થોડી વાર પછી મેં લાડભર્યા સ્વરે માને કહ્યું, "મા, હવે ગુલાલ છાંટો." મા ચાદરથી એમના કાન અને મોં ઢાંકીને ગુલાલ નાખવા માંડ્યાં. હું જઈને અમેરિકાથી આણેલો કૅમેરા લઈ આવી. માના ફોટા લેવા માંડી. મા કૅમેરા તરફ જ રંગ ઉડાડવા લાગ્યાં.

ભાગવતભવનમાં નામયજ્ઞ ચાલતો હતો. નામકીર્તનમાં જઈને મા ફરતાં ફરતાં કીર્તન કરવા માંડ્યાં. ઓઢવાની ચાદરને માએ એક વિશેષ રીતે પહેરી રાખેલી. બન્ને હાથો ઊંચા કરી કરીને કીર્તનમાં ફરતાં માની અપૂર્વ શોભા હતી. કીર્તનમંડળમાંથી બહાર આવીને મા મહાપ્રભુના મંદિરમાં ભોગ વખતે ઉપસ્થિત હતાં.

સંધ્યાકાળે ભાગવત હૉલમાં મહારાસ થયો (રાસલીલા-બાળકો તેમજ મોટાઓ દ્વારા પદ્યવાણીમાં ભજવાતું નાટક.) માની હાજરીમાં બહુ જ સુંદર રાસલીલા થઈ. બાળકોની નૃત્યકુશળતા અને ભાવભંગિમા પ્રશંસનીય હતાં. માએ મુખ્ય ઠાકોરજી તથા અન્ય બધા ભાગ લેનારાને વસ્ત્રો, ફૂલો વગેરે ચઢાવડાવ્યાં.

●

હોળીને બીજે દિવસે માને વારંવાર પ્રાર્થના કર્યા પછી માનાં ચરણ-ચિહ્ન લેવાનું સદ્ભાગ્ય પામી. બુનીદી અને દીદીની સહાયથી તથા માના 'ખ્યાલ'થી મારી એ ઈચ્છા પૂર્ણ થઈ. મા એમના કક્ષમાં વિશ્રામમાં હતાં. ભોગને સમયે મા ઊઠ્યાં ત્યારે દીદીએ માને કહ્યું, "ચિત્રા આપનાં ચરણચિહ્ન લેવા માટે ઉપવાસી બેઠી છે." મા નિરુત્તર ચુપચાપ બેસી રહ્યાં. તે જ વખતે દીદી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને બુનીદીએ મળીને માનાં શ્રીચરણોને લાલ ચંદન ઘસેલી થાળીમાં મૂક્યાં. પછી એક નવીન શ્વેત વસ્ત્ર પર બિરાજવા માટે માને પ્રાર્થના કરી. માએ એમ કર્યું કે તરત મેં અને બુનીદીએ માનાં શ્રીચરણોને બરોબર દબાવ્યાં જેથી ચરણોનાં ચિહ્ન સ્પષ્ટપણે વસ્ત્ર પર અંકિત થઈ જાય. માના જ 'ખ્યાલ'થી સુંદર ચિહ્ન બન્યાં. દીદીએ પણ વધેલા રક્ત ચંદનથી વસ્ત્રખંડ પર ચરણચિહ્ન લીધાં. મારે માટે એ અમૂલ્ય સંપત્તિ છે. મેં માનાં ચરણોને જળથી ધોઈને ટુવાલથી લૂછી લીધાં. તે પછી સહુને ચરણામૃતનો પ્રસાદ આપ્યો. જય મા.

•

"કર્તવ્ય કર્મમાં જડતા, અસાવધાની આવે તો એનો પ્રતિરોધ કરવાનો અભ્યાસ જ એકમાત્ર ઉપાય છે, કારણ કે મનુષ્ય અભ્યાસનો દાસ છે. આ જે બૃહત્ સંસારધર્મમાં બધાં જ વ્યસ્ત છે, આ પણ અભ્યાસ અને પૂર્વ જન્મોની સંસ્કારગત આસક્તિ છે. અભ્યાસ કરવામાં સમય લાગવા છતાં હતાશ ન થઈને દૃઢતા અને ઉત્સાહ સાથે પોતાની જાતને ટકાવી રાખવી તે જ કર્તવ્ય છે. એ સત્ય છે કે દૈનિક કંઈ ને કંઈ ધર્મચિંતા દ્વારા સમય થતાં ઈશ્વરનો પ્રબળ આગ્રહ હૃદયમાં ઉદિત થાય છે. સરળ અને શુદ્ધ ભાવનો અભ્યાસ આત્મજ્ઞાનનું પ્રથમ પગથિયું છે."

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્તુમકર્તુમન્યથાકર્તું સમર્થઃ

- લક્ષ્મી

આનો અર્થ છે : (૧) જે ન થઈ શકે એટલે કે સર્વથા અસંભવ - તેને કરવાનું. (૨) જે થવાનું છે તેને રોકવાનું (૩) જે થવાનું છે તેનાથી જુદું કરવાનું - આ ત્રણે શક્તિઓ જેમનામાં છે તે પરમ પિતા પરમાત્મા છે.

આ જ અર્થનું વાક્ય શ્રી શ્રી મા કહે છે : "સંભવ અસંભવ, અસંભવ સંભવ."

આદિદેવ પૂર્ણબ્રહ્મ આશુતોષ ભગવાન શંકરને એમના વિવાહ સમયે કન્યાદાન આપતાં પહેલાં પ્રશ્ન પૂછવામાં આવ્યો :

પ્ર. - આપના પિતા કોણ છે ? ઉ. - બ્રહ્મા

પ્ર. - આપના પિતામહ કોણ છે ? ઉ. - વિષ્ણુ

પ્ર. - આપના પ્રપિતામહ કોણ છે ? ઉ. - એ તો સર્વનો હું જ છું.

●

આવા અનાદિ-અજન્મા-પરાત્પર ગુરુ શિવને સંસારના અજ્ઞાનાવૃત જનો 'મનુષ્ય'રૂપે પૂજે છે, ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે :

"अव्यक्तं व्यक्तिमापन्नं मन्यन्ते मामबुद्धयः।"

બ્રહ્મા-વિષ્ણુ-મહેશ પરબ્રહ્મની સૃષ્ટિ-સ્થિતિ-સંહાર કરનારી ત્રણ શક્તિઓનાં મૂર્ત રૂપો છે. શિવને "અમંગલ્યં શીલં" કહેવું તેનાથી મોટો અપરાધ બીજો કોઈ નથી. સ્મશાનવાસી, ચિતાભસ્મલેપી, નગ્નપ્રાય ચિદંબર, નાગોથી વિભૂષિત, ભગવાન શંકરનું તાત્ત્વિક સ્વરૂપ સમજવા માટે કેવળ દર્શનતત્ત્વ પૂરતું નથી, પરંતુ ઉપાસના, અનન્ય ભક્તિ, તથા યોગ દ્વારા સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. અજ્ઞાનનું આવરણ ખસેડવાથી સ્વયંપ્રકાશ ઈશ્વર કોટિસૂર્યસમાન પ્રત્યક્ષ પ્રકાશે છે. શિવનું બીજું નામ રુદ્ર છે. અનેક લોકોનો એવો ખોટો ખ્યાલ છે કે શિવ માત્ર પૌરાણિક દેવતા છે, પણ એવું નથી. વેદોમાં અને વેદોનાં અભિન્ન અંગો ઉપનિષદ્‌માં આ રુદ્ર દેવનો અસંખ્ય વાર ઉલ્લેખ છે.

"अविमुक्ते स्थितो देवो रुद्रावासे तु ईश्वरः।
प्राणास्तु रुद्रा विज्ञेया अविमुक्तं परं स्मृतम्।
तस्मिन् स्थाने वसेद्देवो रुद्रावासेऽपि चोच्यते॥"

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શિવમહાપુરાણની સનત્કુમાર - સંહિતામાં આ પ્રમાણે કહ્યું છે : ઈશ્વર મહાદેવ રૂદ્રાવાસમાં સ્થિત રહીને અવિમુક્તક્ષેત્ર (કાશી)માં રહે છે, સર્વ પ્રાણો રુદ્રમાં સ્થિત છે, પરમ શરીર (કારણ શરીર) તે જ અવિમુક્તક્ષેત્ર કાશી છે. એને જ રુદ્રાવાસ કહે છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ્નો આ મંત્ર રુદ્રને ઉદ્દેશીને છે :

"एको हि रुद्रो न द्वितीयाय तस्थुः य इमाँल्लोकानीशत ईशनीभिः।"

"આ બ્રહ્માંડવર્તી ભુવનો પર બ્રહ્મારૂપે શાસન કરતા, ઉત્પન્ન થનાર પ્રત્યેક શરીરમાં ચેતનરૂપે વિરાજમાન્ તથા પ્રલયકાળે કોપસહિત સંહાર કરનાર, એક અદ્વિતીય રુદ્ર જ એમની અનંત શક્તિ ઉમાની સાથે સ્થિત છે. એમનાથી પૃથક્ અન્ય કંઈ જ નથી."

સર્વ વેદોમાં 'શતરુદ્રીય'નો સમાવેશ છે. એ રુદ્ર સર્વદેવસ્વરૂપ, સર્વતત્ત્વસ્વરૂપ, નિરાકાર રુદ્ર છે અને સાકાર શિવ છે, એનું પ્રમાણ રુદ્રાભિષેકના આ પ્રકારના મંત્રોમાં : "नमो नीलग्रीवाय च शितिकण्ठाय च" હલાહલવિષપાનથી જેમની ગ્રીવા નીલ થઈ છે તે શિવશંભુ જ હોઈ શકે.

"ऋतं सत्यं परं ब्रह्म पुरुषं कृष्णपिङ्गलम्। ऊर्ध्वरेतं विरूपाक्षं विश्वरूपाय वै नमः॥"

(तैत्तिरीयारण्यक. १०/१२)

"ઉત્તમસ્વરૂપ ઋતમ્ (રુદ્ર) એ જ "सत्यम्" (બ્રહ્મ) છે. કંઠમાં માયારૂપ તમ ધારણ કર્યું છે અને વામ ભાગમાં ઉમાને ધારણ કરી છે. એ પરિણામરહિત, ત્રિપાદસ્વરૂપ, કૂટસ્થ, નિરાકાર, સમસ્ત જગતરૂપી આકારમાં વિવર્તરૂપે વ્યાપક એ પ્રસિદ્ધ રુદ્ર પુરુષને નમસ્કાર."

"प्रातः सोममुत रुद्रं हुवेम।" (ऋक् संहिता)

"रुद्रस्तारकं ब्रह्म व्याचष्टे।" (जाबालोपनिषद्)

રુદ્ર પશુપતિ છે. "पश्यति इति पशुः तेषाम् पतिः इति पशुपतिः" જીવાત્મા કે 'જે જુએ છે તે' સર્વ પશુ, અર્થાત્ સર્વ જીવોના સ્વામી ભગવાન શંકર છે.

હવે નિરાકાર રુદ્ર બ્રહ્મનું સાકાર સ્વરૂપ જોઈએ, જેને શિવભક્તિહીન સંકુચિત દૃષ્ટિવાળા અજ્ઞાનીઓ "अमंगल्यंशीलं" કહે છે તે કેવી રીતે "परमं मङ्गलं" છે:

દિગંબરતા : જીવો જેને કારણે બ્રહ્મત્વની ઉપલબ્ધિ નથી કરી શકતા તે 'અવિદ્યા' છે. અવિદ્યાનો લેશ પણ જ્યાં નથી તે ત્રણ પ્રકારના પ્રપંચથી રહિત છે, નિર્લેપ છે, માટે દિગંબર છે.

ભસ્મોદ્ધૂલન : બ્રાહ્મણો યજ્ઞોપવીત ધારણ કરતી વખતે બોલે છે - જલમિતિભસ્મ, સ્થલમિતિભસ્મ ઈત્યાદિ, અર્થાત્ પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ પાંચે તત્ત્વો ભસ્મરૂપ છે. વળી ગીતામાં કહ્યું છે : "ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा". સર્વકર્મોનું કારણ તેમ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જ પરિણામ પ્રારબ્ધ છે. જેને પ્રારબ્ધ છે જ નહિ તે ભસ્મધારી છે. સર્વ વસ્તુઓ ભસ્મસાત્ થયા પછી એકરૂપ દેખાય છે. સદા શિવભાવમાં સ્થિત ભગવાનમાં વૈવિધ્યહીન સમબુદ્ધિ, એકરૂપતા પ્રકાશે છે.

જટાજૂટ : જીવન્મુક્તોનું વિશ્રામસ્થાન પુરાતન વટવૃક્ષ સ્વરૂપે છે. વેદ-સાંખ્ય-યોગ આ ત્રણ એ વટવૃક્ષની જટારૂપે શિરોભૂષણ છે.

ત્રિનેત્ર : શંકરનું ત્ર્યંબક નામ સુપ્રસિદ્ધ છે. ત્રિ+અંબક અર્થાત્ ત્રણ નેત્રો (અંબક) આ અર્થ તો છે જ. ઉપરાંત અંબા (જનની)નાં ત્રણ સ્વરૂપો મહાકાલી-મહાલક્ષ્મી-મહાસરસ્વતી તથા ત્રણ શક્તિઓ સૃષ્ટિ-સ્થિતિ-સંહાર એ ત્રણ જેમના ભાલપ્રદેશમાં સમાવિષ્ટ છે. નેત્રોનો અર્થ જોઈએ તો ચંદ્ર સમાન જગદાનંદદાયક, સૂર્ય સમાન અજ્ઞાનતમનાશક અને અગ્નિ સમાન રાગાદિદોષના દહનકર્તા છે. ત્રણેનો પ્રકાશ અને શક્તિ ત્રિનયનમાં છે.

સર્પવિભૂષણ : યોગીઓ સર્પની જેમ વાયુભક્ષણ દ્વારા પ્રાણધારણ કરે છે. સર્પ એ વિષનું પ્રતીક છે. વિષ એ સંસારીનાં વાસનાજનિત કર્મો - સકલ કર્મોનું ફળ છે, જે કર્મો જીવાત્માને મરણોન્મુખ કરે છે. સંસારવિષ અથવા પ્રારબ્ધભોગજનિત અમરતાવંચિત વિષ જ્યાં પોતાનો પ્રભાવ નથી બતાવી શકતું તે શિવના વશમાં રહીને વિષની દાહક બળતરાને બદલે શીતળતા પ્રદાન કરે છે.

ત્રિશૂલધારણ : શાંતિ અથવા ઉપરતિ, વૈરાગ્ય અર્થાત્ સંસારદોષદર્શનદ્વારા વિષયત્યાગ, બોધ અર્થાત્ સત્યાસત્યવિવેક - આ ત્રણ મુમુક્ષો માટે ગ્રહણીય ઉપાયો છે. આ ત્રણે દ્વારા અજ્ઞાન-અહંકારનું ભેદન થાય છે, સ્થૂલ-સૂક્ષ્મ-કારણ એ ત્રિદેહનો નાશ થાય છે. ત્રિશૂલ ત્રિતાપ (આધિ-વ્યાધિ-ઉપાધિ)નો નાશ કરે છે, ત્રિતાપ (મન-વાણી-કર્મના બહિર્મુખી વ્યાપારો)નો નાશ કરે છે, અંતે ત્રણ અવસ્થા (જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ)નો નાશ કરીને ભક્તને ચોથી તુરીયાવસ્થામાં પહોંચાડે છે.

એ ત્રિશૂલ જેના કરમાં છે તે શિવ-પરમ કલ્યાણકારી શિવ.

વૃષભવાહન : વૃષ એ કામનું પ્રતીક છે. એના પર સવારી કરવી તે કેવળ મદનવિજયી સમાધિસ્થ શંકરનું કાર્ય હોઈ શકે.

શ્મશાનવાસ : જગતના લયનું અધિષ્ઠાન શંકર છે. જ્યાં સંસારનું મૃત્યુ થઈ ગયું છે ત્યાં એમની નિત્યક્રીડા છે.

ડમરુ : નાદબ્રહ્મનું પ્રતીક છે. નાદમાંથી સૃષ્ટિનો ઉદ્ભવ છે. શિવ સંગીતવિદ્યાના આદિ આચાર્ય કહેવાય છે. ડમરુમાંથી વ્યાકરણનાં ૧૪ સૂત્રો નીકળ્યાં છે અને માતૃકા (વર્ણમાલા) ઉત્પન્ન થઈ છે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ત્રિપુંડ : ત્રણ રેખાઓ : પ્રથમ રેખા : ગાર્હપત્ય અગ્નિ, ઓંકારનો અકાર, રજોગુણ, ભૂલોક, ઋગ્વેદ, ક્રિયાશક્તિ, દેહાત્મા, પ્રાતઃકાલીન સવન (હવન) અને મહેશ્વર છે. દ્વિતીય રેખા : દક્ષિણાગ્નિ, ઓંકારનો ઉકાર, સત્ત્વગુણ, ભુવર્લોક, યજુર્વેદ, અંતરાત્મા, ઈચ્છાશક્તિ, મધ્યાહ્ન સવન અને સદાશિવ છે. તૃતીય રેખા : આહવનીય અગ્નિ, મકાર, તમોગુણ, સ્વર્લોક, પરમાત્મા, જ્ઞાનશક્તિ, સામવેદ, તૃતીય સવન અને પરમાત્મા છે.

શિવરાત્રિ : ઈશાન સંહિતામાં કહ્યું છે કે માઘ કૃષ્ણ ચતુર્દશીની મહાનિશામાં આદિદેવ મહાદેવ કોટિ સૂર્ય જેવી દીપ્તિથી સંપન્ન શિવલિંગના રૂપમાં સર્વપ્રથમ પ્રગટ થયા. રાત્રિ શબ્દ સંસ્કૃતની 'રા' ધાતુથી બન્યો છે, અર્થાત્ જે સુખ આદિ પ્રદાન કરે છે. રાત્રિ સર્વનું આશ્રયસ્થાન છે. આમ આશ્રય અને આનંદ આપનાર છે તથા સંસારનો સર્વપ્રપંચ જેમાં લય પામે છે તે. જીવનો શિવસમીપ વાસ તે ઉપવાસ છે. માઘ કૃષ્ણા ચતુર્દશી તે મહાલયની રાત્રિ છે. જ્યોતિષશાસ્ત્ર પ્રમાણે કૃષ્ણ ચતુર્દશીએ ચંદ્રમા સૂર્યની પાસે હોય છે. જીવરૂપી ચંદ્રનો શિવરૂપી સૂર્યની સમીપ વાસ થાય છે. વર્ષચક્રની પુનરાવૃત્તિ સમયે મુમક્ષુ સાધક શિવમાં લય થયા પછી શિવતત્ત્વમાં સ્થિત રહેવા ઈચ્છે છે. શિવરાત્રિવ્રતની જે કથા છે તે સાક્ષાત્ શિવે યમદેવ કહેલી કથા છે.

●

શિવનાં પાંચ મુખો છે, અષ્ટ મૂર્તિઓ છે અને દ્વાદશ જ્યોતિર્લિંગો છે.

પંચમુખ : સદ્યોજાત, વામદેવ, અઘોર, તત્પુરુષ અને ઈશાન તે ક્રમશઃ પૂર્વમુખ, પશ્ચિમમુખ, ઉત્તરમુખ, દક્ષિણમુખ તથા ઉર્ધ્વમુખનાં નામો છે. પ્રત્યેક મુખનો અર્થ ક્રમશઃ આ છે : બાળક જેવા પરમ સ્વચ્છ-શુદ્ધ-નિર્વિકાર, વિકારોનો નાશ કરનારા, આત્મસ્થ, લોકમાં નિંદિત છતાં પૂર્ણ શુદ્ધકર્મવાળા અને સર્વના સ્વામી.

અષ્ટમૂર્તિ : સમસ્ત ચરાચર વિશ્વનો વાસ આ મૂર્તિઓમાં છે, જેવી રીતે સૂત્રમાં મણિઓ ગૂંથેલી હોય તેમ. એ આઠમાં પંચમહાભૂત, સૂર્ય, ચંદ્ર, યજમાન અને નવમાની પણ ગણના છે તે આત્મા. ભારતભૂમિમાં અષ્ટમૂર્તિનાં મંદિરો દક્ષિણ ભારતમાં આ પ્રમાણે છે :

૧. શિવકાંચીમાં 'શર્વ' નામક ક્ષિતિલિંગ.

૨. જમ્બૂકેશ્વર (શ્રીરંગમ્‌ની પાસે) માં 'ભવ' નામક અપ્‌લિંગ.

૩. અરુણાચલમ્‌માં 'રુદ્ર' નામક તેજોલિંગ.

૪. કાલહસ્તી (તિરુપતિ પાસે)માં 'ઉગ્ર' નામક વાયુલિંગ.

૫. ચિદંબરમ્‌માં 'ભીમ' નામક આકાશલિંગ.

૬. પશુપતિનાથ (નેપાલ)માં 'પશુપતિ' નામક યજમાનમૂર્તિ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૭. સોમનાથ અને ચંદ્રનાથ (બંગાળ)માં 'મહાદેવ' નામક સોમમૂર્તિ.

૮. સૂર્યમૂર્તિ 'ઈશાન' નામક છે. સૂર્ય પ્રત્યક્ષ દેવતા છે. "आदित्यञ्च शिवं विद्यात् शिवमादित्यरूपिणम्" અર્થાત્ શિવ અને સૂર્યમાં ભેદ નથી, માટે પ્રત્યેક સૂર્યમંદિર તે શિવમંદિર છે.

૯. નવમી મૂર્તિ આત્મતત્ત્વલિંગ કર્ણાટકમાં ગોકર્ણમાં છે.

દ્વાદશજ્યોતિર્લિંગ : સૌરાષ્ટ્રમાં સોમનાથ, આંધ્રપ્રદેશના શ્રીશૈલમાં મલ્લિકાર્જુન, ઉજ્જૈનમાં મહાકાલ, ઈન્દૌર પાસે ઓંકારેશ્વર અને અમલેશ્વર (બન્ને ભેગા થઈને એક લિંગ ગણાય છે), મહારાષ્ટ્રમાં પરલીમાં વૈદ્યનાથ (તે સિવાય બિહારમાં જસીડીહમાં તથા નૈનીતાલ પાસે બૈજનાથ પણ ગણાય છે), ગોદાવરી નિકટ ભીમા નદી પાસે ભીમાશંકર (તે સિવાય આસામમાં ડાકિની પર્વત પાસે પણ ગણાય છે), રામેશ્વર, મહારાષ્ટ્રમાં ઔંઢા ગામે નાગેશ (તેમ જ દ્વારકાનું નાગનાથ, તથા અલ્મોડા પાસેનું જાગેશ્વર પણ ગણાય છે), વારાણસીમાં વિશ્વેશ્વર, નાસિક પાસે ત્ર્યંબક, હિમાલયમાં કેદાર અને ઔરંગાબાદ પાસે ઘુશ્મેશ.

●

આ બધી માહિતી આછી આપવામાં આવી છે. "अधिकस्य अधिकं फलम्" અનુસાર જિજ્ઞાસુઓએ પોતાની ઈચ્છા તેમ જ સામર્થ્યાનુસાર ઊંડા ઊતરીને શિવતત્ત્વને ગ્રાહ્ય કરવું રહ્યું. ભગવાન શિવ વિષે શિવપુરાણમાં કથન આ પ્રમાણે છે :

पुरुषं शाश्वतं सूक्ष्मं दृष्टव्यं ज्ञानचक्षुषा।
यतेत ध्यानयोगेन यदि पश्येत पश्यति॥

એ 'પુરુષ' શાશ્વત છે, સૂક્ષ્મ છે, જ્ઞાનચક્ષુ વડે જ દૃષ્ટવ્ય છે. યત્ન કરીને ધ્યાનયોગ દ્વારા જે જોઈ શકે છે તે જ સાચો જોનાર છે. શિવનો વાસ હૃદયમાં છે, અંતરાત્મામાં છે, એમનાં દર્શન ધ્યાન દ્વારા આત્મસાત્ કરવાં જોઈએ.

●

મહામહોપાધ્યાય પંડિત ગોપીનાથ કવિરાજે શ્રી શ્રી આનન્દમયી મા વિષે એમ કહ્યું કે "माँ को भीतर ले लो." મા તો અંતરમાં છે જ, લેવાનો પ્રશ્ન ઊભો નથી થતો, પરંતુ અહીંયાં તાત્પર્ય એ છે કે મા બહાર તો છે જ, પણ અંદર પણ છે તેનો આત્માનુભવ કરો. આ જ પરમ યોગીનું એકમાત્ર ધ્યેય છે.

શ્રી શ્રી માના પવિત્ર સ્મરણ સાથે વિરમું છું.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કનખલ આશ્રમનું આદિ-શંકરાચાર્ય-મંદિર

(ઈ.સ. ૧૯૭૮નું વિવરણ)

હરિનું દ્વાર અને હરનું દ્વાર તે હરિદ્વાર. હિમાલયની યાત્રા માટેનું પ્રસ્થાન સ્થળ. હિમાલયની પાદભૂમિમાં, માતા ગંગાના સાન્નિધ્યમાં, શિવભાર્યા સતીનું જન્મસ્થાન અને આત્મસમર્પણ-સ્થાન, ૫૧ શક્તિપીઠોનું આદ્યસ્થાન, દક્ષેશ્વર મહાદેવનું સત્યુગમાં પ્રસ્થાપિત લિંગ અને શ્રી શ્રી માતા આનન્દમયીનો આશ્રમ. આ બધાંની ઉપર આદ્યાશક્તિ મહામાયા આનન્દમયીમાનું સમાધિસ્થાન એ તો સંપૂર્ણ શક્તિપીઠ બન્યું, જ્યાં પરામાતાનો સંપૂર્ણ દિવ્ય દેહ વિરાજમાન્ છે.

"को न खलः तरति" તે કનખલ બન્યું "स्नात्वा तु कनखले क्षेत्रे पुनर्जन्म न विद्यते" કનખલમાં ક્યો ખલ (દુષ્ટ) નથી તરી જતો, અને કનખલક્ષેત્રમાં સ્નાન કરનારને પુનર્જન્મ નથી. આ સ્થળે આદિ શંકરાચાર્યનું મંદિર માના પરમ પુનીત આશ્રમમાં બનાવવામાં આવ્યું.

આઠમી શતાબ્દીના અંત અને નવમી શતાબ્દીના પ્રારંભની વચ્ચે ૩૨ વર્ષ સુધી શરીર ધારણ કરનાર, હિંદુ સનાતન વૈદિક ધર્મનું પુનરુત્થાન કરનાર આ મહાન સંન્યાસીગુરુએ નિર્ગુણ તેમ જ સગુણ બ્રહ્મનું સત્ય સુંદર નિરૂપણ એમના ગ્રંથોમાં કર્યું, ધર્મને ખાડામાં પડતાં બચાવી લીધો, દશનામી સંન્યાસીઓની પરંપરા સ્થાપીને સંન્યાસની સાચા અર્થમાં પુનઃ પ્રતિષ્ઠા કરી, ભારતવર્ષની ચાર દિશાઓમાં ચાર પીઠસ્થાનો સ્થાપ્યાં. એમણે કરેલા ચમત્કારોનાં વર્ણનો પણ અનેક છે. વિદ્યારણ્ય સ્વામીના 'શંકર-વિજય' નામના સંસ્કૃત ગ્રંથમાં એમનું જીવન-ચરિત્ર લખાયું છે.

"यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत" અનુસાર શંકરાચાર્યનો જન્મકાળ તે વિશેષ રૂપે 'ગ્લાનિકાળ' હતો, જ્યારે ધર્મના મૂળ સિદ્ધાંતો ભૂલાઈ જવા મંડાયા અને અન્ય વિધર્મીઓના પ્રચારો સનાતન ધર્મની નિંદામાં પરોવાયેલા હતા. એ વૈદિક સનાતન ધર્મનો વિપત્તિકાળ હતો. આવા મહાન અવતારી મહાપુરુષને આશ્રમમાં ગરિમા બક્ષી માતા આનન્દમયીએ, શાંકર મઠો ઉપરાંતનું, ભારતનું આ એકમાત્ર શંકરાચાર્ય મંદિર આશ્રમમાં નિર્માણ કરવાનો 'ખ્યાલ' દર્શાવ્યો.

૧૯૭૮ની અક્ષય તૃતીયા (વૈશાખ સુદ ત્રીજ, ૧૦ મી મે) ને દિવસે આ કાર્ય સંપૂર્ણ થવાનું હતું. શાસ્ત્રોમાં છે કે અક્ષય તૃતીયાના દિવસથી સત્ યુગનો પ્રારંભ થયો હતો. જ્યોતિર્મઠ (બદરીનાથને રસ્તે આવેલું જોશીમઠ) તે શંકરાચાર્યનું ઉત્તરના મઠનું કેંદ્ર છે તથા દક્ષિણમાં (કાંચી કામકોટિ પીઠ અને) શ્રૃંગેરી, પૂર્વમાં જગન્નાથપુરીમાં ગોવર્ધનપીઠ અને પશ્ચિમમાં દ્વારકાની શારદાપીઠ.

સંઘ તરફથી સર્વ શંકરાચાર્યોને, મહામંડલેશ્વરોને, મહાત્માઓને નિમંત્રણ આપવામાં આવ્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આદિ શંકરાચાર્યનો જન્મદિવસ શંકરાચાર્ય જયંતી ૧૨મી મેને દિવસે આવતો હતો, માનો જન્મોત્સવ તો હતો જ. તેથી કાર્યક્રમ લાંબો ચાલે એવી સહુની ઈચ્છા હતી. ૫ મી મેથી માનો 'ખ્યાલ' મંદિર શીઘ્ર પૂર્ણ થાય તે બાજુ હતો. મંદિરના આર્કિટેક્ટ હતા શ્રી પી. એલ. વર્મા જેમણે વારાણસીનું ગોપાલ-મંદિર તેમ જ કનખલનું પૂ. દીદીમાનું મંદિર ડીઝાઈન કર્યું હતું. શ્રી વર્માએ એમના એક અનુભવની વાત કરતાં કહ્યું કે આ વખતે આરસનો એક પત્થર ખોટા માપનો કપાઈ ગયો. એ મોટી ભૂલ કેમ સુધારવી તે વિષે ચિંતા થઈ. એકાએક એવું દૃશ્ય આંખો સામે આવ્યું કે મૂળ ડીઝાઈનમાં ફેરફાર કર્યા વગર એ પત્થર એક સ્થળે જડાઈ ગયો. ખરેખર એ પત્થર એ જ રીતે એ જગામાં બેસાડવામાં આવ્યો. માના 'ખ્યાલ'થી જ એ બન્યું, અને એનું પ્રમાણ આ છે :

૫ મી ના સત્સંગમાં માએ એક ઘટનાનો ઉલ્લેખ કર્યો - થોડાક જ સમય પૂર્વે એક સ્થાને લક્ષ્મીનારાયણની મૂર્તિઓની પ્રતિષ્ઠા થવાની હતી. ત્યાં જે વેદી પર વિગ્રહોને પ્રતિષ્ઠિત કરવાના હતા તે બરાબર બન્યું ન હોવાથી પ્રતિષ્ઠાવિધિમાં બહુ વાર લાગી, નિર્ધારિત મુહૂર્ત લગભગ પસાર થઈ જવાનું હતું. આ વખતે માને કનખલ આશ્રમમાં 'ખ્યાલ' થયો કે આવી કોઈ ભૂલ ન થવી જોઈએ.

૬ ઠ્ઠી મેને દિવસે, મંદિર જે હૉલમાં બનતું હતું, તેની પાસેના કક્ષમાં મા રહેવા ગયાં. માના આશીર્વાદથી બધા કામ કરનારાઓનો ઉત્સાહ અને કાર્યક્ષમતા વધી ગયાં.

મંદિરનું વર્ણન આ પ્રમાણે છે - એના આખા પ્લેટફૉર્મની આગળના ભાગમાં પાંચ દૃશ્યો આરસમાં કોતરેલા છે. (૧) કેરાલાનું કાલડી જે આદિ શંકરાચાર્યનું જન્મસ્થાન છે. (૨) છેક ડાબે છેડે દ્વારકાની શારદાપીઠ (૩) એની બાજુમાં શ્રૃંગેરી મઠ (૪) જમણી બાજુએ જ્યોતિર્મઠ અને (૫) ગોવર્ધન મઠ. ચારે દૃશ્યોની નીચે ચાર વેદનાં ૪ મહાવાક્યો છે : "तत्त्वमसि", "अहं ब्रह्मास्मि", "अयमात्मा ब्रह्म", "प्रज्ञानं ब्रह्म". વચ્ચે છે "सर्वं खल्विदं ब्रह्म." આ ચારે મઠોને દર્શાવીને માએ જાણે આદિ શંકરાચાર્યના ચાર પ્રધાન શિષ્યોને આવકાર્યા - દ્વારકામાં પાદપદ્માચાર્ય, શ્રૃંગેરીમાં ત્રોટકાચાર્ય, જ્યોતિર્મઠમાં હસ્તામલકાચાર્ય અને ગોવર્ધનમાં સુરેશ્વરાચાર્ય.

વિગ્રહમાં મા આદિ શંકરાચાર્ય ષોડશવર્ષીય બાળ-સંન્યાસીરૂપે બિરાજ્યા છે. પદ્માસન છે, ધ્યાનસ્થ મુખમુદ્રા. દક્ષિણ હસ્ત જ્ઞાનમુદ્રામાં છે.

માનો મંદિર પ્રત્યે એટલો 'ખ્યાલ' હતો કે હૉલના નિકટસ્થ કક્ષમાં મા રાત્રિ-વિશ્રામ કરતાં, અને પ્રતિદિન આરતી વખતે શંકરાચાર્ય પ્રત્યે સીધો દૃષ્ટિપાત કર્યા કરતાં.

તા. ૮ મી મેથી ૩ દિવસનો ઉત્સવ શાસ્ત્રોક્ત વિધિસર શરૂ થયો. ૯ મીએ માએ ભગવા રંગના રૂમાલો નગરયાત્રામાં જનારાંઓને વહેંચ્યા. રૂમાલો પર માએ છપાવેલું : "ब्रह्म सत्यं

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापर:''. ૧૦ મી એ સવારથી સંગીતના સ્વરો ગૂંજતા સંભળાયા. સવારે ૬.૦૦ વાગે રસ્તા પર ઊભા રહીને ભક્તો સહિત મુખ્ય અતિથિના આગમનને આવકાર આપ્યો. એ હતા જ્યોતિર્મઠના શંકરાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વામી શાંતાનંદ સરસ્વતી, જે બરોબર ૬.૧૫ વાગે આવ્યા અને નગરયાત્રા નીકળી ૬.૧૫ વાગે. વિગ્રહ સ્થાપિત કરતી વખતે એક ઘટના બની. ત્રણ કુશળ સ્થપતિઓ સાથે માના અનેક વર્ષોના ભક્ત કમાંડર જ્યોતિ બૅનર્જી મૂર્તિને એના સ્થાન ઉપર ગોઠવતા હતા, બરોબર છેલ્લી સ્થિતિમાં બધું હતું, અને છેલ્લી ઘડીએ હાથ ખસેડી લેવાનો હતો જેથી મૂર્તિ બરાબર બેસી જાય. બીજાઓએ હાથ ખસેડી લીધો અને એમણે કંઈ મદદ વગર છેલ્લે હાથ ખસેડ્યો ત્યારે લાગ્યું કે મૂર્તિ આપમેળે બહુ જ ધીરેથી ખસી રહી છે અને છેવટે ઊભી રહી ગઈ. પછીથી માએ કહેલું, ''તો શંકરજીની કૃપાથી જ્યોતિએ એવું વિશેષ રૂપે જોયું હોવું જોઈએ''.

જ્યોતિર્મઠના શંકરાચાર્યજીએ એમના પ્રવચન વખતે કેંદ્રબિંદુના વિષયમાં આ વાક્ય રાખ્યું: ''ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापर:'' અને આ જ વાક્યો માના રૂમાલો પર હતાં ને ? અદ્‌ભુત ! અને એ તો અનેક સપ્તાહ પહેલાં બન્યાં હતાં.

બીજે દિવસે ફરી એમણે પ્રવચન કર્યું જેમાં માતાજીનાં પ્રથમ દર્શનની વાત કરી. લગભગ ૩૪ વર્ષ પૂર્વે વૃંદાવનમાં શ્રી ઉડિયા બાબાજીના આશ્રમમાં માને જોયાં, જ્યારે ત્યાં પૂ. હરિબાબાજી તથા સ્વામી અખંડાનંદજી પણ ઉપસ્થિત હતા. માતાજી પ્રત્યે એમને અત્યંત આદર-શ્રદ્ધા છે.

ઉત્સવની પૂર્ણાહુતિમાં માએ સર્વ મહાત્માઓને જપમાળાઓ અને ધાર્મિક ગ્રંથો અપાવ્યાં, પ્રત્યેકની આરતી કરાવી.

ભારતનો સમસ્ત સાધુ-સમાજ માને સાક્ષાત્ જગન્માતા માને છે. એવા કોઈ પ્રસિદ્ધ મહાત્મા કે ગુપ્ત સિદ્ધ યોગી નથી જે માને મહાશક્તિરૂપે ન જોતા હોય. આનું પ્રત્યક્ષ અન્ય પ્રમાણ એ છે કે ૧૯ મીથી ૨૬ મે ૧૯૭૮માં સુધી શ્રી ૧૦૦૮ સ્વામી પૂર્ણાનંદજીના કૃષ્ણનિવાસ-આશ્રમમાં ધર્મસભામાં માને મુખ્ય અતિથિપદે બેસાડીને સર્વ મહાત્માઓ અને મહામંડલેશ્વરોએ ભેગા થઈને માને મૌખિક તથા લેખિત આદર અર્પણ કર્યો જેમાં માને માટે આ શબ્દો હતા :

ત્રિવિધતાપપાપાપનોદિની, ત્રિવિધશક્તિસ્વરૂપિણી, જ્ઞાનપીઠેશ્વરી, જ્ઞાનસમાજોપકારિણી, શ્રેય-પ્રેયકી પ્રતિમૂર્તિ, પતિતાપવની, સમન્વયકારિણી, અભેદજ્ઞાનપ્રચારિણી, ઉદાર માતા, વિશ્વવંદ્યા માતૃશક્તિ, સદાચારપૂતા પરમપવિત્રાત્મા તપસ્વિની.

મહાત્માઓએ એપ્રિલ-૧૯૭૯ના 'અખિલ ભારતીય વેદાંત સમ્મેલન'ના રૌપ્ય મહોત્સવનું ઉદ્‌ઘાટન કરવાની માને પ્રાર્થના પણ કરી છે. માતાજીનો 'ખ્યાલ' થયો છે કે મંત્રદ્રષ્ટા ઋષિઓના સનાતન જ્ઞાનનો સમ્યક્ પ્રચાર થવો તેથી એ થશે પણ ખરો જ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્-શંકરાચાર્ય-વિરચિતા

विज्ञाननौका

(१)

तपोयज्ञदानादिभिः शुद्धबुद्धिः
विरक्तो नृपादौ पदे तुच्छबुध्द्या।
परित्यज्य सर्वं यदाप्नोति तत्त्वं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि॥ १॥

તપ, યજ્ઞ, દાન ઈત્યાદિ શુભ કર્મો દ્વારા જેનું અંતઃકરણ નિર્મળ અને શુદ્ધ થયું છે, સાંસારિક દૃષ્ટિએ સર્વોત્તમ ગણાતા સમ્રાટો જેવાના ઐશ્વર્યથી પણ જે વિરક્ત છે અને એમાં જેની તુચ્છબુદ્ધિ છે, અર્થાત્ રાજ્યાદિ ઐશ્વર્યોને પણ જે તુચ્છ માને છે, એવો અધિકારી મુમુક્ષુ દેહ વગેરે અનાત્મવર્ગનો પરિત્યાગ કરીને જે તત્ત્વને પ્રાપ્ત કરી લે છે તે પરબ્રહ્મ નિત્ય તત્ત્વ હું જ છું.

(२)

दयालुं गुरुं ब्रह्मनिष्ठं प्रशान्तं
समाराध्य भक्त्या विचार्य स्वरूपम्।
यदाप्नोति तत्त्वं निदिध्यास्य विद्वान्
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि ॥ २॥

દયાળુ, બ્રહ્મનિષ્ઠ, પ્રશાંત સદ્‌ગુરુની ભક્તિપૂર્વક સારી રીતે આરાધના કરીને, શુદ્ધ આત્મસ્વરૂપનો વિચાર કરીને, તથા નિદિધ્યાસન કરીને જે સચ્ચિદાનંદ - પૂર્ણ - સર્વાત્મ - નિર્વિકાર - અસંગ - શુદ્ધ તત્ત્વને વિદ્વાન પામે છે, તે પરબ્રહ્મ નિત્ય તત્ત્વ હું જ છું.

(३)

यदानन्दरूपं प्रकाशस्वरूपं
निरस्तप्रपञ्चं परिच्छेदशून्यम्।
अहम्ब्रह्मवृत्त्यैकगम्यं तुरीयं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि॥ ३॥

જે વિશુદ્ધ અખંડ આનંદસ્વરૂપ છે, સ્વયંપ્રકાશ જ્ઞાનસ્વરૂપ છે, નામરૂપાત્મક દ્વૈતપ્રપંચનો

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જેમાં અત્યંત અભાવ છે, જે દેશ-કાલ-વસ્તુકૃત પરિચ્છેદથી રહિત છે - અર્થાત્ જે સર્વવ્યાપક ત્રિકલાબાધ્ય સર્વાત્મ વસ્તુ છે, "अहं ब्रह्मास्मि" હું બ્રહ્મ છું એ મહવાક્યજન્ય અખંડ બ્રહ્માકારવૃત્તિ દ્વારા જે જાણવા યોગ્ય છે, તથા જે જાગ્રત્ વગેરે ત્રણે અવસ્થાઓનો સાક્ષી, દ્રષ્ટા, ચેતનતત્ત્વ છે, તે પરબ્રહ્મ નિત્ય તત્ત્વ સચ્ચિદાનંદસ્વરૂપ અદ્વૈત પૂર્ણ આત્મા હું જ છું.

(૪)

यदज्ञानतो भाति विश्वं समस्तं
विनष्टं च सद्यो यदात्मप्रबोधे।
मनोवागतीतं विशुद्धं विमुक्तं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि॥ ४॥

જે પરબ્રહ્મ તત્ત્વના અજ્ઞાનથી અર્થાત્ અઘટિતઘટનાપટીયસી અનિર્વચનીય વિચિત્ર માયાશક્તિથી આ નામરૂપાત્મક સમસ્ત દ્વૈત પ્રપંચ ભાસે છે, જે બ્રહ્માત્મસ્વરૂપના સાક્ષાત્કારથી આ દ્વૈત પ્રપંચ અજ્ઞાનસહિત શીઘ્ર નષ્ટ થઈ જાય છે, જે તત્ત્વ મન-વાણીને અગોચર અર્થાત્ અવિષય છે, અત્યંત શુદ્ધ તથા નિત્યમુક્ત છે, તે પરબ્રહ્મ નિત્ય તત્ત્વ હું જ છું.

(૫)

निषेधे कृते नेतिनेतीति वाक्यैः
समाधिस्थितानां यदाभाति पूर्णम्।
अवस्थात्रयातीतमेकं तुरीयं
परं ब्रह्मं नित्यं तदेवाहमस्मि॥ ५॥

"નૈતિ-નેતિ" અર્થાત્ "આ નહીં, આ નહીં, અર્થાત્ જે મૂર્ત-પ્રપંચ નથી તથા અમૂર્ત-પ્રપંચ પણ નથી" આવાં શ્રુતિવાકયો વડે જેમાં સમસ્ત દ્વૈતપ્રપંચનો નિષેધ કર્યા પછી જે પરિપૂર્ણ અખંડ આનન્દાત્મસ્વરૂપ નિર્વિકલ્પ સમાધિમાં સ્થિત યોગીઓને સાક્ષાત્ પ્રકાશે છે, જે ત્રણે અવસ્થાઓથી પર, તુરીય-સાક્ષી છે, તે જ નિત્ય પરબ્રહ્મ આનન્દનિધિ અદ્વૈત પૂર્ણાત્મા હું છું.

(૬)

यदानन्दलेशैः समानन्दि विश्वं
यदाभाति सत्त्वे तदाभाति सर्वम्।
यदालोचने रूपमन्यत्समस्तं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि॥ ६॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જે પ્રશાંત આનંદ-મહાસાગરના જરા સરખા આનંદને લઈને આ સમસ્ત વિશ્વ કામાદિજન્ય તુચ્છ આનંદવાળું થાય છે, દેહાદિ અનાત્મવર્ગમાં જેની સત્તા-સ્ફૂર્તિ આવવાથી જ બધું સત્તાસ્ફૂર્તિવાળું દેખાય છે, જેના અખંડ જ્ઞાનરૂપી નેત્ર વડે અન્ય સમસ્ત રૂપો ભાસે છે, તે જ નિત્ય તત્ત્વ પરબ્રહ્મ હું જ છું.

(૭)

अनन्तं विभुं सर्वयोनिं निरीहं
शिवं सङ्गहीनं यदोङ्कारगम्यम्।
निराकारमत्युज्ज्वलं मृत्युहीनं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि॥ ७॥

જે અનંત (દેશકાલાદિઅંતરહિત) છે, વિભુ (વ્યાપક) છે, સર્વનું કારણ છે, ચેષ્ટારહિત છે, શિવ (કલ્યાણ) છે, અસંગ - નિર્વિકાર - નિર્લેપ છે, જે ૐકારની ઉપાસના દ્વારા જાણવા યોગ્ય છે, નિરાકાર, અત્યંત શુદ્ધ, સ્વયંપ્રકાશ, મૃત્યુરહિત છે, તે પરબ્રહ્મ નિત્યતત્ત્વ હું જ છું.

(૮)

तदानन्दसिन्धौ निमग्नः पुमान्स्यात्
अविद्याविलासः समस्तः प्रपञ्चः।
तदा न स्फुरत्यद्भुतं यन्निमित्तं
परं ब्रह्म नित्यं तदेवाहमस्मि॥ ८॥

જ્યારે અધિકારી (સાધનચતુષ્ટયસંપન્ન) મનુષ્ય અખંડાનંદ મહાસાગરરૂપ સ્વરૂપમાં નિમગ્ન અર્થાત્ તલ્લીન થાય છે, ત્યારે અવિદ્યાથી જ જેનું ભાન થાય છે, એવો સમસ્ત દ્વૈત-પ્રપંચ એને ત્રણે કાળમાં ભાસતો નથી. આ રીતે જેના જ્ઞાનનો પ્રભાવ આશ્ચર્યયુક્ત છે તે જ પરબ્રહ્મ નિત્ય તત્ત્વ હું જ છું.

(૯)

स्वरूपानुसन्धानरूपां स्तुतिं यः
पठेदादरात् भक्तिभावो मनुष्यः।
श्रृणोतीह वा नित्यमुद्युक्तचितो
भवेद्विष्णुरत्रैव वेदप्रमाणात्॥ ९॥

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સ્વરૂપના અનુસંધાનરૂપી આ સ્તોત્રનો જે પૂર્ણ ભક્તિભાવવાળો મનુષ્ય આદરપૂર્વક પાઠ કરે છે, અથવા દત્તચિત્ત થઈ પ્રતિદિન સાંભળે છે, તે વેદે સ્વયં જણાવેલા પ્રમાણ અનુસાર અહીંયાં જ, જીવિતાવસ્થામાં જ, વિષ્ણુસ્વરૂપ થાય છે.

विज्ञाननावं परिगृह्य कश्चित्
तरेद्यदज्ञानमयं भवाब्धिम्।
ज्ञानसिना यो हि विच्छिद्य तृष्णां
विष्णोः पदं याति स एव धन्यः॥

જે વિજ્ઞાનરૂપી નૌકાને ગ્રહણ કરીને, જ્ઞાનરૂપી તલવાર વડે પિપાસાને કાપીને, અજ્ઞાનરૂપી સંસારસમુદ્રને તરી જાય છે, અને વિષ્ણુના પરમ પદને પ્રાપ્ત કરે છે, તે જ ધન્ય છે.

(૪)

॥ इति श्रीमच्छंङ्कराचार्यविरचिता विज्ञाननौका समाप्ता॥

લેજો ઊગારી

હે માડી ! કરુણામયી ! લેજો ઊગારી,
ભવરણમાં ભૂલી પડી, જીવન ગઈ હારી.

કામ, ક્રોધ, લોભ, મોહમાં શુદ્ધિ ગઈ સારી,
રાગદ્વેષમાં અટકી પડી, જાતિ ગઈ મારી.

મારું-તારું તંત કરી, તૃષ્ણા ન ત્યાગી,
જપતપ ના ભજન કીધું, વાતો કરી શાણી.

ગઈ જવાની, જરા આવી, ભ્રમજાળ ભાંગી,
મનખાદેહ મોંઘો મળ્યો, કિંમત નવ જાણી.

ગ્રાહથી ગજરાજ રહ્યો, આર્તનાદ સુણી,
પતિતને પાવન કરી, શીઘ્ર લેજો તારી.

- હરબાળા દવે

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પેટના રોગોની અકસીર દવા "ગોમૂત્ર"

- રાજન પટેલ

પેટના રોગો વધુ પીડાદાયી હોય છે. પરંતુ ગોમૂત્રને પેટના રોગો માટે વાપરવામાં આવે તો મોટાભાગના પેટના દર્દો ગોમૂત્રથી મટે છે. હિન્દુઓએ ગાયને માતાનો દરજ્જો કેમ આપ્યો છે તેનું આશ્ચર્ય મલેચ્છ કે ઈસાઈઓને ભલે હોય પરંતુ પ્રત્યેક હિન્દુ ગાયને માતા માને છે તેનાં અનેક કારણો છે. ગાયનું મૂત્ર માનવીના રોગો મટાડવામાં ચમત્કાર કરી શકે છે. હિન્દુઓના આયુર્વેદિક ઉપચારના ૯ જેટલા જાણીતા પવિત્ર અને જ્ઞાનના ભંડારસમા ગ્રંથોમાં ગોમૂત્રના ઉપચારો જોવા મળે છે. જેમાં ચરક સંહિતા, ભાવપ્રકાશ, ભાવપ્રકાશ નિઘંટુ, મુ- સંહિતાનો સમાવેશ થાય છે. જેમાં ઉદરરોગો માટે અક્સીર ઈલાજ તરીકે ગોમૂત્રને વર્ણવેલું છે.

યાક સંહિતામાં ગાયનું મૂત્ર થોડું મધુર દોષઘ્ન - ત્રણ દોષોનું શમન કરનાર, કૃમિનાશક, કુષ્ઠઘ્ન, કંડુ-ખજવાળનો નાશ કરનાર અને ઉદરરોગોનો નાશ કરનાર દર્શાવેલું છે.

પેટ સંબંધી રોગો માટે ગોમૂત્રનો ઉપચાર યાક ચિકિત્સા સ્થાનના ૫-૯૬ શ્રેષ્ઠમાં દર્શાવેલું છે. તૈલ પંચક ઉપચાર તરીકે ખોડાનું તેલ, પ્રસન્ન-લુટાભેદ, કાંજી, યવકાર-જયખાટ અને ગૌમૂત્રનું સવેન કરવાથી ગુલ્મ એટલે કે પેટમાં ગોળો ચઢવો કે ભારે દુઃખાવો થવો મટે છે. આ પદ્ધતિથી પેટના રોગો નાશ પામે છે. દાસુદુટીદ્રા-દાર્વાત્વક પર્ણ અથવા રસાંજન-દારુદુટીદ્રાક્વાથ ઘનને ગોમૂત્ર સાથે પીવાથી ખાતાહ-આકરો અને કુષ્ઠ-ચામડીના રોગો નાશ પામે છે

ભારતનાં અનેક ગામડાંમાં ગાય જ્યારે પોતાનો મૂત્ર ત્યાગ કરે છે ત્યારે ભાવનામય પવિત્ર દૃશ્યો આજે પણ જોવા મળે છે. ગાયના મૂત્રનો સ્પર્શ કરીને ગ્રામ્ય પ્રજા પોતાની જીભને આસ્વાદ કરાવે છે, માથા પર ચઢાવે છે. આવો પવિત્ર ભાવ હિન્દુ સિવાય કોઈ ધર્મમાં જોવા મળતો નથી. આને માટે ગોમૂત્ર લવટ નામની દવાના ફાયદા જોવામાં આવે તો ગાયને માતા માનવા માટેના પૂરતાં કારણો મળી આવે છે. રોહીતક-રોહીડો-કાંડાના ટુકડા કરીને ગોમૂત્રમાં સાત દિવસ પલાળી રાખ્યા પછી કપડાથી ગાળીને તેનું સેવન કરવાથી કફોદર-કફજ પેટના રોગો, પ્લીદ્રા-બરોળના રોગો, કમળો, યકૃત રોગો અને ખર્શ-મસા-રોગો નાશ પામે છે. આ દવાને લોહીજ-બાષ્પ સાથે લેવાથી બધા જ પ્રકારના પેટના રોગો નાશ પામે છે. મોટાભાગના રોગો પેટના રોગોથી સર્જાતા હોય છે. કોઈ બાળકના દર્દને તેની માતા વધુ સારી રીતે સમજી શકે. ગોમૂત્ર એ સારવાર માટેનું શ્રેષ્ઠ ઔષધ છે, તેથી ગાયને માતા તુલ્ય ગણી છે.

યાક ચિકિત્સાના ૧૫-૧-૭૯ શ્લોકમાં લખેલું છે કે, દુરાલભાઝાર પદ્ધતિથી દવા બનાવવાથી રોગનું શમન થાય છે. આ પદ્ધતિમાં ધમાસો (દુરાલભા), કણજી, લતાકરંજ, સપ્તપર્ણ (સાતવણ),

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કુટજ (કુડો), વયા-વજ, મીંઢોળ, મૂર્વા-મોટરવેલ, પાઠા, ખારગવધ-ગરમાળો અને ગોમૂત્ર લઈ મારપાક વિધિથી ક્ષાર બનાવી પીવાથી ગૃદણી રોગનું શમન થાય છે.

વાત્સકાદિમાટ પદ્ધતિ પ્રમાણે કુરજ, અતિવિણા, પાઠા, યવાસા, હીંગ, ત્યગક, પલાશ, ગોમૂત્રનો ક્ષાર બનાવી પીવાથી ગ્રદ્રણીરોગ, થોથ, પાંડુ અને બથેટેલા નાશ પામે છે. ક્ષાટ, ગુગલુ અને ગૌમૂત્રનું પાન કરવાથી ગુલ્મરોગોનું શમન થાય છે. ઉપરાંત દારુદુટ્રોદ્રા, ઈન્દ્રપવ, કટુડી, યવિકા, ત્યગક અને પાઠાનું પર્ણ બનાવી ગૌમૂત્ર સાથે પીવાથી ઉદરરોગ, ગુલ્મ અને બર્ટારોગનું શમન થાય છે.

બાકુચી ચૂર્ણને ગોમૂત્ર સાથે લેવાથી ઉદરરોગ નાશ પામે છે. ગૌમૂત્રમાંથી દવા બનાવવાનો મોટો ઉદ્યોગ સ્થાપી શકાય તેમ છે. વિશ્વ વેપારમાં ગોમૂત્રમાંથી ભારત કરોડ રૂપિયાનો ધંધો ચલાવી શકે તેમ છે. આવી દવાઓની વર્લ્ડ પેટન્ટ મેળવીને ભારતનો ઉદ્યોગ વિશ્વમાં મોનોપોલી મેળવી શકે છે.

આપણા સમૃદ્ધ આયુર્વેદિક [illegible] [illegible]લું છે કે, ગાયને ત્રણ દિવસ ભૂખી રાખીને તેને લસણ ખવડાવવું. ત્યાર પછી ગાય જે દૂધ આપે તેનો દવા તરીકે ઉપયોગ કરવો. આ દૂધમાંથી ઘી બનાવીને કે દહીં બનાવીને તેનો ઉપયોગ કરવાથી પેટના તમામ પ્રકારના રોગો નાશ પામે છે. સીધી સાદી સરળ પદ્ધતિથી બનેલું ઘી આખું વર્ષ વાપરી શકાય છે. આ નવા વિચારોને પોતાના સંશોધન તરીકે દર્શાવવાનો ખ્રિસ્તીઓ વર્લ્ડ પેટન્ટ મેળવે તે પહેલાં કંઈક કરવાની જરૂર છે. ગાયનું લસણિયું ઘી તમામ રોગો નાબૂદ કરવાની ક્ષમતા ધરાવતું હોય તો કેડિલા પેટેન્ટ જ નહીં પણ વિશ્વની ફાર્માસીઓને રસ પડે તેમ છે. ઘીનું ઘી અને દવાની દવા !

પેટ દર્દની અનેક વિકલ્પોથી સારવાર બતાવવામાં આવી છે. એરંડિયું, ગોમૂત્ર, [illegible] આરનાલ અને યવાગુનું પાન સાથે કરવાથી ગુલ્મ રોગોનો નાશ થાય છે. ગુગ્ગુલને ગોમૂત્ર સાથે લેવાથી કફજ ગુલ્મનું શમન થાય છે. એરંડિયું ગોમૂત્ર સાથે અથવા કેવળ ગોમૂત્રનું બે મહિના સેવન કરવાથી બધા જ પ્રકારના પેટના રોગોનો નાશ થાય છે. આવી દવા સરળતાથી બનાવીને બજારમાં લાવી શકાય છે. એરંડિયા તેલનું સમગ્ર વિશ્વમાં સૌથી વધુ ઉત્પાદન ગુજરાતમાં થાય છે. પેટની અક્સીર દવા પણ ગુજરાતી વેપારીઓ અને ગ્રામ્ય પ્રજા બનાવી શકે તેમ છે. પેટના દર્દો વિશ્વની પ્રજામાં એટલા વ્યાપક છે કે આ સરળ પદ્ધતિથી દેશી દવાને વિદેશમાં પ્રચલિત બનાવી શકાય છે. અમેરિકન કંપનીઓ માનવમૂત્રમાંથી દવા બનાવતી હોય તો ગુજરાત ગોમૂત્રમાંથી દવા કેમ ન બનાવી શકે ?

દરાતકી-ખેલદુજાર ને ગોમૂત્રની ભાવના - પલાળીને સુકવવી - તેનું સેવન કરવાથી ઉદરરોગ નાશ પામે છે. ત્રિફલાક્વાથમાં ગૌમૂત્ર નાખી સેવન કરવાથી પૈત્તિક ઉદરરોગનું શમન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

થાય છે. ભેંસના દૂધમાં એરંડાનું તેલ અને ગોમૂત્ર નાખી પીવાથી ઉદરરોગનું શમન થાય છે. દશમૂલ - (બિલુ, અગ્નિમંથ, શ્યોનાક, પાટલા, ગંભારી, થાલપર્ણી, પ્રશ્નપર્ણી, કંટકારા, બૃહતી, ગોખરુને ક્વાથમાં ગોમૂત્ર નાખી પીવાથી થોથોદરનું શમન થાય છે. પુનર્નવા, ગડુથી દેવદાસ, ખપામાર્ગ અને અશ્વગંધાના ક્વાથમાં ગોમૂત્ર નાખી પીવાથી ઉદરરોગોનું શમન થાય છે. પુનર્નવાદિકવાથ બનાવીને ઉદરરોગ નાથી શકાય છે. જેમાં પુનર્નવા, દ્રટીતકી, નિમ્બ, દારુદ્રરીદા, કટુકી, પટોલ, ગુડુયી, અને સુંઠના ક્વાથની સાથે ગોમૂત્રનું પાન કરવાથી ઉદરરોગનું શમન થાય છે.

શ્યોનાક-ટેંટુની છાલના પર્ણને ગૌમૂત્ર સાથે પીવાથી બરોળના રોગનો નાશ થાય છે. ખેરંડપંયાગતમીષ્મ તોલો અને ગૌમૂત્ર તોલાનું પાન કરવાથી પત્તહોદરનો નાશ થાય છે.

ખારેકની છાલના પર્ણને ગોમૂત્રની સાથે પીવાથી થોથોદરનો નાશ થાય છે. ખારેકની છાલ, ચિત્રકમલ અને ખધેત્તના મૂળના કવાથ સાથે ગૌમૂત્ર પીવાથી વિરેચન - ઝાડા - થવાથી ઉદરરોગનું શમન થાય છે. ખારેકની છાલ અથવા ફળ, નાળિયેરની કાચલી અને ગોમૂત્રનું સેવન કરવાથી ગુલ્મ રોગનું શમન થાય છે.

નગાડરણ (૨ તોલા) અને ગોમૂત્ર (૨ તોલા) ને સાત દિવસ પીવાથી પ્લીદ્રારોગનો નાશ થાય છે.

રગતરોદ્રિડો અને દુરીતકીના કલ્કનો ગોમૂત્ર સાથે પીવાથી બરોળના રોગ નાશ પામે છે. લસણ, પીપ્પલીમળ અને હરડે ને ગોમૂત્ર સાથે સેવન કરવાથી બરોળના રોગનું શમન થાય છે.

હરજેને ગોમૂત્રની ૨૧ ભાવના આપી તેને લીંડીપીપર સાથે સેવન કરવાથી ઉદરરોગ મટે છે.

સન્નિપાતોદર રોગના નાશ માટે બાલહરડેના ચૂર્ણને નગોડરસ અને ગોમૂત્ર સાથે પીવો જોઈએ.

સેંધવ અને રાઈના ચૂર્ણને ગોમૂત્ર સાથે પીવાથી જલોદરનો રોગ મટે છે. ગોમૂત્રમાં સાર અને મીઠુ-સૈધવ નાખી સેવન કરવાથી ઉદરરોગોનું શમન થાય છે. આમ ગોમૂત્રને શરબત તરીકે પણ બજારમાં મૂકીને બાળકોને આકર્ષી શકાય છે. ખબઈના પોલાને ગોમૂત્રમાં સાત દિવસ રાખી પીવાથી પ્લીહોદર શાંત થાય છે.

કૃમિ-કરમિયાના રોગ માટે ગોમૂત્ર અક્સીર છે. તેની જુદી જુદી પદ્ધતિ આપણા ગ્રંથોમાં પડેલી છે.

- ત્રિફળા, ત્રિપૃત, દંતી, વયા, કંપીલક અને ઘીને ગોમૂત્ર સાથે સેવન કરવાથી કૃમિ રોગ નાશ પામે છે.

Received 13-04-2002 1st Proof 20-04-2002
Received 29-04-2002 2nd Proof 29-04-2002
CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

● ચવ્ય બે ભાગ, ચિગક બે ભાગ, સૂંઠ ત્રણભાગ, દેવદારુ ચાર ભાગને ગોમૂત્ર સાથે ત્રિપૃતનું ચૂર્ણ નાખી પીવાથી બધા જ પ્રકારના ઉદરકૃમિ નાશ પામે છે.

● દેવદારુ અને અશ્વગંધાને ગોમૂત્ર સાથે પીવાથી ઉદરકૃમિ નાશ પામે છે.

● બિજોરાના મૂળ, લસણ, વિડંગ, ત્રિવૃત, અજમો, નિમ્બપત્રને ગોમૂત્ર સાથે લેવાથી કૃમિટોટા નાશ પામે છે.

● મટીય, પિપ્લી, વિડીંગ, થિગ્રુ, અજમો, ત્રિવૃત ચૂર્ણને ગોમૂત્ર સાથે પીવાથી કૃમિ નાશ પામે છે.

● અજમો, નિમ્બપત્ર, વિડંગ, પિપ્પલી, અતિવિષા, લસણને ગોમૂત્ર સાથે પીવાથી કૃમિરોગ નાશ પામે છે.

('વિશ્વહિન્દુ સમાચાર' માંથી સાભાર)

(કોઈ પણ પ્રયોગ કરતાં પહેલાં 'વિશ્વહિન્દુ સમાચાર' મારફત લેખકનો સંપર્ક કરવા વિનંતિ. 'અમૃતવાર્તા' સંપાદક જવાબદાર નથી.)

●

"સંતાનના વ્યાકુળ ક્રંદનથી મહાશક્તિ મહામાયાનું હાસન હાલે છે."

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આશ્રમ સમાચાર

કનખલમાં સરસ્વતીપૂજા થઈ તથા મહાશિવરાત્રિવ્રતનું રાત્રિજાગરણ અને પૂજન. વારાણસીમાં મકરસંક્રાંતિએ ઉદયાસ્ત કીર્તન, ગાયત્રીપૂજન. સરસ્વતીપૂજા તથા શિવરાત્રિની ચતુઃપ્રહર પૂજા હોળીને દિવસે હોલિકાદાહ-ઉત્સવ, બીજે દિવસે શ્રીનારાયણનું ષોડશોપચાર-પૂજન, ગોપાલમંદિરમાં ગોપાલજીને અબીલ-ગુલાલ અર્પણ કર્યા બાદ અભિષેક-વિશેષપૂજા, કીર્તન, ચૈત્રી નવરાત્રિમાં વાસંતીપૂજા. 'માતા આનન્દમયી ચિકિત્સાલય' હૉસ્પિટલમાં વિકલાંગો અને બધિરો માટે નિઃશુલ્ક શિબિરમાં Physically Handicapped ને Wheel Chairs, Artificial Limbs, બૂટ, તેમ જ બધિરોને શ્રવણ-યંત્રોનું વિતરણ. ''માતા આનન્દમયી ગંગા એમ્બ્યુલન્સ ચિકિત્સા-સેવા'' શીઘ્ર શરૂ થશે. વૃંદાવનમાં મહાશિવરાત્રિની ચતુઃપ્રહર-પૂજા, મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવનો રુદ્રાભિષેક, સ્વામી રુદ્રદેવાનંદજી દ્વારા સપ્તાહવ્યાપી ઉપનિષદ્-વ્યાખ્યાન, હોળી દરમ્યાન ઉદયાસ્ત કીર્તન, શ્રીમન્મહાપ્રભુનો અભિષેક, મંદિરમાં વિશેષ પૂજા, સાધુસેવા. આગરપાડા કલકત્તામાં નવેમ્બરમાં સંયમવ્રત, ડીસે. માં ગીતાજયંતી, વાર્ષિક નામયજ્ઞમાં સ્વામી ભાસ્કરાનંદજી તથા નિર્વાણાનંદજી, નિર્ગુણાનંદજી આદિની ઉપસ્થિતિ. ૧૩ જાન્યુ. એ નવનિર્મિત ધ્યાનપીઠમાં માતૃ-અનુષ્ઠાન જેનું ઉદ્બોધન સ્વામી ભાસ્કરાનંદજી દ્વારા. 'કાઠિયાબાબા આશ્રમ'ના ૧૦૮ શ્રી વૃંદાવનબિહારી દાસજી દ્વારા માતૃ-પ્રસંગનું પ્રવચન અને આશ્રમના વરિષ્ઠ સાધુઓ દ્વારા સ્વાનુભવોનું વ્યાખ્યાન મહાશિવરાત્રિપૂજન.

ભીમપુરા : - પદ્મકાંત ત્રિવેદી

મહાશિવરાત્રિની ચાર પ્રહરની પૂજા શ્રી નવીનભાઈ અસ્તીએ કરાવી. અમેરિકાના હવાઈ આશ્રમના નિવાસી સુશ્રી વીણાબહેન શેઠ ખાસ ભાગ લેવા આવ્યા હતાં. ૧૪ થી ૧૬ માર્ચ સુધી સંયમવ્રતનું આયોજન થયું જેમાં ૬૦ વ્રતીઓએ ભાગ લીધો. શ્રી શ્રી માના કક્ષની બહારના ભાગમાં ત્રણે બાજુ માના ફોટાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે, તેમ જ દાદર પાસેથી અંદર પ્રવેશવાના ભાગમાં પુસ્તકાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. તા. ૨૭ એપ્રિલ, હનુમાન-જયંતી સવારે ૬.૩૦ વાગે શ્રી હનુમાનજીની પૂજા તથા હનુમાન-ચાલીસાના ૧૦૮ પાઠ થયા. ૨૦૦૧ની હનુમાન-જયંતીને દિવસે ''ધોવાણ-પ્રતિરોધક યોજના''નું ખાત મુહૂર્ત સ્વામી શ્રી ભાસ્કરાનંદજીને હસ્તે થયું હતું, જેના બરાબર એક વર્ષ પછી હનુમાન-જયંતીએ કાર્યની પૂર્તિ થઈ જે નિમિત્તે આશ્રમમાં 'મારુતિ-યાગ' નો કાર્યક્રમ યોજવામાં આવ્યો. નદી કિનારે નવા બંધાયેલા બંધ ઉપરથી ભક્તોએ હનુમાનજીની અર્ચના કરી, હનુમાન-ચાલીસાનો પાઠ કર્યો અને નર્મદા-પૂજન કર્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આખા વર્ષ દરમ્યાન દેશવિદેશના ભક્તો દ્વારા કરવામાં આવેલા સવા લાખ હનુમાન-ચાલીસા-પાઠના અક્ષતથી મારુતિસ્કંધ ઉપર અભિષેક કરવામાં આવ્યો.

સર્વ કાર્યક્રમોમાં પૂ. સ્વામી ભાસ્કરાનંદજીની ઉપસ્થિતિ હતી. અમદાવાદ, વડોદરા, સૌરાષ્ટ્ર, મુંબઈ વગેરે સ્થાનોએથી સારી એવી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી હતી.

આશ્રમમાંથી નદીએ જવાનો રસ્તો સુંદર પગથિયાં અને રેલિંગ વાળો બનાવવામાં આવ્યો છે કે જે આબાલ વૃદ્ધ સહુને અનુકૂળ રહે તેવો છે. નદી કાંઠે 'શ્રી શ્રી મા આનન્દમયી ઘાટ'ની રચનાનું કામ ચાલુ છે. પૂ. સ્વામીજીએ ઘાટનું નામ 'આનન્દતીર્થ' આપ્યું છે.

આગામી કાર્યક્રમો

તા. ૨૦-૦૪-૨૦૦૨	શ્રી ભોલાનાથજીનો સંન્યાસ-દીક્ષા-દિવસ
તા. ૧૫-૦૫-૨૦૦૨	અક્ષય તૃતીયા
તા. ૧૬-૦૫-૨૦૦૨	આદિશંકરાચાર્ય જયંતી
તા. ૨૬-૦૫-૨૦૦૨	બુદ્ધ પૂર્ણિમા
તા. ૨૯-૦૫-૨૦૦૨	શ્રી શ્રી માની જન્મજયંતી
તા. ૨૪-૦૭-૨૦૦૨	ગુરુપૂર્ણિમા

•

"બધાં જ ભગવાનનાં સંતાનો છે. નાનાં-મોટાંનો પ્રશ્ન નથી. જે ખોળામાં જવા માગે છે તેની બાજુ તેઓ હાથ લંબાવી દે છે."

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैव
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥

INDIA'S BEST NETWORKING
TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

Novell Netware, Microsoft Windows N.T., Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder

Enroll Now & Avail Sp. Discount with Job Assistance
OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

MAKING YOU "MASTERS IN NETWORKING"

G.E.C. LTD.
24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta,
Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699
Visit our web site at :- http://www.cmsinstitute.com

CMS is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee

॥ ॐ मा ॥

Namaste Bharat

Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

With best compliments from :

"हरि कथा ही कथा
और सब वृथा व्यथा ।"
–श्री श्री माँ

MODTECH MACHINES Pvt. Ltd.,
Plot No. C2A/2, G.I.D.C. Phase I,
Nr. Choksi Tubes,
Vatva, Ahmedabad-382 445.

Tel/Fax : 079-589 3784
e-mail : modtech@icenet.net

Manufacturer/Exporter :
Investment Casting Machines.

With best compliments from :

At the lotus feet of Shree Shree Ma

B.K. Jhala & Associates
"NIRMAL" Commercial Complex
158, M.G. Road,
Pune.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

* Branch Ashrams *

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

•

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रत्ना ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માં આનન્દમયી

અમૃત વાતાં

VOL.-6 NO. 4
OCTOBER, 2002

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

SHREE SHREE ANANDAMAYEE SANGHA

❄ Branch Ashrams ❄

1. AGARPARA : Shree Shree Ma Anandamayee Ashram, P. O. Kamarhaiti Calcutta-700058 (Tel : 5531208)
2. AGARTALA : Shree Shree Ma Anandamayee Ashram, Palace Compound P.O. Agartala-799001. West Tripura (Tel : 0381-208618)
3. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, Patal Devi, P.O. Almora-263602, (Tel : 05962-33120)
4. ALMORA : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Dhaul-China, Almora-263881, (Tel : 05962-62013)
5. BHIMPURA : Shree Shree Ma Anandamayee Ashram, Bhimpura, P.O. Chandod, Baroda-391105, (Tel : 02663-33208)
6. BHOPAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Bairagarh, Bhopal-462030, M.P. (Tel : 0755-521227)
7. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kishenpur, P.O. Rajpur, Dehradun-248009 (Phone : 0135-734271) U.P. (Phone: 684271)
8. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, Kalyanvan, 176, Rajpur Road, P.O. Rajpur, Dehradun-248009, (Phone : 0135-734471)
9. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, P.O. Raipur Ordnance Factory, Dehradun-248010
10. DEHRADUN : Shree Shree Ma Anandamayee Ashram, 47/A Jakhan, P.O. Rajpur, Dehradun,
11. JAMSHEDPUR : Shree Shree Ma Anandamayee Ashram, Near Bhatia Park, Kadma, Jamshedpur-831005, Bihar
12. KANKHAL : Shree Shree Ma Anandamayee Ashram, P.O.Kankhal, Hardwar-249408, (Tel : 0133-426575)
13. KEDARNATH : Shree Shree Ma Anandamayee Ashram, Near Himlok, P.O. Kedarnath, Chamoli-246445,
14. NAIMISHARANYA : Shree Shree Ma Anandamayee Ashram, Puran Mandir, P.O. Naimisharanya, Sitapur-261402, U.P. (Tel : 05865-51369)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

શ્રી શ્રી મા આનન્દમયીના દિવ્ય જીવન
તથા
દિવ્ય વાણીવિષયક ત્રૈમાસિક પત્રિકા

વર્ષ - ૬ ઓક્ટોબર, ૨૦૦૨ સં - ૪

-: સંપાદક સમિતિ :-

સ્વામીશ્રી ભાસ્કરાનંદજી
ઉત્તરા ચિનુભાઈ
બ્રહ્મચારિણી વસુમતીબહેન
નિરંજન મહેતા

-: મેનેજીંગ સંપાદક :-

શ્રી પાનુ બ્રહ્મચારી

-: વાર્ષિક લવાજમ :-

ભારતમાં	રૂ. ૬૦/-
વિદેશમાં	યુ. એસ. ડૉલર ૧૨/-
એક અંકની છૂટક કિંમત	રૂ. ૨૦/-

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અમૃત વાર્તા

સામાન્ય નિયમો

આ પત્રિકા ચાર જુદી ભાષાઓમાં છપાય છે. - ગુજરાતી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી. આ પત્રિકામાં મુખ્યત્વે શ્રી શ્રી આનન્દમયી.મા વિષેના લેખો છપાશે, તેમ છતાં સાધુ-સંતોનાં જીવન-ચરિત્રો અથવા આધ્યાત્મિક તથા જ્ઞાનવર્ધક ધાર્મિક વાર્તા પણ સ્વીકારવામાં આવશે. શ્રી શ્રીં મા વિષયક લેખો આપવાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. ભક્તોના જીવનમાંના અનુભવો, પ્રસંગો કે જે અતિશય વ્યક્તિગત ન હોય, તેમજ શ્રી શ્રી માની લીલાઓ જે ભક્તોએ નિહાળી હોય તથા શ્રી શ્રી મા વિષેની અનુભૂતિઓ હોય તે લખી મોકલવા વિનંતિ છે. ફૂલસ્કેપ પાનાની એક બાજુ પર લખી મોકલવાથી સરળ રહેશે. જોડણીની ભૂલો સુધારી, ચોખ્ખા અક્ષરે લખી નીચેના સરનામે મોકલી આપવું.

-: લેખો મોકલવાનું સરનામું :-

ઉત્તરા ચિનુભાઈ
૩૮, સ્વસ્તિક સોસાયટી,
નવરંગપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૯.

-: લવાજમ મોકલવાનું સરનામું :-

મેનેજીંગ સંપાદક
"મા આનન્દમયી અમૃત વાર્તા" (ગુજરાતી અંક)
શ્રી શ્રી માતા આનન્દમયી આશ્રમ,
ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧

સ્વામી શ્રી શ્રી આનન્દમયી સંઘ તરફથી મુદ્રક તથા પ્રકાશક શ્રી પાનુ બ્રહ્મચારી દ્વારા શ્રી શ્રી આનન્દમયી સંઘ, ભદૈની, વારાણસી - ૨૨૧ ૦૦૧ (ઉ.પ્ર.) થી પ્રકાશિત તથા રત્ના પ્રિન્ટિંગ વર્કર્સ, બી. ૨૧/૪૨, કમચ્છ વારાણસી - ૧૦ (ઉ.પ્ર.) માં મુદ્રિત. સંપાદક - શ્રી પાનુ બ્રહ્મચારી.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મા આનન્દમયી અમૃત વાર્તા

અનુક્રમણિકા

ॐ भवतापप्रणाशिन्यै आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै मातस्तुभ्यं नमो नमः ॥

૦૧. માતૃવાણી ૧

૦૨. ચાળીસના દશકની વાત ૪

૦૩. પૃથ્વી પર દિવ્ય પ્રકાશ - શ્રીશ્રીમા ..... સ્વામી ચિદાનંદજી મહારાજ ૬

૦૪. બે વિશેષ વાતો ..... અમૂલ્યકુમાર દત્તગુપ્ત ૧૦

૦૫. એક વિદેશીની દૃષ્ટિએ મા ..... આર્નો ડેરજાર્ડીન્સ (પેરિસ) ૧૩

૦૬. સંત મથુરદાસ ..... પરિવ્રાજક ૧૮

૦૭. માતૃ-સ્મૃતિ ..... કુ. ચિત્રા ઘોષ ૨૦

૦૮. શ્રીમદ્ ભાગવત-કથાનો માર્મિક રહસ્યબોધ ..... સંકલન : અનુરાધા જોષી ૨૪

૦૯. અર્ધકુંભ-મેળો, પ્રયાગ, ૧૯૮૨ ..... ડૉ. દેબપ્રસાદ મુખોપાધ્યાય ૩૦

૧૦. સાધકોને માર્ગદર્શન ..... પૂ. સ્વામી શિવાનંદજી ૩૪

૧૧. વ્યાઘ્રપાદ અને ઉપમન્યુ ૩૭

૧૨. આશ્રમ સમાચાર ..... પદ્મકાંત ત્રિવેદી ૩૯

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

"હરિ કથા હી કથા, ઔર સબ વૃથાવ્યથા"

- મા આનન્દમયી

શ્રી શ્રી મા આનન્દમયીના સર્વ ભક્તોને

"મા આનન્દમયી સેવા સમિતિ (MASS, Inc.) USA"

તરફથી સપ્રેમ

જય મા.

આ સમિતિ (MASS, Inc.) અમેરિકામાં પેન્સીલવેનીયા રાજ્યમાં સ્થાયી થઈ રજીસ્ટર થઈ છે. પૂ. શ્રી શ્રી માના ભક્તોનાં ધાર્મિક કાર્ય, સત્સંગ તથા જનસેવાનું ધ્યેય ધરાવતી આ સંસ્થાએ અમેરિકાની સરકાર તરફથી (Tax - Exemption) કર મુક્તિ મેળવી છે. સંસ્થાનો નંબર છે : 23 - 29675 જે IRS Code 501 (C) (3) ને સુસંગત રહેશે.

ઉત્તર અમેરિકામાં વસતા માતૃભક્ત જનોને વિનંતિ કે "મા આનન્દમયી અમૃતવાર્તા" ત્રિમાસિકનું લવાજમ સમિતિને (MASS, Inc.) મોકલવું. ચાર ભાષાઓમાં (અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને બંગાળી)માં પ્રસિદ્ધ થતી આ દિવ્ય-માતૃ સત્સંગપૂર્ણ પત્રિકાનો લવાજમ દર : વાર્ષિક બાર ડોલર ($12) લેખે જે ભાષામાં રસ હોય તે માટે મોકલવા વિનંતિ છે.

વધુ માહિતિ માટે સંપર્ક સાધો :

મહાદેવ પટેલ

C/o. MA Ananadmayee Seva Samiti, Inc.
212, Moore Road, Wallingford 19086 - 6843
Tel. : 610 - 876 -6862
Fax : 610 - 876 - 1351
email : maha devpatel@netscape.net

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃવાણી

(માના શબ્દો યથાવત્ રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.)

મનોમન જપ કરો. ધ્યાન કરો. કોણ ખેંચે છે ? જે ખેંચે એને ભગાડી દો. ખસેડીને ભગવાનનું ધ્યાન લગાવો. ખાતાપીતા, ફરતા-ફરતા, જ્યાં હો, મનમાં સ્મરણ કર્યા કરો. દિવસો જઈ રહ્યા છે. અત્યારે જ લગાવો ખૂબ જોરથી, ખૂબ જપ-ધ્યાન કરો.

●

તેઓ જ સર્વત્ર, વિશ્વરૂપે જગતરૂપે, જગત-અતીતરૂપે, નાસ્તિકમાં 'ના' રૂપે - એ પણ ભગવાનનું રૂપ છે. પરમાર્થ એ જ એક કર્મ છે, બીજું બધું વૃથા.

●

જ્યાં સુધી તમારી અંદર કામ કરવામાં અને તેને પૂરું કરવામાં ખુશી થાય, અને કામ ખરાબ થઈ જાય (બગડે) તો દુઃખ થાય, ત્યાં સુધી ભગવત્ ક્રિયા સિવાય બીજી જે ક્રિયા થશે એનાથી શક્તિનો ક્ષય જ થશે.

●

ભગવાન નામથી મળે છે. દવા પીઓ, ઔષધિ પીઓ, રુચિ ન હોય (કે) ન થાય તો હૉસ્પિટલમાં બેસો, ઈન્જેક્ષન આપશે ભગવાનનું નામ. ભગવાનનું નામ અને ભગવાન અભિન્ન. નામ કરી શકે. મંત્ર છે - સત્સંગ છે - સત્સંગ કરો. 'નિર્ આશરો'નો આશરો ભગવાન (નિરાશ્રયનો આશ્રય). ભગવાન સિવાય બીજું કોઈ નહીં.

●

(મંદિરમાં થયલી ઘરેણાંની ચોરી વિષે) ભગવાન પોતે જ ચોરી કરાવે છે. દરેક રૂપમાં ભગવાન જ છે, બીજું કોઈ નથી. એમની મોજ ! કોઈક વાર પકડાવી દે, કોઈક વાર પકડાવતા પણ નથી. એમની જે મોજ હોય તે જ કરે છે. પોતાની સાથે પોતે રમે છે ને ! ક્યારેક ચોરી પણ પકડાવી દે, દંડ પણ આપે. દરેક જાતની રીત છે એમની પાસે.

●

ભગવાન ક્યાં નથી - ઓળખવાની કોશિશ કરો - ભગવાન ક્યાં છે ?

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિવેક વૈરાગ્ય ત્યાગ. ત્યાગ એટલે બદલાવું - એ ક્રિયા કરો (જે) કરતાં કરતાં ત્યાગ થઈ જશે, જેથી જે નિત્ય સ્વયંપ્રકાશ તે પ્રગટ થઈ જશે, જેથી આસક્તિ - એનો ત્યાગ થાય તો - તમારી પાસે ભગવાન જ છે સર્વત્ર સર્વશ્રેષ્ઠ.

●

વૃક્ષતલમાં બેસો. (અર્થાત્ સંતોનો સમાગમ કરો.) કયા મુહૂર્તમાં કોને આવી જાય કોઈ કહી ન શકે. એટલા માટે નિત્ય બેસો. વૃક્ષના તલમાં બેસતા રહો.

●

પ્રશ્ન : ભગવાન શા માટે સોનું-ચાંદી માગે છે ?

મા : ભગવાન કોઈ પણ રીતે માગે (એ) ભગવાનની કૃપા. ભગવાનના શરીર પર કંઈ વાગે ખરું ? ભગવાનનું શરીર કંઈ દુઃખે ખરું ? સોના-ચાંદીમાં શું ? તમે પહેરાવ્યું. કોઈ ને કોઈ બહાને તમારા પર કૃપા કરવાની છે. પશુ-પક્ષી જેવા જ જીવ. સુધારવા માટે. મનુષ્ય અજ્ઞાનનો પડદો ખસેડી શકે છે. જ્ઞાનનો દરવાજો ખોલી શકે છે. શ્રેયગ્રહણ, પ્રેયત્યાગ.

●

પ્રશ્ન : આપની પાસે કેવી રીતે આવીએ ? આવવાનો શો અર્થ ?

મા : જ્યાં 'અનજાન' (અજાણ્યા)નો પ્રશ્ન નથી. 'આને-જાને'કા (આવ-જાનો) પ્રશ્ન નથી - પાસે ને પાસે એટલે કે ભગવાનની પાસે. ભગવાનની પાસે એટલે કે જે ગુરુ કહે તેમ ચાલે તો પૂરેપૂરો આનંદ મળી જશે. અહીંયાં આવ-જાનો પ્રશ્ન નથી. રસ્તો કહી દીધો - કોશિશ કરો. બનત બનત બન જાયેગા.

●

ભગવાનનાં દર્શન કેવી રીતે થાય ? જે રીતે પોતાની માને બોલાવીએ તો મા આવી જાય, પિતાજીને બોલાવીએ તો પિતાજી આવી જાય, તે જ રીતે ભગવાનને બોલાવો તો ભગવાન આવી જશે.

●

(**મા** ઘણી વાર બાળકોને 'દોસ્ત' કહીને આ પ્રમાણે કહેતાં :)

દોસ્ત છો તો દોસ્તની વાત માનવી પડશે.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૧. સવારે ઊઠીને ભગવાનને પ્રાર્થના કરજો - "હે ભગવાન, અમને સારા છોકરા બનાવી દો. અમે તમારી સેવા કરી શકીએ."

૨. સાચું બોલવાની સદા કોશિશ કરજો.

૩. માતા-પિતા, ગુરુજનો, વડીલોની વાત માનજો.

૪. બરોબર ભણજો.

૫. આ ચાર વાતો પૂરી કરીને (પછી) ખૂબ રમજો. (કોઈ વાર કહેતાં "કૂદાકૂદ કરજો" અથવા "તોફાન કરજો").

●

પ્રાર્થના

હે પ્રભુ ! મને તારી શાંતિનું યંત્ર બનાવ.
જ્યાં ઘૃણા-તિરસ્કાર હોય, ત્યાં મને પ્રેમનાં બીજ વાવવા દે,
જ્યાં આઘાત હોય ત્યાં ક્ષમાની (શક્તિ) આપ,
જ્યાં સંશય હોય ત્યાં વિશ્વાસ આપ,
જ્યાં નિરાશા હોય ત્યાં આશા આપ,
જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ આપ,
જ્યાં દુઃખ હોય ત્યાં આનંદ આપ.

હે દિવ્ય પ્રેરક ! એવું આપો કે જેથી હું એટલું બધું માગું નહિ.

મને દિલાસો આપો, જેથી હું પણ બીજાને દિલાસો આપી શકું, મને સમજે એના કરતાં હું એને સમજી શકું, મને પ્રેમ કરે એના કરતાં હું એને પ્રેમ કરી શકું, કારણ કે

જે અર્પણ કરવામાં આવે છે તે જ આપણે મેળવીએ છીએ. જો ક્ષમા કરીએ તો આપણને ક્ષમા મળે. જે મૃત્યુમાં છે, તેને મૃત્યુનું મૃત્યુ માનીએ - તો જીવન દિવ્ય જીવન બને.

- સંકલન : પરિવ્રાજક.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચાળીસના દશકની વાત

(શ્રીશ્રીમાનાં વર્ષો જૂનાં ભક્ત એવાં રાજપીપળાનાં રમણીબહેન એમનાં પ્રથમ દર્શનની વાત લખે છે - આશરે ૧૯૩૫ થી ૧૯૩૭ની હોવી જોઈએ. પૂજ્ય મા ત્યારે ૪૦ વર્ષની આસપાસનાં હતાં.) :

(૧)

રાજપીપળાના રણછોડજીના મંદિરમાં પૂજ્ય મા તથા બાબા ભોલાનાથજી આવ્યાં હશે. હું અમારી જ્ઞાતિના સમૂહભોજમાં જમવા જતી હતી. સામેથી ભોલાનાથજી તથા મા આવતાં હતાં. માએ સહેજ ઘુમટા જેવું - માથે ઓઢેલું હતું, અને પાછળ ચાલતાં હતાં. કોઈ બોલ્યું કે "આ કોઈ મા છે" એટલે મેં પાછા વળીને જોયું, પરંતુ તેઓ આગળ નીકળી ગયાં હતાં. તે સમય માને મળવાનો નહિ હોય !

(૨)

આશરે બે વર્ષ પછી મા અજ્ઞાતવાસમાં વ્યાસ તથા શુકદેવ સ્થાને પધાર્યાં. મારા પતિ તથા બન્ને ભાઈ-બહેન બળદગાડું કરી દર્શન કરવા ગયાં. જતી વખતે કહેતાં ગયાં કે સાંજે પાછાં ફરશે. એક - બે - ત્રણ દિવસ પસાર થઈ ગયા, પરંતુ તેઓ પાછા આવ્યાં નહિ ! માનું આટલું બધું આકર્ષણ ! પાછા ફરતી વખતે માને રાજપીપળા આવવાનું આમંત્રણ આપ્યું, તો મા કહે, "દેખા જાયેગા."

વ્યાસથી આવ્યા ત્યારે માની ચિઠ્ઠી મળી કે તેઓ રાજપીપળા આવશે. તરત ગાડીનો બંદોબસ્ત કર્યો, મા રાજપીપળા પધાર્યાં. મારા પતિએ મને કહી રાખેલું, "તને ઈશારો કરું ત્યારે ફૂલહાર ચઢાવજે."

એક સ્મશાન પાસે શ્રીનાથજીનો બગીચો હતો, નિર્જન સ્થાન હતું. ત્યાં મા આઠ દિવસ રહ્યાં. દીદીમા, અભય વગેરે આઠ જણ સાથે હતાં.

(૩)

બે વર્ષ બાદ મા ભીમપુરા આવ્યાં. અમને ખબર પડી કે તરત જમી પરવારીને નીકળી પડ્યાં. મા વિશ્રામ કરતાં હતાં. થોડી વારમાં મા ભોંયરામાંથી ઉપર આવ્યાં. દિવ્ય મહાદેવી જેવું હસતાં હસતાં મા બહાર આવ્યાં, બોલ્યાં કે તમારી જ રાહ જોતી હતી, બહુ આનંદ થયો. સાંજે મા પાસે બેઠાં. મા એક દૃષ્ટિથી મારી સામે જોયા કરે, હસ્યા કરે. મેં નીચી દૃષ્ટિ કરી દીધી. મારા પતિ કહે, "માની સામે જો."

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાંજે પછી મા ગંગનાથ મહાદેવ ગયાં. સરસ્વતી - મંદિરમાં ઉપર બેઠાં. માએ મારી સામે જોયું, અને મેં પણ એમની સાથે દૃષ્ટિ મેળવી. બસ, આનંદ જ આનંદ !

પછી અમે રાજપીપળા જવા માટે પગથિયાં ઊતરી ગયાં. મા કરનાળી ગયાં. માની પાસે હોડીમાં રજા માગી. મા બોલ્યાં, "જા રહા હૈ ? વાહનકા બંદોબસ્ત હૈ ?" અમે હા પાડી. ઘરે આવ્યાં. બસ, મન આકર્ષાઈ ગયું. ઘરમાં ચેન ન પડે.

(૪)

લગભગ બે વર્ષ બાદ. થાય કે શું કરું સમજ ન પડે. માને પત્ર લખ્યો. છ ચોપડી ભણેલી. શું લખું ? લખ્યું. "માને માટે એક પાગલ."

મા ભીમપુરા આવ્યાં. બોલતાં હતાં, "રાજપીપલા જાના પડેગા, મેરે લિયે પાગલ જૈસા હો ગયા હૈ."

૧૯૪૭-૪૮

મા રાજપીપળા આવ્યાં. ધર્મેશ્વર મહાદેવમાં ઊતારો આપવામાં આવ્યો. હું હૈયાઘેલી થઈને ભજન ગાવા બેસી ગઈ. ખૂબ આનંદ આવ્યો. રાત્રે ઘેર જવા માટે રજા માગવા ગઈ, મા કહે, સંઘમાં અમદાવાદ ચાલ.

બીજે દિવસે મારા દીકરાને સખત તાવ આવ્યો. માનાં દર્શને જતી વખતે પતિ કહે કે જલદી આવજે. મેં ના પાડી, કહ્યું - "માના ગયા પછી આવીશ".

જઈને એક ખૂણામાં ઊભી રહી ગઈ. મા જતાં હતાં તે સહન ન થાય. ગાડી ચાલી, થોડે દૂર ગઈ અને મા બોલ્યાં, "ગાડી ખડી રખો, હીરાલાલકી સ્ત્રી કોનેમેં રો રહી હૈ." મા પોતે મને તેડવા આવ્યાં ! હું પાસે જઈ રડી પડી. માએ મારા માથા પર હાથ ફેરવ્યો અને ફૂલ આપીને બોલ્યાં, "આના હૈ?" એમના ચરણોમાં પાસે બેસાડી દીધી, ગાડી ચાલી.

મા એક દિવસ ડભોઈ રોકાયાં. બીજે દિવસે હું ઘેર પાછી ફરી. દીકરા વિષે અશુભ વિચાર આવવા માંડ્યો. એ મારી પરીક્ષા હતી. ઘરે આવીને જોયું તો દીકરો રમતો હતો.

●

"વિદ્યુતનો એક ઝબકારો થાય છે, પણ દિવસનો પ્રકાશ સમ-ગતિથી ચાલે છે."

- શ્રી શ્રી મા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

પૃથ્વી પર દિવ્ય પ્રકાશ - શ્રીશ્રીમા

- સ્વામી ચિદાનંદજી મહારાજ

અધ્યક્ષ, 'દિવ્ય જીવન સંઘ', ઋષિકેશ

ગુણાતીત, અખંડ, અનાદિ, અનંત, નિરંજન, નિર્વિકાર, પરબ્રહ્મને નમસ્કાર. જેનું પ્રતીક ઓમ્ છે એ સત્‌ને પ્રણામ.

મહાન આદરસહિત લખાયેલા આ ઉદ્‌ગારો એક સ્નેહપૂર્ણ અર્ચના છે એ પરમતત્ત્વ પ્રત્યેની કે જે છે શ્રી શ્રી મા - નિર્ગુણ તત્ જે માતૃસ્વરૂપે પ્રગટ થયું એક શતાબ્દી પૂર્વે ઈ.સ. ૧૮૯૬માં, જેનું નામકરણ થયું 'નિર્મલા' અર્થાત્ વિશુદ્ધ (રજ, તમ, સત્ત્વ અને અવિદ્યા વિનાનું) અને જે પછીથી સર્વત્ર પ્રખ્યાત થયું. "શ્રી શ્રી આનન્દમયી મા" નામથી. મા ! સાચે જ આનન્દમયી કે આનન્દરૂપ - બ્રહ્મ! પ્રિય માના 'શતાબ્દી ગ્રંથ'માં એક નાના સરખા ભાગરૂપે આ લેખ છે, અને શ્રી શ્રી માની મહિમામયી નિરંતર ઉપસ્થિતિ પ્રત્યે 'શ્રદ્ધા-પુષ્પાંજલિ' રૂપે સમર્પિત છે.

ચાર કે પાંચ માસ પૂર્વે (નવેમ્બર ૧૯૯૪) જ્યારે આપણા માનનીય બ્રહ્મચારી પાનુદા મારી પાસે આવ્યા અને માના 'શતાબ્દી ગ્રંથ' માટે લેખની યાચના કરી ત્યારે મેં તરત કહ્યું, "હા, ખુશીથી." ત્યારે મને ખ્યાલ ન રહ્યો કે હું શેમાં ઝંપલાવી રહ્યો છું ! કારણ કે જ્યારે કાગળ-કલમ લઈને બેસવાનો પ્રયત્ન કર્યો ત્યારે એકાએક મારી સામે એક અપ્રત્યાશિત વિટંબણા આવી પડી. મારે માટે એક મોટી સમસ્યા ઉપસ્થિત થઈ. જ્યારે જ્યારે હું લખવા કે લખાવવા બેસતો અને જે ક્ષણે મારું મન શ્રીશ્રીમા પ્રત્યે વળતું કે તત્ક્ષણ મન એકદમ સ્થિર થઈ જતું, વિચારો કરતું બંધ થઈ જતું અને એક વિચારશૂન્ય અવસ્થા પ્રાપ્ત થતી. બધા વિચારો પાછળ રહી જતા અને "અંતર" ઊર્ધ્વગામી થઈને એ સ્થિતિએ પહોંચતું કે જ્યાં માત્ર શાશ્વતના વિચારો છે, કાલાતીત "અહીં - અત્યારે", શાશ્વતત્વ, સ્થાનાતીત મુક્ત અનંતત્વ, મૌનાતીત શાંતિ, કર્માતીત અદ્વૈત, કારણકે શ્રી શ્રી માના આ અયોગ્ય પુત્ર માટે, અને પ્રિય - પૂજ્ય ગુરુદેવ સ્વામી શિવાનંદજી મહારાજના દિવ્ય ચરણોના એક નગણ્ય સેવક માટે, હંમેશ આવાં મા હતાં છેક ત્યારથી કે જ્યારે ૧૯૪૫માં (ડૉ.) પ્રોફેસર મહેન્દ્રનાથ સરકાર પાસેથી પહેલવહેલી વાર શ્રીમા વિષે સાંભળ્યું. મને લાગ્યું કે હું કોઈ મનુષ્ય કે માનવ વ્યક્તિનું વર્ણન નહોતો સાંભળતો પણ એક દૈવી અસ્તિત્વ વિષે સાંભળતો હતો. મારા પગ જાણે કે જમીન સાથે ચોંટી ગયા અને ખૂબ ધ્યાનથી, રોમાંચથી, અભિભૂત થઈને સાંભળી રહ્યો. મને લાગ્યું કે હું જે સાંભળતો હતો તે અત્યંત નિકટ હતું, પાસે હતું અને જેનાથી હું માનસિક તથા આધ્યાત્મિક રીતે પરિચિત હતો. એ એવી કોઈ વસ્તુ કે વ્યક્તિ નહોતી જે દૂર કે અપરિચિત હોય. ત્યાર પછી નજીકના

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ભવિષ્યમાં જ મને શ્રીશ્રીમાનાં પ્રથમ દર્શન થવાનાં હતાં - ફેબ્રુઆરી ૧૯૪૮માં.

ડૉ. મહેન્દ્રનાથ સરકાર એક દાર્શનિક હતા. એમનામાં મહાન ચિંતનશક્તિ ને વિદ્વત્તા હતાં, સાથોસાથ ઊંડી આધ્યાત્મિકતા અને દર્શનતત્ત્વના સત્યને અનુભવવા માટેની સાચી ધગશ હતી. તેઓ ત્યારે કલકત્તા યુનિવર્સિટીના દર્શનશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ હતા, તેમ જ જગદ્ગુરુ આદિ શંકરાચાર્ય કેવલાદ્વૈત મતના મઠ કૈલાસ આશ્રમના મહામંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી વિષ્ણુદેવાનંદજી મહારાજના એકનિષ્ઠ પ્રશંસક અને શિષ્ય હતા. માની કલકત્તાની અનેક મુલાકાતો દરમ્યાન એક વાર શ્રીશ્રીમાનાં પ્રથમ દર્શન એમણે કલકત્તામાં જ કર્યાં હતાં. ડૉ. સરકારે વર્ણન કરતાં કહ્યું કે એમણે કેવી રીતે સાંભળ્યું કે એક આધ્યાત્મિક વિભૂતિ દક્ષિણેશ્વરમાં આવી છે અને તેઓ કેવી રીતે 'એમનાં' દર્શન કરવા ગયા. એમણે જે જોયું અને માની ઉપસ્થિતિમાં જે અનુભવ્યું તેનાથી આશ્ચર્યચકિત થઈ ગયા. આટલાં વર્ષોમાં કદાપિ આવી કોઈ વિભૂતિના સંપર્કમાં આવ્યા નહોતા. એમને એવો સ્પષ્ટ અનુભવ થયો કે તેઓ જેના સાન્નિધ્યમાં હતા તે આ પૃથ્વીના સ્તરમાંનાં નહોતાં. કેટલાક પ્રશ્નો પૂછ્યા પછી ડૉ. સરકારે એવું અનુભવ્યું કે તેઓ એક દિવ્ય જ્ઞાનનિર્ઝરના સાન્નિધ્યમાં છે. એમને પોતાનો આ અસામાન્ય અનુભવ સાથી તત્ત્વચિંતકો તથા સહ-કાર્યકર્તાઓને કહેવાની તીવ્ર તાલાવેલી લાગી, અને તરત જ એ મિત્રોનો સંપર્ક કર્યો કે જેઓ પૂનાની પ્રસિદ્ધ ફર્ગુસન કૉલેજમાં દર્શન-વિભાગમાં ઊંચા હોદ્દાઓ ધરાવતા હતા, તેમ જ એમને કલકત્તા આવવાનું આમંત્રણ આપ્યું કે જેથી નિરંતર દિવ્ય ચૈતન્યમાં વિરાજમાન્ આ સંતને તેઓ મળી શકે.

એ અવિસ્મરણીય મુલાકાતને પરિણામે એ બધી મહત્ત્વની વ્યક્તિઓની વિચારધારામાં તથા જીવનમાં નવો વળાંક આવ્યો. એ લોકો એ વાત મહાપરાણે માની શક્યા કે બાળપણના સાવ સામાન્ય શાળા-ભણતરવાળી એક યુવાન સ્ત્રી, કલાકો સુધી પૂછાતા પ્રશ્નોના ઉત્તરો આટલા સહજપણે આપી શકે. 'એમના' પ્રભાવશાળી જ્ઞાન-પ્રકાશનું ગુપ્ત મૂલસ્થાન ક્યાં છે તે એ લોકો સમજી ન શક્યા.

મને થયું કે 'એમના' સાન્નિધ્ય લાભનો પ્રસંગ કોઈક દિવસ ભગવાન મને કદાચ આપે પણ ખરા, કારણકે 'દક્ષિણેશ્વર' શબ્દમાં પણ મારે માટે ખૂબ વિશેષ આકર્ષણ ને શક્તિ હતાં. દક્ષિણેશ્વરમાં એ મહાન દાર્શનિકોએ દૈવી શક્તિનો અનુભવ કર્યો તેથી મને લાગ્યું કે "દિવ્ય ભવતારિણી માતા" અને આ દિવ્ય વિભૂતિ વચ્ચે કંઈક સંબંધ હોવો જોઈએ. ૧૯૪૭ના ડીસેમ્બરમાં મેલેરિયાને લીધે મારા શરીરમાં માંદગી આવી, અને ગુરુદેવ સ્વામી શિવાનંદજીએ નાગપુરના એક ભક્ત ડૉક્ટર પાસે મને ઈલાજ કરાવવા માટે મોકલ્યો. નાગપુરમાં બે મહિના રહ્યા પછી મે ગુરુદેવ પાસે અનુજ્ઞા માગી કે પાછા ફરતી વખતે હું વારાણસી અને પ્રયાગરાજ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

જઈ શકું કે કેમ. ગુરુદેવે તરત રજા આપી, અને ૧૯૪૮ના ફેબ્રુઆરીમાં હું કાશી ગયો, અને મારા એક સંન્યાસી વૃદ્ધ ગુરુભાઈને ત્યાં ૧૦-૧૨ દિવસ રોકાયો. એક દિવસ મને "શ્રી આનન્દમયી આશ્રમ" લઈ જવાની અને માનાં દર્શન કરાવવાની એમણે ઈચ્છા દર્શાવી. મેં તરત જ ઉત્સાહપૂર્વક સમ્મતિ આપી. તેઓ મને ભદૈનીમાં શિવાલા ઘાટ પર લઈ ગયા. તે વખતે ત્યાં આશ્રમમાં એક મહાપવિત્ર યજ્ઞ ચાલતો હતો. એ માનો 'સાવિત્રી મહાયજ્ઞ' હતો જેને માટેની 'જ્યોતિ' ઢાકાના અખંડ અગ્નિમાંથી લાવવામાં આવી હતી.

અમને અત્યંત આદરપૂર્વક આવકારીને માની નિકટ લઈ જવામાં આવ્યા. જ્યારે વૃદ્ધ સ્વામીજીએ માને કહ્યું કે અમે ઋષિકેશના શિવાનંદ આશ્રમમાંથી આવ્યા છીએ ત્યારે માએ મારા આશ્ચર્ય વચ્ચે, પૂછ્યું, "પિતાજી કૈસે હૈં ?" મારી સાધના વગેરે વિષે પૂછીને પછી માએ અમને પ્રસાદ આપ્યો, અને અમે જ્યારે વિદાય થતા હતા ત્યારે 'એમણે' બે હાથ જોડીને ઊંચા કર્યા અને કહ્યું, "પિતાજીને મારા પ્રણામ કહેજો." મારે માટે આ પૃથ્વીથી દૂર કોઈ સ્વર્ગીય સ્થાનની યાત્રા જેવું હતું. માનો દેખાવ કે 'એમના' મુખના ઘાટ પર મેં ધ્યાન નહોતું આપ્યું, છતાં મેં 'એમની' હાજરી અનુભવી હતી.

આ પ્રથમ મુલાકાત અને દર્શન થયાં ત્યારથી જ હું કદાપિ શ્રી માને કોઈ 'વ્યક્તિ' તરીકે માની નથી શક્યો, પરંતુ મારે માટે તેઓ હંમેશ 'વ્યક્તિથી પર' એવી 'ઉપસ્થિતિ' રહ્યાં છે. શ્રીમાની આજુબાજુનું વાતાવરણ સંપૂર્ણપણે દિવ્ય હોય છે, એક કાલાતીત તત્ત્વથી વ્યાપ્ત હોય છે. જ્યારે કોઈ શ્રીમાની હાજરીમાં હોય છે ત્યારે એની ચેતનાનું ઊર્ધ્વીકરણ થાય છે. જગદ્ગુરુ આદિ શંકરાચાર્યનું સર્વોચ્ચ કથન "ब्रह्म सत्यं जगन्मिथ्या" ત્યારે સત્ય ઠરે છે. માનું સાન્નિધ્ય અત્યારે પણ એવું જ કરે છે. પરંતુ માની રીત વળી 'અદ્ભુત' છે, અને મા તો વ્યાવહારિક જગતમાં કે આધ્યાત્મિક જગતમાં કાર્યનિપુણ છે.

આ સમજવું એટલું અઘરું નહીં લાગે જો આપણે વિચાર કરીએ કે શ્રીરામ, પરશુરામ અને ભગવાન કૃષ્ણ જેવા અવતારો પણ એમના દિવ્ય જીવન દરમ્યાન અમુક પરિસ્થિતિઓમાં કેવી રીતે વર્ત્યા છે અને કાર્યો કર્યાં છે. એમણે સાવ સામાન્ય મનુષ્ય જેવા મનોભાવો અને માનસિક પ્રત્યાઘાતો દેખાડ્યા છે, જેને કારણે એમનું દિવ્ય સ્વરૂપ કે દિવ્યતા ઢંકાઈ શકે. આ જ અવતારલીલા કહેવાય છે, અને એ વાત તો જાણીતી જ છે કે આવી બાહ્ય લીલાને કારણે એમની પોતાની દિવ્યતા વિષેની સભાનતા ઓછી નહોતી થતી. શ્રીશ્રીમા વિષે પણ હંમેશાં આવું જ છે, તેથી જ તેઓ હરી-ફરી શકતાં, કાર્ય કરતાં અને આપણા માનવીય લૌકિક વ્યવહારજગતમાં બધા સ્તરોમાં સહજ રીતે તદનુકૂળ વર્તન કરતાં. લૌકિક અને અલૌકિકનું ક્ષતિહીન પૂર્ણ મિશ્રણ.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંસારમાં ડૂબેલા સામાન્ય કક્ષાના ભક્તોને તેઓ વ્યાવહારિક સલાહ આપતાં, તેમ સાધકને તેઓ આંતરિક આધ્યાત્મિક જીવન વિષે સલાહ અને માર્ગદર્શન પણ કોઈ જાતના પ્રયાસ વિના સ્વાભાવિક રીતે આપતાં, છતાં બધો જ સમય સર્વદા મા એમના પોતાના એ દિવ્ય સ્તરમાં સ્થિત રહેતાં કે જ્યાં "કદાપિ કંઈ જ થયું નથી, કંઈ જ થતું નથી, કંઈ જ થવાનું નથી. સર્વ કંઈ સદા જે છે તે જ." અને વળી, "બાબા, આવવાનું નથી અને જવાનું નથી. જે છે તે જ સર્વદા એમ છે," પોતાને વિષે "પહેલાં જે હતું અત્યારે પણ તે જ છે અને હંમેશાં તે જ રહેશે. આ જ સત્ય છે." જેવી રીતે વિશાળ સમુદ્રની ઉપર ઊઠતા અસંખ્ય તરંગોની વિક્ષોભક હલનચલનથી એની અચળતા, સ્વાયત્તતા અને અદ્વૈતત્વ ઉપર કંઈ પ્રભાવ નથી પડતો કે પરિવર્તન નથી થતું, તે જ રીતે શ્રીશ્રીમાના બાહ્ય સ્વરૂપમાં દેખાતી વિવિધ ક્રિયાઓ તથા પ્રવૃત્તિઓથી 'એમની' દિવ્ય સત્તાની આંતરિક ગહનતામાં કોઈ પ્રકારે ફેર નથી પડતો. તેઓ સદૈવ 'એમના' સ્વસ્થાનમાં અને 'એમની' સ્વ-અવસ્થામાં જ રહેતાં. 'તેઓ' સ્વયં 'એમનો' સંદેશ તથા ઉપદેશ હતાં, તેમ છતાં, આપણી વ્યાવહારિક સત્તામાં, પૂજનવિધિમાં ઝીણામાં ઝીણી બાબતનું સાવચેતીપૂર્વક પાલન કરવું તથા કર્મકાંડમાં શાસ્ત્રના નિયમોનું સંપૂર્ણ પાલન કરવું - આ પોતે જ એક શિક્ષણ હતું. વિશેષ પ્રસંગો વખતે બધી વ્યવસ્થા પર 'તેઓ' દૃષ્ટિપાત કરી લેતાં અને પ્રત્યેક વસ્તુ ક્ષતિહીન રીતે થઈ છે કે કેમ તે જોઈ લેતાં. ભક્તો માટે તો 'તેઓ' માર્ગદર્શક, મિત્ર તથા ગુરુ હતાં, અને વ્યક્તિની પ્રગતિની કક્ષા તેમ જ સમજશક્તિ અનુસાર પ્રત્યેકની સાથે વાત કરતાં. 'એમને' તો સંપૂર્ણ જ્ઞાન હતું જ કે આ માનવીય જગતમાં કંઈ જ અવિનાશી કે શાશ્વત નથી, છતાં જ્યાં સુધી મનુષ્ય એમાં છે અને દેહાધ્યાસ છે ત્યાં સુધી જગત સાવ સાચું છે, અને તેથી પ્રત્યેકને પોતપોતાની સ્થિતિ અનુસાર સમજાય તેવા ઉપદેશ અને માર્ગદર્શનની જરૂર છે. એ બધાની કક્ષાએ નીચે ઊતરીને તે તે સમયે તેમની જરૂરિયાત પ્રમાણે સાથે રહેવાની જે સમજ અને શક્યતા એમનામાં હતી તે જ માની કૃપાની વિસ્મયકારક સુંદરતા છે.

મા વિષે વિદ્વાન સંન્યાસીઓ, પંડિતો અને ભક્તો જ્યારે જ્યારે જે જે મત તથા અભિપ્રાય આપતા, તેમાં 'એમણે' હા કે ના નથી કહી, સ્વીકાર કે અસ્વીકાર નથી કર્યો, માત્ર કોઈ વાર સૌમ્યતાથી કહેતાં, "બાબા, એ તો તમે એવું કહો છો" અર્થાત્ હુ જે છું તે છું. તમારી જાતને જાણો, ત્યાર પછી મને જાણશો. કોણ જાણે, ત્યારે કદાચ તમને મને જાણવાની પણ જરૂર નહીં હોય. આ છે શ્રીશ્રીમા, આ મનુષ્યલોકને પ્રકાશિત કરતો દિવ્ય પ્રકાશ, પૃથ્વી પરનું દિવ્ય તેજ.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બે વિશેષ વાતો

- અમૂલ્યકુમાર દત્તગુપ્ત

(એમ કહેવાય છે કે સ્ત્રીઓથી પ્રણવ-ઉચ્ચારણ ન કરાય. એ વિષે **મા**ને પ્રશ્ન પૂછતાં, માનો આ ઉત્તર છે :)

"આનો એક અર્થ એવો થયો કે એ લોકોની (અથાત્ સ્ત્રીઓની) બનાવટ જ એવી છે કે તેઓ પ્રણવ-ઉચ્ચારણ નથી કરી શકતાં, અર્થાત્ એમનામાં એવી બધી ગ્રંથિઓ છે કે જેને લીધે પ્રણવનું સ્ફુરણ નથી થતું. પરંતુ જો બનાવટ બદલાઈ જાય, જો એ બધી ગ્રંથિઓ ખુલી જાય તો પ્રણવનું ઉચ્ચારણ થઈ શકે.

સ્ત્રીઓ પ્રણવનું ઉચ્ચારણ ન કરી શકે તેનો બીજો અર્થ પણ થઈ શકે : સ્ત્રી કોણ છે ? જે અબળા છે તે જ સ્ત્રી છે. એ કે જે દુર્બળ, જે બીજાનો આશ્રય લેવા માગે આ અર્થમાં બધાં જ સ્ત્રી છે. પુરુષની આકૃતિ માત્રથી પુરુષ નથી થવાતું. સ્ત્રી જેમ પુરુષનો આશ્રય લેવા ઈચ્છે છે, પુરુષ પણ તેમ સ્ત્રીનો આશ્રય ઈચ્છે છે. આ અર્થમાં બન્ને જ દુર્બળ. એટલા માટે જ કહેવાય છે કે બધાં જ સ્ત્રી છે. જ્યાં સુધી એ દુર્બળતા રહે ત્યાં સુધી (પ્રણવ) ઉચ્ચારણ - અર્થાત્ ઊર્ધ્વમાં વિચરણ સંભવ કેવી રીતે થાય? જ્યારે દુર્બળતા જતી રહે ત્યારે બધાંને જ માટે પ્રણવ-ઉચ્ચારણ સંભવ થાય.

એક બાજુ જેમ કહેવાય છે કે સ્ત્રીઓને પ્રણવ-ઉચ્ચારણનો અધિકાર નથી, વળી એમ પણ કહેવામાં આવ્યું છે કે "स्त्रियः समस्ताः सकला जगत्सु" એ દૃષ્ટિએ કહી શકાય કે સ્ત્રીઓ સિવાય બીજા કોઈનું પણ પ્રણવ-ઉચ્ચારણમાં સામર્થ્ય નથી. તમે લોકો કહો છો ને કે પ્રણવથી જ સૃષ્ટિ થાય છે. સૃષ્ટિનો અર્થ તો "કંઈ કરવાનો" છે. શક્તિ સિવાય કામ કોણ કરશે ? એટલા માટે જ પ્રણવ-ઉચ્ચારણ કરવું કે સૃષ્ટિ કરવી તે એક સ્ત્રી અથવા શક્તિ માટે જ સંભવ છે. એટલા માટે જુઓ છો કે સ્ત્રી પ્રણવ ન બોલી શકે એ વાત જેમ સાચી છે, સ્ત્રી સિવાય બીજું કોઈ પ્રણવ-ઉચ્ચારણ ન કરી શકે એ વાત પણ તેમ જ સાચી છે.

●

ડૉ. પન્નાલાલ એમણે લખેલા પુસ્તકમાંથી માતાજીની સમાધિની વિવિધ અવસ્થાઓનો પ્રસંગ વાંચતા હતા. એ સંદર્ભમાં એમણે ચર્ચા ચલાવી - "માતાજી, સાધન કરતી વખતે કેટલાક તો ધનુષધારી શ્રીરામચંદ્રની મૂર્તિનું ધ્યાન કરે છે, તો કેટલાક 'અહં બ્રહ્માસ્મિ' એવું પણ ધ્યાન કરતા હોય છે. આપની અંદર જ્યારે સાધનાની ક્રિયાઓ થતી હતી ત્યારે આપ કયું ધ્યાન કરતાં હતાં ?

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતાજી (હસીને) : પિતાજી, આટલા દિવસ (આ) શરીરનો સંગ કરીને આખરે આ જ પ્રશ્ન પૂછ્યો ? જો તત્ જ્ઞાનમાં રહેવાય તો બીજું કંઈ વિચારવાનો અવસર જ ક્યાં ?

માતાજીની વાત સાંભળીને ડૉ. પન્નાલાલ થોડા મૂંઝવણમાં પડી ગયા.

માતાજી (ડૉ. પન્નાલાલ પ્રત્યે) : હું શું ધ્યાન કરતી હતી ?

ડૉ. પન્નાલાલે એમના પુસ્તકમાંથી માતાજીનું એક ધ્યાનસ્થ મુદ્રાવાળું ચિત્ર દેખાડીને કહ્યું, "આ ચિત્રથી એવું લાગે છે કે આપ ધ્યાન કરતાં હતાં."

માતાજી (હસીને) : ભલે, તો સાંભળો. પેલે દિવસે અહીંયાં જે રાસલીલા થયેલી તેમાં પણ ધ્યાન આપવા માટેનો એક મુખ્ય વિષય હતો. તમે લોકોએ જોયું હશે કે શ્રીકૃષ્ણને નાચવાનું શીખવાડવા છતાં એ બરાબર નાચી નથી શકતા, તેથી એમને ધમકાવવામાં આવે છે અને એ રડવા માંડે છે. ભગવાન શ્રીકૃષ્ણનું એ બધું શું છે ?

ડૉ. પ. : એ બધી ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ છે.

માતાજી : બીજું પણ જુઓ - ગોપીઓનું માખણ ચોરીને ખાધા પછી ગોપીઓ જ્યારે શ્રીકૃષ્ણને ચોર કહીને વઢે છે ત્યારે એ જવાબ આપે છે, "મેં ચોરી ક્યાં કરી ? મેં તો મારા ઘરમાં જ માખણ ખાધું છે." જોયું કે, શ્રીકૃષ્ણને માટે દ્વિતીય (અર્થાત્ દ્વૈત) નથી, માટે એમના (માખણચોરીના) કાર્યને એ દોષની અંતર્ગત નથી ગણતા.

"સમુદ્રમાં કેટલાં મોજાં આવે છે, ત્યારે એવું લાગે છે કે મોજાં જળથી પૃથક્ છે, પણ જેમને માટે આ મોજાં જળ સિવાય બીજું કંઈ નથી તેમની દૃષ્ટિએ જળ અને મોજાંમાં ભેદ ક્યાંથી ? દુનિયામાં તમે લોકો વિવિધ પ્રકારના લોકોને જુઓ છો, કેટલાક તો દુનિયાને લઈને મસ્ત છે, તો કેટલાક ભગવાન તરફ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ બધું કોણ છે ? આ પણ "એ" જ. એટલા માટે એમ કહેવાય છે કે આ સૃષ્ટિ પણ એમની જ લીલા છે. તેઓ જ પોતાની સાથે રમી રહ્યા છે. સંપૂર્ણ સૃષ્ટિ જ પરમાત્માનું સ્મિત છે. સૃષ્ટિ સંબંધી જે કહેવામાં આવ્યું છે, આ શરીરની સાધનાને પણ તે જ પ્રકારે લઈ શકો, આ શરીરે જે સાધના કરી છે તે બીજું કંઈ નથી - **આ શરીરે કેવળ આ શરીરની સાથે જ ખેલ કર્યો છે.** રાતના ૧૧ વાગી ગયા છે, આજે બીજા અધિક વિસ્તારથી કહેવાનો સમય નથી."

ડૉ. પ. (ખુકુની દીદીને) : દીદી, મારા પ્રશ્નનો જવાબ તો મને મળી જ ગયો.

દીદી : હાસ્તો.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાળકોને નાનપણથી જ ધર્મશિક્ષણ આપવું જોઈએ

ચિંતાહરણ બાબૂનાં પત્નીની હિસ્ટીરિયાની માંદગી વિષે વાત થતાં માએ કહ્યું :

"એના સંસ્કાર સારા હતા, પણ સ્વાભાવિક ભાવે વિકાસ ન થઈ શકવાથી આજે આ સ્થિતિમાં આવી ગઈ છે.

"બાળકોમાં પણ ધર્મ-સંસ્કારો હોય છે, પણ માતા-પિતા એ સમજી ન શકવાથી એમને અન્ય માર્ગે વાળવાનો પ્રયત્ન કરે છે, જેનું પરિણામ સારું નથી આવતું. ઘણાં આવાં બાળકોને સખત રોગ થઈ જાય છે. બનતાં સુધી ઉન્માદ રોગ (ગાંડપણ) થઈ જાય છે. બાળકોને નાનપણથી જ ધર્મ-શિક્ષણ આપવું જોઈએ. તમે લોકો બાળકોને નાનપણથી જ વાંચવા-લખવા માટે કેટલો પ્રયત્ન કરો છો, જેથી મોટા થઈને એ ઉપાર્જનશીલ બની શકે, પણ એમને ધાર્મિક શિક્ષણ નથી આપતા. હમણાં જ તે દિવસે એક પ્રોફેસર સાહેબ વર્તમાન યુગનાં અનાચાર તથા ઉચ્છૃંખલતાની ચર્ચા કરીને અફસોસ પ્રગટ કરતા હતા. મેં એમને કહ્યું કે આ બધી યુગની હવા છે, કંઈ જ અસ્વાભાવિક નથી. પ્રાચીનકાળમાં હિંદુઓના જીવનને ચાર આશ્રમોમાં વહેંચવામાં આવેલું. આજકાલ એ બધું નથી. બધા આશ્રમોનું મૂળ બ્રહ્મચર્ય આશ્રમ છે, એનો લોપ થઈ ગયો છે. એના અભાવથી શેષ આશ્રમોમાં પણ ગરબડ થઈ ગઈ છે. માતા-પિતાનો અસંયમ જ સંતાનોમાં પ્રવેશી ગયો છે. આવી હાલતમાં 'બાળકો અસંયમી છે' એમ કહીને ખેદ પ્રગટ કરવાથી શો લાભ ? આવશ્યકતા છે ધર્મ-શિક્ષણની. અર્થપ્રાપ્તિ માટે શિક્ષિત બનાવો છો, તે સાથે જ ધર્મના શિક્ષણની આવશ્યકતા છે.

(ચિંતાહરણ બાબૂ પ્રત્યે) "તમારામાં એક ગોપન-ભાવ છે. એ ભાવને જો નાનપણથી જ ધર્મમાર્ગ બાજુ વાળી દેવામાં આવ્યો હોત તો ધર્મ વિષે તમે સમજદાર બની જાત, પરંતુ એને સાંસારિક વિષય બાજુ વાળી દેવાયો, તેથી જ સાંસારિક વિષયમાં તમે કાર્યપટુ થઈ ગયા. (મને ઉદ્દેશીને) પિતાજીમાં પણ એક શાંત ગંભીર ભાવ હતો. જો એ ભાવને નાનપણથી ધર્મ-પથ પર ચલાવ્યો હોત તો એમને શાંતિ પ્રાપ્ત થાત.

"આજકાલના માતા-પિતા ધર્મના નામથી બીએ છે. એ એમ માને છે કે જો એમને (બાળકોને) ધાર્મિક શિક્ષણ આપવામાં આવશે તો ઘરમાંથી ભાગી જશે. તેઓ એ નથી સમજતાં કે કેટલા લોકોનો સંન્યાસ ગ્રહણ કરવાનો અધિકાર છે અને કેટલા લોકો સંન્યાસી બનીને ગૃહત્યાગ કરે છે. જે લોકોમાં સંન્યાસી બનવાના સંસ્કાર છે, હજાર પ્રયત્ન કરવા છતાં એમને ગૃહસ્થ નથી બનાવી શકાતા."

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

એક વિદેશીની દૃષ્ટિએ મા

- આર્નો ડેસ્જાર્ડીન્સ (પૅરિસ)

વહેતી રહો હે પવિત્ર ગંગા, પર્વતોમાંથી વિસ્તૃત મેદાનોમાં, ઋષિકેશથી બનારસ - જેને એનાં સંતાનો કાશી કહે છે. એ પવિત્ર નગરીમાં ફરી જવાનો મારો વિચાર છે.

આખરે હવે હું પ્રત્યક્ષ રૂપે એ સંતને જોવા પામીશ, જેમનાં બે ચિત્રોએ અનેક વર્ષોના અંતરાલમાં મને એટલા જોશથી હચમચાવી દીધો હતો કે હું આજ સુધી એ ચિત્રોને ભૂલી શક્યો નથી. મેં મારો અભ્યાસ પૂરો કર્યો અને જીવનમાં બિન-અનુભવી હું જાતજાતની સમસ્યાઓમાં અટવાઈ ગયો. તે જ વખતે એક દિવસ એક વાચનાલયમાં એક પુસ્તક જોયું અને પાનાં ઉથલાવ્યાં. નામ હતું 'એક યોગીની આત્મકથા'. લખનાર પરમહંસ યોગાનંદ જેમણે પ્રસિદ્ધ *Slef Realization Society* સ્થાપી છે. પુસ્તકમાંના બધા જ મહાન તપસ્વીઓ અને પૂજ્ય સંતોના ફોટામાંથી એક આંખો બંધ કરેલી ખૂબ યુવાન સ્ત્રીના ફોટાથી મને એક ઝટકો વાગ્યો ! એ અસાધારણ રૂપે સુંદર હતાં, અને મને થયું 'આ જ એ સ્ત્રી છે, માતા, કુમારી.'

એનાં આઠ વર્ષ પછી એક અંગ્રેજ લેખક ફોટોગ્રાફરનું સુંદર પુસ્તક 'ઈન્ડિયા' મને કોઈએ ભેટ આપ્યું. હું પાનાં ફેરવતો જઉં છું, અન્યત્ર ન જોયેલી દૃષ્ટિયુક્ત એક વયસ્ક મહિલાનું મુખ એકદમ જ મને સ્પર્શી જાય છે. મને 'કૃષ્ણ' નામનો અર્થ યાદ આવે છે - જે હૃદયને ચોરે છે તે. પુસ્તકનો બાકીનો ભાગ હું જોતો જ નથી : તે જ દિવસથી એ પાનું ખુલ્લું પડ્યું છે અને પછી કદીયે બંધ નથી થયું.

હમણાં થોડાક માસ પહેલાં મારી મોટરમાં ભારતની પ્રથમ યાત્રાએ નીકળ્યો. મારો પહેલો પડાવ એક નાના 'સ્વિસ' ગામમાં હતો. મારું લક્ષ્યસ્થાન ત્યાંથી હજારો માઈલ દૂર હતું. એ ગામમાં દર વર્ષે ઉનાળો પસાર કરવા માટે બે સાહસી યુવતીઓ આવે છે. જે દેશમાં અન્વેષણ માટે હું જવાનો હતો, ત્યાં એમણે ઘણાં મહત્ત્વનાં વર્ષો પસાર કર્યાં હતાં. મેં પૂછ્યું, "જો મારે ભારતમાં એક જ વ્યક્તિને મળવાનું હોય તો તે કોણ છે?" એમાંનાં એકે ધીરેથી કહ્યું, "મા આનન્દમયી."

જ્યારે મેં સ્વામી શિવાનંદ (દિવ્ય જીવન સંઘ-ઋષિકેષના સ્થાપક)ની આગળ મા વિષે ઉલ્લેખ કર્યો ત્યારે એ બોલ્યા, "ભારતભૂમિનું એ સર્વતઃ સંપૂર્ણ પુષ્પ છે."

●

યુરોપના લોકો માટે પ્રેમથી કે ભયથી, ભારત જતાં બનારસ સૌથી પહેલું સ્થાન છે. મેં પણ એ શહેરમાં થોડાં અઠવાડિયાં પસાર કર્યાં, આટલો આનંદ મને કદી નહોતો થયો. મારા મિત્રો - ભટ્ટાચાર્ય દંપતિ - નો હું આભારી છું. એમણે એ શહેરના હૃદયનો મને પરિચય કરાવ્યો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

હું સ્વર્ગના રાજ્યમાં રહ્યો હોઉં એવું લાગ્યું, છતાં હું એવા ઘણા મુસાફરોને પણ મળ્યો છું જેમને મન ત્યાંની સ્મૃતિઓ દુઃસ્વપ્ન જેવી છે. મને તો ખાત્રી છે કે આખું જીવન બનારસમાં વ્યતીત કરી શકાય, તો પણ એની સંપદા ખૂટે નહીં. પરંતુ એક અધ્યાત્મના સાધકને હું ઓળખું છે, થોડાક કલાકમાં જ એમને ત્યાંથી ભાગી જવું પડ્યું હતું.

રસ્તો ભૂલી જવાય એવી એકસરખી દેખાતી અત્યંત સંકીર્ણ ગલીઓને છેક છેડે, સાવ ગંગા-કિનારે, 'ભદૈની'માં એ બંગાળી સંત-મહાત્મા શ્રી શ્રી મા આનન્દમયીનો આશ્રમ આવેલો છે. હું સૌ પ્રથમ વાર ત્યાં ગયો ત્યારે દુર્ગા-પૂજાનો ઉત્સવ હતો. મને હંમેશાં એ યાદ રહેશે.

સૂર્યોદય થયો ત્યારનો હું નીકળેલો તે છેક રાત્રે વારાણસી પહોંચ્યો. ખૂબ થાકેલો છું. તેમાંયે ભદૈની શોધવું તે એક મહાન ઘટના કહેવાય. આખરે ઘોડાગાડી માટે હોય એટલા પહોળા રસ્તા પર હું મોટર ઊભી રાખું છું. કેટલાક છોકરાઓની દોરવણીથી હું ગલીમાં આગળ ચાલું છું. રાત્રિના અંધકારમાં એ ગલી વધારે રહસ્યાત્મક અને અવાસ્તવિક જણાય છે.

ગલીને છેડે હું જે જોઉં છું તે અદ્‌ભુત છે !

●

વિશાળ માનવમેદની અંદર જાય છે, બહાર આવે છે, જે અંદર જાય છે અને બહાર આવે છે તે જુએ છે. કોઈને એવું લાગે (પાશ્ચાત્ય દેશવાસીઓને) કે રસ્તા પર આટલી અકલ્પનીય ભીડ છે કારણકે કોઈ મોટી હોટેલમાં કે ઑપેરા હાઉસમાં કોઈ વિશેષ કાર્યક્રમ હશે અને એના ભાગ રૂપે ચમત્કારિક રીતે લોકો ઓછાં કપડાંમાં ને જોડા વગરના છે !

લોકોના ધસારાવાળો સાંકડો પ્રવેશદ્વાર છે, તેમાં પણ ફૂલ-હાર વેચનારાઓનું વ્યવધાન, ઢગલાબંધ જોડા ને ચંપલો વેરવિખેર !

અંદરનું દબાણ તો અવર્ણનીય છે - તડકામાં શ્યામ પડી ગયેલા બરડા, રાત્રિમાં ચળકતાં સફેદ ધોતિયાં, રંગબેરંગી સાડીઓ. એક ગાઈડ આવીને મારો હાથ પકડી લે છે, રાતના અંધારામાં એનું શ્યામવર્ણું મોઢું બરાબર ઓળખી નથી શકાતું. સહેલાઈથી રસ્તો કાઢીને એક સાંકડા દાદર પરથી એ મને લઈ જાય છે.

ઘોંઘાટ, મંત્રોચ્ચાર, સંગીત બધું કાન બહેરા કરી દે એવું છે. અમે છત પર પહોંચીએ છીએ ત્યાં તો હજી વધારે ભીડ છે. શંખ, ઘંટ, મંજીરાની ત્રિતાલબદ્ધ ધ્વનિ એકદમ જોરથી સંભળાય છે. જેમણે સાંભળ્યું હોય તે જ સમજી શકશે, અને જેમણે નથી સાંભળ્યું તેઓ કલ્પના પણ નહીં કરી શકે. જોરજોરથી ગૂંજતો, અપાર્થિવ, તીવ્ર, અભિભૂત કરી દેતો, આખા શરીરને ધ્રુજાવતો એ ત્રિતાલનો લયબદ્ધ ધ્વનિ ભાવોને જકડી લે છે અને મનને શાંતિ આપે છે, જાણે કે ઉનાળાની સુંદર રાત્રિમાં નક્ષત્રોની વાણી આકાશ પ્રત્યે જાગતી હોય ! શ્વેત છતની સામેની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

બાજુએ, નીચેના કાળા પટની વચ્ચે અનાદિ ગંગાનો વિશાળ પ્રવાહ દેખાય છે. નદીમાંથી જાણે ઉપર ચઢતો હોય એવા દાદર ઉપરથી પરિપેક્ષ્યમાં હું જોઉં છું એક પુરુષનું અતિશય સુંદર મુખ, કદીયે ન જોયલું, કોઈક પરિભ્રમણ કરનાર સાધુ હશે જેમને માટે અનંત રસ્તાનો આ એક માત્ર વિરામ હશે. એમનામાંથી પ્રસ્ફુટિક થતી મૌન સુખદ શાંતિ, એમનું પ્રશાંત સ્મિત અને આંખોનું તેજ એ યંત્રોના ધ્વનિને અર્થ પ્રદાન કરે છે. પછી તેઓ અદૃશ્ય થઈ જાય છે.

એકાએક તે જ ક્ષણે શાંતિ, સંપૂર્ણ મૌન શાંતિ થઈ જાય છે, હજારો વ્યક્તિઓનું મૌન. ખબર નથી કેટલી વાર સુધી.

અને એકાએક ધક્કો વાગ્યો અને ફરી પાછો ધસારો કરતી, ઘોંઘાટ કરતી ભીડમાંથી હું જેમને લગભગ ભૂલી ગયેલો, તેમની જ સામે હતો. "માતાજી, માતાજી" કોઈએ કાનમાં કહ્યું.

એક મહિલા બહુ બહુ તો ૪૦ વરસનાં, ખભા પર ફેલાયેલા લાંબા કાળા વાળવાળાં, નિર્મળ શુભ્ર સાડીમાં આવૃત, મેં ધારેલાં તેનાથી અનેકગણાં અધિક સુંદર - મારી સામે સ્મિત કરે છે.

જમીન પર માથું અડકાડીને પ્રણામ કરવાનો પ્રશ્ન જ નથી ઊભો થતો. એમના પરથી હું મારી દૃષ્ટિ કેમે કરી ખસેડી જ નથી શકતો. જમીન ઉપર એક ઢીંચણ મૂકીને બેસી રહું છું. મને ખબર નથી ક્યાં સુધી આ ચાલ્યું ... અને પછી એ ફરી ગયાં અને ચાલવા લાગ્યાં. મને માતાજીનાં પ્રથમ વાર દર્શન થયાં.

●

માતાજી આવ્યાં. ભક્તો અને દર્શનાર્થીઓ એમની આસપાસ ટોળે વળીને બેઠાં છે, દર્શન કરવા માટે. એમની દિવ્ય ઉપસ્થિતિથી અને પ્રશાંત જ્યોતિથી સ્તોત્ર-ગાનમાં સજીવતા આવે છે.

એમની નિકટ શ્વેતવસ્ત્રધારિણી કન્યાઓ બેઠી છે, જેમણે પોતાનાં જીવન 'એમને' સમર્પી દીધાં છે. 'એમની' બાજુમાં એક વૃદ્ધ વયના, બહુ કૃશકાય, ખૂબ કોમળ, ભગવાં વસ્ત્રધારી, મુંડિત કેશવાળા સંન્યાસી બેઠા છે. એ છે દીદીમા - માતાજીનાં માતા, મા આનન્દમયીનાં માતા. એ વિનમ્ર, ગ્રામ્ય મહિલાને જોઈને મને સાનંદ આશ્ચર્ય થાય છે. એમણે બહુ નાની ઉંમરે ઘણાં બાળકો ગુમાવ્યાં, અને એમની ન સમજી શકાય એવી નાનકડી દીકરી કે જે બીજાં બધાં બાળકો કરતાં વધારે ગંભીર, વધારે કોમળ, વધારે આનંદી, જે નાની છોકરી જન્મી ત્યારે રુદન જ નહોતું કર્યું, જે નાનપણમાં માત્ર એક વાર રડી (વિશેષ સંદર્ભમાં) તે અત્યારે લાખો સ્ત્રી-પુરુષોની મા છે. દીદીમાનું જીવન તો એમના સીધા-સાદા ઘરમાં જ સીમિત હતું, તો પછી કેવી રીતે એ કલ્પના પણ કરી શક્યાં હોત કે એક દિવસ પોતે સમસ્ત ભારતમાં ફરશે, અને નાના માણસોની ભીડ ને મોટા માણસોનો વૈભવ એમના ચરણોમાં નમશે, અને અસ્પૃશ્ય

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વિદેશીઓ પોતાને માથે એમનો સ્પર્શ પામવા આજીજીઓ કરશે ?...

.... (ત્યાર પછી લેખક માની સેવિકાઓ વિષે, સંગીત તથા કીર્તન વિષે લખે છે.)

જરીકે રોકાયા વગર નવીન આગંતુકો રસ્તો કાઢીને મા પાસે આવે છે, ભૂમિષ્ઠ થઈને પ્રણામ કરે છે, ફળો અર્પણ કરે છે, ફૂલ-હાર અર્પણ કરે છે.

આ બધાં પૂજન-અભિવાદનોથી અલિપ્ત મા આનન્દમયી પરમ શાંતિ અને પરમાનંદમાં વિરાજે છે.

વચ્ચે વચ્ચે 'એમની' દૃષ્ટિ દૂર અવકાશમાં જતી રહે છે, અને 'એમના' મુખ પર અવર્ણનીય વિશુદ્ધ દિવ્ય સુંદરતા પ્રકાશે છે. તે ક્ષણે 'તેઓ' શું જોતાં હશે ? ક્યા 'લોક' સાથે 'એમનો' સંપર્ક થયો હશે ? આપણા બધાંથી તદ્દન ભિન્ન એવાં 'તેઓ' આપણી વચ્ચે છે તેનું મહત્ત્વ શું હશે ? 'એમને' આપણી જેમ આંખો છે છતાં કેટલી બધી જુદી છે ! 'તેઓ' આપણને જુએ છે અને આપણાથી ઘણું વધારે જુએ છે. આપણે કેમ એમના દૃશ્ય સુધી નથી પહોંચી શકતાં ? જે 'લોક'નું 'તેઓ' સજીવ પ્રમાણ છે ત્યાં આપણો કેમ પ્રવેશ વર્જ્ય છે ? હું 'એમને' જેટલી વધારે વાર જોઉં છું, તેટલો જ વધારે આશ્ચર્ય-ચકિત થાઉં છું.

કોઈ વાર 'તેઓ' નવા આગંતુક સામે જોઈને સ્મિત કરે છે. કોઈ વાર 'એમની' દૃષ્ટિ કોઈના ઉપર સ્થિર થાય છે અને એટલી શક્તિશાળી હોય છે કે જે બીજા લોકો એ જુએ છે તે પણ જીરવી નથી શકતા. બહુ જ થોડી ક્ષણો માટે આમ બને છે, છતાં લાગે છે અનંતકાળ....

'એમનું' મુખ એટલું બધું શક્તિમય છે કે હું દૃષ્ટિ ખસેડી નથી શકતો. ભીડની વચ્ચે રહીને મેં આજ સુધી કદી આવી જાતની તીવ્ર શક્તિ અને પૂર્ણતા જોઈ નથી. આખરે મારા જીવનમાં કંઈ બન્યું તો ખરું, અને એની એક ખાત્રી મારી સાથે દિવસો સુધી, સપ્તાહો સુધી રહે છે, અને બીજી એનાથી જરાયે ઓછી સબળ નહીં કે માતાજી માટે બધું જ શક્ય છે.

મને એક વાક્ય યાદ આવે છે : "મારી એવી યોગ્યતા નથી કે તું મારા ઘરમાં પ્રવેશ કરે, પણ માત્ર એક શબ્દ બોલ અને મારું બાળક બચી જશે."

કદાચ ખરેખર હું એ સમજી શકવાને સમર્થ હતો, તેથી એ જ ક્ષણે મા આનન્દમયીએ ધીરેથી એમનું મુખ મારી બાજુ ફેરવ્યું અને મારી સામે જોયું. એ ક્ષણ વિષે હું કંઈ નહીં કહું.

હવે 'તેઓ' બોલે છે. 'તેઓ' આનંદથી બોલે છે. 'તેઓ' ઘણું હસે છે. 'આનન્દમયી' શું એનો અર્થ આવો નથી થતો "આનંદથી યુક્ત"? પ્રત્યેક વ્યક્તિ ખૂબ ખુશ દેખાય છે. એક પછી એક પ્રશ્નો પૂછાય છે.

વાતાવરણ એકદમ મુક્ત છે, આત્મીય, સહજ, ઢીલું. મને ચોક્કસ જ, કંઈ જ સમજ નથી પડતી. પણ તેથી શું ? 'એમના' એક ફ્રેન્ચ શિષ્ય સ્વામી વિજયાનંદજીને કોઈક ટીકા

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરતાં કહેલું, "મા કહે છે તેમાંથી તમે તો કંઈ જ સમજી નથી શકતા !" એમણે આટલો જ જવાબ આપ્યો, "તો કોણ સમજે છે ?" *(But who does ?)*

ઉત્તર સાચો છે. મા આનન્દમયીની વાણી શબ્દાતીત છે, રમણ મહર્ષિના જેવી, અને જ્યારે મા બોલે છે, ત્યારે પણ તેઓ શબ્દોથી ઉપર હોય છે, એમને સાંભળનારાંની સમજણથી પણ ઉપર. તેમ છતાં મા આનન્દમયીનાં વચનોનો 'સંગ્રહ' તો છે જ. ઘણી વાર આશ્ચર્ય થાય છે અને ડઘાઈ જવાય છે કે જે રીતે આ અભણ (?) મહિલા વિદ્વાનોએ પૂછેલા અઘરામાં અઘરા પ્રશ્નોના ઉત્તર ક્ષણવારનાયે વિલંબ વગર આપે છે. વર્ષો સુધી 'એમના' શિષ્યોએ 'એમના' શબ્દોનો સંગ્રહ કર્યો છે, ખાસ કરીને આશ્ચર્યજનક વ્યક્તિત્વવાળાં, કદી ન થાકે એવાં શ્રી ગુરુપ્રિયા દેવીએ તથા બ્રહ્મચારી કમલદાએ, અને ઘણા બધાનું અંગ્રેજીમાં ભાષાંતર થયું છે. એ શબ્દો અદ્‌ભુત રસપ્રદ પ્રભાવોત્પાદક છે, આધ્યાત્મિક વિચારધારાનો આધારસ્તંભ છે અને આપણી બધી જાતની સાધનાઓ વિષેનું મહાન વિવેચન છે.

•

ઉત્તમ ગૃહસ્થ

કામ, ક્રોધ, મોહ, મદ્યપાન, મદ આદિ, માયા (કપટ), માત્સર્ય (ઈર્ષ્યા) પિશુનતા (ચુગલી), અવિવેક, વિચારશૂન્યતા, અંધકાર (તમોગુણ), સ્વેચ્છાચારિતા, ચપલતા (ચાંચલ્ય), લોલુપતા, સાંસારિક વસ્તુઓ માટે અત્યંત ક્લેશ થવો, અકર્મણ્યતા, પ્રમાદ, બીજા સાથે દ્રોહ કરવો, આલસ્ય, દીર્ઘસૂત્રિતા (દરેક કામમાં ખૂબ વાર કરવી), પરનારી સાથે અનુચિત સંબંધ, અત્યાહાર, નિરાહાર, શોક, ચોરી - આ સર્વ દોષોથી દૂર રહીને જે જીવે તે મનુષ્ય પૃથ્વીનું, દેશનું તથા નગરનું ભૂષણ છે. તે જ શ્રીમાન્ (ધનૈશ્વર્ય અને સદ્‌ગુણોથી યુક્ત), વિદ્વાન, કુલીન અને મનુષ્યોમાં શ્રેષ્ઠ છે, તથા એને સંપૂર્ણ તીર્થોમાં સ્નાન કરવાનું જે ફળ છે તે પ્રાપ્ત થાય છે.

(સ્કંદપુરાણ - પ્રભાસખંડ)

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સંત મથુરાદાસ

- પરિવ્રાજક

ભારતવર્ષમાં સંતોની ખોટ નથી. એવા અનેક અજ્ઞાત સંતો થઈ ગયા જેમને વિષેની જાણકારી નહિવત્ છે. પરંતુ સંત મથુરાદાસ એક સ્થિતપ્રજ્ઞ, પ્રકૃત સંત હતા. માથા પર આછા વાળ, માત્ર એક અધોવસ્ત્ર, સ્નાનાદિની પરવા નહિ. સંતના દેહમાંથી દુર્ગંધ તો કોઈ દિવસ આવતી નહિ. ભિક્ષામાં જો ઘી ચોપડેલી રોટલી હોય તો તે લે ખરા, પણ ગાય-કૂતરાને ખવડાવી દે. તે જ પ્રમાણે દૂધ પણ લેતા નહિ. આમ ઘી-દૂધ વગર તેઓ સવા સો વર્ષ જીવ્યા હતા.

એક વાર શિકારપુર નામના ગામે ભિક્ષામાં એક સ્ત્રીએ રોટલી-શાક જેવું કંઈ આપ્યું, પણ વાસ્તવમાં હતું તે રાંધેલું માંસ. સંત તો ઊભા ઊભા ખાવાની તૈયાર કરતા હતા, એટલામાં મકાનમાલિકે દોડતા આવીને એમના હાથમાંથી ઝૂંટવી લઈને સ્ત્રીને ધમકાવતાં કહ્યું, "આ શું અખાદ્ય સંતને આપ્યું છે ?" સંતને ક્ષમાયાચનાસહિત રોટલી-શાકની ભિક્ષા આપી તેઓ કહેતા, "ભગવાન તો એમના બાળકને બચાવી લે છે. આમાં દોષ કે રોષ કોના પર કરવો ?"

તેઓ તો રમતારામ. એક વાર ક્વેટા પહોંચ્યા. દેખાવ એવો કે નાની દાઢી, માથે થોડાક જ વાળ અને એક કપડું વીંટેલું માત્ર. પોલિસે ભિખારી સમજીને કેદમાં પૂર્યા. તેઓ તો આત્માનંદમાં મગ્ન ! મસ્તીમાં હસ્યા કરે. આખરે કેટલાક લોકોએ ઓળખ્યા કે આ તો સંત મથુરાદાસ છે ! એમના દર્શન માટે લોકો ભેગા થઈ ગયા. સુપરિટેન્ડન્ટે ક્ષમા માગી અને હુકમ કર્યો કે આ સંત જ્યાં જે હાલતમાં રહે, કોઈએ એમને હેરાન કરવા નહિ. પરંતુ એમણે કેદમાંથી બહાર આવવાની ના પાડી "અહીંયાં એવી સખ્તી છે કે કોઈ આવતું નથી અને સમયસર રોટી મળી રહે છે." ગામ લોકોએ એમને લઈને શોભાયાત્રા કાઢી. તેઓ ત્યાંથી નીકળીને એક નાકા પર કંડીમાં સૂઈ રહેતા. લોકોએ કહ્યું, "બાબા, અહીંયાં તો બે-ત્રણ ફૂટ બરફ પડે છે." તેમ છતાં તેઓ તો ત્યાં જ રહ્યા, અને એક પ્રકારનું ઘાસ, જેમાંથી દૂધ જેવો રસ નીકળે છે, તે ખાઈને રહેતા. ભિક્ષા માટે જતા નહિ.

એક વાર એક સિંહને શિકારીએ મારી નાખ્યો. સિંહણ શિકારીની શોધમાં પ્રચંડ ગર્જના કરતી કરતી બાબા પાસે આવી. બાબાએ એને જોઈ, આસન જમાવીને બેઠા, સિંહણ શાંત ભાવે થોડી વાર બેઠી અને જતી રહી.

એક વાર તેઓ ક્યાં ગયા તે વિષે કોઈ પત્તો ન મેળવી શક્યું. અંતે બહુ શોધ કર્યા પછી ખબર પડી કે એક ટેકરા પરથી ખાડામાં પડી ગયા છે. પગે સોજો આવવાથી ફૂલી ગયો હતો. એમને બહાર કાઢીને હરદ્વાર પાસે કનખલમાં હૉસ્પિટલમાં લઈ ગયા. ડૉક્ટરે જણાવ્યું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કે આંખા પગમાં પરુ થઈ ગયું છે માટે ઑપરેશન કરવું પડશે. ખૂબ સમજાવ્યા પછી તેઓ સમ્મત થયા, પરંતુ બેભાન કરવા માટે જ્યારે ક્લોરોફોર્મ આપવાની તૈયારી થતી જોઈ ત્યારે એમણે સ્પષ્ટ રૂપે ના પાડી. ડૉક્ટર ગભરાયા, પણ બે મોટા ચેકા મારીને જોયું તો એમણે સહેજે દુઃખના ઉદ્‌ગાર ન કાઢ્યા કે ન તો વેદનાનો ભાવ દેખાડ્યો. ઑપરેશન થઈ ગયું સંપૂર્ણ સભાન અવસ્થામાં, અને તરત જ ચાલીને બહાર જવા તૈયાર થયા. લોકોએ થોડા દિવસ ખાટલામાં સૂઈ રહેવા સમજાવવાનો પ્રયત્ન કર્યો, તેઓ રાજી થયા. સ્વસ્થ થયા પછી એમની આ અવસ્થા જોઈ અચ્યુતમુનિ વગેરે મહાત્માઓ મળવા આવ્યા, અને સંત મથુરદાસની અવસ્થા જોઈ બોલ્યા,

"હું સમાધિ અવસ્થામાં દેહાધ્યાસથી પર થાઉં છું, પણ આ તો સદા સમાધિમાં રહે છે, સર્વ અવસ્થામાં. પછી કાપે તો યે શું અને ન કાપે તોયે શું, શરીર પર વસ્ત્ર રહે તોયે શું ને ન રહે તોયે શું."

સંત બોલ્યા, "લીલા નારિયેળમાં અંદરથી ગર્ભ ચોંટેલો હોય છે તે છે સંસારી અવસ્થા. સૂકા નારિયેળમાં ગોળો નારિયેળથી છૂટો રહે છે તે છે સંતની અવસ્થા. શરીર અને મનને જેણે જુદાં પાડ્યાં છે તેની આ અવસ્થા હોય છે. મન અહીં બ્રહ્મ સાથે જોડાશે ત્યારે શરીરથી પર થશે."

અચ્યુતમુનિએ કહ્યું, "આ તો જડભરતના જેવી સહજસમાધિ." અચ્યુતમુનિ તથા સિયારામજી સાથે ખૂબ સત્સંગ થતો. એક વાર સિયારામજી મહારાજે કહ્યું કે, "જ્ઞાનીએ પણ પ્રારબ્ધભોગ પૂરો કરવો પડે છે." સંત મથુરાદાસે કહ્યું, "સાચી વાત. દુકાનમાં જ્યારે ખોટ આવે છે ત્યારે બધા લેણદારો ઘેરી વળે છે, તેમ જ્યારે અંતિમ સમય આવે ત્યારે રોગ, ડૉક્ટરો હાજર થઈ જન્મ - જન્માંતરોનાં લેણદેણ પૂરેપૂરાં વસૂલ કરશે, જાણે કે આ (શરીર) દુકાન હવે બંધ થવાની છે."

એક વાર એમણે કહ્યું, "શિયાળ જીહ્વાને કારણે ઊંટના મોઢામાં લટકી ગયું. એટલા માટે જીહ્વા અને જનનેન્દ્રિયનો સંયમ જે રાખે તે ઘણાં સુખદુઃખમાંથી બચી જાય. જીવ શિયાળની જેમ ભટકે છે."

આ સંત મથુરાદાસ પરમ તત્ત્વને પામી ૧૯૨૭માં કનખલમાં બ્રહ્મલીન થયા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

માતૃ-સ્મૃતિ

- કુ. ચિત્રા ઘોષ

૧૬-૧૨-૧૯૫૯, બુધવાર

ઉત્કંઠેશ્વર અમદાવાદથી ૩૫ માઈલ દૂર એક ટેકરા પર આવેલું છે. ઊંટની પીઠ જેવા ગોળાકાર આકારમાં અહીં મહાદેવજીની મૂર્તિ વિરાજે છે, તેથી આ સ્થળનું નામ ઉત્કંઠેશ્વર છે. આ મહર્ષિ જાબાલિની તપોભૂમિ છે. ઉત્કંઠેશ્વરની ચારે બાજુ જે ટેકરીઓ છે, તેમને વિષે કહેવાય છે કે એ મુનિએ જે હવન કરેલો તેની ભસ્મરાશિ છે. અહીં શ્રી કાંતિભાઈ મુન્શાના પ્રયાસથી એક યોગાશ્રમ બનાવવામાં આવ્યો છે, જે એમના મૃત્યુ પછી હવે ટ્રસ્ટીઓના હાથમાં છે.

અમે લોકો બસમાં ઉત્કંઠેશ્વર ગયાં. દસ-બાર માઈલ જેટલો તો પાકો રસ્તો છે, ત્યાર પછી ખાડા-ટેકરાવાળો માર્ગ શરૂ થાય છે. બન્ને બાજુ કાંટાવાળાં ઝાડ છે. જ્યાં માર્ગ અત્યંત સંકીર્ણ છે, બસની બારીઓ નાની છે, ત્યાં બસમાં બેઠેલા યાત્રીઓ અસાવધાન હોય તો એ કાંટા સાથે અથડાય છે. ક્યાંક માર્ગ છે તો ક્યાંક નથી, ક્યાંક તો ખેડેલાં ખેતરો વચ્ચેથી બસ પસાર થઈ જાય છે. સામે એક નાનકડી નદી છે. બસ એની અંદરથી તરીને બહાર નીકળી સામે પાર પહોંચી. હવે ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર બે માઈલ દૂર હતું, બસ ઊભી રહી ગઈ, આગળ જવાનો રસ્તો નહોતો. કેડ સમાણાં પાણીમાં ચાલતાં ચાલતાં નદી પાર કરીને આખરે અમે મરુતીર્થ ઉત્કંઠેશ્વર પહોંચ્યાં.

માતાજીને માટે બીજે રસ્તેથી અહીં આવવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. એ ૬૫ માઈલ વધારે લાંબો હતો, પરંતુ એ માર્ગે નદી પાર કરવી નથી પડતી, માર્ગ જો કે સંકીર્ણ તથા કાચો છે.

યોગાશ્રમમાં એક જૈન સાધુ રહેતા હતા. અત્યારે એમનું શરીર નથી. ખાસ્સી મોટી જગ્યામાં થોડી કુટીરો બનાવેલી છે. થોડેક દૂર ટેકરા પર ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર દેખાય છે. કુટીરોની નીચે બનાવેલી ગુફાઓ જોવા જેવી છે - મોટી મોટી ગુફાઓ અનેક ભાગોમાં વહેંચાયેલી છે. આ અત્યંત નિર્જન સાધના સ્થળ છે. સ્વ. કાંતિભાઈ મુન્શાની હયાતીમાં માતાજી અહીંયાં બે વાર આવેલાં છે.

૧૭-૧૨-૫૯, ગુરુવાર.

આપણા આશ્રમના નિયમાનુસાર અહીં પણ સત્સંગ થાય છે. માતાજી સત્સંગમાં લગભગ ૧૧ વાગે પધાર્યાં. કાંતિભાઈ (ભાગવતાનંદજી) શ્રીમદ્ ભાગવતની વ્યાખ્યા કરે છે. અહીંયાંના સ્વયંજ્યોતિ નામના સાધુ માતાજીને એક પુસ્તકાગારમાં લઈ ગયા જ્યાં જૈન સાધુની મૂર્તિ મૂકેલી

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. અહીં સ્થાનીય લોકોની ભીડ નહિવત્ છે. માતાજીને સારો વિશ્રામ મળે છે. ગુરુપ્રિયા દીદી તથા બુનિદી શારીરિક અસ્વસ્થતાને લીધે અમદાવાદમાં જ રોકાયાં છે. માતાજી સાથે માત્ર દીદીમા (નાનીજી) છે. સાંજે શ્રી વિષ્ણુ આશ્રમજી તથા શ્રી સ્વયંજ્યોતિજીનાં પ્રવચનોમાં માતાજી પધાર્યાં.

૧૮-૧૨-૫૯, શુક્રવાર

આજે બપોરે બ્રાહ્મણ-ભોજન ચાલતું હતું. માતાજી પંક્તિબદ્ધ થતા ભોજનને જોઈ આવ્યાં. સાંજે અનેક બાળકો તથા નર-નારીઓ માતાજીનાં દર્શન કરવા આજુબાજુના ગામડાંમાંથી આવ્યાં. સંધ્યાકાળે સ્વ. કાંતિભાઈ મુન્શાનાં આત્મીય સ્વજનો તથા કુટુંબીઓ માતાજીના કક્ષમાં બેઠાં હતાં. માતાજી પોતાના 'ખ્યાલ' થી જ 'ગણેશજીની માતૃભક્તિ' 'નારદજીની માયા' તથા કૃષ્ણ-બલરામની બાળલીલાની કથા કહેતાં હતાં. ત્યાર પછી શ્રી વિષ્ણુ આશ્રમજીના પ્રવચનમાં મંડપમાં પધાર્યાં.

૧૯-૧૨-૫૯, શનિવાર

આજે અમારો અમદાવાદ પાછા ફરવાનો વારો છે. અહીં પાસે જ કોઈ શેઠે હાલમાં જ બનાવેલો એક વાનપ્રસ્થ-આશ્રમ છે. સ્વામી પરમાનંદજી માતાજીને એ બતાવવા માટે લઈ ગયા.

આજે બપોરે ત્રણ વાગે માતાજી અહીંયાંથી રવાના થયાં. લગભગ છ વાગે માતાજી અમદાવાદ પહોંચ્યાં. રાત્રે આઠ વાગે માતાજી એમના કક્ષની સામે બાંધેલા નાન્નકડા મંડપમાં બિરાજ્યાં.

શ્રીમદ્ ભાગવત-સપ્તાહ પૂરો થઈ ગયો હતો, એટલે મંડપ ખુલી ગયેલો હતો. મૌન પછી માતૃ-સત્સંગ થાય છે. આજે માતાજીએ પોતે જ થોડીક વાતો કરી :

૧. સર્વદા મોંમાં મિશ્રી (સાકર) રાખજો - અર્થાત્ મોંમાં હરિનામ રાખજો - નામ રસામૃત.

૨. રોજ પ્રાતઃકાળે ત્રિફળા સેવન કરજો - ત્રિફળા અર્થાત્ હરિનામ-કીર્તન, હરિનામ-શ્રવણ, હરિનામ-ચિંતન.

૩. આ શરીરને એક વાર પૂછેલું - 'માતાજી, આપ ક્યાં રહો છો ?'

બીજો પ્રશ્ન હતો, 'આપના ઘરમાં કોણ કોણ છે ?'

શરીરના મુખેથી આવ્યું - આત્માનંદ.

માતાજીએ વળી કહ્યું, 'તમે લોકોએ તો આ શરીરને વાંચતા-લખતા નથી શીખવ્યું. વાંચતા-લખતા શીખવશો કેવી રીતે - આવી ગમ્મત થતી, શું કહું પિતાજી (વિષ્ણુ આશ્રમજી પ્રત્યે) આવું જ માથું ખરાબ હતું. એક લાઈન પછી બીજી લાઈન વાંચતી વખતે પહેલાંની લાઈન તદ્દન ગાયબ થઈ જતી. લાઈનની વાત જ છોડો - અક્કેક અક્ષર જેમ વાંચવા જતી - એ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

રોશનીથી ભરાઈ જતું - 'અક્ષર બ્રહ્મ' ભણતર આટલે સુધીનું જ.

૨૦ ડીસેમ્બર, રવિવાર

આજે માતાજીને મુકુંદભાઈને ઘરે લઈ ગયાં. સવારનો સત્સંગ, માતાજી માટેનો ભોગ, વિશ્રામ બધું જ મુકુંદભાઈને ઘેર થશે. ત્યાં માતાજી માટે એક ઓરડો છે. એ જ એમનું પૂજાસ્થાન છે. માતાજીએ પોતે જ કહ્યું, "રાતમેં ભી ઠાકુરઘરમેં હી લેટી રહૂંગી." સાંજે માતાજીને ભક્તોના ઘરોમાં લઈ જવામાં આવ્યાં. ઠાકોરભાઈની રામકૃષ્ણ મિલ પર ગયાં. ત્યાંથી કાંતિભાઈ મુન્શાની પુત્રી ઉર્મિલાને સાસરે ગયાં. ઉર્મિલા અને મધુકાંતને ઘરે શ્રી વિષ્ણુ આશ્રમજીનું પ્રવચન થયું. મૌન પત્યા પછી માતાજીએ થોડી વાર માટે કીર્તન ગાયું - "ધરો લઓ, ધરો લઓ" તથા "હરિ બોલ, હરિ બોલ."

૨૧ ડીસેમ્બર, સોમવાર

આજે કાંતિભાઈની બીજી વારની 'વરસી' છે. પ્રાતઃ પાંચ વાગે ઘરના પ્રાંગણમાં આશ્રમની બ્રહ્મચારિણીઓએ માતાજીના ચિત્ર સામે ઉષા-કીર્તન શરૂ કર્યું. ત્યાર પછી "મા, મા" નામ કીર્તન થયું, અને ત્યાર બાદ આખો દિવસ "હરે કૃષ્ણ" તથા અન્યાન્ય નામોનું અખંડ કીર્તન થયું. માતાજી મુકુંદભાઈને ઘેરથી નવ વાગે પધાર્યાં ત્યારે સંપૂર્ણ ગીતાનું પારાયણ ચાલતું હતું. બપોરે ૧૨ સાધુઓને ભોજન કરાવવામાં આવ્યું. માતાજી સામે ઉપસ્થિત રહ્યાં. સાંજે પાંચ વાગે કીર્તનની સમાપ્તિ વખતે પણ માતાજી આવ્યાં. સ્વામી માધવતીર્થે મીરાંબાઈના સંપૂર્ણ જીવન ચરિત્રનું રંગીન ચિત્રોમાં અંકન કર્યું હતું, જેને રંગીન slides રૂપે રાત્રે બતાવ્યું. સાથે અન્ય એક મહાત્મા મીરાંબાઈનાં ભજનો ગાતા હતા અને વિષયવસ્તુને ગુજરાતીમાં સમજાવતા હતા. ત્યાર પછી રોજની જેમ વિષ્ણુ આશ્રમજીનું પ્રવચન થયું.

૨૨ ડીસેમ્બર, મંગળવાર

આજે માતાજીનો અમદાવાદ છોડવાનો દિવસ છે. સવારે કુંદનબહેને માતાજીની આરતી ઊતારી, આશ્રમનાં સહુને વસ્ત્રો આપ્યાં. બપોરે બે વાગે મોટર દ્વારા માતાજી વડોદરા તરફ પધાર્યાં. પહેલાં તો દીદીમા, દીદી તથા બુનિદીની અહીંયાં જ રહેવાની વાત હતી. માતાજીના નીકળવાના સમયે દીદીમાની તબીયત ઠીક નથી એમ સાંભળીને માતાજીએ વારંવાર પૂછ્યું, "મા, આપ જશો કે ?" દીદીમાએ સ્પષ્ટ રૂપે હા કે ના ન કહ્યું. માતાજીએ દીદીમાને પગે માથું ટેકવીને પ્રણામ કર્યા. લૌકિક વ્યવહારમાં પણ માતાજીની સહેજે ભૂલ કે ત્રુટિ નથી હોતી, ગમે તેટલી ભીડ હોય કે વ્યસ્તતા હોય છતાં. દર વખતે માતાજી આમ કરે છે એવું નથી. જ્યારે "જે થઈ જાય". મોટરમાં બેસતી વખતે માએ દીદીમાને કહ્યું, "ચાલો મા, ભીમપુરા જવાનાં હો તો ઊઠો," તરત જ દીદીમા ચાલ્યાં. હમણાંથી વિશેષ રૂપે જોઉં છું કે દીદીમા માતાજીને

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છોડીને વધારે સમય રહેવાનો ભરોસો નથી કરી શકતાં. ઉંમર પણ થઈ છે. કોઈ વાર તબીયત વધુ બગડે છે, માટે જ માતાજીની સાથોસાથ રહેવાનું શ્રેયસ્કર માને છે.

આજે રાત્રે માતાજી વડોદરામાં તારકેશ્વર મંદિરની નજીકના એક વિદ્યાલયમાં રહેશે. મહાત્મા વિષ્ણુ આશ્રમજી પણ માતાજીની સાથે આવ્યા છે. માતાજીના આગમનની પ્રતીક્ષામાં ઘણી મોટી સંખ્યામાં નર-નારીઓ વિદ્યાલય-ભવનની સામે ઉપસ્થિત રહ્યાં હતાં. માતાજી થોડી વાર માટે વિદ્યાલય-ભવનની અંદર બેઠાં, પછીથી એમના વિશ્રામકક્ષમાં ગયાં. માતાજીના અંદર ગયા પછી સહુ વીખરાઈ ગયાં. માતાજી સામેના વરંડામાં બેઠાં. નીચે ઊભેલા લોકોએ માતાજીનાં દર્શન કર્યાં. રાત્રે તારકેશ્વર મંદિરના ચોગાનમાં સત્સંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. લગભગ આઠ વાગે માતાજી સત્સંગમાં આવ્યાં. વિષ્ણુ આશ્રમજીનું ભાષણ થયું. મૌન પત્યા પછી સ્થાનીય લોકોએ માતાજીને ભજનો સંભળાવ્યાં.

•

સૂફી સંત ઈસ્માઈલ શાહ જ્યારે અલ્લાહને પ્યારા થયા, ત્યારે શંકરભાઈની સહનશક્તિનો આરો આવી ગયો. એમનું તો બ્રાહ્મણ શરીર અને છતાં મુસ્લીમ ઔલિયાના તેઓ ભક્ત! એટલે ખંભાળિયાની જનતાએ એમને હેરાન કરવામાં કંઈ બાકી ન રાખ્યું. વળી ઈસ્માઈલ શાહના પ્રિય હતા તેથી મુસલમાનો પણ તેમની ઈર્ષ્યા કરતા. બીડીઓ વાળીને ગુજારો કરતા શંકરભાઈએ ઘણું સહન કર્યું. પરંતુ ઈસ્માઈલ શાહને દફનાવતી વખતે ગુલાબનાં ફૂલોનો ખોબો ધીમે ધીમે પધરાવતાં તેમનાં અનંતનાં દ્વાર ખુલી ગયાં. પાંચ વર્ષ પછી તેઓ ઈસ્માઈલ શાહની મઝાર કરાવતા હતા, ત્યારે એક પથ્થર ખસી જતાં અંદર જોયું તો ઔલિયાનું શરીર હતું તેવું ને તેવું જ રહેલું તેમ જ પોતે ચઢાવેલાં પુષ્પો પણ પાંચ વર્ષમાં કરમાયાં ન હતાં.

ઈશ્વર-અલ્લાહ સાથેની એકતા સૃષ્ટિના નિયમોને બદલી શકે છે, પૂર્ણ શરત માત્ર એક કે અપેક્ષા વિનાનો પ્રેમ.

- જયા કણિયા.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શ્રીમદ્-ભાગવત કથાનો માર્મિક રહસ્યબોધ

વક્તા : શ્રી પ્રણવાનંદજી મહારાજ (વૃંદાવન)

સ્થળ : શ્રી સંતરામ મંદિર, નડિયાદ

સંકલન તથા ભાવાનુવાદ : અનુરાધા જોષી

સંસારમાં પરાર્થી બનો અને પરમાર્થમાં હંમેશાં સ્વાર્થી બનો.'' અર્થાત્ સંસારના વ્યાવહારિક કાર્યોમાં અને ગૃહસ્થજીવનમાં હંમેશાં પોતાના કરતાં પહેલાં અન્યનો વિચાર કરો, અન્યને સુખ કેમ કરીને મળે તે પ્રમાણે વર્તન કરો, અને નિષ્કામ ભાવથી પરોપકાર અને સ્વકર્તવ્ય બજાવો. મનમાં કોઈ પણ સત્કાર્ય માટે જરીકે અહંકાર ન લાવો. પરંતુ પરમાર્થમાં હંમેશાં સ્વાર્થી બનો. પરમાત્માને પામવાની સ્વયાત્રા(આધ્યાત્મિક)માં સ્વાર્થ જરૂરી છે. સ્વ + અર્થ = સ્વાર્થ. પોતાની દૈનિક સાધના જેમકે જપ, ધ્યાન, ધારણા વિ. પરમાત્મસ્મરણ નિયમિત અને નિરંતરતાથી કરો. તેમાં કોઈ પણ નજીકનું કે દૂરનું, મિત્ર કે શત્રુ, જાણીતું કે અજાણ્યું કોઈપણ વિઘ્નકર્તા બને તો સ્વયં ત્યાંથી ખસી જાઓ. પોતાનો, પરમાર્થનો સ્વાર્થ સાધો, અને પળેપળની કિંમત સમજી તેનો સદુપયોગ કરો. યાદ રાખો કે ગયેલો સમય પાછો આવવાનો નથી. પોતાનું આધ્યાત્મિક ધન ભેગું કરવા માટે ખૂબ ખૂબ સ્વાર્થી બનો. કોઈની પણ અસર નીચે ન આવો, કોઈની પણ અસરથી પોતાના સમયનો દુઃર્વ્યય ન કરો, મનુષ્ય જન્મનો લાભ લો અને સાધના પાછળ લાગ્યા રહો. એક જ ધ્યેય નજર સમક્ષ રાખો - પરમાર્થ... પરમાર્થ.

●

''ભક્તિને અધીન મુક્તિ છે.'' - મુક્તિ પામવા માટે ભક્તિરૂપી પ્રવેશદ્વારમાં સાધકે પ્રવેશ કરવો જ પડશે. ભક્તિનો પાયો હશે તો જ જ્ઞાન અને વૈરાગ્ય આપોઆપ આવશે. જ્ઞાન અને વૈરાગ્ય હશે તો જ સાધકના અંતરમાં ઈશ્વરને જાણવાની, તેને પામવાની બ્રહ્મ-જિજ્ઞાસા જાગશે અને મુમુક્ષુતા આવતાં શ્રદ્ધાથી સાધના બળવત્તર બનશે. સાધ્ય (ભગવાન)ને પામવાના આ બધા જ સાધનોના મૂળમાં ભાવ છે, ભક્તિ છે, વૈરાગ્ય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસ ભાવ અને ભક્તિની પરમ-સીમા હતા. પાંચ વર્ષની નાની ઉંમરમાં તેમને પ્રકૃતિના સૌંદર્યને જોઈને પ્રકૃતિના રચયિતા (પરમાત્મા)નું સ્મરણ કરતાં તીવ્ર ભાવાવેશ થયો હતો. ચૈતન્ય મહાપ્રભુ જેવા મહાન સંત-ભક્તને પણ યમુનાજીનાં નીર જોઈને ભગવાન શ્રીકૃષ્ણનો ભાવાવેશ થયો હતો, અને તેઓ યમુનાજીમાં કૂદી પડ્યા હતા. સંત મીરાંબાઈ તેમજ સંત કબીરે પણ ભાવ અને ભક્તિથી જ પરમાત્માનું પોતાના હૃદયચક્રમાં આહ્વાન કર્યું હતું. જ્યાં અનન્ય ભક્તિ છે ત્યાં ભગવાન માટે અનન્ય પ્રેમ છે. પ્રેમનો એક નિયમ છે કે પહેલાં કંઈક ખોઈને પછી કંઈક મેળવવાનું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

છે. ઈશ્વરીય દિવ્યપ્રેમમાં ખોવાનું તો શું હોય ? પરંતુ તુચ્છ દુન્યવી કામના-ઈચ્છા ગુમાવીને શાશ્વત પ્રેમ, સુખ, સંતોષ, દિવ્ય આનંદ મેળવવાનો છે. સાંસારિક પ્રેમમાં હંમેશાં સ્વાર્થની ભાવના હોય છે. જ્યારે પરમાત્માના પ્રેમમાં વિરક્તિની ભાવના છે, અને જ્યાં વિરક્તિની ભાવના છે ત્યાં સર્વોચ્ચ ઉત્તમ પ્રેમ છે, કેમકે એ દિવ્ય પ્રેમમાં બદલામાં કંઈજ મેળવવાની કામના ભક્ત-સાધકને હોતી નથી. તે ઈશ્વરના પ્રેમથકી સ્વયં ઈશ્વરને પામવા માગે છે. પોતાના ઈષ્ટ પ્રિયતમ પરમાત્માના નામમાત્ર દર્શન, સ્પર્શન અને સાન્નિધ્યની ઝંખના કરે છે. તેને બદલામાં કશું જ જોઈતું નથી. આથી જ પ્રભુ પ્રત્યેનો ભક્તોનો પ્રેમ સર્વોત્તમ, સવોત્કૃષ્ટ છે. ભગવાનની ભક્તિ અને સંસાર પ્રત્યેની તેની વિરક્તિ વધારતો જાય છે.

પરમાત્માનાં બે સ્વરૂપો છે - સાકાર તથા નિરાકાર. પરમાત્માને આસક્તિના દૃષ્ટિકોણથી જોવાથી તે સાકારરૂપ છે. (એટલેકે ભક્ત-સાધકના મનોભાવરાજ્યમાં જે પરમાત્માનું સ્વરૂપ છે, તે સાકારરૂપ છે.) અને નિરાસક્ત ભાવથી પરમાત્માને ભજનાર સાધક માટે પરમાત્મા અદ્વૈત, નિરાકાર છે. નિરાસક્ત ભાવ ઉત્તમ છે. નિરાસક્ત ભાવથી જ્યારે પરમાત્માની ભક્તિ કરવામાં આવે ત્યારે જ સંસારના પદાર્થો, વ્યક્તિઓ અને સંબંધોની આસક્તિ દૂર થાય. આ નિરાસક્ત ભાવ પ્રભુકૃપાથી ભક્ત સાધકમાં સહજ રીતે જ્યારે આવે છે ત્યારેજ તેને આખો સંસાર "सर्वं खल्विदं ब्रह्म" અર્થાત્ સંસારના કણેકણમાં પરમાત્મદર્શન થાય છે.

●

ત્રણ સર્ગો : એટલે કે ત્રણ ગુણો. પ્રત્યેક જીવમાં આ ત્રણ ગુણો વધતા-ઓછા અંશે રહેલા છે. માત્ર પરમાત્મા જ ત્રિગુણાતીત છે.

(૧) સત્ત્વગુણ (૨) રજોગુણ (૩) તમોગુણ. આ ત્રણ ગુણોને અધીન જીવાત્મા સંસારમાં રહીને કર્મો કરે છે. આમ આ સંપૂર્ણ સૃષ્ટિ-પ્રપંચ માત્ર જીવની વાસનાયુક્ત દૃષ્ટિમાં છે, ભ્રમજાળ છે.

ભાગવત કોઈ એક સંપ્રદાયનો ગ્રંથ નથી. તેથી જ અહીં વ્યાસજીએ "सत्यं परं धीमहि।" નો શ્લોક કહ્યો છે. પરમાત્માને જાણવા માટે સ્વયંમાં યોગ્યતા હોવી જરૂરી છે. અયોગ્ય પાત્રને પરમાત્માની કૃપા હોવા છતાં યથેચ્છ લાભ મળતો નથી. જેનામાં છળ-કપટ ન હોય, રાગ-દ્વેષ ન હોય, હીન વૃત્તિઓ-વિકારો (કામ, ક્રોધ, લોભ વિ.) ન હોય, જે સરળ હોય, જેનું ચિત્ત શુદ્ધ હોય તે જ ભાગવતના શ્રવણનો અધિકારી જીવ છે. અધિકારત્વની આ પ્રથમ યોગ્યતા છે.

બીજી યોગ્યતા છે - નિર્મત્સરતા. નિર્મત્સરતા : એટલે ત્રિવિધ તાપની નિવૃત્તિ, જે શ્રીમદ્ ભાગવતના યથાર્થ શ્રવણમાત્રથી થાય છે. જે વ્યક્તિ નિયમિત રીતે જપ-ધ્યાન કરે છે, જે સત્યનિષ્ઠ છે અને જેનું હૃદય પવિત્ર છે, તેના હૃદયમાં પરમાત્મા આપમેળે બિરાજે છે. અભ્યાસ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અને વૈરાગ્ય દ્વારા પરમાત્માની નજીક જઈ શકાય છે. અંતે તો "कृपा हि केवलम्" પરમાત્માનું સતત ચિંતન, મનન, સ્મરણ, ધારણા, ધ્યાન કરવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

કપટમાનુષ : કપટ માનુષ એટલે ધરતી પર અવતાર ધારણ કરીને, લીલા કરવા માટે, બધાંને બોધ આપવા માટે પરમાત્મા સ્વયં મનુષ્યનું રૂપ લઈને અવતાર લે છે અને સમાજમાં અવતારી કાર્યો કરે છે. તેઓ માણસ જેવા લાગવા છતાં ચિન્મય-પુરુષોત્તમ છે. માણસ જેવા છતાં માણસ નથી. અગ્નિપાન કરવું, ગોવર્ધન પર્વતને આંગળી ઉપર સંકલ્પમાત્રથી ઉચકવો અને દિવસો પર્યંત ધારણ કરવો વિ. કાર્યો એ સામાન્ય માનવીનાં કાર્યો નથી. ભગવાને સ્વયં 'કપટપુરુષ' થઈને આ બધી લીલાઓ ભાગવતજીના દશમસ્કંધમાં કરી છે.

જગતમાં ચાર પ્રકારના મનુષ્યો હોય છે. ચાર પ્રકારની માછલીઓનું દ્રષ્ટાંત આપતાં શ્રી રામકૃષ્ણ પરમહંસ કહેતા - "એક પ્રકારના માનથી આવા હોય છે જેમ અમુક જાતની માછલીઓ જાળ જોઈને જ બીજી બાજુ પાણીમાં સરકી જાય છે અને જાળમાં ફસાતી જ નથી. જે સંસારની માયામાં પહેલાથી જ અટવાતા નથી. આ પ્રથમ કોટિના નિત્યમુક્ત માનવીઓ હોય છે. બીજી પ્રકારની માછલીઓ જાળમાં પ્રવેશે છે ખરી પરંતુ પ્રારબ્ધયોગે તેમાંથી સરકીને છૂટી જાય છે. તેમ અમુક માનવીઓ પૂર્વ જન્મોના પ્રારબ્ધ બળને લીધે સંસારમાં આવે છે ખરા પરંતુ તુરત જ તેમાંથી નીકળી જાય છે. સંસારની માયા લાંબા સમય સુધી તેમને વ્યાપતી નથી. પ્રથમ કોટિના માનવોમાં છે શુકદેવજી કે જેમણે માતાના ગર્ભમાંજ જ્ઞાન મેળવ્યું અને નિત્યમુક્ત બન્યા. દ્વિતીય કોટિમાં ચૈતન્યમહાપ્રભુ, મીરાંબાઈ, તુકારામજી, તુલસીદાસજી વિ. સંતો જેઓ સંસારમાં પ્રારબ્ધયોગે આવે છે, પરંતુ ફસાતા નથી.

ત્રીજા પ્રકારની માછલીઓ જાળમાં ફસાય છે અને સ્વ-બળે તેમાંથી છૂટવા અત્યંત પ્રયત્ન કરે છે, પરંતુ છૂટી શકતી નથી. એવી જ રીતે અમુક માનવીઓ જાણે છે કે તેઓ સંસારમાં ફસાયા છે, અને મંદગતિથી પ્રભુભજન પણ કરે છે, સંસારજાળમાંથી છૂટવાની ઈચ્છા પણ રાખે છે, પરંતુ અતિમંદ બ્રહ્મજિજ્ઞાસા હોવાને કારણે તેઓ માયામાંથી છૂટી શકતા નથી, અને જન્મ-મરણના બંધનમાં બંધાય છે. આ પ્રકારના માનવીઓને કોઈક જન્મે બ્રહ્મને જાણવાની કામનાને કારણે તેમના પર ઈશ્વરકૃપા થાય છે. અને મંદની જગ્યાએ તીવ્ર મુમુક્ષુતા પામે છે.

ચોથા પ્રકારની માછલીઓ એવી હોય છે કે જેમને જાળમાં બાંધેલો બરુનો ટુકડો ખાતાં ખબર જ પડતી નથી કે, પોતે બંધનમાં છે. તેમને મુક્ત થવાનો વિચાર સુદ્ધાં આવતો નથી. આવા મૂઢમતિના માનવીઓને તો સંસાર જ અતિ પ્રિય મીઠો લાગે છે. સંસારનાં બંધનો, કર્મનાં બંધનો અને તેના ફળનો તેમને વિચાર જ આવતો નથી. મુક્તિ તો તેમને માટે અતિ દૂરની વાત છે, ખાવું, પીવું અને દૈનિક કાર્યો કરવાં - પશુવત્ જીંદગી જીવવી અને એ જ રીતે મૂઢયોનિનાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કર્મોમાં જ જીવન આખું ખોઈ નાખવું !

●

ભાગવતજી એ માત્ર કથાવાર્તા જ નથી, પરંતુ ભાગવત એ "સમાધિભાષા" છે, વ્યાસજી મહારાજનો એ સ્વાનુભવ છે, શ્રુતિઓનો સાર છે. ભાગવત એ અધ્યાત્મદીપ છે. સંસારબંધનમાંથી છૂટવા માગતા મુમુક્ષુઓ માટે ભાગવતજી એ ભગવાનની વાણી છે, દિવ્યગ્રંથ છે. ટૂંકમાં ભાગવતનો અર્થ છે ભક્તિ + જ્ઞાન + વિરક્તિ. માણસના જીવનમાં ભક્તિ અને વૈરાગ્ય લાવવા માટે જ શાસ્ત્રોનું પ્રયોજન છે. વિરક્તિથી સંસારની આસક્તિમાંથી જ્યારે મુક્તિ મળે છે, ત્યારે જ જીવમાં પરમાત્માને જાણવાની યોગ્યતા આવે છે. પરમાત્મા પાસે માત્ર એમની ભક્તિ, એમનો દિવ્યપ્રેમ અને સ્વયં એમને જ માગવા જોઈએ. પરમાત્મા પાસે ક્યારેય ભૌતિક પદાર્થો માગવા નહિ. માણસના સંપૂર્ણ જીવનનું પ્રયોજન પરમાત્માની પ્રાપ્તિ છે. તત્ત્વ-જિજ્ઞાસા જ જીવનનું પ્રયોજન છે.

સાધનાથી સાધકના આધ્યાત્મિક જીવનમાં ક્રમિક વિકાસ થાય છે. જપ, ધ્યાન, સંત-સંગ, સત્સંગ, તીર્થાટન કરવાથી જેમ ધીમે ધીમે મનમાંથી સંસાર પ્રત્યેની આસક્તિ દૂર થાય છે, તેમ તેમ સાધનામાં સાધકની ક્રમિક પરંતુ નિશ્ચિત ઉન્નતિ થાય છે. મૂળ કેન્દ્રીય શક્તિ તો સચ્ચિદાનંદ પરમાત્માની જ છે. તે જ શક્તિના ૧૪ અવતારો ભાગવતમાં છે. આદિનારાયણ પ્રભુ સર્વના આદિ, કારણોના કારણરૂપ છે. ચૌદ અવતારોમાં રામાવતાર અને કૃષ્ણાવતાર મુખ્ય છે, અન્ય અવતારો ગૌણ છે.

●

શ્રદ્ધા અને શક્તિ બન્ને જીવનમાં જરૂરી છે. આ બન્ને જો મનુષ્યમાં ન હોય તો તે પ્રમાદી બને છે, અને પ્રમાદ એ આધ્યાત્મિક જીવનનો મોટામાં મોટો શત્રુ છે. પરમાત્માને છોડીને અન્ય સાંસારિક વસ્તુ, વ્યક્તિ કે પદાર્થ કોઈને શાંતિ, સુખ કે [illegible] આપી શકતાં નથી. જ્યારે જીવને પોતાની અપૂર્ણતા સમજાય છે અને પૂર્ણત્વની-'સ્વ'ની શોધમાં નીકળે છે, ત્યારે પરમપદ પામવાની યાત્રામાં પરમાત્મા સ્વયં તે મુમુક્ષુને મદદ કરવા નારદજી જેવા ગુરુ મોકલીને તેનું માર્ગદર્શન કરાવે છે. જીવને શાંતિ, અ-શોક, સંતોષની અવસ્થા આપે છે. ત્યારે જ મુમુક્ષુ ચિંતામુક્ત બને છે. પરંતુ દરેક સાધકે સમજી લેવું જોઈએ કે આ સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પણ સાધનાના પુરુષાર્થની તો જરૂર છે જ. પુરુષાર્થ વિના ફળ મળતું નથી. પ્રાર્થનાની સાથે પુરુષાર્થ પણ અત્યંત જરૂરી છે. આત્મનિરીક્ષણ, ધ્યાન, જપ એ આધ્યાત્મિક સાધનાના પુરુષાર્થો છે. આત્મનિરીક્ષણથી સાધકમાં સૂક્ષ્મદૃષ્ટિ આવે છે. સૂક્ષ્મદૃષ્ટિની તીવ્રતાથી જ સાધક પોતાના દોષો જાણી શકે છે. સ્વયંના આંતરિક દોષો સ્વયં જ જાણી શકે. એ અપૂર્ણતાને દૂર કરતાં

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

કરતાં પૂર્ણતા તરફ સાધક નિશ્ચિતરૂપે, ધીમે ધીમે પગલાં ભરી શકે છે. સંસારના પ્રત્યેક કાર્યમાં પ્રભુને જોડી દો. તો જ શાંતિ અને આનંદ મળશે અને નિષ્કામ ભાવથી કર્મો થશે. અંતઃકરણની શુદ્ધિ માટે 'સેવા' એ એકમાત્ર ઉપય છે. સેવા કરવાથી જ હૃદય શુદ્ધ અને બુદ્ધિ નિર્મળ બને છે. વિનમ્રતાનો સદ્‌ગુણ જીવનમાં આવે છે. સેવા એ પરમાત્મા તથા સદ્‌ગુરુને પ્રાપ્ત કરવાની ચાવી છે. તન, મનથી સેવા કરવાથી જીવનમાં પવિત્રતા અને વિવેક આવે છે.

વ્યક્તિના જીવનમાં માત્ર કર્મ કરવું તે નહીં પરંતુ ધ્યેયપૂર્વકનું કર્મ કરવું તે મહત્ત્વપૂર્ણ છે. પરમાત્મા સાથે જોડાયેલું પ્રત્યેક કર્મ પરમાત્માનું ભજન છે, પરમાત્માને પામવાની સાધના છે. પરમાર્થે કરાતાં કર્મો બંધનરૂપ થતાં નથી.

આધ્યાત્મિક સાધના વ્યક્તિને દિવ્યદૃષ્ટિ આપે છે. તે દિવ્યદૃષ્ટિથી જ પરમાત્માનાં દર્શન થઈ શકે છે. ભય અને પ્રલોભન એ બે વસ્તુઓ જો જીવનમાંથી દૂર થાય તો જ સાધકના જીવનમાં પરમ શાંતિનો પ્રવેશ થાય છે. ચિત્ત જ્યારે એકાગ્ર થાય છે ત્યારે તે વિકારરહિત થાય છે. બધી જ ચિત્તવૃત્તિઓ શાંત થઈ જતાં ભગવાનની બધી જ લીલાઓનાં આંતરિક દર્શન થાય છે. આ સત્ય હકીકત છે. સંપૂર્ણ બહિર્મુખી વૃત્તિઓ જ્યારે ધ્યાન-ધારણા-સાધના દ્વારા શાંત થાય અને અંતઃકરણ (મન + બુદ્ધિ + ચિત્ત + અહંકાર) અંતર્મુખ બને છે, ત્યારે અંતરમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે. આને જ 'સમાધિભાષા' કહે છે. મીરાંબાઈ અને નરસિંહ મહેતાને ઈશ્વરનાં દર્શન સંપૂર્ણ અંતર્મુખ અવસ્થામાં - સમાધિયોગમાં થયાં હતાં, પરંતુ આ અવસ્થામાં પણ હજી દ્વૈતભાવ વિદ્યમાન છે, કેમકે ત્યાં હજી દર્શન કરનાર અને દર્શન બન્ને ભિન્ન છે. આ ગોપીભાવ છે. ગોપીઓને આ રીતે અંતરમાં ભગવાનનાં દર્શન વિરહમાં થતાં હતાં, પરંતુ ભગવાન જ્યારે અંતમાં તેમને જ્ઞાનબોધ, તત્ત્વજ્ઞાન આપે છે ત્યારે ગોપીઓનો આ દ્વૈતભાવ પણ દૂર થઈ અંતે તો અદ્વૈતમાં એકાકાર થઈ જાય છે. સાધનાની આ અંતિમ અવસ્થા છે.

આમ આ ભાગવત ગ્રંથ માત્ર સાંભળીને નહીં પરંતુ આંતરિક દિવ્યદૃષ્ટિ દ્વારા નિહાળીને અનુભવીને લખાયેલો ગ્રંથ છે. એટલે ભાગવત એ સ્વયં ભગવાનનું વાણી-સ્વરૂપ છે, દિવ્ય રૂપ છે. ભાગવતકાર ભાગવતનું માત્ર શ્રવણ નહીં, પરંતુ પાન કરવાનું કહે છે. ભગવાનની રસમય લીલાના રસપાનથી જ ભક્ત સાધકના મન-બુદ્ધિ નિર્મળ થતાં જાય છે. ભગવાનની રહસ્યમય, અમૃતમય, દિવ્યલીલાઓની આ અમર ગાથા છે. તેનું શ્રવણ કરવાથી એ દિવ્ય કથામૃત સાધકના આખા જીવનમાં, મનમાં, ચિત્તમાં પ્રસરી તેના અહંકારને ઓગાળી નાખે છે. અંતે તો શ્રોતા સ્વયં તેમાં લય પામી જાય છે, ભગવાન સાથે એકાત્મભાવને - અદ્વૈતને પામે છે. સાધનાની આ સર્વોચ્ચ - અંતિમ ભૂમિકા છે. માટે જ ભગવાને ગીતાજીમાં કહ્યું છે કે, "જ્ઞાની ભક્ત મને પ્રાણથી પણ અધિક પ્રિય છે." જ્ઞાન અને વૈરાગ્ય સાથેની ભક્તિ જ સાધકની માનસિક

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ચેતનામાં પરમાત્માનું દિવ્ય અવતરણ કરાવે છે અને બ્રહ્માંડના કણેકણમાં પરમાત્મતત્ત્વને પ્રસરી જતું ભક્ત સાધક અનુભવે છે, જેવી રીતે ભક્ત પ્રહલાદજીને પણ સંસારની પ્રત્યેક વસ્તુમાં પરમાત્મદર્શન થયાં હતાં. અજ્ઞાનનો આ અંતિમ પડદો દૂર થતાં ભક્ત-મીરાંબાઈ પણ શામસુંદરમાં એકતા પામી ગયાં. અંતે તો 'પ્રભુકૃપા હિ કેવલમ્'.

આમ આ ભાગવત-ગ્રંથ એ માત્ર સાંભળીને નહીં પરંતુ આત્મ-દિવ્યદૃષ્ટિથી જોઈને, અનુભવીને લખાયેલો ગ્રંથ છે. ભાગવતજી એ સ્વયં ભગવાનનું સ્વરૂપ છે.

શુકદેવજીનું બીજું નામ 'આત્મારામ' હતું. "आत्मनि रमते इति आत्माराम:" બહારના આલંબન વિના પોતાનામાં જ રમણ કરવું તે આત્મારામ. સંપૂર્ણ અંતર્મુખી અવસ્થા કે જ્યાં કોઈ જ બહારની વ્યક્તિ, વસ્તુ કે પદાર્થ નથી હોતાં. મનમાંથી બધી જ ગ્રંથિઓ જ્યારે છૂટી જાય ત્યારે દ્વૈતભાવ દૂર થઈ જાય. આગ્રહ-દુરાગ્રહ, મારું-તારું, સારું - ખરાબ, દ્વૈતભાવોની ગાંઠ છૂટી જાય ત્યારે જ સાધક 'નિર્ગ્રંથા' બની જાય છે, અને એ જ ક્ષણે પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. પરમાત્મા યોજનો દૂર નથી, તેઓ તો પ્રત્યેકનાં હૃદયમાં છે. માત્ર અજ્ઞાનનું આવરણ જ ખસેડવાની જરૂર છે. શુકદેવજી મહારાજનું ચિત્ત નિર્ગ્રંથા છે. તેમને કોઈ જ બાહ્ય આલંબન ન હતું. તેમનું ચિત્ત પહેલેથી જ પરમાત્મામાં લય પામેલું હતું.

પ્રત્યેક પળે પરમાત્માની સ્મૃતિ રહેવી એ જીવનો સ્મૃતિયોગ છે. ભગવાનની સ્મૃતિ એ જ પરમધન છે. ભગવાનની વિસ્મૃતિ એ જ ધનહીનતા છે. શુકદેવજી મહારાજ કહે છે કે 'ભગવાનને પ્રાપ્ત કરવા માટે અકિંચન હોવું જરૂરી છે.' અકિંચન એટલે જીવ જે કંઈને કંઈ થવાનો સતત પ્રયત્ન કરે છે તે વૃત્તિ જ્યારે જીવમાં ન રહે, અને જ્યારે સંપૂર્ણ સાધક-જીવનું અહંકારરહિત જીવન થાય ત્યારે જ ભગવાન પ્રસન્ન થાય. શુકદેવજી કહે છે કે જે પોતાના મનને વશ ન કરી શકે તથા પોતાની અંદર છુપાયેલા વિકારોરૂપી શત્રુઓને ન મારી શકે તેની દુર્ગતિ નિશ્ચિત છે.

(ક્રમશઃ)

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

અર્ધકુંભ-મેળો, પ્રયાગ, ૧૯૮૨

- ડૉ. દેબપ્રસાદ મુખોપાધ્યાય

(શ્રી શ્રી માની પ્રત્યક્ષ ઉપસ્થિતિ જેમાં હતી તે અંતિમ કુંભમેળાનું ઝીણવટભર્યું વિવરણ શ્રી દેબપ્રસાદ મુખર્જી એમના 'માતૃલીલા દર્શન', પુસ્તકમાં આપે છે.) :

શનિવાર, ૨૩ જાન્યુઆરી, ૧૯૮૨. કુંભસ્નાન સોમવારે થવાનું છે. બંધને દૂરથી જોવાથી મને એવું લાગ્યું કે માણસોનાં કાળાં માથાંઓ જળના પ્રવાહની જેમ એક અખંડ ધારામાં આવતાં હતાં. માએ આ પ્રકારનું વર્ણન કરેલું. એ લોકો અનેક રીતે આવતા હતા - બસમાં, ટ્રેનમાં, પગપાળા, માથા ઉપર સામાન ઊચકીને, કામળા ને બિસ્તરા પીઠ પર બાંધીને - ગણતરી કરી શકાય તેમ જ નહોતું - સરખી જગાઓ શોધીને નદી કાંઠે રાત્રિમુકામ કરવા માટે રોકાતા. દુકાનોમાં સખત ભીડ હતી. કેટલાક લોકો મશાલ સળગાવવા માટે તો કેટલાક રાંધવા માટે બળતણ ખરીદતા હતા.

કૅમ્પોમાં સત્સંગ ચાલુ હતો. લગભગ સાંજના ૪.૦૦ વાગ્યા હતા. માના કૅમ્પમાં પણ પ્રવચન ચાલતું હતું. પાછલા થોડા દિવસોથી આ સમય સત્સંગનો તેમજ સાધુઓને ભેટો આપવા માટેનો હતો. મા એમના તંબુમાંથી બહાર આવીને મંડપમાં સ્થાન ગ્રહણ કરતાં. ભક્તોને દર્શન મળતાં, મહાત્માઓ શાસ્ત્રોનું પ્રવચન કરતા. સભામાં બેસનારને બે પ્રકારની પ્રાપ્તિ થતી, પહેલી એ કે, મા કહે છે તેમ, મહાત્માઓના ચરણોમાં બેસીને, એમનો મત સાંભળીને અમૃત-વર્ષણનું ગ્રહણ અને બીજી એ કે સમગ્ર ભારતમાંથી મા પ્રત્યે આદર પ્રગટ કરવા માટે આવેલા એ સંતોના વિચારો તથા અનુભવો સાંભળવા. જ્યારે મા તો નિર્વિકાર, વિરક્ત અને બાલસુલભ સ્મિતયુક્ત - ચારે બાજુ સર્વ દિશાઓમાં દૃષ્ટિપાત કરીને કહ્યા કરતાં "નમો નારાયણ, નમો નારાયણ." આપણામાંના જેઓ સદ્‌ભાગ્યે હંમેશ માની નિકટ રહ્યા છે છતાં અજ્ઞાન કે બેદરકારીને લીધે માના આદેશનું પાલન નથી કર્યું, તે બધાને આવે પ્રસંગે એ વાતનું ભાન થતું કે અસંખ્ય જન્મોનાં સંચિત પુણ્યને પ્રતાપે સાંપડેલા સદ્‌ભાગ્યે જ એમને માના ચરણોમાં આણ્યા છે, પરંતુ જેનું મહત્ત્વ ત્યારે એ સમજ્યા નહોતા.

આ સંદર્ભમાં મને ગુરુપ્રિયા દીદીની એક ઉક્તિ યાદ આવે છે. એક સેવિકા અને સંગિની તરીકે લાંબો વખત માની સાથે રહ્યા પછી પણ ક્યારેક દિવ્ય સ્વરૂપ અને ક્યારેક ન સમજી શકાય તેવા વર્તનથી હતપ્રભ થઈને એમણે કહ્યું, "કોની સાથે આપણે રમીએ છીએ !" અર્જુને પણ શ્રીકૃષ્ણનું વિશ્વરૂપ દર્શન કરીને કહ્યું,

सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

अजानता महिमानं तवेदं मया प्रमादात्प्रणयेन वापि॥

(પ્રમાદપૂર્વક કે પ્રેમપૂર્વક, તમારી મહિમા ન જાણી શકવાથી, તમને સખા ગણીને મેં તમને "હે કૃષ્ણ, હે યાદવ, હે સખા" એમ જે કહ્યું છે તે બદલ ક્ષમા કરો.)

સમાપ્તિને આગલે દિવસે સાંજના પ્રવચનો દરમ્યાન નૈમિષારણ્યના વયોવૃદ્ધ, ઋષિતુલ્ય સંન્યાસી સ્વામી નારદાનંદજીએ મા વિષે જે વિશેષ વક્તવ્ય આપ્યું તે ખૂબ મહત્ત્વનું હતું. નૈમિષારણ્યમાં 'નારદાનંદ - આશ્રમ'માં હું ઘણી વાર ગયો છું, એમનાં પ્રવચનો સાંભળ્યાં છે, એમની કૃપાનું પાત્ર રહ્યો છું, પરંતુ આ પહેલાં કદાપિ એમને આવી ઘોષણા કરતા સાંભળ્યા નથી. એમણે ત્રણ વાક્યો કહ્યાં : (૧) મા અને ભગવાનમાં કોઈ જ ફરક નથી. (૨) માનાં એક વાર દર્શન કરવાં તે ૨૪ લાખ ગાયત્રી મંત્ર કરવા બરાબર છે. (૩) અમારા બધામાં જે સૌથી જ્ઞાની અને વિદ્વાન છે તે પણ માની આગળ બાળક સમાન છે.

મને તત્ક્ષણ માના જૂના ભક્ત ભાઈજી (જ્યોતિષચંદ્ર રાય)નું વાક્ય યાદ આવ્યું, કે જે આજથી પચાસ વર્ષ પૂર્વે પણ તેઓ સંપૂર્ણ વિશ્વાસથી કહી શક્યા કે "ભગવાન નામે આપણા મનમાં જે ધારણા છે તેનું મૂર્ત સ્વરૂપ શ્રીશ્રીમા છે." તે સમયે આવું કહેવું સહેલું નહોતું, પણ એને શો ભય કે સંકોચ હોય જેની સામે માએ પોતાનું સ્વરૂપ પૂર્ણરૂપે પ્રકાશિત કર્યું ? જ્યાં સુધી મા પોતે જ આત્મપ્રકાશ ન કરે કે એમની ઉપરનું આવરણ ન ખસેડી લે, ત્યાં સુધી માને કોણ ઓળખી શકે ? શ્રીશ્રીમા બુદ્ધિની પહોંચથી બહાર હતાં, બોધગમ્ય કે વૈજ્ઞાનિક તારણો દ્વારા જાણી શકાતાં નહોતાં. એટલા માટે જ જ્ઞાનયોગી અને મહાપંડિત ગોપીનાથ કવિરાજે પણ કહેવું જ પડ્યું કે, "તેઓ મા છે અને આપણે એમનાં સંતાનો છીએ, અને બાળક હોવાને કારણે આપણે જાણી નથી શકતાં કે તેઓ કેવાં છે, પરંતુ આપણા એમને માટેના તલસાટની સામે તેઓ જેટલાં પ્રકાશિત થાય છે તેટલાં જ એમને જાણી શકીએ છીએ."

હવે એ દિવસના સત્સંગ પ્રત્યે પાછા ફરીએ. ઉદાસી પંચાયત અખાડાના સાધુઓને આમંત્રણ આપવામાં આવેલું. મંડપમાં ત્રણ બાજુએ ગાદીવાળાં ઊંચાં આસનો પર તેઓ બેઠા હતા. એમની સહેજ ડાબી બાજુએ, શુભ્ર સ્વચ્છ પાટ ઉપર મા વિરાજમાન હતાં, હાથ એકમેકની ઉપર હતા, ઉજ્જવળ મુખ પર આછું સ્મિત રમતું હતું. એમની સન્મુખ કન્યાપીઠની બહેનો તથા મહિલા ભક્તો બેઠાં હતાં. માની ડાબી બાજુએ આશ્રમના સંન્યાસીઓ હતા, અને અમે પુરુષ ભક્તો એમની પાછળ હતા. અમારી સાથે સચ્ચિદાનંદજી, ભાસ્કરાનંદજી, નિર્મલાનંદજી, નિર્વાણાનંદજી, શ્યામાનંદજી, શાંતિવ્રત, પાનુદા, ડૉ. ગાંગુલી, ઉપાધ્યાયજી, દીક્ષિતજી, જગદીશ્વર પાલ વગેરે હતા, અને પાછળ દર્શનાર્થીજનો હતા.

'અખિલ ભારતીય સાધુ સમાજ'ના અધ્યક્ષ મહામંડલેશ્વર રામસ્વરૂપ મહારાજનું પ્રવચન

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

શરૂ થયું. તેઓ વયોવૃદ્ધ અને ક્ષીણકાય છતાં તેજસ્વી હતા. એમણે ત્રિવેણી વિષે સમજાવ્યું. "ત્રિવેણીસંગમ એટલે જ્ઞાન-ભક્તિ-કર્મનો સમન્વય. ભૌતિક રૂપે જોતાં એ ગંગા-યમુના અને ગુપ્ત સરસ્વતીનું મિલન છે. આ છેલ્લું જે છે તે મહત્ત્વપૂર્ણ છે - એ વાતનું સૂચક છે કે જ્ઞાનને અંતરમાં જાળવી રાખવું, અને અહંકારનો ત્યાગ કરવો. અમૃતકુંભને મેળવવા માટે પહેલાં આ આવશ્યક છે. મા સ્વયં ભગવતી છે, એમની પાસેથી તમે બધું જ મેળવશો."

એમની પછીના વક્તા હતા દેહરાદૂનના 'રામતીર્થ આશ્રમ'ના અધ્યક્ષ સ્વામી અમરમુનિ મહારાજ. એમણે કહ્યું, "શ્રી શ્રી મા સાક્ષાત્ ગંગા-યમુના-સરસ્વતી છે, જ્ઞાન-કર્મ-ભક્તિનો સમન્વય છે. આજે આપણી સમક્ષ તેઓ ઉપસ્થિતિ છે. આજે આપણે ત્રિવેણી સંગમ પાસે ભેગા થયા છીએ જેમ કુંભનું જળ એક છે તેમ આપણે સહુ એક છીએ. કુંભક્ષેત્ર ભારતીય સંસ્કૃતિનું મિલનસ્થાન છે. આપણી બધી સંસ્કૃતિઓ એક છે - અને આપણે પણ જુદાં જુદાં સ્થળોએથી તથા જાતિઓમાંથી આવ્યા છતાં વસ્તુતઃ એક છીએ. આ માંગલિક ક્ષણે આપણે ચિંતન કરવું જોઈએ કે 'આપણે કોણ છીએ ? ક્યાંથી આવ્યા છીએ ?' એ ચિંતન થશે ત્યારે આપણું સાચું સ્વરૂપ સમજાશે. આપણે એ વાત ભૂલવી ન જોઈએ કે આપણે ઋષિઓનાં સંતાનો છીએ, અમૃતનાં સંતાનો છીએ. માના ચરણોમાં બેસીને આપણે પ્રેરણા મેળવીએ અને આત્માનું દર્શન કરીએ."

આપણા આશ્રમના શ્યામાકાંતજી સર્વ સાધુઓનો પરિચય આપતા હતા. ત્યાર પછી મહામંડલેશ્વર બ્રહ્મર્ષિ મહારાજે સભાને ઉદ્દેશીને કહ્યું, "અનેક જન્મોમાં કરેલાં પાપોનો નાશ કરવા માટે માના નામનું ઉચ્ચારણ કરવું જ પૂરતું છે, તો પછી એમનાં દર્શન કરવાં તથા એમનાં ચરણોમાં બેસવું એની તો વાત જ શી ! જે લોકો શ્રીમાના ભક્તોનો સંગ કરે તેઓ પણ પાપમુક્ત થઈ જાય. શ્રીશ્રીમાને જગજ્જનની કહેવાં તે પણ પૂરતું નથી. આપણે સહુ એમને મા ભગવતી માનીએ છીએ. ભગવતી અંબિકાનું તેઓ આદિ સ્વરૂપ છે. મા સર્વોત્તમ ગુરુ છે. હું બહુ વિદ્વાન માણસ નથી - હું બહુ ઓછું જાણું છું. મા જ મારા ઉપર કૃપા કરે. અત્યારે આપણો દેશ કઠિન પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે. માની કૃપા ભારતને આનંદ પ્રત્યે દોરી જાય. ઉદાસી પંચાયતી અખાડા તરફથી હું માને પ્રણામ કરું છું." (મહામંડલેશ્વર થવું તે પ્રકાંડ વિદ્વત્તાનું સૂચક છે, છતાં વિશાળ જનસમૂહ આગળ એમણે પોતાની જાતને વિષે કહ્યું કે હું બહુ ઓછું જાણું છું, મા જ મારા પર કૃપા કરે. મા સર્વોત્તમ ગુરુ છે.)

મહામંડલેશ્વર પ્રીતમપુરી મહારાજે "હરિ ઓમ્"થી આરંભ કર્યો. એમણે કહ્યું, "ત્રિવેણીનો કિનારો અત્યંત પવિત્ર સ્થાન છે, એની પ્રાચીનતાનું જ્ઞાન આપણે મેળવી શકીએ તેમ નથી. ભગવાન રામચંદ્રનું પણ અહીં પદાર્પણ થયું હતું - આ સ્થળે એમની દિવ્ય લીલાનું દર્શન કર્યું.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

આવા સ્થળની પોતાની અનોખી પવિત્રતા હોય છે. આપણા બધાનું એ મહાન સદ્‌ભાગ્ય છે કે શ્રીશ્રીમા અત્યારે અહીં પ્રત્યક્ષ ઉપસ્થિત છે. તેઓ માનવાતીત (માનવથી ઉપર) છે. મા કંઈ જ બોલ્યા વિના, આશીર્વચન ઉચ્ચાર્યા વિના પણ માત્ર એમનાં દર્શનથી મનની મલિનતા દૂર કરે છે. **તેઓ સદૈવ સદેહે રહે,** ભારતનો ઉદ્ધાર થાય.''

ત્યાર પછી મહામંડલેશ્વર સ્વામી મહામુનિ મહારાજ બોલ્યા, ''જ્ઞાન તો સાચે જ આનંદ છે, અમૃત છે. એ અમૃત સંતોના, મહાત્માઓના તથા ભગવદ્ ભક્તોના કંઠમાં સ્થિત છે. સંતો સાચા અર્થમાં ઉપકારી છે, કારણ કે બીજાનું કલ્યાણ કરવામાં એમને સંતોષ પ્રાપ્ત થાય છે. લોકો સંતોનો સંગ શા માટે કરે છે ? જ્ઞાનામૃતનો સ્વાદ લેવા માટે.''

સૌથી છેલ્લા વક્તા હતા મહામંડલેશ્વર ધર્મમહામુનિ મહારાજ. એમણે કહ્યું, ''શ્રીકૃષ્ણની લીલામાં ભાગ લેવા માટે શંકર ભગવાન ગોપી બન્યા હતા. મારૂપે તેઓ જ છે. સર્વ દૈવી શક્તિઓનું મૂર્ત રૂપ છે શ્રી શ્રી આનન્દમયી મા. તેઓ કુંભમેળાનું કેન્દ્રબિંદુ સમાન છે. આપણે છેલ્લે સમાપ્ત કરીએ મા કહીને, મા, વારંવાર, મા જ.''

•

ઢાકાની 'નેશનલ મેડીકલ સ્કૂલ'માં દરિદ્ર-ભોજન પ્રસંગે માતાજીને આમંત્રણ આપવામાં આવ્યું હતું, ત્યાં દરિદ્ર-ભોજન દરમ્યાન એક રક્તપિત્તના દરદીને ભોજન કરાવવાનો માતાજીને 'ખ્યાલ' થયો. પછીથી એકવાર જ્યારે આ વાતની ચર્ચા ચાલી ત્યારે એ પ્રસંગ વિષે મા બોલ્યાં, ''એ વ્યક્તિને કોઢ (કુષ્ઠરોગ અર્થાત્ રક્તપિત્ત)નો ઘણો પ્રકોપ હતો. એ પોતાના હાથો વડે ખાઈ નથી શકતો તે જોઈને એને ખવડાવવાનો 'ખ્યાલ' થયો. પણ આ લોકોએ ખવડાવવા ન દીધું. હું એ વ્યક્તિની પાસે બેસી રહી. એ વ્યકિતને એક ચમચી આપવામાં આવી, એના જ દ્વારા એણે પ્રસાદ ગ્રહણ કરેલો. થોડા દિવસ પછી તપાસ કરી તો સાંભળવા મળ્યું કે એ રોગી સ્વસ્થ થઈ ગયો છે.''

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

સાધકોને માર્ગદર્શન

- પૂ. સ્વામી શિવાનંદજી ('દિવ્ય જીવનસંઘ'-ઋષિકેશ)

૦૧. તમારી જરૂરિયાતો ખૂબ જ ઘટાડો.
૦૨. સંજોગો પ્રમાણે ગોઠવાઈ જાઓ.
૦૩. કોઈપણ વ્યક્તિ કે વસ્તુ માટે મોહ ન રાખો.
૦૪. વહેંચીને ભોગવો.
૦૫. સેવા માટે તત્પર રહો. એક પણ તક ગુમાવશો નહિ. આત્મભાવથી સેવા કરો.
૦૬. અકર્તા અને સાક્ષીભાવ ધરાવો.
૦૭. મિતભાષી અને મિષ્ટભાષી બનો.
૦૮. ઈશ્વરસાક્ષાત્કાર માટે જ્વલંત તૃષા ધરાવો.
૦૯. બધી માલમિલકત ત્યજીને ઈશ્વરસમર્પણતા કેળવો.
૧૦. આધ્યાત્મિક પથ અસ્ત્રાની ધાર જેવો તીક્ષ્ણ છે. ગુરુની જરૂર અનિવાર્ય છે.
૧૧. ખૂબ જ શાંતિ અને ધીરજ કેળવો. ખંતીલા બનો.
૧૨. એક દિવસ માટે પણ અભ્યાસ છોડશો નહિ.
૧૩. ગુરુ તમને દોરવણી આપશે, રસ્તો તો તમારે જ કાપવાનો છે.
૧૪. જીવન અલ્પ આયુ છે. મૃત્યુનો સંગમ અચોક્કસ છે. યોગસાધનામાં ગંભીરતાથી લાગી જાઓ.
૧૫. દૈનિક આધ્યાત્મિક રોજનીશી રાખો અને તમારી પ્રગતિ અને ભૂલોની સાચી નોંધ કરો. નિશ્ચયોને વળગી રહો.
૧૬. સાધના માટે સમયના અભાવની ફરિયાદ ન કરો. ઊંઘ ઘટાડો અને લાંબી વાતો ન કરો. બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાન ધરવાની ટેવને વળગી રહો.
૧૭. ઈશ્વર કે સત્યના વિચાર વડે દુન્યવી વિચારને દૂર રાખો.
૧૮. ખૂબ ઊંડા બ્રહ્મચિંતનથી 'તમે ફલાણા ફલાણા પુરુષ કે સ્ત્રી છો' તે ભાવના ભૂલી જાઓ.
૧૯. આજ કરી શકાય તે કાર્ય આવતીકાલ ઉપર મુલતવી ન રાખો.
૨૦. બડાઈ ન હાંકો. તમારી શક્તિઓનું પ્રદર્શન ન કરો. સાદા અને નમ્ર બનો.
૨૧. હંમેશાં આનંદી રહો. ચિંતાઓ ત્યજો.
૨૨. તમને ન સ્પર્શતી હોય તેવી બાબતો માટે નિર્લેપ રહો.
૨૩. સંગ અને વિવાદથી દૂર ભાગો.
૨૪. દરરોજ થોડા કલાક એકાંત સેવો.
૨૫. લોભ, ઈર્ષ્યા અને સંચયવૃત્તિ ત્યજો.
૨૬. વિવેક અને વૈરાગ્યથી તમારી ભાવના પર કાબૂ મેળવો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૨૭. હંમેશાં મનનું સમતોલનપણું સાચવો.
૨૮. બોલતાં પહેલાં બે વખત વિચારો, કરતાં પહેલાં ત્રણ વાર વિચારો.
૨૯. નિંદા, ટીકા, દોષશોધન છોડી દો. પ્રતિક્રિયાથી સાવચેત રહો.
૩૦. તમારી ભૂલો અને નબળાઈઓ ખોળી કાઢો.
૩૧. બીજાએ પહોંચાડેલ નુકસાન માફ કરો ને ભૂલી જાઓ. તમને ધિક્કારતા હોય તેનું પણ ભલું કરો.
૩૨. કામ, ક્રોધ, અહંકાર, મોહ અને લોભ ઝેરી નાગ જેવા છે. તેને ફેંકી દો
૩૩. ગમે તેટલું દુઃખ પડે તે સહન કરવા તૈયાર રહો.
૩૪. વૈરાગ્યપ્રેરક વચનો હંમેશાં તમારી સાથે રાખો.
૩૫. ઈન્દ્રિયોપભોગને ઝેર, ઊલટી, મળ કે મૂત્ર જેવા માનો. તેનાથી તમને સંતોષ થશે નહિ.
૩૬. કાળજીપૂર્વક વીર્યનો સંચય કરો. હંમેશાં એકલા સૂઓ.
૩૭. સ્ત્રીઓને દિવ્ય માતારૂપે જુઓ. જાતીય વિચારને જડમૂળથી કાઢો. બધાંની આગળ સાષ્ટાંગ પ્રણામ કરો.
૩૮. દરેક વસ્તુમાં, દરેક મુખડામાં પ્રભુનાં દર્શન કરો.
૩૯. નિમ્ન વૃત્તિઓ બળવાન બને અને મનને ઘેરી લે ત્યારે સંકીર્તન, સત્સંગ અને પ્રાર્થના કરો.
૪૦. ઠંડકથી અને હિંમતથી અવરોધોનો સામનો કરો.
૪૧. યોગના રાહ પર જતાં ટીકાની દરકાર ન કરો. ખુશામતને વશ ન થશો.
૪૨. હરામી અનં લફંગાઓનું પણ બહુમાન કરો. તેમની સેવા કરો.
૪૩. તમારી ભૂલનો ખુલ્લી રીતે સ્વીકાર કરો.
૪૪. તમારું સ્વાસ્થ્ય સંભાળો. દરરોજ આસન અને કસરત ચૂકશો નહિ.
૪૫. હંમેશાં ક્રિયાશીલ અને ચપળ રહો.
૪૬. દાન આપી હૃદયને વિશાળ કરો. અસાધારણ દાની બનો. સામા માણસની અપેક્ષાથી પણ વધુ તેને આપો.
૪૭. ઈચ્છાઓ દુઃખો વધારે છે. સંતોષ કેળવો.
૪૮. એક પછી એક ઈન્દ્રિયોને વશ કરો.
૪૯. વારંવાર વિચારીને બ્રહ્માકારવૃત્તિ કેળવો.
૫૦. તમારા બધા જ વિચારો પર અંકુશ રાખો. તેને શુદ્ધ અને ઉદાત્ત રાખો.
૫૧. કોઈ વ્યક્તિ તમારું અપમાન કરે, તમને ટોકે કે તમને ધમકાવે ત્યારે મગજ ન ગુમાવશો. આ તો ફક્ત શબ્દોની રમત છે અને જુદા જુદા અવાજો છે.
૫૨. તમારા મનને ઈશ્વરમાં પરોવી સત્યમાં જીવો.
૫૩. પૂર્ણતાના પથ પર કૂચ કરતા રહો.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

૫૪. જીવનમાં ચોક્કસ ધ્યેય રાખો અને સાવધાનીથી આગળ ધપો.
૫૫. મૌનના અગણિત ફાયદા છે. તેનો અભ્યાસ કદી છોડશો નહિ.
૫૬. ધ્વનિ, સ્પર્શ, દૃષ્ટિ અને વિચાર - આ ચાર મુખ્ય દરવાજા દ્વારા મનમાં વિષય પ્રવેશ કરે છે. સાવચેતી રાખો.
૫૭. ઈશ્વર સિવાય કોઈની સાથે ગાઢ સંબંધ ન રાખશો. બીજાઓ સાથે ઓછા હળો મળો.
૫૮. દરેક બાબતમાં પ્રમાણ સાચવો. અતિ સર્વત્ર વર્જ્ય છે.
૫૯. દરરોજ આત્મવિશ્લેષણ અને આંતર્નિરીક્ષણ કરો. તમે કેટલું આગળ વધ્યા તે તપાસો.
૬૦. આધ્યાત્મિક પથમાં કુતૂહલવૃત્તિ ન દાખવો. તમારી શક્તિનો સંચય કરી ધારણા ધરો. અન્ન, શરીર, સંબંધીઓનો વિચાર ન કરો. આત્માનો વધુ વિચાર કરો. આ જન્મમાં જ તમારે આત્મસાક્ષાત્કાર કરવો જોઈએ.
૬૧. ફક્ત પ્રભુમાં જ તમને નિત્ય સુખ અને પરમ શાંતિ મળશે.
૬૨. ઈશ્વરનો વાસ તમારા હૃદયમાં છે. તે તમારામાં છે. તમે તેનામાં છો. બસ, તેનું જ સાન્નિધ્ય અનુભવો.
૬૩. મનની ભ્રાંતિને કારણે દુઃખમાં સુખ લાગે છે.
૬૪. દુનિયામાં સર્વ કોઈ સુખ પાછળ દોડે છે. અને દુઃખને દૂર કરવા ઈચ્છે છે.
૬૫. વિષયભોગ સાથે ઘણી ક્ષતિઓ આવે છે.
૬૬. હેત, પ્રેમ, કુમળાશ, માન, ભેટ ઈત્યાદિ વડે માયા માણસને બંધનમાં રાખે છે.
૬૭. માનવીનો પ્રેમ દંભી અને સ્વાર્થી છે.
૬૮. જગતમાં બધું જ અસત્ય છે, માટે પ્રેમ અને માનને ઝેર ગણશો.
૬૯. એકાંતમાં રહો અને તમારા હૃદયમાં આત્મિક સુખ અનુભવો.
૭૦. આધ્યાત્મિક તૃષાથી આતુર માણસ જ અમરતાનું અમૃત પીશે.
૭૧. ઈન્દ્રિયસુખની સાથે આત્મિક સુખ રહી ન શકે.
૭૨. દુર્બુદ્ધિ દુન્યવી લોકોને ગુરુના વ્યક્તિગત સંપર્ક સિવાય સુધારવાનો કોઈ બીજો ઉપાય નથી.
૭૩. શરૂઆત કરનારાઓને કર્મ મદદરૂપ થાય છે, ધ્યાનમાં આગળ વધેલાને તે અવરોધરૂપ છે.
૭૪. સંસ્કારો, વિચારો, ટેવો, પ્રેરણાઓ અને લાગણીઓનું પોટલું મન છે.
૭૫. સૂક્ષ્મ વાસનાઓને કારણે ઘણા લોકો યોગભ્રષ્ટ થયા છે.
૭૬. દુનિયામાં સૌથી મુશ્કેલ બાબત એકાગ્રતા છે.
૭૭. આત્માસાક્ષાત્કાર માટે માનસિક પવિત્રતાનું સર્વોચ્ચ મહત્ત્વ છે.
૭૮. ભૂતકાળની યાદ મુમુક્ષુને આધ્યાત્મિક પ્રગતિમાં પાછળ પાડી દે છે.
૭૯. આધ્યાત્મિક જીવન માટે સ્વાર્થ અને મોહથી ભરેલું સ્થૂળ મન તદ્દન નકામું છે.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

વ્યાઘ્રપાદ અને ઉપમન્યુ

વ્યાઘ્રપાદ

એક વિદ્વાન અને ધર્મપરાયણ બ્રાહ્મણ ગંગા કિનારે રહેતો હતો. એને એક પુત્ર હતો, જેનામાં અદ્‌ભુત શારીરિક અને માનસિક શક્તિઓ હતી. એણે પિતા પાસેથી દીક્ષા લીધી. પિતાએ પૂછ્યું, "બેટા, હવે તારે માટે શું કરું ? કહે." પુત્ર બોલ્યો, "પિતાજી, મને પરમ પદની પ્રાપ્તિનો માર્ગ દેખાડો." પિતાએ કહ્યું, "શિવની ભક્તિથી પરમ પદની પ્રાપ્તિ થાય." પુત્રએ પૂછ્યું, "એમની પૂજા ક્યાં થઈ શકે ?" પિતાએ ઉત્તર આપ્યો, "જેમ શરીરમાં આત્મા સર્વત્ર વ્યાપ્ત છે, તેમ શિવ પણ સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત છે, છતાં સ્થાનવિશેષમાં એમનો આવિર્ભાવ થાય. દક્ષિણમાં એક જ્યોતિર્લિંગ છે, ત્યાં શંકર ભગવાન તારી પૂજા ચોક્કસ સ્વીકારશે."

બાલયોગી માતા-પિતાને છોડીને દક્ષિણની યાત્રાએ નીકળી પડ્યો. એક સુંદર સરોવરને કાંઠે પહોંચ્યો. એમાં અનેક સુંદર કમળો ખીલેલાં હતાં. એ રમણીય સ્થળે એક વટવૃક્ષની નીચે એણે એક શિવલિંગ પ્રતિષ્ઠિત જોયું. ત્યાં જ મુકામ કરીને પ્રતિદિન નિયમપૂર્વક પુષ્પોદકથી શિવપૂજા કરવાનું આરંભ કર્યું. પાસે જ નાની ઝૂંપડી બનાવી અને એક બીજું શિવલિંગ પણ પાસે સ્થાપ્યું. હવે બન્ને લિંગોની પૂજામાં એને મુશ્કેલી પડવા માંડી, કેમ કે ત્યાંનાં મેદાનો, ઉપવનો ને સરોવરોનાં પુષ્પોથી એને સંતોષ નહોતો થતો. એને તો પર્વત-શિખરો પર ઝૂલતી લતાઓ ને વૃક્ષોનાં અત્યંત મનોહર પુષ્પોથી પૂજા કરવી હતી. રોજ પ્રાતઃકાળ થતાં પહેલાં અંધારામાં જ એ નીકળી પડતો, અને ગિરિ-શિખર પર ચઢીને પુષ્પચયન કરી લાવતો. નીચે ઊતરતાં મધ્યાહ્નકાળ થઈ જતો, સૂર્યના પ્રખર તાપમાં પુષ્પો ચીમળાઈ જતાં.

આમ ઈચ્છાનુસાર સુંદર પુષ્પો દ્વારા પૂજા ન થઈ શકવાથી, એક દિવસ ખૂબ ઉદાસ થઈને ધરતી પર પડી ગયો, ભગવાન શિવને સહાય માટે પ્રાર્થના કરી. તરત જ આશુતોષ શિવ પ્રત્યક્ષ પ્રગટ થઈને સ્મિત કરતા બોલ્યા, "વરદાન માગ." બાળકે કહ્યું, "હે પ્રભુ ! ઊંચાં ઊંચાં વૃક્ષો અને ગિરિશિખરો પર ચઢીને અત્યંત મનોહર પુષ્પો લાવી શકું તે માટે મને વાઘના જેવા મજબૂત પંજાવાળા હાથ-પગ અને ચમકતી આંખો આપો." ભગવાન "તથાસ્તુ" કહીને અંતર્ધાન થયા. બાલયોગીના વાઘ જેવા પગ અને છ નેત્રો થઈ ગયાં. ત્યારથી એ "વ્યાઘ્રપાદ" કહેવાયા. વ્યાઘ્રપાદ ઋષિ થયા, અને પ્રસિદ્ધ શિવભક્ત ઉપમન્યુ ઋષિ એમના જ સુપુત્ર થયા.

ઉપમન્યુ

પરમ શિવભક્ત ઋષિ વ્યાઘ્રપાદે નશ્વર દેહ ત્યજી દીધો, હજી એમના પુત્રો ઉપમન્યુ તથા ધૌમ્ય બાલ્યાવસ્થામાં હતા. એક વાર બન્ને બાળકો કેટલાક મુનિઓના આશ્રમે પહોંચી ગયા,

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મુનિઓએ દૂધ પીવા આપ્યું. ઘેર પાછા જઈને એમણે માતા પાસે દૂધ માગ્યું, પણ દૂધ ક્યાંથી લાવે ? માતાએ પાણીમાં લોટ મેળવીને દૂધ તરીકે આપ્યું, પરંતુ બાળકોએ તો હવે દૂધનો સ્વાદ ચાખી લીધો હતો, તેઓ કેમ કરીને એને દૂધ માને ? બાળકોની હઠ જોઈ માતાએ કહ્યું, "આપણે વનવાસીઓ નદીતરે, પર્વતની ગુફાઓમાં વસનારાં છીએ. દૂધ ક્યાંથી લાવીએ ? આપણા આશ્રયદાતા તો શિવ છે. એમને પ્રસન્ન કરો, એમને શરણે જાઓ."

ઉપમન્યુએ પૂછ્યું, "ભગવાન શિવ કોણ છે? ક્યાં રહે છે? એમનાં દર્શન કેવી રીતે થાય?"

બાળકનાં સરળ વચન સાંભળીને માતાની આંખો ભરાઈ ગઈ. બાળકનું મસ્તક સૂંઘીને પ્રેમપૂર્વક બોલ્યાં, "બેટા, શિવ ક્યાં નથી ? આખું વિશ્વ શિવમય છે. તેઓ સર્વ જીવોના હૃદયમાં વસે છે, ભક્તો પર દયા કરીને ક્યારેક દર્શન પણ આપે છે. તત્ત્વજ્ઞાન સિવાય એમને જાણવા અઘરા છે. લોકો કહે છે કે એમનાં અનેક રૂપો છે, છતાં એમના ચરિત્રને પામવા કોઈ સમર્થ નથી. તેઓ જેના ઉપર કૃપા કરે તેને રૂપનાં દર્શન કરાવે છે. નિરાકારરૂપે તેઓ સર્વત્ર વિરાજે છે, અને સાકારરૂપે મહાકૈલાસમાં સ્થિત છે. એમનો ગૌર વર્ણ છે, સર્પવિભૂષિત, ભસ્માંકિત છે, વ્યાઘ્રચર્મ તથા ગજચર્મધારી દેહ છે, હાથમાં ત્રિશૂળ ને ડમરુ છે, નન્દી પર વિરાજમાન્ છે. મનોહરરૂપધારી ભગવાન શંકર યજ્ઞવેદીમાં, યજ્ઞસ્તંભમાં તથા યજ્ઞાગ્નિમાં વિશેષરૂપે વસે છે. માયાના અધિપતિ, આદિ-અંતરહિત એવા મહેશ્વરની તું ભક્તિ કર."

ઉપમન્યુ તપસ્યા આરંભી ધીમે ધીમે એમાં લીન થઈ ગયો. એક સહસ્ર દિવ્ય વર્ષો સુધી એણે જમણા અંગૂઠાના અગ્ર ભાગ ઉપર ઊભા રહીને તપ કર્યું. ભગવાને એની પરીક્ષા લેવાના હેતુથી ઈન્દ્ર રૂપે પ્રગટ થઈને વરદાન માગવા કહ્યું. ઉપમન્યુએ શિવની અનેક પ્રકારે સ્તુતિ કર્યા પછી કહ્યું, "જો મારા દોષોને લીધે મારે પુનઃ જન્મ લેવો પડે તો પણ ભગવાન શિવમાં જ મારી અક્ષય ભક્તિ થાઓ."

ઈન્દ્ર : તારી વાત સાચી, પરંતુ એ શિવના અસ્તિત્વનું તારી પાસે શું પ્રમાણ છે ?

ઉપમન્યુ : તેઓ અવ્યક્ત, આદિ તથા બીજરૂપ છે. આ સમગ્ર દૃશ્ય જગત જે તત્ત્વમાં લય પામે છે એનું નામ શિવ છે. તેઓ માયાતીત પરમજ્યોતિઃ સ્વરૂપ છે. હે દેવરાજ ! આપ છો ને ઊભા રહો કે ચાલ્યા જાઓ, હું તો એ મહેશ્વર સિવાય બીજા કોઈ પાસેથી વરદાન નહીં લઉં.

એટલામાં ઉપમન્યુએ જોયું કે ઈન્દ્રના ઐરાવત હાથીએ કાંતિયુક્ત નંદીનું રૂપ ધારણ કરી લીધું, અને ભગવાન શંકર માતા પાર્વતી સહિત એના ઉપર વિરાજમાન્ છે, એની માતાએ કરેલા વર્ણન કરતાં અનેકગણા ઉજ્જવળ, સુંદર ને પ્રકાશમાન્ છે ! ઉપમન્યુએ નિરાકાર સાકારની સ્તુતિ સાથે પ્રણામ કર્યા. ભગવાને કહ્યું, "બેટા ઉપમન્યુ, તારી પરીક્ષા કરીને જોઈ લીધું. તું

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મારો દૃઢ ભક્ત છે, તારા પર હું પ્રસન્ન છું. તારે માટે મારી પાસે કંઈ જ અદેય નથી.''

ઉપમન્યુનાં નેત્રોમાંથી અશ્રુધારા વહેવા માંડી, ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો, ''હે પ્રભુ ! આજે મારો જન્મ સફળ થઈ ગયો. દેવો પણ જેમને પ્રત્યક્ષ નથી જોઈ શકતા તે જ દેવદેવ મહાદેવ મારી સામે વિરાજમાન્ છે, આનાથી વધારે શું જોઈએ. આપ જો વરદાન આપવાના જ છો તો મને આપની અવિરામ ભક્તિનું દાન કરો.''

ભગવાને એને જરામરણરહિત, યશસ્વી, દિવ્યજ્ઞાનસંપન્ન, સર્વજ્ઞ, અગ્નિ સમાન તેજસ્વી બનાવ્યો, અને આશીર્વાદ આપતાં કહ્યું, ''તું કલ્પપર્યંત તારા ભાઈઓ સાથે દૂધ-ભાત ખાઈશ, પછીથી મારા ધામમાં પ્રવેશ કરીશ. તારામાં અવિચળ ભક્તિ રહેશે, તથા મારું સ્મરણ કરતાં સાથે જ તને દર્શન આપીશ.''

આ જ ઋષિ ઉપમન્યુને પુરાણોમાં ભગવાન શ્રીકૃષ્ણના દીક્ષાગુરુ કહ્યા છે.

•

આશ્રમ સમાચાર

– પદ્મકાંત ત્રિવેદી

કનખલ : ગુરુપૂર્ણિમા, ભાગવત-સપ્તાહ વિ. બધા ઉત્સવો થયા. પ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીતકાર સંતૂરવાદક પંડિત શિવકુમાર શર્માએ કનખલના માતૃમંદિરમાં શ્રીશ્રીમા સમક્ષ રજૂ કરેલા સંગીતની ઑડિયો કૅસેટની માતૃજન્મતિથિપૂજાને દિવસે અર્પણવિધિ પૂ. સ્વામી ભાસ્કરાનંદજીને હસ્તે થઈ. કૅસેટ કનખલ આશ્રમમાંથી ઉપલબ્ધ કરી શકાશે.

ભીમપુરા : આશ્રમમાં Self Contained Rooms બનાવવાનું કાર્ય ટૂંક સમયમાં શરૂ થશે. રુમ નોંધાવવાના ઇચ્છુક ભક્તોને 'આશ્રમ-સમિતિ'નો સંપર્ક કરવા વિનંતિ છે. શ્રીશ્રીમાની જન્મોત્સવ-પૂજા તથા ગુરુપૂર્ણિમા-પૂજા શ્રી નવીનભાઈ અસ્તીએ કરી. શ્રાવણમાં 'ઈસરો'ના એન્જિનિયર શ્રી રમેશભાઈ પંડ્યાએ ભીમપુરા-નિવાસ દરમ્યાન શિવતત્ત્વ-વિષયક વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો તથા શિવપૂજન કર્યું. ઈન્દોરમાં 'શ્રીશ્રીમાતા આનન્દમયી પીઠ' તથા ઓંકારેશ્વરમાં 'શ્રીશ્રી માતા આનન્દમયી તપોભૂમિ'ના સ્થાપક તથા અધ્યક્ષ સ્વામી શ્રી કેદારનાથજી મહારાજ ભીમપુરા પધાર્યા તથા સત્સંગનો લાભ આપ્યો. 'આનંદાશ્રમ'માંથી સ્વામીશ્રી મુક્તાનંદજી ભીમપુરા પધાર્યા. તેઓ આશ્રમની તેમજ નર્મદાતટની પવિત્ર ભૂમિ જોઈ અત્યંત પ્રસન્ન થયા, અને નર્મદા-પરિક્રમાના આયોજન માટે એમના વિચારો તથા સૂચનો દર્શાવ્યાં. શ્રીકૃષ્ણજન્માષ્ટમીની

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

મધ્યરાત્રિએ શ્રીનૈષધભાઈ જોષીએ માતૃપૂજન, શાલિગ્રામપૂજન તથા બાલમુકુંદપૂજન ષોડશોપચારથી કર્યું, ઉપસ્થિત ભક્તોએ વિષ્ણુસહસ્રનામસહિત ૧૦૦૦ તુલસીપત્રોથી અર્ચન કર્યું. નવમીને દિવસે નંદોત્સવ નિમિત્તે ભીમપુરા ગામનાં બાળકોને ભંડારામાં જમાડ્યાં.

ભૂકંપગ્રસ્ત જગદીશણ તથા અંબાળાની સ્કૂલોના નવીનીકરણ માટે આશ્રમ દ્વારા પ્રાપ્ત થયેલી આર્થિક સહાયથી પ્રેરાઈને અન્ય દાતાઓ આગળ આવ્યા છે, જેથી બીજાં ત્રણ ગામોમાં પણ 'શ્રીશ્રીમા આનન્દમયી પ્રાથમિક શાળા' બનાવવાનું આયોજન કરવામાં આવશે. આશ્રમના ઘાટ 'આનન્દતીર્થ'નું કાર્ય ચોમાસા બાદ શરૂ થશે.

અમદાવાદમાં 'શ્યામલ ચાર રસ્તા' (શ્યામાપ્રસાદ મુખર્જી પુલને છેડેથી) પાસેથી 'સરખેજ-ગાંધીનગર હાઈવેને જોડતા નવનિર્મિત માર્ગનું નામ 'ઔડા' દ્વારા 'શ્રી શ્રી મા આનન્દમયી માર્ગ' કરવામાં આવ્યું છે.

આગામી ઉત્સવો : ભીમપુરા આશ્રમમાં નવરાત્રિમાં દુર્ગાપૂજાનું આયોજન તા. ૧૦-૧૦-૦૨ થી ૧૫-૧૦-૦૨ દરમ્યાન ગુજરાતના ભક્તોના સહયોગથી થશે, તથા શરદપૂર્ણિમાએ મહાલક્ષ્મીપૂજન, કાળીચૌદશે કાલીપૂજન, નૂતનવર્ષે અન્નપૂર્ણાપૂજન થશે. પૂ. સ્વામી શ્રી ભાસ્કરાનંદજીની ઉપસ્થિતિ રહેશે.

શોકસમાચાર : ચાળીસના દશકમાં શ્રીશ્રીમાને ચરણે આવનારા અનેક વર્ષ જૂના એવા અમદાવાદના ભક્તો જયંતિભાઈ ડી. મહેતા, ડૉ. ભરવાડા તથા ભાવનગરના પણ એવા જ જૂના ભક્ત જયંતિભાઈ મહેતા માતૃચરણોમાં શાશ્વત સ્થાન પ્રાપ્ત કરે એવી પ્રાર્થના.

હાલમાં જ પ્રાપ્ત થયેલા સમાચાર છે કે 'શ્રીશ્રી આનન્દમયી સંઘ'ના જનરલ સેક્રેટરી સ્વામી સ્વરૂપાનંદજી રાધાષ્ટમીની રાતે બ્રહ્મલીન થયા છે. સર્વેની ચિરશાંતિ માટે પ્રાર્થના.

સ્થાનાભાવને કારણે અન્ય ૨૪ આશ્રમોના સમાચાર આપી શકાયા નથી તે માટે ક્ષમાયાચના.

॥ જય મા ॥

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS



Swami Swarupananda Giriji

1919–2002

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

श्रद्धाञ्जलि

[स्वामी स्वरूपानन्द गिरिजी, प्रधान सचिव, श्री श्री आनन्दमयी संघ]

श्री श्री आनन्दमयी संघ के प्रमुख स्तम्भ के रूप में परिचित संघ के प्रधान सचिव (जनरल सेक्रेटरी) स्वामी स्वरूपानन्द गिरिजी आज हमारे बीच में न रहकर सदा के लिए इस कार्यभार से मुक्त होकर चिरविश्राम के लिए श्री श्री माँ के चिन्मयधाम में ब्रह्मलीन हो गए ।

करीब करीब संघ की स्थापना के बाद से लेकर आज तक आपने श्री श्री माँ के ख्याल से ही देशभर में फैली हुई संघ की विविध शाखाओं की केवल देख-रेख ही नहीं अपितु उन्हें सजाकर सँवारकर एक नया रूप प्रदान किया । इन शृंखलाओं में श्री श्री माँ के वृन्दावन, दिल्ली, कलकत्ता आदि आश्रम मुख्य हैं । 'श्री श्री आनंदमयी संघ' के मुख्यालय कनखल आश्रम की रूपरेखा के चित्रकार आप ही थे । विशेषतः श्री श्री माँ की महासमाधि "आनन्दज्योतिपीठम्" के निर्माण में आपका दृढ़ संकल्प ही प्रधान था । अभी हाल में ही कनखल में "आनन्दज्योतिपीठम्" के सामने श्री श्री माँ के नवनिर्मित निवास भवन को "श्री श्री मातृ स्मृति संग्रहालय" का अत्याधुनिक रूप प्रदान कर सम्पूर्ण उत्तराञ्चल क्षेत्र में एक अनुपम संग्रहशाला निर्माण का श्रेय भी आपको ही जाता है और शायद इसी के साथ ही आपके कर्ममय जीवन की शृंखला का अवसान होता है । श्री श्री माँ के चरणों में समर्पित आपकी कर्मभूमि का यह एक ऐसा सुवासित पुष्प है जो युग-युग तक यहाँ आने वालों को श्री श्री माँ की मधुर स्मृतियों के उपवन में "बंदउ गुरुपद पदुम परागा । सुरुचि सुवास सरस अनुरागा ।।" मानस की इन पंक्तियों को चरितार्थ करने को बाध्य करेंगी ।

सन् २००१, दिनांक २६ नवम्बर का महीना, उत्तराञ्चल के तत्कालीन मुख्यमन्त्री श्री भगत सिंह कोश्यारी के विशिष्ट आतिथ्य एवं कैलास आश्रम ऋषिकेश के पीठाधीश्वर महामण्डलेश्वर श्री १००८ आचार्य स्वामी श्री विद्यानन्दगिरिजी की अध्यक्षता में नवनिर्मित स्मृति मंदिर उद्घाटन होने वाला था । देश के विभिन्न भागों से भक्तगण उपस्थित हुए थे । स्वामी स्वरूपानन्द महाराज बालकवत् उत्फुल्ल थे । अवस्था प्रायः बयासी वर्ष की थी ।

युवावस्था का प्रथम सोपान तीस वर्ष की अवस्था के आस-पास अपने मित्र के साथ वाराणसी में श्री श्री माँ के दर्शनों को आये थे और माँ के ही होकर रह गये ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

आज पचास वर्ष हो चुके हैं । श्री श्री माँ की मधुर स्मृतियों की यादों में आप खोये हुए थे । अतः बालकवत् सरलता आप में प्रकाशित हो रही थी । कल ही आपकी दीर्घकालीन मंशा फलवती होने वाली है । आनन्दित होना स्वाभाविक था । पर माँ के चरणों में एक बार आश्रय ग्रहण करने वालों की जीवन डोर या लगाम तो माँ के हाथों में सदा के लिए आ जाती है, वरना कहीं यह भौतिक अभिमान अपने प्रिय पात्रों पर अधिकार न कर बैठे, अतः माँ ने डोर खींची । स्वामीजी उद्घाटन की पूर्व संध्या पर अस्वस्थ हो गये एवं तुरन्त उन्हें कनखल स्थित रामकृष्ण मिशन अस्पताल के एमरजन्सी कक्ष में भर्ती कराना पड़ा । उत्सव यथा समय यथोचित रूप से सम्पन्न हो गया । स्वामीजी की कार्यप्रणाली की सबने जय जयकार की ।

यहीं से पूज्य स्वामीजी की शारीरिक अस्वस्थता में अधिक उतार चढ़ाव प्रारम्भ हुआ कभी दिल्ली तो कभी कलकत्ता के विशेष नर्सिंग होम में आपकी चिकित्सा होने लगी । भक्तगण अपने प्रिय स्वामीजी को स्वस्थ देखना चाहते थे । अतः सेवा में त्रुटि न रही ।

संघ के महत्वपूर्ण प्रधान सचिव के पद पर स्वामीजी ही आसीन रहे । बीच-बीच में जब भी स्वस्थ रहते कनखल आकर सहयोगियों की सहायता से अपना कार्यभार संभालते थे ।

सम्प्रति दो एक महीने से आप की शारीरिक अस्वस्थता ने जोर पकड़ा । श्री श्री माँ के कलकत्ते के भक्त श्री नन्दकिशोर गोयनकाजी के भतीजे दिल्ली, फरीदाबाद निवासी श्री विनय गोयनका सपरिवार स्वामीजी के प्रति अत्यन्त श्रद्धालु हैं । आपने स्वेच्छा से स्वामीजी की सेवा का भार अपने ऊपर लिया ।

स्वामी जी कुछ दिन आपके फरीदाबाद स्थित निवास में जहाँ स्वामीजी के अनुकूल पृथक् बंगला बनवाया था वहाँ पर रहे । इन दिनों आपका स्वास्थ्य झटके के साथ बिगड़ने लगा । आपको श्रीनिवास पुरी (दिल्ली) स्थित अस्पताल डा. विद्यासागर इन्स्टीटयूट ऑफ मेंटल एण्ड हेल्थ सेंटर, जो संक्षेप में 'विमहंस' कहलाता है वहाँ पर ले जाया गया । अस्पतालके चिकित्सक डॉ. ए. के बनर्जी स्वामी जी को अत्यन्त श्रद्धा करते थे । स्वामीजी आपके चिकित्साधीन थे । अस्पताल के अन्य चिकित्सक डा. सिन्हा आदि भी स्वामीजी के प्रति श्रद्धावनत थे । अतः सश्रद्ध भाव से उनकी चिकित्सा चलने लगी । आपके गले में कैन्सर का प्रकोप दिखाई दिया । दिल्ली के सुप्रसिद्ध चिकित्सक एवं श्री श्री आनन्दमयी संघ के चिकित्सा सलाहकार तथा माँ के अनन्य भक्त सर्व परिचित डा. दुर्गादास सेनगुप्त के परामर्शानुसार ही स्वामीजी की चिकित्सा व्यवस्था चल रही थी ।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

डेढ़ महीना अस्पताल में रहने के उपरान्त स्वामीजी की इच्छा के अनुसार उन्हें फरीदाबाद गोयनका निवास ले जाया गया। वहाँ दो दिन रहने के उपरान्त स्वामीजी की हालत अचानक खराब हुई। १० सितम्बर को स्वामीजी को पुनः अस्पताल ले आया गया। श्री एवं श्रीमती गोयनका बहुत ही लगन से स्वामीजी की सेवा कर रहे थे। यह अस्पताल अत्याधुनिक सुविधा से युक्त उत्कृष्ट अस्पतालों में से एक है। स्वच्छता एवं हरियाली इसकी विशेषता है। स्वामीजी के चारों ओर यद्यपि नलियाँ लगी थीं पर उनके चेहरे पर प्रशान्ति परिलक्षित हो रही थी। चिकित्सक द्वारा यथासाध्य चिकित्सा चल रही थी। गोयनका परिवार अपना सब छोड़कर पूज्य स्वामीजी को जरा भी कष्ट न हो इसके प्रति सदैव तत्पर था। रात्रि में श्री विनय गोयनका स्वयं रहते थे, दिन में उनकी धर्मपत्नी रहती थीं।

१४ सितम्बर को डा. दुर्गादासजी स्वामीजी से मिलने गए। वे करीब आधे घण्टे तक स्वामीजी के पास रहे। स्वामीजी को उठाकर थोड़ी देर बैठाया गया। डा. दुर्गादास जी स्वामीजी को देखकर लौटते हुए दिल्ली आश्रम आये और उन्होंने वहाँ से संघ अध्यक्ष श्री गोविन्द नारायण जी को एवं कनखल आश्रम में स्वामीजी के स्वास्थ्य के सम्बन्ध में जानकारी दी। प्रायः सायं छः बजे का समय था। राधाष्टमी तिथि थी। रात्रि प्रायः सवा नौ बजे दुर्गादासजी ने पुनः सूचना दी कि स्वामीजी माँ के चरणों में पहुँच गए हैं। स्वामीजी को किसी प्रकार का विशेष कष्ट नहीं हुआ।

यह संवाद क्षण भर में चारों ओर फैल गया। संवाद पाते ही दिल्ली आश्रम से माला, भस्म, समयोचित सामग्री लेकर आश्रमवासी अस्पताल पहुँचे। इससे पूर्व से ही अन्यान्य गण्यमान्य व्यक्ति वहाँ उपस्थित थे।

स्वामी जी को वातानुकूल एम्बुलेंस में कनखल लाया गया। साथ में गोयनका परिवार तथा उपस्थित दिल्ली के भक्तगण आये। कनखल में पूर्ण व्यवस्था रखी गयी थी। स्वामी जी के पार्थिव शरीर को पहले 'आनन्दज्योतिपीठम्' के प्रांगण में रखा गया। निर्वाणी अखाड़े के महन्त श्री १०८ श्री गिरधरनारायण पुरीजी ने विधिवत् सभी उपस्थित क्रियायें अपने हाथों से की। तदुपरान्त स्वामीजी को उनके कमरे के सामने अन्तिम दर्शनों के लिए रखा गया, जहाँ पर कनखल के प्रायः सभी अखाड़ो के महन्त एवं महात्माओं ने आप पर फूल मालायें चढ़ाई। आश्रम के सत्संग हॉल में 'सत्यं ज्ञानम् अनन्तम' के समयानुकूल पदों का तथा माँ के नाम का कीर्तन हो रहा था। वर्षों से यही स्वामीजी की कर्मभूमि रही। यहीं पर बैठ कर वे संघ का सञ्चालन करते थे। सबकी कुशलक्षेम पूछते थे। आज कनखल का माहौल साधारण लोगों के लिए गमगीन था। यद्यपि पाठ, कीर्तन आदि चल रहे थे।

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

डेढ़ बजे के करीब स्वामीजी के पार्थिव देह को संन्यासोचित विधि जलप्रवाह के लिए ले जाने की तैयारी की गयी। अन्तिम यात्रा के लिए रवाना होने के पूर्व पुनः श्री श्री माँ की महासमाधि के प्रांगण में ले जाया गया। जहाँ ब्रह्मचारिणी चन्दनदी ने माँ की प्रसादी माला आदि देकर संघ के प्रधान सचिव को अन्तिम विदाई दी। स्वामी ज्योतिर्मयानन्दजी ने अन्य कार्यकर्ताओं के सहयोग से सम्पूर्ण व्यवस्था को संभाला। साधु महात्माओं की एक शोभा यात्रा के साथ नीलधारा की ओर पुष्पमालाओं से सुसज्जित स्वामी जी के पार्थिव देह को रवाना किया गया।

करीब तीन बजे यह शोभायात्रा नीलधारा पहुँची। जहाँ पर सुन्दर ढंग से काष्ठ के बने पीठासन पर स्वामीजी के पार्थिव देह को विधिवत् रखा गया। थोड़ी ही देर में "हर हर गंगे" की तुमुल जय ध्वनि के साथ पंचतत्त्व के इस नश्वरदेह को जलमय तत्त्व में विलीन होने के लिए प्रवाहित कर दिया गया। श्री श्री माँ के चरणों में समर्पित एक कर्ममय जीवन का भौतिक अवसान तो हुआ पर उनकी कीर्तिपताका माँ के श्रीचरणों की महिमा के साथ सदा अमर रहेगी।

३० सितम्बर को संन्यासविधि के अनुसार षोडशी भण्डारे की व्यवस्था की गई। जिसमें आश्रम के विविध स्थानों से सभी वरिष्ठ साधु ब्रह्मचारी एवं भक्तगणों की उपस्थिति रही।

इन्हीं शब्दों के साथ स्वामी श्री स्वरूपानन्दजी के प्रति सश्रद्ध भाव भीनी श्रद्धाञ्जलि समर्पित है।

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ भवतापप्रणाशिन्यै
आनन्दघनमूर्तये ।
ज्ञानभक्तिप्रदायिन्यै
मातस्तुभ्यं नमो नमः ॥

એચ. કે. અધ્યારુ ચેરિટેબલ ટ્રસ્ટ

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

With best compliments from :

"हरि कथा ही कथा
और सब वृथा व्यथा ।"
–श्री श्री माँ

MODTECH MACHINES Pvt. Ltd.,
Plot No. C2A/2, G.I.D.C. Phase I,
Nr. Choksi Tubes,
Vatva, Ahmedabad-382 445.

Tel/Fax : 079-589 3784
e-mail : modtech@icenet.net

Manufacturer/Exporter :
Investment Casting Machines.

With best compliments from :

At the lotus feet of Shree Shree Ma

B.K. Jhala & Associates
"NIRMAL" Commercial Complex
158, M.G. Road,
Pune.

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

॥ ॐ मा ॥

॥ मातृशरणम् ॥

INDIA'S BEST NETWORKING
TRAINING INSTITUTE IMPARTING TRAINING ON

ADVANCED DIPLOMA IN NETWORKING TECHNOLOGIES

Novell Netware, Microsoft Windows N.T., Networking, Internet / Intranet, VB, C, C+, C++, Java, Oracle, E-commerce, Power Builder

Enroll Now & Avail Sp. Discount with Job Assistance
OTHER COURSES & SOFTWARE COURSES ALSO AVAILABLE

MAKING YOU "MASTERS IN NETWORKING"

G.E.C. LTD.

24, Alishan Complex, Nr. Sardar Patel Char Rasta,
Stadium Road, Ahmedabad - 380 009. Phone : 644 2699
Visit our web site at :- http://www.cmsinstitute.com

CMS is one of the largest I.T. Conglomerates in INDIA. and G.E.C. Ltd. is their franchisee

॥ ॐ मा ॥

Namaste Bharat

Dealing In Block Printed, Tie & Dye, Batik, Applique, Hand Embroidery, Cushion Covers, Bed-spreads, Table Linen, Dress Materials, Dupattas & Gift Articles

57/B, Swastik Society, Off. C.G. Road, Navrangpura, Ahmedabad - 380 009.
Phone : 6441841 Visit us at : http://namastebharat.the shoppe.com

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

ॐ नित्यं नमामि जननि तव पादयुग्मं
संसारतापभयनाशकरं सुगौरम्।
मुक्तिप्रदं सुखकरं शुभदं सदैव
शरणागतस्य मम श्रीशरणं हृदिस्थम्॥

शरणागतोऽहम् शरणागतोऽहम् शरणागतोऽहम्

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

❋ Branch Ashrams ❋

15. NEW DELHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kalkaji, New Delhi-110019 (Tel : 011-6826813)

16. PUNE : Shree Shree Ma Anandamayee Ashram,
Ganesh Khind Road, Pune-411007, (Tel : 020-5537835)

17. PURI : Shree Shree Ma Anandamayee Ashram,
Swargadwar, Puri-752001, Orissa.

18. RAJGIR : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Rajgir, Nalanda-803116, Bihar (Tel : 06112-55362)

19. RANCHI : Shree Shree Ma Anandamayee Ashram, Main Road,
P.O. Ranchi-834001, Bihar (Tel : 0651-312082)

20. TARAPEETH : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Chandipur-Tarapeeth, Birbhum-731233, W.B.

21. UTTARKASHI : Shree Shree Ma Anandamayee Ashram,
Kali Mandir, P.O. Uttarkashi-249193,

22. VARANASI : Shree Shree Ma Anandamayee Ashram,
Bhadaini, Varanasi-221001, U.P.
(Tel : 0542-310054+311794)

23. VINDHYACHAL : Shree Shree Ma Anandamayee Ashram, Ashtabhuja Hill,
P.O. Vindhyachal, Mirzapur-231307, (Tel : 05442-42343)

24. VRINDAVAN : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Vrindavan, Mathura-281121 U.P. (Tel: 0565-442024)

IN BANGLADESH :

1. DHAKA : Shree Shree Ma Anandamayee Ashram,
14, Siddheshwari Lane, Dhaka-17 (Tel : 405266)

2. KHEORA : Shree Shree Ma Anandamayee Ashram,
P.O. Kheora, Via-Kasba, Brahmanbaria.

●

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

REGISTERED WITH THE REGISTRAR OF NEWSPAPERS
FOR INDIA AS NO. 65433/97

रला ऑफसेट्स लिमिटेड कमच्छा, वाराणसी, फोन-३९२८२०

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi

Digitization by eGangotri and Sarayu Trust. Funding by MoE-IKS

CC0. In Public Domain. Sri Sri Anandamayee Ashram Collection, Varanasi